# ફુતુહુલ ગૈબ

ઉર્ફે

# મશઅલે રાહ



* પબ્લીશર્સ *

**અખલાકી બુક ડીપો**

C/o અ-કરીમ. કે-બુલા

ઠે. પાંચહાટડી, મુ. મોડાસા. (જિ. સાંભરકાંઠા)

# ફુતુહુલ ગૈબ

ઉર્ફે

## મશઅલે રાહ

મકાલાતે પીરાન પીર શૈખ અબ્દુલકાદર જીલાની
(રહમતુલ્લાહ અલૈહ)ની મશહુર કિતાબ-ફુતુહુલ
ગૈબનું સંપૂર્ણ વિવરણ.

સંપાદક :

**ડોસુભાઈ કે. પહોંચીયા** (નકશબંદી-મુજદેદી)

| | | |
|---|---|---|
| ઈ. સ. ૧૯૮૭ | કીંમત : | આવૃત્તિ પહેલી |
| હિ-સ-૧૪૦૭ | રૂા. ૧૬-૦૦ | પ્રત-૧૦૦૦ |

પબ્લીશર્સ

**અખ્લાકી બુક ડીપો**

C/O. અ. કરીમ કે. બુલા

ઠે. પાંચ હાટડી, મુ. મોડાસા. (જી. સાબરકાંઠા)

મુદ્રક : મોડર્ન પ્રિન્ટર્સ, રસુલભાઈ એસ. શેખ
ગોલલીમડા, નાડીયાવાડ, જમાલપુર, અમદાવાદ.

# બે બોલ

છઠી સદીહિજરીની તે અઝીમુશશાન શખ્સીયત જેને રહેતી દુનિયા સુધી માટે પીરાનપીર દસ્તગીર અને મહીયુદ્દીન (દીનને જીવંત કરનાર) નો ખિતાબ અતા થયો આપે વજદની હાલતમાં ફરમાવ્યું મારા કદમ તમામ વલીઓની ગર્દનો પર અને આપના આ ઇરશાદનું સમર્થન અને પુષ્ટિ એવી રીતે થઇ કે સમકાલિન સુફીયાએ કિરામે પોતાની ગર્દનો આપના કદમોમાં ઝુકાવી દિધી, આપના જલાલનો એ આલમ હતો કે તેમના સમકાલિન સૂફીયાએ કિરામ અને સમયના ખલીફાઓએ આપની અઝમત તથા જલાલનો ઈકરાર કર્યો. આખી મહાન શખ્સીયતના વાઅઝો તથા લખાણોએ દુનિયામાં ધુમ મચાવી દીધી હતી.

આપે વાઅઝોની સાથે સાથે તહરીરી કામ પણ કર્યું. આપની જગવિખ્યાત કિતાબ 'ગુનિયતુલ તાલેબીન' આજે પણ દુનિયાના ખૂણે ખુણે વંચાય છે. આપની એવી જ એક બીજી મશહુર કિતાબ 'ફુતુહુલ ગૈબ' છે જેનો ગુજરાતી અનુવાદ આપની સમક્ષ રજુ કરતાં આનંદ અનુભવીએ છીએ. વાંચક મિત્રો હુઝુર ગૌષે પાક (રદીયલ્લાહો અન્હો) ની તઅલીમાત પર અમલ કરવા માટે આ કિતાબનું વાંચન જરૂરી છે. જો ખરેખર આપ હુઝુર ગૌષે પાકના ગુલામ અને આશિક છો તો આ કિતાબનું મનન-ચિંતન કરો અને આપના નકશે-કદમ પર ચાલીને આપની સફાઅતના હક્કદાર બની જાવ.

તા. ૨૫-૧૦-૮૭ ખાકપાએ બુઝુર્ગાન

૧ રબીઉલ અવ્વલ **ડોસુભાઇ કે. પહોંચીયા**

# ◘ અનુક્રમણીકા ◘


| નંબર | વિષય | પેજ નંબર |
|---|---|---|
| ૧ | મોમિનો માટે ત્રણ કામ | ૧ |
| ૨ | આજમાઇશ અને તેનાથી મુક્તિ | ૩ |
| ૩ | મકામે ફ્રના અને દરજ્જાઓની ઉચ્ચતા | ૫ |
| ૪ | દુન્યવી સુખ સમૃદ્ધિ ધ્યાન આપવા યોગ્ય નથી | ૭ |
| ૫ | ઔલિયા અલ્લાહ કોણ છે? | ૯ |
| ૬ | અપરાધનો સ્વીકાર અને ઇસ્તિગફાર | ૧૩ |
| ૭ | કુર્બે ઇલાહીના મરહલા | ૧૮ |
| ૮ | જલાલી અને જમાલી શિફતો | ૨૨ |
| ૯ | જાતની નફી નફસની વિરૂદ્ધતા | ૨૪ |
| ૧૦ | સબ્ર તથા શુક્રની ફઝીલત | ૩૧ |
| ૧૧ | નેઅમતથી અથવા ધનવાનથી મહોબ્બત | ૩૨ |
| ૧૨ | અવામિરનું પાલન અને નવાહીથી વિરક્તિ | ૩૩ |
| ૧૩ | હકીકના વિલીનોની કેફિયત | ૪૦ |
| ૧૪ | ખુદાથી સંબંધ જોડનારાઓ | ૪૨ |
| ૧૫ | જગત ઉપર સત્તાધારી કોણ | ૪૩ |
| ૧૬ | અલ્લાહ સુધી પહોંચવાનો તરીકો | ૪૭ |
| ૧૭ | ઇમાન તથા ઇકાનની શક્તિ તથા અશક્તિ | ૫૬ |
| ૧૮ | અલ્લાહથી જ માંગો અને સંદેહ જનક વસ્તુઓ નલો | ૫૯ |

૧૯ ખૈર તથા શર વિષે ઈબ્લીસની વાતચીત ૬૧
૨૦ ઇમાનના દરજ્જા અનુસાર બલા તથા મુસીબત ૬૨
૨૧ ઇચ્છાઓની અસર નીચે તસર્રૂફ કરવું શિર્ક છે ૬૫
૨૨ પોતાની કિસ્મત પર આભારી રહો ૬૮
૨૩ ફુકરા તથા ઉમ્રાનું બયાન ૭૦
૨૪ અલ્લાહની નિકટતાની મંઝિલની પ્રાપ્તિ ૭૩
૨૫ ખૈર તથા શરની અસલીયત ૮૦
૨૬ કુર્બની મંઝિલ માટે સબ્ર સહનશીલતા ૮૬
૨૭ ફિક્ર તથા ફાકો કુર્બની નિકટ કેમ પહોંચાડે છે ૮૯
૨૮ મહેબુબીયતની મંઝિલનો માર્ગ સબ્ર તથા
તવક્કુલ છે ૯૧
૨૯ મહોબ્બત અને નફ્સની કસોટી ૯૪
૩૦ કોઈ બીજાથી મહોબ્બત ખુદાની ગૈરતને ચેલેંજ છે ૯૫
૩૧ લોકોના પ્રકાર અને તેમનો મરતબો ૯૮
૩૨ ખુદાના કાર્યો પર નારાજ ન થવા તાકીદ ૧૦૩
૩૩ વિદાય તથા દ્રઢતા ૧૦૫
૩૪ દુનિયા તેનો ફાયદો છે ૧૧૨
૩૫ કોઈથી હસદ ન કરો ૧૧૯
૩૬ નસીહત ૧૨૨
૩૭ ઈલાહી હુકમ અથવા નફ્સની ઇચ્છા ૧૨૩
૩૮ ઔલિયા અલ્લાહના સમૂહમાં દાખલ થવું ૧૨૩
૩૯ સંપન્નતા, દુર્દશા અને ફરી સંપન્નતા ૧૨૫
૪૦ તંગી તથા સંપન્નતા ૧૩૦

૪૧ અલ્લાહ સિવાયનાઓથી માંગવું ૧૩૫
૪૨ નેઅમતો દ્વારા પરીક્ષા ૧૩૭
૪૩ ઝિક્ર કરનાર અને સવાલ કરનાર ૧૪૪
૪૪ કુર્બે ખુદાવંદી કેવી રીતે પ્રાપ્ત થાય ૧૪૭
૪૫ ફરજો તથા નિફલો ૧૪૮
૪૬ નિંદ્રા અથવા જાગ્રતિ ૧૪૯
૪૭ કુર્બ તથા વસ્લે ખુદાવંદી ૧૫૧
૪૮ ઝુહદ (સંયમ)નો સવાબ ૧૫૩
૪૯ વિલાયત શાળીઓ તથા મઅરફતશાળીઓની વિપત્તિ ૧૫૫
૫૦ પ્રારબ્ધ પર રાઝી રહેવાની મહત્વતા ૧૫૭
૫૧ દુન્યાને આખેરત અને આખેરતને ખુદા માટે છોડવું ૧૬૦
૫૨ લિઝઝતોનો ત્યાગ સદાચાર છે ૧૬૩
૫૩ દરેક પ્રકારની ઈચ્છાઓ ફના થવાનું સ્થાન ૧૬૭
૫૪ કબ્ઝ તથા બસ્તની કેફીયતો ૧૭૦
૫૫ દરેક દિશાએથી નઝરો રોકી લો ૧૭૩
૫૬ મુસીબતો પર સબ્ર અને નેઅમતો પર શુક્ર ૧૭૫
૫૭ શરઈ હુદુદથી લાભાવિંત થવું ૧૮૦
૫૮ ઈમાનશાળીઓની ત્રણ હાલતો ૧૮૩
૫૯ ખુદાતઆલાનું તકર્રુબ અને દુરી ૧૮૬
૬૦ મઅરફતનો એક પ્રકાર ૧૮૯
૬૧ કેવું મૃત્યુ અને કેવું જીવન જોઈએ છે ૧૮૯

૬૨ નારાજી, ખુદાથી કે પોતાના નફ્સથી ૧૯૦
૬૩ ખુદાથી નિરંતરતા માંગતા રહો ૧૯૩
૬૪ નફ્સના મુજાહિદાનો બદલો ૧૯૬
૬૫ ખુદાની રહેમત વગર જન્નત કેવી ? ૧૯૯
૬૬ અલ્લાહતઆલાથી શું માંગવું જોઈએ શું નહી ? ૨૦૨
૬૭ મુરીદ અને મુરાદ ૨૦૭
૬૮ દીનવાળા ઈબાદત ગુઝારોના પાંચ પ્રકાર ૨૧૦
૬૯ ઓલિયાને લોકોના એબોથી પરિચિત કરી દેવામાં આવે છે ૨૧૩
૭૦ આકિલની ઓળખ ૨૧૬
૭૧ તસવ્વુફની બુન્યાદ ૨૧૮
૭૨ ઝુહદ, તકવો અને મઅરેફતે ખુદાવંદી ૨૨૩
૭૩ રાહે હકકના સાલિકો માટે દસ ખસલતો ૨૨૫

# શુદ્ધિ પત્રક

| | ગલત | સહીહ | પેજનંબર | લાઇનનંબર |
|---|---|---|---|---|
| ૧ | કુતુહલ | કુતુહુલ | ૧ | બીજી |
| ૨ | દારૂમઈસ્લામ | દારૂલઈસ્લામ | ૨ | છેલ્લેથી ચોથી |
| ૩ | હેરાન ગતિઓ | હેરાન ગતિઓનું | ૨૧ | પાંચમી |
| ૪ | દેવામાં આગે | દેવામાં આવે | ૨૧ | છેલ્લેથી ત્રીજી |
| ૫ | અમયહિસ્સલાત | અલયહિસ્સલાત | ૨૪ | ચોથી |
| ૬ | અમાનક્દારની | અમાનતદારની | ૫૬ | તેરમી |
| ૭ | આ ખેતરમાં | આખેરતમાં | ૫૭ | છેલ્લેથી ચોથી |
| ૮ | આ ખેતરમાં | આખેરતમાં | ૫૮ | નવમી |
| ૯ | (પ્રિયમાત્ર) | (પ્રિયપાત્ર) | ૬૩ | આઠમી |
| ૧૦ | ખરી | ખારી | ૭૨ | છેલ્લેથી છઠી |
| ૧૧ | બુજુર્ગી | બુઝુર્ગી | ૧૦૨ | ચોથી |
| ૧૨ | સજનને | સર્જનને | ૧૦૪ | છેલ્લેથીસાતમી |
| ૧૩ | કાવંરત | કાર્યરત | ૧૬૪ | બીજી |
| ૧૪ | તેમી | તેની | ૧૭૦ | બારમી |
| ૧૫ | અને જાત | અને તે જાત | ૧૮૮ | પહેલી |

# મનકબત ગૌષે આઝમ

(રહમતુલ્લાહ અલૈહ)

અઝ : રાજા રશીદ મહેમુદ

જિસકે દિલમે ઉલફત સરકારે જીલાની ન હો
બિલયકીં ઇસકી નઝરમેં નુરે ઈમાની ન હો
ગર શહેબગદાદ કે દરકી ગદાઈ હો નસીબ
ખ્વાહિશે દુનિયા, તમન્નાઓ જહાંબાની ન હો
મંઝિલે ઇરફાને હકકો કિસ તરહ પાએંગે હમ
ગૌષે આઝમકા અગર ફયઝાને રૂહાની ન હો
હો ન ગરવિરદે ઝુબાં ઈસ્મે ગિરામી આપકા
દર્દ કા દરમાં ન હો મુશ્કિલકી આસાની ન હો
થા યહી મનશા એ હક બહરે મોહમ્મદમુસ્તફા
ગૌષિયતમેં અબ્દેકાદિર કા કોઈ સાની ન હો
જબ હુઈ બગદાદકી ગલીયોં કી મટ્ટી ઝયબે સર
મહરઝા ક્યું મઅસીયતકારોંકી પેશાની ન હો
હિરઝેજાં તઅલીમ ગૌષે પાક હોની ચાહીએ
યે જો હો, ફિર હમકો કોઈ ભી પરેશાની ન હો
હય યે નામુમકિન, રસાઈ હો રિયાઝે ખુલ્દ તક
કુચએ ગૌષુલવરાકી ખાક ગર છાની ન હો
મેં ઉઠા સકતા નહી "મહમુદ" લુત્ફે ઝિંદગી
લુત્ફ ફરમા મુજપે ગિરોહે ગૌષે સમદાની ન હો.

◆

بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

# મશઅલે રાહ

વાંચક મિત્રો! હઝરત શેખ અબ્દુલકાદર જીલાની રહમતુલ્લાહ અલૈહ પોતાની કિતાબ 'ફુતુહુલ ગૈબ' માં ફરમાવે છે કે, "મોમિનો માટે ત્રણ કામ દરેક હાલાતમાં જરૂરી છે.

(૧) અહકામે શરીઅત ઉપર અમલ કરતો રહે.

(૨) શરીઅત જે કામોથી બચવાનો હુકમ આપ્યો છે, તેનાથી દરેક હાલતમાં બચે.

(૩) તકદીર પર રાઝી રહે.

કોઇપણ હાલતમાં આ ત્રણ ચીઝોથી ખાલી ન રહેવું મોમિન માટે બહુ જ અદના દરજ્જો છે. મોમિન આ વાતોને પૂર્ણ કરવું પોતાના માટે લાઝિમ (આવશ્યક) ઠેરવે. તેમની જ વાતચીત કરે અને અવયવોને તેમની જ પૂર્તિમા લાગેલા રાખે."

તેના પછી નેકીઓની તલ્કીન અને તેના અજરનો ઉલ્લેખ કરતાં ફરમાવે છે કે, "સુન્નતની પૈરવી કરો,

બિદઅતોથી બચો, ખુદા અને રસૂલ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના આજ્ઞાપાલક બનો, તેમના એહકામથી અવજ્ઞા ન કરો, ખુદાને એક સમજો, તેના સાથે શિર્ક ન કરો, આ સ્થાને દિલમાં શંકા ન લાવો, ખુદા ઉપર બોહતાન (આક્ષેપ) ન બાંધો, મુસીબતો અને તકલીફોમાં સબ્ર કરો, ખુમરાણ ન મચાવો સાબિત કદમ (ધૈર્યવાન) રહો, ફરારનો માર્ગ ધારણ ન કરો, ખુદાથી સવાલ કરવાને બુરૂ ન સમજો, દુઆ પછી નિરાશ ન થાવ, બલ્કે તેના સ્વીકરણની પ્રતીક્ષા કરો, લોકોથી દુશ્મનીના બદલે મિત્રતાની રીત રાખો. ખુદાની બંદગી માટે એકત્ર રહો, પ્રેમથી કામ લો, નફરત તથા કીનાથી બચો, ગુનાહો અચારનાર નબનો અને પોતાના રબની બંદગીથી પોતાની જાતને શણગારો, દરબારે ખુદાવંદીથી હઠો નહી, પ્રત્યેક પળ તેના તરફ જ ધ્યાનિત રહો, તૌબા કરવામાં ઉતાવળ કરો, દિવસ-રાતના કોઇ ભાગમાં ગુનાહોથી માફી માંગવાને ભારરૂપ ન સમજો.

આમ કરશો તો કદાચ તમારા ઉપર રહમ-દયા કરવામાં આવે. તમને દોઝખની આગથી બચાવી જન્નતમાં દાખલ કરવામાં આવે અને તમને ખુદાના મિલનનું સૌભાગ્ય પ્રાપ્ત થાય. શક્ય છે કે દારૂલ ઈસ્લામમાં તમને નિત્ય નિત્ય માટે પાકીઝા કુવારીઓ મળે. બીજી નેઆમતો ઉપલબ્ધ થાય, ઉચ્ચ નસલ (વંશ)ના ઘોડાઓ પર સવારી પ્રાપ્ત થાય અને જાતજાતની સુગંધીઓ અને હુરો અને

મધુર કંઠી લોંડીઓ (દાસીઓ)ની નેઅમતોથી તમને ખૂશ કરવામાં આવે અને સિદ્દીકીન, શોહદા અને સાલેહીનની સાથે ખાત્મા બિલખૈર (સદગતિ) થાય."

ખુદા અમને અને વાંચકોને પીરાનપીર રહમતુલ્લાહ અલૈહની વસીયત અને હિદાયત પર અમલ પૈરા થવાની તૌફીક અતા કરે–આમીન.

## આજમાઈશ (કસોટી) અને તેનાથી મુક્તિ

હઝરત ગૌષુલ આઝમ રહમતુલ્લાહ અલૈહએ ફરમાવ્યું કે બંદો જ્યારે મુસીબતો અને બલાઓમાં સપડાય છે તો આરંભમાં તેનાથી છુટકારો પ્રાપ્ત કરવા માટે સ્વયં પ્રયત્ન કરે છે પરંતુ જ્યારે આવી રીતે ધ્યેય પ્રાપ્તી થતી નથી તો બાદશાહથી હોદ્દેદારોથી અને બીજા દુનિયાદારોથી અને માલદારોથી મદદ માંગે છે. બિમારી વિગેરેના મામલાઓમાં તબીબો પાસે જાય છે, જ્યાં સુધી પોતાના પ્રયત્ન ઉપર વિશ્વાસ હોય છે, મખલૂક (જનતા)થી સંબંધ સ્થાપિત કરતો નથી પછી જ્યાં સુધી મખલૂકથી સહયોગ તથા સહાયતાની આશા હોય છે, સહાય પ્રાપ્તી માટે પોતાના ખલિક (સર્જનહાર)ની તરફ ધ્યાન આપતો નથી, પરંતુ જ્યારે ખાલિક તરફથી તેની સહાયતા થતી નથી તો સવાલ, દુઆ, આક્રંદ, અને સ્તુતીમાં વ્યસ્ત થઈ જાય છે. અને ચિંતાજનક દરજાની એજ કૈફિયતમાં દુઆ માંગવા લાગે છે.

પછી જ્યારે ખુદા તેને એટલો વિવશ કરી દે છે કે તેની દુઆને સ્વીકારતો નથી અને સઘળા જાહેરી કારણો-ઉપકરણો તેનાથી ઝુંટવાઈ જાય છે તો કઝા તથા કદર (પ્રારબ્ધ)ના ઈલાહી એહકામ (ખુદાઈ હુકમો) તેના ઉપર લાગુ થાય છે. અને તે સઘળા ભૌતિક ઉપકરણોથી અલગ થઈ જાય છે. ફના થઇને કેવળ રૂહ (આત્મા)ના સ્વરૂપે બાકી રહે છે. તો તે ખુદાના અહકામો સિવાય કાંઇ દેખતો નથી. અને યકીન (શ્રદ્ધા) અને તૌહીદ (એકેશ્વરવાદ)ની તે મંઝિલ (સ્થાન)માં દાખલ થાય છે કે તેને કેવળ અને કેવળ ખુદાના વાસ્તવિક કર્તા, હરકત (ગતી) તથા શાન્તિનો ખાલિક, બુરાઈ અને નફા-નુકસાનનો માલિક હોવાનું યકીન થઇ જાય છે. તે જાણી લે છે કે એજ અર્પણ કરનાર અથવા નકરનાર, ઇઝઝત તથા ઝિલ્લત (આબરૂ—બે આબરૂ) આપવાવાળો અને મૃત્યુ તથા જીવનનો માલિક છે. આવી રીતે તે પ્રારબ્ધની તે મંઝિલમાં આવી જાય છે જેવું દાઇના હાથમાં બાળક, ગુસ્લ આપનારના હાથમાં મડદું અથવા ચૌગાન ખેલનારની સામે દડો હોય છે.

આ કેફીયતમાં તેનું હાલવું ચાલવું તથા સ્થિરતા, એક સ્થિતીમાંથી બીજી સ્થિતિમાં જવું અથવા એક ફેલ (કાર્ય)થી બીજામાં પરિવર્તિત થવું તેના હાથમાં રહેતું નથી. આવી રીતે બંદો પોતાના હકીકી માલિકના એહકામો તથા કર્મોમાં એવી રીતે ફના થઇ જાય છે કે

તેની નિગાહે કુદરતથી દેખે છે. તેના કથન, ઇલ્મ અને નેઅમતથી સાંભળે છે અને જાણે છે. ખુદાની વાત અને ઇલ્મ સિવાય કાંઈ સાંભળવા તત્પર થતો નથી. તેની નેઅમતો (કૃપાઓ)થી લાભાવિંત થઇને તેની નિકટ થવાનું સદભાગ્ય પામે છે. તેના વાયદાઓથી સાંતવન તથા નિશ્ચિંતતાની દૌલત તેને ભાગ્યવંત થાય છે. ખુદાના ઝિક્રથી મહોબ્બત અને કોઇ બીજાના ઉલ્લેખથી ડર મહેસૂસ કરે છે. આવી રીતે તે મઆરફતના આંચળથી ઢાંકી દેવામાં આવે છે, તે ખુદાના રહસ્યોના ઉલૂમ-વિદ્યાઓને પામી લે છે અને તે નેઅમતોની પ્રાપ્તિ પર તેનો શુક્ર-આભાર અદા કરતાં તેની સ્તુતિ પ્રશંસામાં વ્યસ્ત થઈ જાય છે.

## મકામે ફના અને દરજ્જાઓની ઉચ્ચતા

વાંચક મિત્રો! હઝરત ગૌષે આઝમ રહમતુલ્લાહ અલૈહે ફરમાવ્યું જ્યારે બંદો પોતાને મખલુકથી ફના કરી લે છે તો તેને કહેવામાં આવે છે કે તારા ઉપર રેહમત થાય અને પછી તેની માનસિક મહેચ્છાઓ જુદી થઈ જાય છે તો તેને ફરી કહેવામાં આવે છે કે તારા ઉપર ખુદા પોતાની રેહમત નાઝિલ કરે. પછી જ્યારે તેની સઘળી મહેચ્છાઓ અને સઘળા ઈરાદા ફના થઈ જાય છે તો ફરી કહેવામાં આવે છે કે તારા ઉપર ખુદાની રેહમત થાય. તે પછી બંદાને તે અબદી (સાસ્વત) ઝિંદગી અતા થાય છે જેમાં

મૃત્યુની કોઈ કલ્પના નથી. તેને તે સંપન્નતાની પૂંજી પ્રાપ્ત થાય છે કે જેના પછી કોઈ હાજત બાકી રહેતી નથી. અને એવી નેઅમતો આપવામાં આવે છે કે જેની પ્રાપ્તિમાં કોઈ વસ્તુ અડચણ રૂપ થઈ શકતી નથી. અને તેને તે રાહતો પ્રાપ્ત થાય છે જેના પછી તેને કોઈ દુઃખ અથવા ગ્લાની રહેતી નથી.

તેને ઇલ્મે લદુન્ની (આંતરિક જ્ઞાન) પ્રાપ્ત થઈ જાય છે અને જહાલત (અજ્ઞાનતા)નું નામો નિશાન મટાડી દેવામાં આવે છે. તેને સઘળા ખતરાઓથી સુરક્ષિત કરીને દરેક ખૌફ (ભય) અને બદબખ્તી (દુર્ભાગ્ય)ને નષ્ટ કરી દેવામાં આવે છે. તેને તે ઈઝઝત મળે છે કે ઝિલ્લત (બેઇઝઝતી)ની કલ્પના વિનષ્ટ થઇ જાય છે. કુર્બ (નિકટતા) એવી રીતે મળે છે ફાસલો (અંતર) ફના થઇ જાય છે. રફઅત (ઉચ્ચતા) તથા અઝમત (મહાનતા) આપવામાં આવે છે, ઝિલ્લત તથા બદનામીથી બચાવી લેવામાં આવે છે. તેને ગંદકીઓથી સૂંપર્ણંત પાક કરી દેવામાં આવે છે.

આ સ્થાન પર પહોંચીને તે લોકપ્રિયતામાં અજોડ થઇ જશે. એવા બે અદબની અનુભૂતિ લોકો માટે શક્ય ન હશે એવો અનુપમ થશે કે ગૈબના ગુપ્ત રહસ્યો. ભેદોનો એકાકી પ્રતિમા બની જશે. તેના ઉપર વિલાયતના મરતબા એવી રીતે ખતમ થશે કે સઘળા અબદાલ તેના તરફ ધ્યાનિત થશે. તેનાજ ફૈઝથી મુશ્કેલીઓ દુર થશે અને રેહમતની વર્ષા થશે જેનાથી ખેતીઓ હરિયાળી થશે.

દરેક ખાસ તથા આમ, સરહદી મુસલમાન, બાદશાહ, રૈયત (પ્રજા) કોમના આગેવાનો, અધિકારીઓ અને જનતાની મુસીબતા તેની દુઆથી નષ્ટ થશે.

તે લોકો ઉપર અને શહેરો ઉપર પૂછપૂરછ કરનાર હશે. લોકો દુર દુરથી તેની પાસે આવશે. સોના–ચાંદી તેના પગોમાં નિછાવર કરશે અને તેની ખાસ ખિદમતનું સદભાગ્ય પ્રાપ્ત કરવા ઇચ્છશે. તેની શાનની મહાનતામાં કોઈ મતભેદ કરશે નહી. એવો કામિલ પુરૂષ ખિણો તથા રણોમાં સૌથી ઉત્તમ, મહાન અને અફઝલ (શ્રેષ્ઠ) હોય છે અને મહાન ફઝલશાળી ખુદા તેને પોતાના ફઝલ (કૃપા)થી નવાઝે છે.

## દુન્યવી (ભૌતિક) સુખ સમૃદ્ધિ ધ્યાન આપવા યોગ્ય નથી.

વાંચક મિત્રો ! હજરત શૈખ અબ્દુલકાદર જીલાની રહમતુલ્લાહ અલૈહે ફરમાવ્યું." જ્યારે તમે દુનિયાવાળાઓની ફના થઈ જનાર સુખસમૃદ્ધિ તથા શણગાર તથા ચિતાકર્ષકતા અને મોહકતાના વાહક મક્રો દગા, વિનષ્ટ અને ગુમરાહ કરનાર લિજ્જતો અને "ચહેરો રોશન સાથે આંતરિક થ‌ંગેઝથી અ‌ંધકારમય" પ્રકારના કપટ તથા ફરેબ, બેવફાઈ અને પ્રતિજ્ઞા ભ‌ંગના ઘોતક, ગાફેલ તથા બે ખબર દુનિયાદારોને દેખો તો એમ સમજો કે જાણે કોઈ નગ્ન માનવી જરૂરી પ્રક્રીયા (મળ–મુત્ર)થી

ફારેગ થવાના અમલમાં છે અને તમો આ તિરસ્કાર અંગેઝ દ્રવ્ય અને દુર્ગંધથી પોતાની આંખો અને નાક બંદ કરી લો છો. બિલકુલ એવી જ રીતે તમો દુનિયાદારોના બાહ્ય શોભા-શણગારથી આંખો અને લિજ્જત તથા શહવાતની દુર્ગંધથી પોતાના નાકને બચાવી લો.

આવી રીતે તમો દુનયવી આફતોથી બચી શકશો અને જે અચ્છાઈઓ તમારા ભાગ્યમાં છે તેનાથી તમો જરૂર ભાગ્યવાન થશો. અલ્લાહ કરીમે પોતાના બરગુઝીદા નબી સલ્લલ્લાહો અલયહે વસલ્લમને ફરમાવ્યું "અમોએ દુન્યવી સમૃદ્ધિ તથા આરામની જે વસ્તુઓ કુફ્ફારને આપી રાખી છે આપ તેમને નજર ભરીને પણ દેખો નહી, તેનાથી આંખોને ફિત્ના અને પરીક્ષામાં નાખવું ઉદ્દેશ્ય છે અને આપના માટે તો આપના પરવરદિગારનું રિઝક (રોજી) સારૂં પણ છે અને તેમાં નિરંતરતાપણ છે.'

## ઔલિયાઅલ્લાહ કોણ છે ?

વાંચક મિત્રો ! હઝરત ગૌષે સમદાની રહમતુલ્લાહ અલૈહે ફરમાવ્યું "ખુદાના હુકમથી પોતાને મખલૂકથી ફના કરી લો, પોતાની ખ્વાહિશો. મનેચ્છાઓને તેના આદેશના અને પોતાના ઈરાદાઓને તેના ફેલ (કાર્ય)ના તાબે કરી લો. આવી રીતે તમારામાં યોગ્યતા અને ક્ષમતા પૈદા થઈ જશે કે ઇલ્મે ઈલાહીના પાત્ર બની જાવ. મખલૂકથી ફના થઈ જવું એ છે કે તેનાથી સંબંધ

કાપી નાખીને તેમની દરેક વસ્તુથી અલગ થઈ જાવ. મનેચ્છાઓને અલ્લાહની આજ્ઞાઓના તાબે કરવું એ છે કે લાભ તથા હાનિ નફા તથા નુકસાનની દરેક કલ્પનાથી અને અસબાબે દુન્યવીની દરેક ખ્વાહિશ–ઈચ્છાથી અને આજીવિકાની પ્રાપ્તિના પ્રત્યેક પ્રયત્નમાં પોતાની જાત પર ભરોસો કરવામાં ન આવે બલ્કે એવા મામલાઓને ખુદાના સુપ્રત કરી દેવામાં આવે. કેમકે ખુદાના સિવાય પોતાના નફસ–અસ્તિત્વ પર વિશ્વાસ કરવું શિર્ક છે. જ્યારે તમે માંના પેટમાં હતા અથવા દુધ પીતા બાળક સ્વરૂપે પારણામાં હતા તે સમયે પણ એજ આ કાર્યોનો માલિક હતો અને અત્યારેપણ એજ માલિક છે.

પોતાના ઈરાદાઓને ખુદાના ફઝલના તાબે કરવું છે કે સઘળી ઇચ્છાઓ, સ્વાર્થો, હાજતો અને ઈરાદાઓથી હાથ ખેંચી લેવામાં આવે અને આ સઘળું ખુદાના અહકામોના તાબે કરી દેવામાં આવે. જો તમો ખુદાના અતિરિક્તનો ઈરાદો કરશો નહી તો મનેચ્છાઓ ત્યજવાના કારણે ખુદાનો ફેલ તમારામાં જારી થઈ જશે. આવી રીતે તમારા સ્નાયુઓને શાન્તિ, હૃદયને સંતોષ, છાતીને સંપન્નતા તથા વિશાળતા, ચહેરાને પ્રકાશ અને અંતરાત્માને સંતોષ પ્રાપ્ત થશે. અલ્લાહ સાથેના સંબંધની આ કેફિયતની પ્રાપ્તિથી બ્રહ્માંડની પ્રત્યેક વસ્તુથી નિશ્ચિંત થઈ થશે. દસ્તે કુદરત (કુદરતનો હાથ) તમારો સહાયક થશે, આદિ ઝુબાન તમને સંબોધન કરશે, તમારો પરવર

દિગાર તમને ઇલ્મ શીખવશે. તમને વસ્તુઓની પ્રકૃતિથી પરિચિત કરાવી મઅરફતના લિબાસથી આભુષિત કરવામાં આવશે. અને આવી રીતે તમને સફ્ફે સાલેહીન (સદાચારીઓ) અને કામિલ આરેફીનના સ્થાન સુધી પહોંચ થશે.

પછી તમારા દિલમાં ઈચ્છાઓ અને ઇરાદાઓ રહેશે નહીં. જેવી રીતે છિદ્રવાળા વાસણમાં પાણી વિગેરે રહેતું નથી. પછી તમો બશરીયત (માનવીયતા)ની મલિનતાથી પાક થઈ જશો અને દિલમાં ખુદાના ઈરાદા વગર કોઈ વસ્તુ આવશે નહી. આ તે મુકામ (સ્થાન) છે જેમાં કરામતો તથા તસર્રૂફાતની નેઅમતોથી નવાઝવામાં આવે છે. જાહેરી રીતે લોકો આ ખર્કે આદાત (અસ્વભાવિક વાતો) તમારામાં દેખશે પરંતુ વાસ્તવમાં આ ખુદા તઆલાના અહકામ તથા અફઆલ હશે. આવી રીતે તમો તે ઔલિયા અલ્લાહની સફમાં શામેલ થઈ જશો જેમનામાં નફસાની ઈચ્છાઓ અને બશરી ઈરાદાઓ ગાયબ થઈ જાય છે અને નવેસરથી તેમનામાં ખુદાનો ઇરાદો પેદા કરવામાં આવે છે. જેવું કે સરકારે દો આલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે ત્રણ ચીઝો મારા માટે પસંદ કરવામાં આવી છે. ખુશ્બુ, ઔરત અને નમાઝમાં આંખોની ઠંડક ઇચ્છાઓથી અતિરિક્ત થયા પછી આ વસ્તુઓ હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમથી સંબંધિત કરવામાં આવી.

અલ્લાહે ફરમાવ્યું "હું તેમની પાસે છું જેમના દિલ મારા કારણે મનેચ્છાઓના ગુલામ નથી." આથી તમારી ઇચ્છાઓ અને ઇરાદાઓ રઝાએ ઇલાહીની પ્રાપ્તિની તમન્નામાં દમ ન તોડી દે તો તમને ખુદાનો કુર્બ (નિકટતા) નસીબ થશે નહી. પરંતુ પોતાના ઇરાદાઓને તેના ઈરાદાઓમાં ફના કરી દેવા પછી તે તમને નવી વિશિષ્ટતા સાથે નવાનામથી સર્જન કરસે અને તારામાં નવા ઈરાદા પેદા કરશે. જો આ નવા ઇરાદાઓમાં પણ નફસ (મનનો થોડો ઘણો દખલ દેખ્યો તો ફરી તેને તોડીને નવા ઇરાદા પેદા કરવામાં આવશે. દિલની વિનમ્રતાના આ મરહલાઓનું વિસર્જન એ થશે કે તૌહીદ દિલ–દિમાગમાં દ્રઢ થઈ અને તમને ખુદાના દીદાર નસીબ થશે. "હું ભગ્ન દિલોના બહુજ નિકટ છું." જો એજ ભાવાર્થ છે અને અમારા કથન-ઇન્દ વજુદક-ફીહાનો અકાવા નવીન ઈરાદાઓમાં તમારા દિલની સંતુષ્ટતા છે."

હદીસે કુદસીમાં છે કે મારો મોમિન બંદો ઇબાદત તથા ઝિક્રના કારણે મારા કુર્બ (નિકટતા)નો ઇચ્છુક હોય છે; ત્યાં સુધી કે હું તેને પ્રિય બનાવી લઉં છું અને જ્યારે આ કેફિયત થઈ જાય તો હું તેના કાન બની જાઉં છું જેનાથી તે સાંભળે છે, તેની આંખો બની જાઉં છું જેનાથી તે દેખે છે, તેની ઝુબાન (જીભ) અને હાથ-પગ બની જાઉં છું જેનાથી તે બોલે પકડે અને ચાલે છે. અંતત ફનાની હાલત એ છે કે મખલુક સારી હોય કે

ખરાબ, તમો પોતે નેક હોવ કે બદ, પોતાની જાતથી અને મખલુકથી નિસ્પૃહ થઇ જાવ, પછી જયારે તમો ન કોઇથી આશાઓ બાંધો, ન કોઇથી સંબંધ અને પોતાના ફિતરી (પ્રાકૃતિક) ગુણોની રક્ષામાં કોઇ શરઅ વિરૂદ્ધની વાત કબુલ ન કરો તો તમારા નફસમાં અલ્લાહજ બાકી હશે, કે જેવી રીતે તમારા જન્મથી પહેલા હતો.

યાદ રાખો કે ખૈર (ભલાઈ) તથા શર (દુષ્ટતા) અલ્લાહનાજ કબજએ કુદરતમાં છે. અને તેના ઉપર કામિલ યકીન–સંપૂર્ણ વિશ્વાસ તમને કઝા તથા કદર (તકદીરે ઈલાહી)ના ડરથી નિસ્પૃહ કરી દેશે. ખૈર–ભલાઇની બરકતો તમારા માટે અધિકતમ થઇ જશે. પછી તમો દરેક ખૈરના સ્ત્રોત, દરેક ખુશી તથા પ્રસન્નતાના ઉદગમ, સઘળા કાર્યોના કેન્દ્ર તથા ધુરા અને અમન તથા આરામની દરેક કેફિયતના વાહક બની જશો.

હક્કના સઘળા તાલિબ તે ફનાનાજ ઈચ્છુક હોય છે અને એજ તે સ્થાન છે જ્યાં ઔલિયા અલ્લાહને મંઝિલ મળે છે. પોતાના ઈરાદાઓના પરાજય પછી ખુદાના ઇરાદામાં લીન થઈ જવું ઝિંદગીના છેલ્લા શ્વાસ સુધી સઘળા ઔલિયા તથા અબદાલોનું લક્ષ્ય રહ્યું છે. એટલા માટેજ તેમને અબદાલ કહેવામાં આવે છે. તેઓ હક્ક (ખુદા)ના ઇરાદામાં પોતાના ઈરાદાને શરીક કરવું મહાન ગુનોહ સમજે છે. અલબત જઝબની હાલતમાં અથવા હાલના ગલ્બા હેઠળ અથવા ભૂલથી તેમનાથી કોઈ એવો

ફેલ સરઝદ થઈ જાય તો ખુદાવંદ તઆલા તેમને સાવધાન કરી દે છે અને તેઓ તૌબા અસ્તગફારમાં મશગુલ થઈ જાય છે.

ઓલિયા અલ્લાહ નિર્ણય અને ઇરાદાની ગણુનાએ મઅસુમ તો હોતા નથી, નફસની ઇચ્છાઓથી આઝાદ અને સુરક્ષિત તો કેવળ અંબિયાએ કિરામ અને ફરિશ્તાઓ હોય છે અન્ય જિન્ન તથા ઈન્સાન પર શરીઅતની પાબંદી જરૂરી છે. અને તેઓમાંથી કોઈ માસૂમ નથી. ઓલિયાઓ કિરામ અને અબ્દાલ ઇરાદાઓના મહાસાગર અને નફસની ઈચ્છાઓથી સુરક્ષિત તો વાસ્તમાં હોય છે પરંતુ કોઈ સમયે તેના ઉપર આકૃષ્ટ થઈ જવું પણ તેમના માટે એન શકય છે. હા, એ છે કે ખુદાવંદ કરીમ પોતાની રેહમત–કૃપાના કારણે જાગૃતાવસ્થામાં તેમની લગઝિશ (લપસણુ) પર સાવચેત કરી દે છે અને તેઓ સમયસર તેનું વારણુ કરી લે છે.

## અપરાધનો સ્વીકાર અને ઇસ્તિગફાર

પ્રિયવાંચકો હઝરત મહયુદ્દીન જીલાની રહમતુલ્લાહ) અલૈહે ફરમાવ્યું–" નફસ (મન)ની ખ્વાહિશો (મનેચ્છાઓ થી મુકત થઇ જાવ, તેનો અનુસરણથી વિરકત થઇ જાવ. પોતાની દરેક વસ્તુ અલ્લાહના સુપ્રત કરી દો અને પોતાના દદૅ દિલ ઉપર એવી રીતે પહેરો (ચોકી) મુકો કે કેવળ એજ વસ્તુ દાખલ થાય જેની ઈજાઝત મૌલાએ

કરીમ આપે, શયતાની વસવસાઓને દિલમાં સ્થાન ન આપો. મનેચ્છાઓને પ્રવેશની પરવાનગી ન હોવી જોઈએ. નિરંતર તેમની વિરૂધ્ધતા થાય કેમ કે કોઇ ઇચ્છાનું દિલમાં દાખલ થવું વાસ્તવમાં તેનું અનુસરણ છે. ઇરાદએ હક્ક સિવાય કોઇ બીજા ઈરાદાને હૃદયમાં સ્થાન આપવું તબાહી અને વિનાશ છે. રહેમત (કૃપા) દૃષ્ટિથી વંચિત અને હિજાબ (આવરણ) પર પરિણામરૂપ થાય છે. સર્વદા અહકામે ઇલાહીની પાબંદી કરો. અને જેવાતોથી મના કરવામાં આવ્યું છે. તેનાથી બચો. ખુદાઈ ભાગ્યોને તેના જ અખત્યાર તથા રઝામંદી પર રહેવા દો અને મુખલૂક-માંથી કોઇને તેનો શરીક ભાગીદાર ન બનાવો. યાદ રાખો કે તમારા ઈરાદા અને આરઝૂઓ ખુદા તઆલાની ઉતપન્ન કરેલ છે. અને એટલા માટે પોતાનો ઇરાદો અને પોતાની ઈચ્છા ખાલિક સાથે શિર્ક કરવું છે અને એવું કરવાથી તમો મુશરિકો પૈકી થઈ જશો. ખુદા તઆલા ફરમાવે છે– “ જો અલ્લાહના દીદારની તમન્ના હોય તો નેક કામ કરવા જોઈએ અને આવશ્યક છે કે તેની ઈબાદતમાં કોઇને શરીક ન કરે.”

શિર્ક કેવળ બુતપરસ્તી (મૂર્તિપૂજા) જનથી, નફ્સની ઇચ્છાઓની પેરવી અને દુનિયાની કોઈપણ વસ્તુ સાથે ઇશ્કની કેફિયતથી સમ્મિલિત થઈ જવું સ્પષ્ટ શિર્ક છે. ખુદા સિવાય દરેક વસ્તુ ગૈરે ખુદા છે અને દરેક ગૈરે ખુદાની ઇચ્છા શિર્ક કહેવાશે, માટે તેનાથી પરહેઝ કરો

પોતાના નફસની બુરાઈઓથી ડરતા રહો, હકક (સત્ય)ની શોધમાં પ્રયત્નશીલ રહો, ગફલતને ચિન્હ ન બનાવો. જે હાલ તથા સ્થાન તમને મળે તેને પોતાના નફસથી સંબંધિત ન કરો, એટલા માટે કે હાલતના પરિવર્તન માટે સર્વદા ખુદા તઆલાની નવી શાન છે. અલ્લાહની ઝાત બંદા અને તેના હૃદયની વચ્ચે છે. એટલા માટે બુદ્ધિગમ્ય છે કે પોતાના જે હાલની તમો બીજાઓને ખબર આપો તે તમારાથી સલબ કરી લેવામાં આવે. (ઝૂંટવી લેવામાં આવે) અને તમો જેને સ્થાયી અને બાકી સમજતા હોય તેને નષ્ટ કરી દેવામાં આવે અને તમને તે માણસથી લજ્જિત થવું પડે જેનાથી તમોએ વાત કરી હતી. એટલા માટે જરૂરી છે કે પોતાના મુકામ (સ્થાન)ને પોતાના દિલમાંજ રાખો, કોઈ બીજાને બતાવો નહી અને જો ખુદા તઆલા તમને તમારા હાલ તથા મુકામ પર કાયમ રાખે તો તેને ખુદાનો ઉપયોગ સમજી તેનો શુક્ર (આભાર) અદા કરો અને તેમાં વૃદ્ધિની દરખાસ્ત કરો અને વર્તમાન હાલના બદલે એવો હાલ પ્રાપ્ત થાય જેમાં ઇલ્મ તથા મઅરફત અને નુર તથા અદબ અધિક હોય. તો તમારા માટે તરક્કીના કારણરૂપ છે. ખુદાવંદ તઆલા ઈર્શાદ ફરમાવે છે કે, "જ્યારે અમો કોઇ આયતને મનસુખ (રદ) કરીએ છીએ તો તેના જેવી અથવા તેનાથી ઉત્તમ આયત લાવીએ છીએ."

એ સ્પષ્ટ છે કે અલ્લાહ તઆલા દરેક વસ્તુ પર

કાદિર (પ્રભુત્વશાળી) છે. તેને કુદરત (સામર્થ્ય)થી વિવશ ન સમજવો, તક્દીર તથા તદબીર (ભાગ્ય તથા યુક્તિ) પર મિથ્યારોપણ ન કરવું, તેના વાયદાઓ ઉપર કોઈ શંકા–આશંકાનું પ્રકટીકરણ ન કરવું, કે જેથી હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના ઉસ્વએ હસ્ના (સદાચાર) નું અનુસરણ કરી શકો. હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પર આયતો અને સૂરતો નાઝિલ થઈ તેમને સહીફાઓમાં લખવામાં આવી અને મસ્જિદો–મેહરાબમાં વાંચવામાં આવી. પછી તેમને મનસુખ કરી પછી બીજી આયતો લાવવામાં આવી. આ હુઝુરે અક્દસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની શરઈ (શાસ્ત્રીય) અને જાહેરી હાલત હતી. આપના બાતિની (આત્મિક) અહવાલ અને ઉલૂમથી આપ પોતે વાકેફ છે અથવા આપનો ખુદા.

હુઝૂરે અક્દસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ઇરશાદ ફરમાવ્યો કે, 'જ્યારે મારા દિલને ઢાંકી લેવામાં આવતું તો હું દરરોજ (સિત્તેર) (૭૦) વખત (અને એક રિવાયતમાં છે કે સો (૧૦૦) વખત) મગફેરત કરતો હતો અને તે હાલત બીજી હાલતમાં ફેરવી નાખવામાં આવતી હતી. હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમને નિકટતાની મંઝિલો અને ગૈબના મેદાનોની સેર (વિહાર) કરાવવામાં આવતી હતી અને આપના નૂરાની પોષાકો બદલાતા રહેતા હતા અને દરેક નવી હાલત ઉત્તમ અને રોશન થતી હતી. અને પહેલી હાલતમાં અદબની હદોની રક્ષા કરવામાં નુકશાન

જાહેર થતું હતું. આપને ઇસ્તિગફારની તઅલીમ આપવામાં આવતી હતી અને બુલંદી (ઉચ્ચતા) માટે ઇસ્તિગફારની હાલત સૌથી ઉત્તમ છે કેમકે આવી રીતે બંદો કુસૂર (અપરાધ) નો સ્વીકાર કરે છે અને તૌબા તથા ઈસ્તિગફાર બંદાની બંને સિફ્તો (ગુણો) અબુલ બશર હઝરત આદમ અલયહિસ્સલામની મીરાસ (વારસો) છે.

જ્યારે કૌલ–કરાર ભુલી જવા અને જન્નતમાં સર્વદા રહેવા રહેમાન તથા મન્નાન (ખુદા) નો પાડોશ અને પોતાની સામે ફરિશ્તાઓના સલામની હાજરીની ઇચ્છાએ તેમની હાલતની ખુબીઓ પર પરદો નાંખી દીધો અને ખુદાના ઇરાદાના બદલે તેમની પોતાની ઇચ્છા જાહેર થઈ ગઈ તો તેમનો ઇરાદો ખંડિત થઈ ગયો અને તેમની અગાઉની હાલત બદલીને તેમની વિલાયત (પદવી) પદચ્યુત કરીદેવામાં આવી,તેમનું તે સ્થાન રહ્યું નહી અને તેમની પ્રકાશિત હાલતને મલીન કરી દેવામાં આવી પછી ખુદાએ તેમને સાવધાન કર્યા. તેમને પોતાની પાકીઝગી–પવિત્રતા યાદ આવી અને તેમને સ્વીકારની તઅલીમ અને કદરનો ઉપદેશ આપવામાં આવ્યો. તે સમયે હઝરત આદમ અલયહિસ્સલામે કહ્યું, "અય અમારા રબ્બ! અમોએ પોતાના નફસ પર ઝુલ્મ કર્યો, જો તું અમોને માફ નહીં કરશે તો અમો નુકશાનમાં રહી જઇશું." પછી હિદાયતના અન્વાર, તૌબાનું જ્ઞાન

અને તેના ભેદો તથા ભલાઇઓ અને જે વસ્તુઓ તેમ-નાથી ગુપ્ત હતી અને હજુ જાહેર જ થઈ ન હતી, હઝરત આદમ અલયહિસ્સલામને આપી દેવામાં આવી. તેમના ઇરાદાઓને ખુદા તઆલાએ પોતાના ઇરાદાઓમાં ફેરવી દીધા. તેમને પ્રથમ હાલતથી ઉત્તમ હાલત અર્પણ કરી. વિલાયતે કુબ્રાના સ્થાનથી નવાઝયા, દુનિયા તથા આખેરતમાં તેમને સંતોષની બશારત આપી. દુનિયા તેમની ઔલાદના રહેવાની અને આખેરત તેમના આશ્રય અને નિવાસનું સ્થાન બનાવી દેવામાં આવ્યું. આવી રીતે આ વિષય ઉપર હબીબે ખુદા અને તેમના બાપ હઝરત આદમ અલયહિસ્સલામનું આદર્શ તમારા માટે માર્ગદર્શક છે માટે બારગાહે રબ્બુલ ઇઝઝતમાં વિનમ્રતાનું પ્રગટીકરણ અને મગફેરતની તલબના ગુણ ધારણ કરો.

## કુર્બે ઇલાહીના મરહલા :

પ્રિય વાચકો ! હઝરત શેખ અબ્દુલકાદર જીલાની રહમતુલ્લાહ અલૈહ એ ફરમાવ્યું : "તમો જે કેફિયત અથવા હાલતમાં છો તેનાથી અદના અથવા આલાની આરઝુ કરો નહી. જ્યારે તમો શાહી મહેલના દરવાજા ઉપર છો તો પોતાને પાસબાન સમજો અને સ્વયં તેમાં દાખલ થવા માટે મજબુર ન કરી દેવામાં આવે. અર્થાત તમને કડક આજ્ઞા અથવા તાકીદ દ્વારા અંદર ન બોલાવ-વામાં આવે. કેવળ પ્રવેશની અનુમતિ પર આધાર રાખો નહી કેમ કે શકય છે કે બાદશાહ તરફથી આ અનુમતિ

કેવળ ફરેબ હોય અથવા કેવળ તમારી પરીક્ષા ઉદ્દેશ્ય હોય. તે સમય સુધી સબ્ર તથા ધીરજનું પ્રગટીકરણ કરો જ્યાં સુધી તમને અંદર દાખલ થવા માટે મજબુર ન કરી દેવામાં આવે અને તમારો પ્રવેશ સરાસર શાહી આદેશથી થાય. જ્યારે બાદશાહની પરવાનગીથી આવું થશે તો તમને સજાના હકદાર ઠેરવવામાં આવશે નહી. સજા તો એ જ હાલતમાં થશે જ્યારે કે આ કાર્ય તમારૂં પોતાનું હોય અને હિર્સ, બે સબ્રી, બે અદબી અને પોતાની વર્તમાન હાલત પર રાજી ન હોવાની કેફિયતના લીધે હોય.

જ્યારે તમો શાહી હુકમથી શાહી મહેલમાં દાખલ થઈ જાવ તો તેને સદભાગ્ય અને ખુશ કિસ્મતી સમજો, અદબભેર, નત મસ્તક અને આજ્ઞાંકિત બનીને હૃદયપૂર્વક–આજ્ઞાના પાલનમાં વ્યસ્ત થઈ જાવ અને મરતબાઓની તરક્કીની ઇચ્છા કરો નહી. અલ્લાહ તબારક વ તઆલાએ પોતાના બરગુઝીદા (પવિત્ર) નબી સલ્લલ્લાહો અલયહે વસલ્લમને ફરમાવ્યું–"અમોએ દુનિયાના જાહેરી માલ–સામાન કુફ્ફારને આપી રાખ્યા છે, આપ તેની પ્રત્યે નજર ભરીને ન દેખો કેમકે તે તો તેમને ફિત્ના તથા પરીક્ષામાં ગ્રસ્ત કરવા માટે છે અને આપના રબ્બનું અતા કરેલ રિઝક આપના માટે બહેતર અને બાકી રહેનાર છે."

આ ખુદાઈ કૌલ (કથન)માં હુઝૂર પુરનુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના પૈરવો માટે હાલતની સુરક્ષા સબ્ર તથા શુક્ર

(ધીરજ તથા આભાર) અને અર્પણ કરેલ નેઅમતો પર રાજી રહેવાનો ઉપદેશ કર્યો છે. તેનો અર્થ એ છે કે ખૈર (ભલાઇ) મનસબે નુબુવ્વત (પૈગમ્બર પદવી) ઇલ્મ, સંતોષ તોહીદ (અદ્વૈતવાદ) તથા મઅરફત, જેહાદ, સબ્ર, વિલાયત અને ગૈબી વિજયો વગેરે જે વસ્તુઓ દીન સંબંધે હબીબે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમને અતા કરવામાં આવી છે તે આપની ઝાત માટે ખાસ છે. દુનિયાના માલ અને સુખ વિલાસથી ઉત્તમ અને સ્થાયી હેસિયતની છે. અને સંપૂર્ણ ખયરનો મતલબ પણ એજ છે કે ખુદાની રઝા પર રાઝી થઈને પોતાના હાલની રક્ષા કરવામાં આવે અને ફાની (નાશવંત) ચીઝો પ્રત્યે આકૃષ્ટ ન થવું જે નેકીઓ અને બરકતોનું મૂળ છે. જગતની સઘળી વસ્તુઓને ખુદાવંદ તઆલાએ બંદાઓની કસોટી માટે ઉત્પન્ન કરી છે.

કોઇ પણ વસ્તુ યા તો તમારી કિસ્મત છે અથવા કોઇ બીજાની અથવા તે કોઈ ના માટે પણ નથી બલ્કે ખુદા તઆલાએ તેને કોઈ કસોટી તથા પરીક્ષા માટે પૈદા કરી છે. જો ખુદાની ઇચ્છામાં તે તમારૂં ભાગ્ય છે તો તમને વસ્તુત અવશ્ય મળશે. તમે ઇચ્છો કે ન ઇચ્છો પરંતુ એ વાત ગલત છે કે કમમાં તમારા તરફથી ગફલત, ગુસ્તાખી (ધૃષ્ટતા) અથવા ધૃષ્ટતાનું પ્રકટીકરણ થાય અને જો તે વસ્તુ કોઈ બીજાના ભાગ્યમાં છે તો તેની પ્રાપ્તિ માટે

આતુરતા કરવું અયોગ્ય અને નિર્થક છે અને જો તે સલામતી અને ખયર સાથે કોઈના પણ ભાગ્યમાં નથી બલ્કે કેવળ ફિત્ના અથવા કસોટીની હેસિયત ધરાવે છે તો કોઇ બુદ્ધિશાળી અનાયાસે ફિત્નાઓ, કસોટીઓ અને હેરાનગતિઓનું લક્ષ્યસ્થાન બનવું ક્યાં પસંદ કરી શકે છે. આનાથી પુરવાર થયું કે સલામતી હાલતની રક્ષામાંજ છે. જો તમે શાહી મહેલમાં પ્રવેશ પછી પગથીઆ ચઢતા છત અને બાલાખાના સુધી પહોંચી જાવ તો પણ પ્રથમ અનુસાર અદબભેર, ખામોશ અને નતમસ્તક રહો બલ્કે પહેલાં કરતાં અધિક આદાબે શાહીને ધ્યાનમાં રાખી સેવામાં વ્યસ્ત થઇ જાવ કેમકે શાહી નિકટતામાં ખતરાઓ ભયો વધારે છે.

એવામાં ક્યારેય પોતાના અહવાલ તથા મકામાતમાં કોઈ જાતના પરિવર્તનની ઇચ્છા કરશો નહિ. અને વર્તમાન હાલની બકાની આરઝુ પણ ન કરો કેમકે આ બાબતમાં તમને કોઈ અખત્યાર જ નથી. જો તમોએ એવું કર્યું તો નેઅમતની નાશુક્રી (કૃતજ્ઞનતા) થશે જેના કારણે દુનિયા તથા આખેરતની બદનામી ભાગ્ય બની જશે. માટે અમારા બયાન અનુસાર તમો સર્વદા એવો અમલ કરો જેના લીધે તમને તરક્કી (ચઢતી)ની મંઝિલો તય કરાવી એ મુકામ સુધી પહોંચાડી દેવામાં આવે જે દાયમી (શાશ્વત) અને અનંત હોય અને ત્યાંથી ક્યારેય હઠાવવામાં આવે નહી. અને એ જાણી લો કે આ મુકામ પણ ખુદાનો અતા કરેલ

છે. અને અલામાત તથા આયાતના પ્રકટીકરણ સાથે આ મુકામ હક (સત્ય) તેનાથી ગફલત અને ઉપેક્ષા કરો નહિ અને સુદ્રઢ તરીકા પર સર્વદા કાયમ રહો. ઓલિયા અલ્લાહ માટે અહવાલ હોય છે અબદાલ માટે મુકામાત.

## જલાલી અને જમાલી શિફતો

"પ્રિય વાંચકો ! શહેનશાહે બગદાદ કુદસસિર્રહુ ફરમાવે છે કે ઓલિયા અલ્લાહ અને અબદાલથી અફઆલે ઇલાહીથી કશ્ફ અને મુશાહેદા દ્વારા કેટલીક એવી ચીઝો જાહેર થાય છે જે આદતો અને રિવાજોને ફના કરી દે છે અને બુદ્ધિ તથા સમજને લાચાર કરી દે છે, જે ભય, આનંદ અથવા આત્મીયતાનો પ્રભાવ માનવીય હવાસ પર પૈદા કરે છે. તેવા વિસ્મયજનક કાર્યો બે પ્રકારના હોય છે, જલાલી અને જમાલી, જલાલી તે છે જે ડર તથા ભય, વ્યાકુળતા અને આરામહિનતા ઉત્પન્ન કરે છે અને તેનાથી શરીરના અવયવો પર ડર તથા ભયાનકતાના ચિન્હો સંકલિત થાય છે. જેવું કે રસૂલે કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ વિષે હદીસોમાં આવ્યું છે કે નમાઝમાં ડરની તિવ્રતાના કારણે આપનાસીના (છાતી) મુબારકથી જોશ ખાતી (ઉકળતી) દેગ જેવો અવાજ સંભળાતો હતો કેમ કે વ અઅબુદો રબ્બકા કાન્નકતહુરના ગવાહ હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ખુદા તઆલાના જલાલ તથા પ્રતાપને દેખતા હતા અને આપ

ઉપર અઝમત તથા હૈબતે ખુદાવંદીનો ઘટસ્ફોટ થતો હતો. એવી જ રીતે હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અલયહિસ્સલામ) અને હઝરત ઉમર ફારૂક (રદીયલ્લાહો અન્હો)ના માટે નકલ છે જે પોતાની જાત માટે નહી બલ્કે હકકની ગૈરત અને તૌહીદની રક્ષા માટે થતું હતું.

અને જમાલની અનુભૂતિ દિલો અને મિઝાજોમાં ખુદાની સિફાતે રહેમત (કૃપાગુણ), નૂર તથા આનંદ, બખ્શીશ તથા કૃપા, લુત્ફો કરમ, ક્ષમા તથા દરગુજર અને દાનશીલતા તથા સખાવતની સન્તુષ્ટિ તથા આનંદની પ્રાપ્તિ છે. એજ વસ્તુઓ છે જેના તરફ અંતે પાછા ફરવાનું છે અને જેમની સાથે ફઝલ તથા રહમતથી આયીઝોને કલમબંદ કરીને કલમ સુકાઈ ગઈ છે. અને જેની બખ્શીશ ભૂતકાળમાં ભાગ્ય બની ગઈ છે. ખુદાવંદ કરીમ પોતાની કૃપાથી ઔલિયા અને અબદાલને મૃત્યુ આવવાના સમય સુધી એજ હાલત ઉપર રાખે છે કે જેથી શોખના અતિરેકથી તેમની મહોબ્બત અને શોખની તિવ્રતા હદથી આગળ ન વધી જાય અને તેમની શક્તિઓ નષ્ટ થઈ ને અને વર્તમાન હાલત પતનશીલ થઈને તેમના વિનાશના કારણરૂપ ન બની જાય અથવા બંદગીના આદાબમાં કોઈ ત્રુટી અથવા અસાવધાનતાની આશંકા પ્રકટ ન થાય અને તેઓ એજ હાલતમાં અવસાન પામે. કૃપા કેવી રીતે આ ચીજો તેમના દિલોમાંથી બીમારીઓ દૂર કરે છે અને દિલોને તરબીયત (ટ્રેનિંગ) દ્વારા નરમી

અને દ્રઢતા ધારણ કરવા માટે પ્રોત્સાહીત કરે છે. એવા લોકો માટે ખુદાવંદ તઆલા હકીમ, અલીમ, લતીફ છે અને તેમના ઉપર રઉફ તથા રહીમ છે. ફખ્રે મૌજુદાત અલયહિસ્સલાત ફરમાવ્યા કરતાહતા "અયબિલાલ ઇકામત કહી અમને રાહત પહોંચાડ કે જેથી તે વસ્તુઓના નિરક્ષણ માટે (જેમનો ઉલ્લેખ કરી દેવામાં આવ્યો છે) અમો નમાઝમાં દાખલ થઇએ અને જમાલે ઇલાહીથી લાભાવિંત થઇએ" એટલા માટે જ આકાવમૌલા સલ્લલ્લા હો અલય હે વસલ્લમે ફરમાવ્યું–"નમાઝ મારી આંખોની ઠંડક છે."

## જાતનીનફી (નકાર) નફ્સની વિરૂદ્ધતા

પ્રિય વાચકો! હઝરત મહબૂબે સુબ્હાની શૈખ અબ્દુલ કાદર જીલાની રહમતુલ્લાહ અલૈહ ફરમાવે છે કે—"હાલત એ છે કે સઘળી વસ્તુઓ ખુદાના તાબે હોય છે. જેથી તમારો નફ્સ પણ અલ્લાહ તઆલાની મખલુક અને મિલ્કત છે પરંતુ ખ્વાહિશો (મનેચ્છાઓ), આસ્વાદો અને કામવાસનાઓ અને સામગ્રીના અભિમાનના કારણે ખુદાનો દુશ્મન અને વિરોધી છે. એટલે જ્યારે તમે ખુદાની તાબેદારી માટે નફ્સ (મન)ની વિરૂદ્ધતા કરો તો જાણે ખુદા માટે નફ્સના દુશ્મન થઇ જશો, જેવી રીતે અલ્લાહતઆલાએ હઝરત દાઉદ અલયહિસ્સલામને ફરમાવ્યું—"અય દાઉદ! હું તમારો સહાયક છું તમો

પોતાના સહાયકથી સંબંધ સુદૃઢ કરી લો અને તે ત્યારે જ થશે જયારે નફ્સથી અદાવતને ચિન્હ બનાવી લો." એવી જ રીતે ખાલિક તથા માલિકથી તમારી દોસ્તી અને તેની બંદગી સાબિત થશે. તમને પાકીઝા ભાગ મળશે, તમો પ્રિય તથા આદરણીય બની જશો, બીજી ચીઝો તમારા તાબે અને ખિદમતગુઝાર (સેવક) બની જશે. એટલા માટે કે દરેક વસ્તુ તેના મઅબૂદ (પૂજ્ય) હોવાનો સ્વીકાર કરે છે. ખુદાવંદ કરીમ ફરમાવે છે—"દરેક વસ્તુ ખુદાની હમ્દ સરા (સ્તુતિપાઠક) છે અને તેનીજ તસ્બીહ કરે છે પરંતુ તમોએ એ વાતની ચેતના ધરાવતા નથી." વળી ફરમાવે છે—"ખુદાએ આકાશો અને જમીનોને કહ્યું કે તત્પરતાથી અથવા અતત્પરતાથી વસ્તુત મારી તાબેદારી કરો, તેમણે જવાબ આપ્યો કે અમો તાબેદારીમાં હાજર છીએ." માટે ઈબાદતની પૂર્ણતા એ છે કે મનેચ્છાઓની વિરૂદ્ધતા કરવામાં આવે. અલ્લાહે ફરમાવ્યું કે નફ્સે અમ્મારા (તામસમન)ની પેરવી ન કરો કે તે ખુદાના માર્ગે ચાલવા દેશે નહી. હઝરત દાઉદ અલયહિસ્સલામને પણ ફરમાવવામાં આવ્યું કે નફ્સાની ઇચ્છાઓથી અધિક સન્માર્ગથી ભટકાવી દેનાર કોઇ ચીજ નથી, તેમની પેરવી ન કરો અને હઝરત બાયઝીદ બુસ્તામી રહમતુલ્લાહ અલૈહ વિષે મશહુર છે તેમણે ખુદાતઆલાને સ્વપ્નમાં કહ્યું કે કયો રસ્તો તારા સુધી પહોંચાડી દેશે. જવાબ મળ્યો—"નફ્સને છોડીને." હઝરત બાયઝીદ બુસ્તામી

IP

રહમતુલ્લાહ અલૈહ ફરમાવે છે—"મેં પોતાના નફસનો એવી રીતે ત્યાગ કર્યો જેવી રીતે સર્પ કાંચળી ઉતારી ફેંકે છે."

તો, નફસની વિરૂધતામાંજ બહેતરી (ભલાઈ) છે. વાસ્તવમાં નફસની વિરૂધતા કરતાં લોકોના હરામ અને શંકાશીલમાલથી વિરક્તિજ પરહેઝગારી છે. ન તેમના અહેસાનમંદ થાય ન તેમના ઉપર ભરોસો કરો, ન તેમનાથી ડરો ન તેમની પાસે જે કાંઈ થોડુ-ઘણું છે તેની લાલચ કરો, અને ન ઝકાત, સદકાત, કફ્ફારા, હદિયા અથવા નઝરાણાની પ્રાપ્તિની આશા રાખો, આથી ખલ્કત (લોકો)થી કોઈ ઈચ્છા પ્રાપ્ત કરવાનો કોઇ ઇરાદો ન કરો. ત્યાં સુધી કે કોઇ વૈભવશાળી સગાના અવસાનથી તમને માલ મળવાની આશા હોય તો તેના મૃત્યુની ઇચ્છા ન કરો અને દરેક શક્ય રીતે મખલૂકથી કિનારો કરી લો. તેમને તે દરવાજાઓની જેમ સમજો જે કયારેક ખુલે છે કયારેક બંધ થાય છે અથવા તે વૃક્ષોની જેમ સમજો જે કયારેક ફળ આપે છે કયારેક નથી આપતા અને યકીન રાખો કે આ સઘળાં કાર્યો અલ્લાહતઆલાના કાર્ય અને ચિંતનના લિધે અમલમાં આવે છે કે એજ ફાઇલેહકીકી (વાસ્તવિક કર્તા) છે. તે છતા મખલૂકની મહોબ્બત અને કોશિશના નિયમને ભુલવો જોઇએ નહી." જો આને ભુલી ગયા તો "કદરિયા" ફિર્કામાં શામેલ થઇ જાશો. પરંતુ તે અકીદો જરૂરી છે કે કોઇ કામ ખુદાની કુદરત વગર સંપૂર્ણ

થતું નથી. નહીતો ખુદાને ભુલીને મખલૂકને પુજવા લાગશો. એમ સમજવું કે બંદો ખુદાના વગર પોતે જ પોતાના ઇરાદાઓ અને કાર્યનો માલિક તથા મુખ્તાર છે, કુફ્ર છે અને ફિર્કા "કુદરત"માં સમાવેશમાં દલીલ છે. દુરસ્ત (સાચો) અકીદો એ છે કે અફઆલ (કાર્યો)નો ખાલિક અલ્લાહ છે તે અને પરિપૂર્ણ કરનાર બંદા છે. જેવું કે અઝાબ તથા સવાબ વિષે બયાન થનાર હદીસથી સ્પષ્ટ છે, આથી ખુદાના એહકામોનું પાલન જરૂરી છે.

પોતાના હિસ્સા (ભાગ)ને મખલૂકથી અલગ સમજો, હુકમે ઇલાહી બજાવી લાવો. કોઈ મામલામાં સ્વયંશાસક ન બની બેસો કેમકે અસલી શાસન અલ્લાહતઆલાનું છે. કેમકે મખલૂકમાં તમારો સમાવેશ ભાગ્ય બની ચુક્યો છે અને ભાગ્યના અંધકારમાં કિતાબ (કુર્આન) તથા સુન્નતની રોશની લઈને દાખલ થવું જરુરી છે. તેના ઉપર સંપૂર્ણત અમલ કરવો. જો તમારા દિલમાં કોઈ વસવસો પેદા થાય અથવા ઇલ્હામ માર્ગ પામે તો જોઈ લો કે તે કુર્આન તથા સુન્નત અનુસાર છે કે નહી જો વ્યભિચાર કરવા, વ્યાજ લેવા, ફાસિક-ફાજિરલોકોથી સંબંધ બાંધવા અને એજ પ્રકારની બીજી તમન્નાઓ દિલમાં જન્મ લે તો કેમકે આ સઘળા કામ હરામ છે એટલા માટે તેમનાથી બચો, આ પ્રકારના વસવસા શયતાન દિલોમાં પૈદા કરે છે. તેમને દિલ-દિમાગમાંથી કાઢી ફેંકો અને કોઇ સ્વરુપે તેના ઉપર અમલ ન કરો

અને જે વાતોને કુર્આન તથા સુન્નતે ઉચિત (ગ્રાહ્ય) ઠેરવ્યું છે. દા. ત. ખાવુ, પીવું, પહેરવું, નિકાહ કરવો વિગેરે તો તેમનાથી પણ વિરકિત કરો કેમકે વાસ્તવમાં આપણ નફસની ઈચ્છાઓ છે અને તમારે નફસ અને તેની ઈચ્છાઓની વિરુધતા કરવી છે.

જો એવી વાત પ્રત્યે સંકેત હોય જેને કુર્આન તથા સુન્નતે હરામ અથવા મુબાહ (ઉચિત) ઠેરવ્યું નથી બલ્કે તમો તેને સમજતાં જ નથી. દા.ત. એકે કોઈ ખાસ સ્થળે જઇને કોઈ ખાસ આદમીને મળવું જ્યારે કે ખુદા તઆલાથી પ્રાપ્ત કરેલ ઈલ્મ તથા મઅરફતની ગણનાએ તમને ત્યાં જઇને કોઈ સાલેહથી મુલાકાતની આવશ્યકતા નથી તો આ બાબતે ઉતાવળ ન કરો. વિલંબ કરો, મનમાં વિચાર કરો કે શુ આ ખુદા તરફથી ઇલ્હામ છે. પ્રતીક્ષા કરો. જો હુકમે ઇલાહી થયો તો એજ ઇલ્હામ વારંવાર થશે. તમને તેના ઉપર અમલ કરવાનો આદેશ આપવામાં આવશે અથવા કોઇ એવી નિશાની જાહેર થશે જે અલ્લાહવાળા આલિમો પર જાહેર થયા કરે છે અને શકિત તથા અનુભૂતિ શીલ ઔલિયા તથા અબ્દાલો ઉપર ખુલે છે, એટલા માટે એવા કામમાં ઉતાવળ કરો નહી કેમકે તેના મકસદ, અંજામ, ખુદાની મરજીની તમને ખબર નથી અને એ પણ ખબર નથી કે તેમાં ફિત્નો, વિનાશ, મુક્ર અથવા કસોટી કઇ વસ્તુ આદેશક છે એથી તે સમય સુધી સબ્રથી કામ લો જ્યારે અલ્લાહ તઆલા પોતે જ કર્તા (ફાઈલ) થઈ જાય.

જ્યારે કેવળ "ફઅલે હક્ક" ની કૈફિયત બાકી રહી જશે અને તમને 'તાઈદે હક્ક' (અલ્લાહની સહાયતા) મળી જશે. એવામાં જો કોઈ ફિત્નો આવી પણ પડે તો તેના ઉપદ્રવથી તમને સુરક્ષિત કરી દેવામાં આવશે. કેમકે ખુદાવંદ કરીમ પોતાની મશીઅત (ખુદાની મરજી) પર તમારી પકડ કરશે નહી. બંદાને અઝાબ એ જ હાલતમાં આપવામાં આવે છે જ્યારે તે ખુદાઇ કામોમાં દખલ કરે.

જો તમે વિલાયતની ઉચ્ચતાના ઇચ્છુક છો તો નફસની વિરૂદ્ધતાને નીતિ બનાવી લો અને અવામિર (આજ્ઞા) ઓની પેરવી અનુસરણમાં પોતાને ઢાળી લો. આ પેરવી બે પ્રકારે છે. પ્રથમ પ્રકાર એ છે કે દુનિયાના માલથી ખાવા-પીવા માટે કેવળ જરૂરત જેટલું લેવામાં આવે. નફસ (મન) ના આ સ્વાદોથી બચો અને પોતાના બાહ્ય અને આંતરિકને ગુનાહોથી બચાવો.

બીજો પ્રકાર એ છે કે પોતાને બાતિની (આંતરિક) અમ્ર પર નિયુક્ત કરી લો. એ જ તે અમ્ર (કાર્ય) છે જેનાથી શરીઅતે ન તો મના કર્યું છે ન તેને કરવાનો હુકમ આપ્યો છે. એ જ અમર તે મુબાહમાં પણ છે જેની ન સખત મનાઈ છે, ન વાજિબ છે બલ્કે અસ્પષ્ટતા છોડી છે. તેમાં બંદાને અખત્યાર આપવામાં આવ્યો છે.

આવી રીતે તેને મુબાહ (ઉચિત) કહે છે. પરંતુ

તેમાં કોઈ માનવી સુધારણા તથા નિરસન (૨૬) નો અધિકાર ધરાવતો નથી. જ્યારે માણસના સૌ કામ અલ્લાહની તરફથી થશે. જે કામની આજ્ઞા શરીઅતમાં છે તે તેના અનુસાર અને જેની આજ્ઞા શરીઅતમાં નથી તે બાતિની અમરથી પરિપૂર્ણ કરશે, તે આદમી અહલે હકીકત (વાસ્તવિકતાશાળી) પૈકી થઈ જશે. અને જે કામમાં અમરે બાતિન નથી તે ખાલિશ (શુદ્ધ) ફઅલે ઈલાહી, કેવળ તકદીર અને સ્વીકરણની હાલત છે. જો બંદો "હકકુલ હકક" ની મંઝિલમાં છે જે મટી જવા અને ફના થઈ જવાની હાલત છે તો તે અબદાલ છે. અબદાલોના દિલ ખુદા તઆલાના માટે ભગ્ન થઇ ચુકયા છે. એ જ લોકો મુવહિદ (એકેશ્વરવાદી) છે, આરિફ છે. ઈલ્મ તથા અકકલના માલિક છે, ઉમરા (ધનવાનો) ના અગ્રગણ્ય છે, ખલકત (સૃષ્ટિ) ના નિગેહબાન છે. અને ખુદાના નાયબ અને દોસ્ત છે. અલયહિસ્સલામ.

આ હાલતમાં કાર્યની તાબેદારી એ જ છે કે બંદો ખુદ પોતાની જાતની નફી (નકાર) કરી દે, પોતાના માહોલ તથા શકિતથી બેઝાર થઈ જાય અને દુનિયા તથા આખેરતની કોઇ વસ્તુનો ઇચ્છુક રહે નહી. પછી તમે મુલ્ક (દેશ)ના ગુલામ નથી, માલિકુલ મુલ્ક (જગત સ્વામી)ના બંદા બની જશો, ઈચ્છાઓના નહી. અને હકકના ગુલામ હશો અને દરેક પ્રકારે તમારો મામલો એવી રીતે ખુદાવંદ તઆલાના સુપ્રત થઈ જશે જેવું સ્તનપાન કરતું બાળક

દાયણના હાથમાં (હોય છે.) નવડાવેલ મડદું ગુસ્લ આપનાર હાથોમાં અથવા બેહોશ દર્દી તબીબના રૂબરૂ હોય છે. એવીજ રીતે તમો અવામિર તથા નવાહી (આદેશ તથા નિષેધ)ની પૈરવી સિવાય બીજા તમામ કાર્યોથી દરેક પ્રકારે અસંબંધ જશો.

## સબ્ર તથા શુક્રની ફઝીલત

પ્રિય વાચકો! હઝરત કુત્બે રબ્બાની ગૌષે સમદાની અબ્દુલકાદર જીલાની રહમતુલ્લાહ અલૈહ ફરમાવે છે કે જ્યારે નિર્ધનતા તથા નાદાનીની કેફીયતમાં તમારા દિલમાં નિકાહની ઈચ્છા પૈદા થાય અને તમો તે ભારને સહન કરવાના યોગ્ય પણ ન હોય તો ખુદાથી સૌભાગ્યની દુઆ કરો. તેનીજ કુદરતે માનવીના મનમાં આ ઈચ્છા ઉત્પન્ન કરી છે, એજ રબ્બ તઆલા તેના કારણો પૈદા કરશે અથવા તમારી તે મનેચ્છાને નષ્ટ કરી દેશે. તેનીજ તરફ ધ્યાન પ્રવૃત રાખશો તો તમને તેના માટે ન દુનિયામાં પરિશ્રમ ઉઠાવવો પડશે ન આખેરતમાં તકલીફ થશે. આઇનામ કેવળ સબ્ર તથા શુક્રના બદલામાં તમને મળશે જે દરેક પ્રકારે શાન્તિદાયક હશે અને તમને ગુનાહથી બચવાની યોગ્યતા તથા શક્તિ અર્પણ કરવામાં આવશે. જો તે વસ્તુ તમારા ભાગ્યમાં હશે તો તમને બરકતવાળો અને કિફાયત કરનાર ભાગ મળશે અને તમારા સબ્ર ને શુક્ર (આભાર)ની હેસિયતમાં બદલી દેવામાં આવશે. કેમકે અલ્લાહે શુક્ર કરનારાઓને અધિક અર્પણ કરવાનો વાયદો

કર્યો છે. ઈરશાદે બારીતઆલા છે—"જો તમો શાકિર (શુક્ર કરનાર) રહેશો તો અમો અધિક અર્પણ કરીશું અને જો નાશુક્રીની સાબિતી આપી તો અમો તમને અતિશય તિવ્ર અઝાબ (પ્રકોપ)માં નાંખી દઈશું."

જો તે વસ્તુઓ તમારા ભાગ્યમાં નથી તો તમારા હૃદયમાંથી તેનો વિચાર ભુસી નાખવામાં આવશે. નફસ તેને ઇચ્છે કે ન ઇચ્છે. માટે તમારા માટે જરૂરી છે કે દરેક હાલતમાં સાબિર (સબ્રકરનાર) રહો, નફસની ઇચ્છાઓની વિરૂદ્ધતામાં કટીબદ્ધ રહો અને શરીઅતના અહકામ પર સંપૂર્ણ રીતે કાર્યશીલ રહેતા કઝા તથા કદર (અલ્લાહની ઇચ્છા) પર રાજી થઈ જાવ અને કૃપાળુ તથા દયાળુ ખુદાનો ફઝલોકરમ (કૃપા) ઈચ્છો, અલ્લાહતઆલાએ ફરમાવ્યું છે—"નિશંક સબ્ર કરનારાઓને બે હિસાબ અજર (બદલો) આપવામાં આવશે."

## નેઅમતથી અથવા ધનવાનથી મહોબ્બત

પ્રિય વાંચકો ! હઝરત ગૌષુલવરા રહમતુલ્લાહ અલૈહે ફરમાવ્યું કે—"જ્યારે તમને માલ પ્રદાન કરવામાં આવે તો જો તમો તે માલ (ધન)ની માયામાં ફસાઇને ખુદાના આજ્ઞા પાલનથી મુખ ફેરવી લેશો તો "કુર્બે ઇલાહી" (અલ્લાહની નિકટતા)ની દૌલતથી છંટાઈ જશો અને દુનિયા તથા આ ખેતરમાં લજ્જા તમારૂં ભાગ્ય બની જશે. અને એ પણ શકય છે કે દૌલત તથા વૈભવ જ

તમારી પાસેથી ઝુંટવી લેવામાં આવે. તમારી સ્થિતિ બદલીને તમને કંગાળ કરી દેવામાં આવે કેમકે ધન આપનારના બદલે માલની મહોબ્બતમાં ફસાવાની એજ સજા છે. પરંતુ જો તમે વૈભવશાળી હોવા છતાં પણ "ઇતાઅતે ઈલાહી" (અલ્લાહની તાબેદારી) માં મગ્ન રહ્યા તો આ પૂંજી તમારા માટે અલ્લાહ તરફથી ભેટ કરી દેવામાં આવશે અને તેમાં રજ બરાબર કમી થશે નહી. તમે મૌલાના ખાદિમ (સેવક) હશો તો દોલત તમારી ખાદિમ હશે. આ હેસિયતમાં નેઅમતો (સુખ સામગ્રી)થી લાભાવિંત હોવા છતાં આરામથી જિંદગી વ્યતિત કરશો. અને આખેરતમાં પણ પ્રસન્નતા અને પ્રતિષ્ઠા સાથે સિદ્દીકીન, શોહદા અને સાલેહીન (સત્યવાદીઓ શહીદો અને સદાચારીઓ)ના સહચર્યથી માન્ય કરવામાં આવશો."

## અવામિર [અહકામો]નું પાલન અને નવાહી [નાજાઇઝ કાર્યો]થી વિરક્તિ.

પ્રિય વાંચકો! હઝરત મહીયુદ્દીન અબ્દુલ કાદિર જીલાની રહમતુલ્લાહ અલૈહે ઇરશાદ ફરમાવ્યો કે- "જો તમારી કિસ્મતમાં નેઅમત છે તો તેની ઇચ્છા કરવા કે ન કરવાથી કાંઈ થશે નહી, નેઅમત જરૂર મળશે. તદાનુરૂપ જો મુસીબત તથા હાનિ ભાગ્યમાં છે તો તેને પસંદ કરવા અથવા ન કરવાથી કોઇ તફાવત પડશે નહી. દુઆ કરવું કે આ બલા (મુસીબત) જલ્દી ટળે અથવા સબ્ર કરવું અથવા

ખુદાની મરજીનું બહાનું કરવું કાંઈ લાભ પહોંચાડશે નહી. મુસીબત આવીને જ રહેશે. માટે ફાઇલે હકીકી (ખુદા તઆલા)ના કાર્યની સામે મસ્તક નમાવી દેવામાંજ કુશળતા છે. જો તેના તરફથી નેઅમત મળી છે તો શુક્ર (આભાર) કરો અને કષ્ટ અને બલા આવી હોય તો સબ્ર (ધૈર્ય)નો પાલવ પકડી લો. સબ્ર ખુદાની રઝા માટે હોય તો બહેતર છે, નહીં તો તકલીફથી સબ્રનો પાલવ પકડો, અલ્લાહની પ્રસન્નતા માટે મુસીબતને પણ નેઅમત સમજો અને "તસ્લીમો રઝા" (આજ્ઞા પાલન)ના સમુદ્રમાં ડુબી જાવ. આ અમલના પરિણામ સ્વરૂપે તમને ખુદાની ઈતાઅત (આજ્ઞા પાલન) અને સહયોગના રસ્તાઓ અને મંઝિલો (સ્થાનો)ની સેર (વિહાર) કરાવવામાં આવશે અને તમને સિદ્દીકીન, શોહદા અને સાલેહીનના ખાસ સ્થાનો પર સફળ કરી દેવામાં આવશે. કે જેથી જે લોકો તમારાથી પહેલા "કુર્બે ખુદાવંદી"ની નેઅમતોથી લાભાવિંત થઈ ચુકયા છે. તેમનું નિરીક્ષણ કરી શકો. આ એજ લોકો છે જેને ઝિક્રના કારણે કરામતો, નેઅમતો, અમન અને પ્રસન્નતા મળી ગઈ છે.

મુસીબતો અને બલાઓનો દુઆઓથી અથવા બે સબ્રી દ્વારા માર્ગ રોકવાનો પ્રયત્ન કયારેય કરશો નહી. તેમને પોતાના નિકટ આવવા દો, જ્યારે તે તમારા ઉપર આવી જાય તો કદાપિ હાહાકાર કરો નહી કેમકે આ મુસીબતો દોઝખની આગથી વધીને નથી. ખલ્ક (સૃષ્ટિ)ની ઉત્તમ

અને શ્રષ્ઠ ઝમીન જેમના કદમો નીચે પથરાએલી છે અને આકાશ છત્રછાયા કરી રહેલ છે અર્થાત હુઝુર પુરનુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે એક હદીસે પાકમાં ફરમાવ્યું-"જહન્નમની આગ મોમિનથી સંબોધિત થશે કે અય ઈમાનશાળી! ઉતાવળે પસાર થઈજા કેમકે તારૂં નૂર મારી જવાળાઓને બુઝાવી રહ્યું છે." મોમિનનુ નૂર જેનાથી જહન્નમની જવાળાઓ ઠંડી પડી જાય છે, શું એજ નથી જે દુનિયામાં તેની સાથે હતો. એજ નુર ફરમાનના તાબેદારો અને ગુનેહગારોમાં તફાવત કરે છે. એજ નુર દુનિયાની મુસીબતો તથા મુશ્કેલીઓની આગને ઠંડી કરી શકે છે. આ નુરના સહચર્યમાં તમને અવશ્ય પોતાના સબ્ર અને ખાલિકની પ્રસન્નતા પ્રાપ્તિની ઠંડક નસીબ થશે અને બલાઓની ઉગ્રતા સંપૂર્ણત નષ્ટ થઈ જશે.

વિપત્તિઓ બંદાને ખુદાની નેઅમતોથી નવાઝે છે. એટલા માટે જો મુસીબતો અથવા બલાઓ આવે તો સમજો કે તમારો વિનાશ કરવા માટે નથી બલ્કે આ કાર્યમાં તમારી કસોટી અને ઈમાનની સ્વસ્થતા તથા પૂર્ણતા છે. આવી રીતે તમને ઈકાન (યકીન)નો પાકટ આધાર પ્રાપ્ત થશે અને તમારા માટે આ પરીક્ષા ખુશ ખબરી લાવશે કે અલ્લાહને તમારા સબ્ર તથા દ્રઢતાના પ્રકટીકરણ પર ખુશી પણ છે અને ગર્વ પણ.

ખુદા તઆલા ખુદ ફરમાવે છે—બેશક અમો તમોને

આજમાઈશ (પરીક્ષા)માં એટલા માટે નાંખીએ છીએ કે તમોને જેહાદ કરવાવાળા અને સબ્ર કરવાવાળાઓની ઓળખ થઈ જાય અને તમારા આ'માલ તથા કિરદારની પરીક્ષા થાય." આથી તમારૂં અચળ ઈમાન અને પાકટ યકીન એજ છે કે તમોએ ખુદાના ફેલનું અનુસરણ કર્યું. યકીન રાખો કે આ તૌફીક પણ ખુદાનીજ અતા અને તેના અહેસાનથી છે. માટે તમારા માટે જરૂરી છે કે કઝા તથા કદર (પ્રારબ્ધ)ને સબ્ર તથા દ્રઢતાથી સ્વીકારો, અને દરેક તેવી નવી વાતથી વિરક્તિ કરો જે અવામિર તથા નવાહીથી ખારિજ કરનાર હોય અને ખુદાના દરેક હુકમને ખુશ દિલીથી સાંભળો અને તેનો સ્વીકાર કરવા માટે તત્પરતાથી ગતિશીલ થઈ જાવ તેને સાંભળીને વિચારતાજ રહો નહી.

તકદીરના કાર્યોને કેવળમાની લેવું જ પુરતુ નથી, તેના પાલનમાં મહેનતથી કામ લો કે જેથી હુકમે ખુદાવંદી નું પાલન સારી રીતે થઈ શકે. જો કોઇ હુકમનું પાલન થઇ શકે નહી, તેની પૂર્ણતાથી પોતાને વિવશ સમજો તો ખુદા તઆલાથી પનાહની વિનંતી કરો, રડો, કાકલુદી કરો અને ખુદાથી માફી માંગો. તેની સાથે સાથે તે કારણો શોધો જેના લીધે તમો આજ્ઞા પાલનમાં અસફળ રહેવાના કારણે આ સદભાગ્યથી વંચિત રહ્યા. કદાચ તેનું કારણ તમારૂં ઘમંડ, ઇબાદતમાં કોઇ બેઅદબી, ગર્વ અને અભિમાન, પોતાની રોઝદતા પર વિશ્વાસ કરવું અને ખુદાની

સાથે પોતાના નફ્સ અથવા મખલુકમાંથી કોઇને શરીક કરવું હોય અને અલ્લાહના દરબારથી દુર કરી દેવામાં આવ્યા હોય અને તેની બંદગી અને આજ્ઞા પાલનથી પદચ્યુત કરી દેવામાં આવ્યા હોય, આવી રીતે તે તમારાથી નારાજ હોય અને ગુસ્સામાં હોય અને તમને દોસ્ત (મિત્ર) ન રહેવા દિધા હોય અને તમને લોભ–લાલચમાં વ્યસ્ત કરી દીધા હોય, તમને ખબર નથી કે આ સઘળી વસ્તુઓ તમને પૈદા કરનાર અને સંપાદિત કરનાર અને દુનિયાના સામાનના માલિક બનાવી દેનાર રબ્બે કરીમથી દુર રાખનાર અને તેની કૃપા દષ્ટિથી હઠાવી દેનાર છે. આ હરકતો (ચેષ્ટાઓ)થી બચો, એવું ન થાય કે ખુદાના સિવાય કોઈ બીજા (ગૈરૂલ્લાહ)ની તરફ આકૃષ્ઠ થઈ જાવ. ખુદા સિવાય દરેક વસ્તુ ગૈર મૌલા છે એટલા માટે દરેક ગૈર મૌલા પ્રત્યે ધ્યાન ન આપો અને ગૈરૂલ્લાહથી નિકટતાના કારણે અલ્લાહના એહકામથી ગાફેલ થવું પોતાના ઉપર અત્યાચાર કરવું છે. કેમકે તેનું પરિણામ એવી આગ છે જેનું એંધણ આદમી અને પત્થર છે. કુફ્ફાર માટે તૈયાર કરવામાં આવેલ આ આગમાં નાંખી દેવામાં આવવાથી પછી તમો ડરો.ક્ષમા યાચના કરશો, ફરિયાદ કરશો અલ્લાહની રઝાના તલબગાર થશો તો તેમાં સફળ થઈ શકશો નહી. અને ઇચ્છશોકે દુનિયામાં ફરીથી આવીને ઈમાન તથા આમાલના હવાલાથી પોતાની ભુલોનું નિવારણ કરી શકો તો તેની ઇજાજત પરવાનગી ન હશે માટે પોતાના ઉપર-રહેમ કરો અને બુદ્ધિ તથા ઇલ્મ અને યકીન તથા મઅ

રક્તને હકતઆલાના આજ્ઞા પાલન તથા રઝા માટે ઉપયોગ કરો. અને જો ભાગ્યમાં લખાએલી તિમિરતાઓ ને દૂર કરવા ઇચ્છોતો ખુદાતઅલાથી એજ અન્વારથી રોશની માંગો, જે કામનો તમને હુકમ આપવામાં આવ્યો છે તે કરો અને જેનાથી રોકવામાં આવ્યા છે તે ન કરો અને અવામિર તથા નવાહી સિવાય દરેક કામને પોતાના ખાલિક પરવરદિગારના સુપ્રત કરી દો. ખાલિકે તમને માટીથી બનાવ્યા, તમારૂં પાલન-પોષણ કર્યું અને નુતફા (વીર્ય) દ્વારા તમને ઈન્સાની (માનવીય) સૂરત (ચહેરો) આપ્યો. એટલા માટે જાણીલો કે તેના કોઈ હુકમનું ઉલ્લંઘન કુફ્ર છે. જે કાર્યથી મના કરવામાં આવ્યું છે તેના સિવાય કોઈને મકરૂહ સમજો નહી અને દુનિયા તથા આખેરતમાં હકકના કર્યો નેજ કાફી જાણો અને નવાહીને દરેક સ્થળે ખરાબ સમજો. તમારી દરેક મુરાદ અલ્લાહ ના હુકમના તાબે હોવી જોઇએ અને ખુદાએ જેને મકરૂહ કહયું. તેનાથી કરાહત (ઘૃણા) જરૂરી છે.

જ્યારે તમો ખુદાવંદ તઆલાના હુકમના આજ્ઞાંકિત થઈ જશો તો સકળ બ્રહ્માંડ તમારા હુકમ પર ચાલશે. જ્યારે તમો ખુદાએ મના કરેલ ચીઝો અને કામોને ખરાબ સમજ્યા તો જ્યાં પણ રહેશો કોઇ ગમ-દુ:ખ તમારા નિકટ આવશે નહી. અલ્લાહે કેટલીક કિતાબોમાં ફરમાવ્યું છે કે અય માનવજાત! હું અલ્લાહ છું અને એકલો પૂજ્ય છું, હું કહુ છું "થઈજા" તો થઈ જાય છે. તું

મારી ફરમાબરદારી કરકે જેથી હું તને પણ એવો બનાવી દઉં કે તુ કહે "થઇજા" તો થઇ જયા કરે. વધુમાં ફરમાવ્યું—"અય દુનિયા જે માણુસ મારી ખિદમત અને ઈતાઅત કરે તુ તેની ખિદમત તથા ઈતાઅતમાં વ્યસ્તથા અને જે આદમી તારી ખિદમત કરે તેને મુસીબતોના ભેટ ચઢાવી છે."

અને ખુદા જે વસ્તુથી મના કરી દે તો તમે એવા બની જાવ જેવું તમારા સાંધા ઢીલા પડી ગયા હોય. તમો બેહવાસ, તંગદિલ અને મડદાની જેમ થઈ જાવ, એવી રીતે જાણે તમારી કોઈ ઇચ્છા જ ન હોય અને બશરીયત (માનવ પણા)નું ચિન્હજ વિનષ્ટ તથા વિલુપ્ત હોય અને શહવાની (કામુક) ઇચ્છાઓ ગાયબ, ઘર ઉપર તિમિરતા વરસતી હોય. દીવાલો પડી જાય અને છત પડી જવાથી ઘર તબાહ તથા બરબાદ થઈ ગયું હોય. સમજવા-વિચારવાની યોગ્યતા ઝુંટવાઈ ગઈ હોય અને કાન બહેરા હોય, એવું લાગે જાણે તમને પૈદાજ એવી હાલતમાં કરવામાં આવ્યા હોવ કે આંખો પર પડદો હોય અને દૃષ્ટિ નષ્ટ હોય, હોઠ ફાડલા, જીભ ગુંગી, દાંતમાં દર્દ, હાથ શિથિલ અને નિર્જીવ, પગોમાં લથડામણુ અને કામ શક્તિ નષ્ટ હોય, પેટ એવું હોય જાણે ભરેલું હોય ખાવાની ઇચ્છા જ નથી, જનુન (ગાંડપણુ)ની કેફિયત છે અને શરીર એમ છે. જાણે તેને કબ્રની તરફ લઇ જવામાં આવી રહ્યું હોય.

અવામિરમાં ઉતાવળ અને નવાહીમાં સુસ્તી અને આજિઝી બહેતર છે અને પોતાને નિર્જીવ સમજવું સારૂં છે, કઝા તથા કદર (ભાગ્ય)ની આગળ પોતાની હસ્તીને નેસ્તી (નષ્ટ) સમજો, એજ શરબત પીવા યોગ્ય છે અને એજ દુવા ઈલાજના યોગ્ય છે. એજ ખોરાક છે જેનાથી શક્તિ અને બળ મળી શકે છે. એજ સ્વરૂપમાં નફસાની ઈચ્છાઓ અને અવજ્ઞાની બીમારીઓની તંદુરસ્તી શક્ય છે.

## હક્કના વિલીનોની કેફિયત

પ્રિય વાચકો! હઝરત મહબુબે સુબ્હાની અબ્દુલ કાદિર જીલાની રહમતુલ્લાહ અલૈહે ફરમાવ્યું–અય નફસના બંદાઓ! તમો એ લોકોનો મુકાબલો ન કરો જે હાલ શાળીઓ છે અને હક્ક (ખુદા)ની સાથે વાસિલ છે. કેમકે તમો પોતાની મનેચ્છાઓના અને તેઓ ખુદાના ગુલામ છે. તમારી દષ્ટિઓ દુનિયા પર લાગેલી છે અને તેમને આખેરતની રગબત છે, તુ દુનિયાની તરફ નિયંત્રક છે અને તેઓ ધરતી તથા આકાશના રબ્બની તરફ નિહાળે છે. તુ મખલુકથી આરામનો તલબગાર છે તે હક્ક તઆલાથી, તારૂં દિલ ધરતીવાળાઓથી લાગેલું છે અને તેમના હૃદય રબ્બુલ અર્શ (અર્શના માલિક)થી જોડાએલા છે. તમો જે વસ્તુની પ્રત્યે જુઓ છો તેનાજ શિકાર થઈ જાવ છો, હક્કના વાસિલો તે છે જે પોતાને જોવાવાવાળાઓ પ્રત્યે ધ્યાનિત થતા નથી બલ્કે દરેક ચીઝના ખાલિક પ્રત્યે જુએ છે. જે જાહેરી રીતે દેખાતો નથી. તેમણે છુટકારો મેળવી

લીધો અને નજાત (મુક્તિ) પ્રાપ્ત કરી લીધી અને તમો મનેચ્છાઓના કેદી થઈને રહી ગયા છો. તેમણે ઇચ્છાઓ, ઇરાદાઓ, મુરાદો અને સુષ્ટિના ફંદાઓથી મુક્તિ મેળવી લીધી અને ફુમેં ખુદાવંદીથી ફેઝયાબ (લાભાવિંત) થઇ ગયા, ખુદા તઆલાએ તેમના ઉપર ધ્યેયની સમાપ્તિ સ્પષ્ઠ કરી દીધી જે કેવળ ખુદાની ઇતાઅત અને હમ્દ તથા સના (સ્તુતિ) છે. આ કાર્યથી સાવધાની તેનેજ થાય છે જેના ઉપર ખુદાનો ફઝલે ખાસ હોય.

તેમણે અલ્લાહની હમ્દ અને ઇતાઅતને વાજિબ સમજી અને તેનીજ તૌફીકથી કોઇ તકલીફ અને પરિશ્રમ વગર તેમાં વ્યસ્ત રહ્યા. અલ્લાહની ઇતાઅત તેમનો ખોરાક બની ગયો અને એવી નેઅમત તથા રાહતનું સ્વરૂપ ધારણ કરી ગયા જાણે તેઓ જન્નતના વાસી છે કેમકે તેઓ ચીજને જોવાથી પહેલા તેના ખાલિક (સર્જક)ના ફેલને જોઇ લે છે.

આવા હકકના વાસિલોના જ દમથી ઝમીન તથા આકાશ કાયમ છે અને જીવતાઓને કરાર અને મુર્દાઓને આરામ તેમનાથી જ છે. અલ્લાહતઆલાએ ધરતીપટના સ્થાપન માટે તેમને મેખની હેસિયત આપી છે. એવા સાહબે હાલમાં હરેક એક પહાડની જેમ પોતાના સ્થાન પર કાયમ છે. તમે તે લોકોના માર્ગમાં અવરોધક ન થાવ બલ્કે એક બાજુએ હઠી જાવ કેમકે તેમના માર્ગોમાં તેમના પૂર્વજો પણ અડચણરૂપ બની શકયા નહી. આ એવા

હઝરતો છે કે તેમને સઘળા લોકો ઉપર સર્વોપરિતા આપવામાં આવી છે. રબ્બે કરીમે તેમને પૈદા કરીને ધરતી પર ફેલાવી દીધા છે. અનેજ્યાં સુધી ધરતી તથા આકાશ કાયમ છે તેમના ઉપર ખુદાની રહેમતો, બરકતો અને સલામ (સલામતી) પહોંચતા રહેશે.

## ખુદાથી સંબંધ જોડનારાઓ

પ્રિય વાંચકો! હઝરત ગૌષુલ આઝમ રહમતુલ્લાહ અલયહે ફરમાવ્યું--મેં સ્વપ્નમાં દેખ્યું કે મસ્જિદના અનરૂપ કોઇ સ્થળ પર છું, ત્યાં કેટલાક એવા માણસો એકત્ર છે જેઓએ દુનિયા અને દુનિયાવાળાઓથી સંબંધ વિચ્છેદ કરેલો છે. મેં વિચાર્યું કે જો ફલાણો સાલેહ (સદાચારી) બુઝુર્ગ હોત તો તેમને શરીઅતના આદાબ શિખવતો અને હિદાયત કરતો. તે લોકો મારી આસપાસ ભેગા થઈ ગયા અને તેઓમાંથી એકે મને પુછ્યું કે આપ કેવા છો? અમારાથી વાતચીત કેમ કરતા નથી? મેં કહ્યું જો તમારી ઇચ્છા એ જ છે તો ભલે, પછી મેં તેમને કહ્યું કે જ્યારે તમો મખલૂકથી સંબંધ તોડીને ખુદાથી સંબંધ જોડી ચુકયા છો તો પછી એવું થવું જોઈએ કે જીભ બંધ રાખો અને કોઇનાથી પણ કોઈ પ્રકારનો સવાલ (માંગણી) ન કરો. જ્યારે તેના ઉપર કાર્યરત થઈ જાવ તો દિલમાં પણ કોઇ વસ્તુની કલ્પના ન આવવા દો, એટલા માટે કે દિલની ઇચ્છા અને જીભથી માંગવામાં કોઈ તફાવત

નથી અને એ પણ યાદ રાખો કે વસ્તુઓમાં પરિવર્તન કરવા અને બનાવવા-બગાડવા અને ઇબરત બખ્શવા અને હીનતા આપવામાં ખુદા તઆલાની પ્રત્યેક દિવસે નવી શાન હોય છે ' તે કોઈ ગિરોહ (સમુહ)ને "ઇલ્લીએન" (જન્નતનું એક નામ) ના સ્થાન સુધી ઉચ્ચતા બખ્શે છે અને કોઇને "અસ્ફલુસ્સાફિલીન" (દોઝખનો સાતમો તબકો) માં ફેંકી દે છે. પ્રથમ વર્ગ ચાહે છે કે તેને એ જ ઉચ્ચ સ્થાન પર રાખતાં તેનું રક્ષણ કરવામાં આવે, જ્યારે બીજો વર્ગ એ વાતથી ભયભીત રહે છે કે ક્યાંક સર્વદા પસ્તી (પડતી)ના એજ ઉંડાણોમાં ન રહેવું પડે અને તેમની ઇચ્છા રહે છે કે સંભવત અમોને પણ ઉચ્ચતાનું સ્થાન નસીબ થાય પછી હું જાગ્રત થઈ ગયો.

## જગત ઉપર સત્તાધારી કોણ ?

પ્રિય વાંચકો ! હઝરત ગૌષુલ આઝમ રહમતુલ્લાહ અલયહ ફરમાવે છે-તમોએ મખ્લુક ઉપર અને બીજા સાધનો અને માધ્યમો પર ભરોસો કર્યો છે. એટલા માટે અલ્લાહ તઆલાના ફઝલથી અને કોઈ વાસ્તા (માધ્યમ) વગર તેની નેઅમતોની પ્રાપ્તિથી મહેરૂમ થઈ ગયા છો તમોએ હલાલ રોજીને હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે બતાવેલા તરીકાથી પ્રાપ્ત કરવું ત્યજી દીધું છે, એટલા માટે જ મખ્લુક તમારા દરમિયાન હિજાબ (આવરણ) બની ગઈ છે, આથી જ્યાં સુધી તમો લોકોની બક્ષીસ અને તેમના દરવાજાઓ પર દાનશીલતાની ખૈરાત લેવાની

કેફિયતમાં રહેશો તમારી ગણના મુશરિકોમાં થશે અને તમને તેની સજા મળશે કે તમોએ આકાએ દો આલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના બતાવેલા તરીકાથી હલાલ રોજી કેમ લીધી નહિ કે તે તમારા ઉપર વાજિબ હતું. આ શિર્કના કારણે અલ્લાહ તઆલા તમને અઝાબમાં સપડાવી દેશે પછી જો તમો મખલુકની સાથેનો સંબંધ તોડી નાખો અને શિર્કથી તૌબા કરતાં ધંધાની તરફ પ્રયત્નશીલ થઈ જાવ, પોતાની મહેનતુ અને શારીરિક તથા દમાગી શકિતઓના ઉપયોગથી રિઝક (રોજી) પ્રાપ્ત કરો અને ખુદાનુ ફઝલ-કૃપાને ભુલી જાવ તો પણ મુશરિક જ કહેવાશો. બસ એટલું છે કે આ શિર્ક પ્રથમના શિર્ક કરતાં ગુપ્ત હશે. આ હરકતથી પણ સજાના યોગ્ય ઠેરવવામાં આવશો અને ખુદાના ફઝલ અને માધ્યમ વગરની નેઅમતોથી મહેરૂમ-વંચિત થઈ જશો.

પછી જો આ ગુપ્ત શિર્કથી પણ તૌબા કરી લો અને કેવળ મહેનત તથા યોગ્યતા પર વિશ્વાસ કરવાના બદલે યકીન કરી લો કે ખુદા તઆલા જ હકીકી (સાચો) રાઝિક (રોજી આપનાર) છે, એજ મુસબ્બિબુલ અસબાબ (કારણો અને સાધનો ઉત્પન્ન કરનાર) અને ધંધાની તૌફીક અતા કરનાર છે અને સર્વદા રોજી તેના જ હાથોમાં રહે છે. જો દરેક બાજુએથી હઠીને અને પલટીને પોતાની સઘળી હાજતો અને જરૂરતોને ખુદા તઆલાની હુઝુર લઇ આવશો અને તેનાથીજ દરેક ઉમ્મીદ જોડી દેશો, તે

FMP

વેળા ખુદા પોતાના ફઝલના અને તમારા દરમિયાન કોઈ પડદો રહેવા દેશે નહી, અને તમારી જરૂરત અનુસાર બલ્કે તમારી તલબ અને ઉમ્મીદ કરતાં પણ અધિક તમોને એવી રીતે રોજી આપશે કે તમારી ધારણામાં પણ ન હોય. સાવ એવી રીતે જેવું એક તબીબનો અમલ જે દર્દી ઉપર મહેરબાન પણ હોય અને તેનો મિત્ર પણ અને આ કેવળ અલ્લાહનો ફઝલ છે કે તે તમને પોતાના સિવાય કોઈના ધ્યાન આપવાનો મોહતાજ કરે નહી. અને આ તમારૂં તેના ફઝલ ઉપર ખુશ થવાના કારણે છે. પછી જ્યારે તમારા દિલમાં ઇલાહી ઇરાદાઓ સિવાય કોઇ વસ્તુની રૂચિ અને ઇચ્છા રહે નહી તો જ્યારે ખુદા ચાહશે તમારી કિસ્મતનો ભાગ તમને અર્પણ કરી દેશે, તે તમને જરૂર મળશે અને તમારા સિવાય તેમાં કોઈ બીજાને કાંઇ મળશે નહી. ખુદાવંદ તઆલા તેની તૌફીક (ક્ષમતા) પણ આવશે કે આ પ્રદાન પર તેનો શુક્ર (આભાર) અદા કરી શકો. તમારા દિલ પર એ હકિકત જાહેર કરી દેવામાં આવશે કે આ સઘળું ખુદાએ આપ્યું છે. અને એજ આપનાર છે પછી તમને તેની મઅરેફત નસીબ થઇ જશે.

તેના પછી તમને મખલુકથી અધિક દુર કરી દેવામાં આવશે તમારા બાતિનમાં કેવળ અલ્લાહ રહી જશે. પછી તમારૂં યકીન દ્રઢ થઈ જશે. સીનો (છાતી) ખુલી જશે, દિલ પ્રકાશિત થશે અને જ્યારે આ કૈફિયતો (હાલતો)

સાથે તમે ખુદાની બહુજ અધિક નિકટતા [redacted] લેશો તો તમને ખુદાઈ રહસ્યો અને અમાનતના રક્ષણના કારણે બારગાહે ખુદાવંદીમાં તમને અધિક ઈજ્જત મળશે. પછી તમને બતાવી દેવામાં આવશે કે બુઝુર્ગી અને કરામતના કારણે તમારો ખાસ ભાગ તમને ક્યારે મળશે. ખુદાએ ફરમાવ્યું, "અમોએ અહકામોની હિદાયત કરવાવાળા એમાંથી પેશવા (આગેવાન) બનાવ્યા જેમણે અમારી આયતો પર યકીન કર્યું અને સબ્રથી કામ લીધું." પછી ફરમાવ્યું, "જે લોકો અમારા માર્ગમાં રિયાઝત (તપસ્યા) અને મુજાહેદા (મનોનિગ્રહ)થી કામ લે છે, અમો તેમને અમારા માર્ગની હિદાયત કરીએ છીએ." પછી ફરમાવ્યું "અલ્લાહથી ડરતા રહો" એક બીજા સ્થળે ફરમાવ્યું– "અલ્લાહ તઆલા તમને તઅલીમ આપે છે."

જ્યારે તમે આ સ્થાને પહોંચી જશો તો તમને જાહેરી પરવાનગી આપીને કાઇનાતે આલમ (બ્રહ્માંડ)માં તસર્રૂફ (અધિકાર) કરવાની શકિત પ્રદાન થશે. તેમાં કોઇ શંકા–આશંકાની કલ્પના નથી. સૂર્યની જેમ પ્રકાશિત દલીલ હૃદયાકર્ષક વાણી જે સઘળા સ્વાદોથી અધિકસ્વાદિષ્ટ હોય. શંકા–આશંકા રહીત સાચું ઈલ્હામ (ખુદાઈ સંકેત) જે સઘળા નફસાની ખતરાઓ અને શયતાની વસવસાઓથી પાક હોય, તમને અતા કરવામાં આવશે.

અલ્લાતહતઆલાએ પોતાની કેટલીક કિતાબોમાં ફરમાવ્યું કે અય બની આદમ! હું જે વસ્તુને "થવા"

નો હુકમ આપું છું તે થઈ જાય છે. જ્યારે તમો મારા ફરમાં બરદાર-તાબે બની જસો તો તમને પણ એવા જ બનાવી દઈશ કે તમો પણ જે વસ્તુને કહેશો કે "થઈ જા" તો તે થઈ જશે. બેશક અલ્લાહતઆલાએ પોતાના બહુધા અંબિયા ઔલિયા અને ખાસ બંદાઓને આનેઅમતથી નવાજ્યા છે.

## અલ્લાહ સુધી પહોંચવાનો તરીકો

પ્રિયવાચકો! હઝરત નુરૂતુલ્લાહ મરકદહ ફરમાવે છે કે અલ્લાહ સુધી તમારી પહોંચ અને કુર્બે ઈલાહી (અલ્લાહની નિકટતા) ની મંઝિલ પામવું કેવળ તેની જ તૌફીકથી છે. ખુદા સુધી પહોંચવાનો અર્થ એ છે કે તમો મખલુકના સંબધો, નફસાની ઈચ્છાઓ અને પોતાના ઇરાદાઓની કેદથી આઝાદ થઇને પોતાની હસ્તીને ખુદાના કમો હેઠળ કરી લો. ત્યાં સુધી કે તમારી કોઇ હિલચાલ અને કોઈ કર્મ તેના કર્મ અને ઇરાદાથી અલગ ન હોય અને ફનાઈયત (વિલીનતા)ની આ મંઝિલ જ ખુદા સુધી પહોંચે છે. પરંતુ નઉઝોબિલ્લાહ ખુદા સુધી પહોંચ કોઈ રીતે પણ દુનિયાવાળાઓ સુધી પહોંચવાની સમકક્ષ નથી. કેમ કે બ્રહ્મમાંડની કોઇ વસ્તુ ખુદાના અનુરૂપ નથી. તે સઘળું જ સાંભળે અને જુવે છે. અને તે એ વાતથી ઉચ્ચતર છે કે આ સર્વ સૃષ્ટા (ખુદા) અને ખાલિક તથા માલિકને તેની જ કોઈ રચના અને તેની જ કોઈ સર્જન અથવા સંપતિથી ઉપમાં આપવામાં આવે.

વુસૂલ એલલાહનો ભાવાર્થ કેવળ એજ લોકો સમજી શકે છે. જે આ મંઝિલ પર પહોંચેલા હોય જેમની આ સ્થાન સુધી પહોંચ નથી. અને એટલી નિકટતા તેમને પ્રાપ્ત થઇ નથી તેઓ તેની બાતિની કેફિયત (આંતરિક હાલત) અને રૂહાની (આત્મિક) ઘટનાઓનો અંદાઝો લગાવી શકતા નથી અને જે લોકો ખુદા સુધીની પહોંચ-ની મંઝિલ પર પહોંચી ગયા છે તેઓ કુર્બે ઈલાહીના રૂતાબ (પદવી)માં એકબીજાથી વિભિન્ન દરજજાઓમાં છે.

એવી જ રીતે અંબિયા તથા ઔલિયાની સાથે ખુદાવંદ કરીમના મામલાઓ જુદી જાતના છે કે કોઈ એકના રહસ્ય ખુદા સિવાય બીજું કોઇ જાણતું નથી, ત્યાં સુધી કે આલમેરૂહનિયત (આત્મિકસ્થિતિ)માં એવું પણ થાય છે કે મુરીદના રહસ્યથી તેના શેખ (પીર)ને ખબર હોતી નથી. અને શેખના રહસ્યથી મુરીદ વાકેફ નથી હોતો જોકે તે બાતિની ઉન્નતિઓની ગણનાએ શેખના સ્થાનના પગથાર સુધી પહોંચી જાય છે.

મુરીદ જ્યારે શેખની તથા હાલત કેફીયત અને તેના મકામત (સ્થાનો) સુધી પહોંચ પ્રાપ્ત કરી લે તો ખુદા તઆલા તેને શેખથી જુદો કરી લે છે. અને તેને પોતાની વિલાયતમાં લઈને સઘળી મખલૂકથી અલગ કરી લે છે. શેખની કેફિયત એવી થઇ જાય છે. જેવું દુધ પીવડા-નાર દાયાની બે વર્ષ પછી દુધ છોડાવવા પર થઈ જાય છે. જ્યારે ઈચ્છા અને ઇરાદો પરાજિત ન થઈ જાય તે

આશય માટે શેખની આવશ્યકતા હોય છે. જ્યારે ઇચ્છાઓ અને ઈરાદાઓ નષ્ટ થઈ જાય તો મખલુકમાંથી કોઈની હાજત (જરૂરત) રહેતી નથી.

જ્યારે મુરીદ ખોટ અને નુકસાનથી અતિરિક્ત થઇ ગયો તે હદ્દ સુધી પહોંચી ગયો, જેવું કે આગળ બ્યાન થઇ ગયું છે. પછી તે ખુદા સિવાય દરેક વસ્તુથી નિત્ય માટે સુરક્ષિત થઇ ગયો પછી તેનો લાભ તથા નુકસાન આપવું તથા મના અને ખૌફ તથા આશાની સ્થિતિમાં ખુદા સિવાય કોઈ હસ્તી નજરે પડશે નહી. એવીજ રીતે જ્યારે એ યકીન થઈ જાય કે અલ્લાહ કૃપાળુથીજ મગફેરત (મોક્ષ)ની આશા છે અને તેનાથીજ ડરવું જોઈએ તો પછી તમો હમેશા તેનાજ ફેલ (કાર્ય) પર દૃષ્ટિ રાખો. તેની આજ્ઞાને દેખો અને તેની તાબેદારીમાં વ્યસ્ત રહો અને દુનિયા તથા આખેરતની મખલુકથી નિસ્પૃહ થઈ જાવ. સઘળી મખલુકને તે માણસની જેમ વિવશ સમજો જેને એક મહાન રાજ્યનો કડક આજ્ઞા અને રોબ તથા દબદબાવાળો બાદશાહ ગિરફતાર કરીને તેની ગર્દનમાં તોક અને પગોમાં બેડીયો પહેરાવી દે. પછી તેને વૃક્ષ સાથે ફાંસી પર લટકાવી દે અને તે વૃક્ષ એક તરંગીત, પહોળા, ઉંડા અને તેજ દરિયાના કિનારે ઉપસ્થિત હોય, પછી બાદશાહ એવા તખ્ત (પાટ) પર બેસી જાય જે બહુજ મોટો અને ઉંચો હોય અને તેના સુધી પહોંચવું બહુ જ

મુશ્કેલ હોય. બાદશાહના પગોમાં તીર, ભાલા, તીર કામઠાં મોટી સંખ્યામાં પડયા હોય, જેની સંખ્યા કેવળ બાદશાહજ જાણતો હોય. બાદશાહ ફાંસી પર લટકેલા માનવી પર જે હથિયાર ચાહે ફેંકે. એવામાં કોઇ માણુસ એવો પણ હોઇ શકે છે જે આ હાલતને નિહાળે અને બાદશાહ તરફથી મુખ ફેરવી લે, તેનાથી ડરે નહીં અને આશા પણ રાખે નહીં બલ્કે સુળી પર ચઢેલા માણુસથી ડરે અને તેનાથીજ આશા રાખે. શું આ વિચાર ધરાવનાર બુદ્ધિહીન, પાગલ, હેવાન અને માનવતાથી ખારિજ નહીં કહેવાશે ખુદા તઆલા અમોને નેત્ર જ્યોતિ પછી અંધાપાથી, મિલન પછી વિયોગથી, નિકટતા પછી દુરીથી, હિદાયત પછી ગુમરાહી અને પથભ્રષ્ટતાથી અને ઇમાન પછી કુફ્રથી બચાવે.

આથી દુનિયા જેવું કે બયાન થઈ ગયું છે એક વહેતી નદીની જેમ છે કે નિત્ય તેનું પાણી વધતું રહે અને આ દુનિયામાં પ્રાપ્ત થનાર આસ્વાદો, કામવાસનાઓ અને ઇચ્છાઓની અધિકતા છે અને વિવિધ પ્રકારના તીર, ભાલા અને બીજા હથિયાર તે બલાઓ છે જે ભાગ્યવસાત પહોંચે છે. અને જેના કારણે માનવજાતી ઉપર આફતો, બલાઓ, સખ્તીઓ અને તિમિરતાઓ છવાઇ જાય છે અને થોડીક રાહત તથા સ્વાદ મળે પણ તો મુસીબતોથી ભરપુર મળે છે. આથી મોમીનની અકલમંદી તેનાથીજ વ્યકત થાય છે કે ભૌતિક આસ્વાદો અને એશો-આરામ (ભોગ વિલાસ)ના બદલે આખેરતને પસંદ કરે.

હુઝૂર સરવરે કાએનાત સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે: "આખેરતના આરામના મુકાબલામાં કોઈ એશ (આરામ) નથી." અને આ ખાસ મોમિન માટે છે. એક બીજા સ્થળે ફરમાવ્યું-" દુનિયા ઇમાનવાળાઓમાટે કેદખાનું છે અને કાફરો માટે જન્નત" એકબીજી હદીસ માં છે કે પરહેઝગારોના મુખમાં લગામ મુકી દેવામાં આવી છે.

આ હદીસો તથા નિરીક્ષણોના દૃષ્ટિગત દુનિયાની સારી જિંદગીની ઇચ્છા કોણ કરી શકે છે, કેમ કે વાસ્તવીક પ્રસન્નતા અને શાશ્વત રાહત તેમાં જ છે કે માનવી ખલકત (લોકો) થી બચીને ખુદાના દ્વાર પર આવી જાય. તેની સામે પોતાની વિવશતાનું પ્રગટીકરણ કરે, જ્યાં સુધી દુનીયાના બંધનથી આઝાદ થઈ જશે નહીં. ખુદાની તરફથી કૃપાઓ તથા ઇનામો રાહત-રેહમત અને ભલાઇ પ્રાપ્ત કરી શકશે નહીં.

હઝરત મહબુબે સુબ્હાની શેખ અબ્દુલકાદિર જીલાની રહમતુલ્લાહ અલૈહે ફરમાવે છે.તમારા માટે વસિયત એ છે કે તમને કોઈ તકલીફ અથવા કષ્ટ પંહોચે તો તેની કોઇ પોતાના અથવા અજાણ્યા માણસથી શિકાયત ન કરો અને ખુદાતઆલા તમારા ઉપર કોઈ બલા નાઝિલ કરે અથવા કોઈ બીજો સુલુક કરે તો તેના ઉપર તહોમત ન લગાવો. જરૂરી છે કે કેવળ ખુદાનો શુક્ર કરો, જો તમો તકલીફમાં શુક્રને જુઠ સમજો છો તો આ હાલની શિકાયત કરવાના

સત્ય કરતાં બહેતર છે. કોઇ શખ્સ અને કોઈ પળ ખુદાની નેઅમતથી ખાલી નથી. ખુદા તઆલાએ ફરમાવ્યું— “અલ્લાહની નેઅમતો એવી અને એટલી છે કે હદ તથા હિસાબમાં આવી શકતી નથી.” કેટલીએ એવી પણ છે જેમનો તમને એહસાસ સુદ્ધાં નથી. માટે તમારે કોઈ ચીઝની તલબ માટે મખલુક પ્રત્યે જોવું જોઇએ નહીં. અને ખાલિક સિવાય કોઈ બીજા સાથે સંબંધ રાખો નહી. અને ન કોઇને પોતાની હાલાત બતાવો. મહોબ્બત તેનાથીજ કરો હાજતો તેનાથીજ અર્ઝ કરો, તકલીફના નિવારણ માટે તેના તરફ જ રજુ કરો, કેમકે લાભ તથા નુકસાન તેના તરફીથીજ છે. પરેશાનીઓ એ જ દફે કરી શકે છે, ઈઝઝત તથા ઝિલ્લત અને બુલંદી તથા પસ્તી (ચઢતી–પડતી) આપનાર એજ છે. મુફલિસી તથા તવંગરી એજ આપી શકે છે અને હરકત તથા સુકુન તેનાજ હાથમાં છે. તમામ ઘટનાઓ અને અમલો તેનાજ હુકમ અને ઇજાઝતથી જાહેર થાય છે. દરેક ચીઝ તે સમય સુધી ચાલુ રહે છે જેનું નિર્ધારણ તે કરીદે, જેને ખાલિક તથા માલિકે પ્રાથમિકતા આપી છે તે આખરી થઇ શકતી નથી અને જે પાછલી છે તેને કોઈ પ્રાથમિકતા આપી શકતું નથી. અલ્લાહએ ફરમાવ્યું છે—“કે જો અલ્લાહ તરફથી તેને કોઈ નુકસાન પહોંચે તો એજ અને કેવળ એજ તેને દુર કરી શકે છે અને જો ખુદા તારી ભલાઈ કરવા ચાહે તો તેના ફઝલને રદ કરનાર કોઈ નથી.”

અને જો તમો અલ્લાહથી જાત જાતની અસંખ્ય નેઅમતો અને ભલાઇઓ પ્રાપ્ત કરવા છતાં પોતાના અંધાપાના લીધે ખુદાથી શિકવા-શિકાયત કરવા લાગો તો તે અકૃતજ્ઞતા થશે અને ખુદાની અતા કરેલ નેઅમતોને ઓછી અને તુચ્છ સમજીને અધિકની ઇચ્છા કરવું છે અને તેના કારણે તમો ખુદાઇ કહેર, ગુસ્સા અને દુશ્મનીના પાત્ર બની જશો વર્તમાન નેઅમતો પણ તમારી પાસેથી ઝુંટવાઈ જશે. તમારી શિકાયતને સાચી અને બલાઓને તમારા ઉપર અધિક કરી દેવામાં આવશે. કૃપા દ્રષ્ટિ તમારાથી ફરી જશે. જો કાતરથી તમારૂં માંસ ટુકડે ટુકડા કરી દેવામાં આવે તોપણ શિકાયત કરવી જોઇએ નહી. પ્રયત્ન કરીને પોતાને શિકાયત કરવાથી બચાવો. ખુદાથી ડરો અને સતત ડરો, જાણી લોકે માનવીઓ પર જે મુસીબતો તથા કષ્ટો નાઝિલ થાય છે તે પોતાના રબ્બની શિકાયતના જ કારણે જ થાય છે. પરવર દિગારે આલમના ગિલા (શિકાયત)નો શું જવાઝ (જાઇઝ હોવુ) છે. કેમકે તે તો સઘળા મહેરબાનો, સઘળા હાકિમોથી મોટો છે. દરેક ચીઝની ખબર રાખે છે અને રઉફુતથારહીમ (કૃપાળુ) છે, તે પોતાના બંદાઓ પર રહેમ કરે છે, કયારેય જુલ્મ-અત્યાચાર કરતો નથી. એજ બીમારીઓને દુર કરનાર, કૃપા કરનાર, અને હાથ પકડનાર છે. શું દયાળુ માં-બાપ ઉપર જુલ્મ અને દમનનો આરોપ લગાવી શકાય છે? હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે

ફરમાવ્યું કે—અલ્લાહ પોતાના બંદા પર માં કરતાં પણ અધિક મહેરબાન છે. એટલા માટે બારગાહે ખુદાવંદીના આદાબ બજાવી લાવો અને સહનશક્તિ કરતાં પણ વધીને બલાઓ મુસીબતો નાઝિલ થઇ જાય તો પણ સબ્ર-ધીર્યથી કામલો. રઝા તથા સમાનતાની શક્તિ ન હોય તો પણ તેમને આચરણ કરી રાખો. આવી રીતે ફનાઇયત (આત્મ-સાત)ની મંઝિલ પામી લેશો અને ફના થયા પછી તમો ક્યાં શોધો શકાશો. શું તમોએ ખુદાનો ઇરશાદ સાંભળ્યો નથી કે "તમારી સ્વાભાવિક રૂચિ ન હોવા છતાં તમારા ઉપર જેહાદ ફર્જ કરવામાં આવી છે. જો કે જે કામને તમો સારૂં સમજતા નથી, શક્ય છે કે તે તમારા માટે ઉત્તમ હોય અને જે ચીઝ તમને સારી લાગે છે, શક્ય છે કે તે તમારા માટે નુકસાનકારક હોય તમારૂં બુરૂં-ભલું ખુદા તઆલાજ બહેતર સમજે છે. તમને તેની કાંઇ ખબર નથી."

ખુદાએ વસ્તુઓની હકીકતનું ઇલ્મ તમારાથી છુપાવી લીધું છે. એટલા માટે કોઈ વસ્તુ તમને સારી લાગે કે ન લાગે, તેના વિરૂદ્ધ ન બોલો. અને તકવાની હાલતમાં શરીઅતની પૈરવી તમારા માટે આવશ્યક છે. વિલાયતનું સ્થાન પામીલો અને પોતાની મનેચ્છાઓનો ત્યાગ કરી ચુકયા હોવતો બાતિની (આંતરિક) અહકામોની પૈરવી કરો અને મઅરફતની રાહમાં આ બીજો કદમ છે કે ક્યારેય હદથી આગળ વધો નહી અને ખુદાઈ કાર્યો પર રાઝી

થવું અને તેની અનુકુળતામાં ફનાઇયતની મંઝિલે પહોંચવું, ગૌસ, કુતુબ અને સિદ્દીક હઝરતોનો મુકામ છે, અને એજ તરીકતનું ચરમબિન્દુ છે. કઝા તથા કદરની રાહમાં આવવું જોઈએ નહી. અને દિલમાંથી તમામ ઈચ્છાઓને કાઢી નાખવું અને કયારેય શિકાયત ન કરવું આવશ્યક છે.

એજ કામ તમારા માટે સારૂં છે એટલા માટે ખુદાવંદ કરીમ તમને પાકીઝા જિંદગી અને આનંદ તથા સ્વાદની દોલતોમાં વધારાથી માલામાલ કરશે. જો તમારી કિસ્મતમાં ખરાબી છે તો ખુદા ઇતાઅત (તાબેદારી)ના આ હાલમાં તમારી રક્ષા કરશે. અને તમારાથી મુસીબતોને દુર કરી દેશે. અને તે દરમિયાન તમોને પોતાની રહેમત ના સાયામાં રાખશે. ત્યાં સુધી કે મુસીબત તમારાથી એવી રીતે દુર થઈ જશે કે જેવી રીતે રાત્રી પસાર થઇ ગયા પછી દિવસ ઉંચે ચઢે છે અથવા શીયાળા પછી ગરમીની મોસમ આવે છે. આ સઘળી હાલત તમારા માટે નમૂનો છે. તેનાથી ઈબ્રત પ્રાપ્ત કરો. માનવી બહુ જ નાપાકીઓ અને દોષોથી ખરડાએલો હોય છે અને તે હાલતમાં ખુદાની નિકટતાની યોગ્યતા ધરાવતો નથી. જ્યાં સુધી આજીવીકાની ગંદકીઓ અને અપરાધોની નાપાકીઓ થી પાક ન થાય અને નફ્સની ઈચ્છાઓથી છુટકારો પ્રાપ્ત ન કરીલે તે ખુદાના ઘર સુધી પહોંચી શકતો નથી. બાદ-શાહની નિકટતાં તેને જ પ્રાપ્ત થઈ શકે છે જે પોતાને દરેક ગંદકીથી પાક કરીલે અને પવિત્રતાને અપનાવી લે,

નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું છે કે એક દિવસનો બુખાર (તાવ) આખા વર્ષના ગુનાહોનો કફ્ફારો છે.

## ઈમાન તથા ઈકાનની શક્તિ તથા અશક્તિ

પ્રિય વાંચકો ! હઝરત પીરાનપીર રહમતુલ્લાહ અલેહે ફરમાવ્યું—તમારૂં યકીન અને ઈમાન જઈફ છે, નહી તો તે વાતની કલ્પના જ થઇ શકતી નથી કે તમારી સાથે કરેલો વાયદો પૂર્ણ ન થાય, તમારા ઈમાન તથા યકીનને મજબૂત કરવા માટે વાયદો પુરો કરવામાં આવશે અને જ્યારે તે તમારા દિલમાં દ્રઢ થઇ જશે તો તમને આવી રીતે દઅવત આપવામાં આવશે. "બેશક તમો આજે અમાનતદારની હેસિયતથી અમારી પાસે શોભો." અને જ્યારે આ દઅવત તમને વારંવાર મળે તો સમજી લો કે તમો ખાસ બંદાઓમાં ગણાવા લાગ્યા છો. પછી તમારા દિલમાંથી દરેક ઈરાદો, દરેક ગરજ અને દરેક મતલબ એવી રીતે નીકળી જશે જેવી રીતે છિદ્રવાળા વાસણમાં પાણી રહેતું નથી, આવી રીતે તમારો નિકટતાની દરેક ઇચ્છા પૂર્ણ થઈ જશે અને જે મંઝિલ (સ્થાન) તરફ આકર્ષિત થશો તે પ્રાપ્ત થઈ જશે. કોઈ ઈરાદો તમારી નિકટ આવશે નહી. અને અલ્લાહ સિવાય તમો દરેક ચીઝથી પાક થઇ જશો, તમો અલ્લાહની રઝા પ્રાપ્ત કરી લેશો અને ખુદાના રાજી થવાનો વાયદો પામી લેશો. તમને ખુદા

ફેલોથી આસ્વાદ તથા નેઅમત મળશે. તે સમયે તમને કોઈ સંતોષકારક વાયદો કરવામાં આવશે. જો આ સિલસિલામાં તમારો કોઈ ઈરાદો જોવામાં આવ્યો તો વાયદાને વધુ ઉન્નત કરી દેવામાં આવશે.

અને જ્યારે દરેક રીતે તમને આ વાયદા પર સંતોષ થઈ ગયો અને તેના કરતાં અધિકનો કોઇ ઇરાદો તમારા દિલમાં દેખાયો નહી તો પછી આ વાયદા કરતાં અધિક ઉચ્ચ વાયદા તરફ તમને લઇ જવામાં આવશે, અને આ ઇરાદો નષ્ટ થવાની સંપન્નતાના કારણે થશે. મઅરફત અને ઉલુમના દરવાજા તમારા માટે ઉઘડી જશે. અને કાર્યોની અસલીયત, રહસ્યોની હકીકત અને પ્રથમ વાયદાથી ઉચ્ચતમ વાયદા તરફ પ્રતિક્રિયાના ગુપ્ત ઉદ્દેશ્યથી સાવધાન કરી દેવામાં આવશો. હાલત (હાલ)ના રક્ષણના કારણે મરતબા (પદવી)માં વૃદ્ધિ કરી દેવામાં આવશે અને ભેદો અને રહસ્યોના સિલસિલામા દયાનત તથા અમાનતના વિષયમાં તમારો રૂતબો (પદ) વધી જશે પછી તમારો સીનો (હૃદય) ખોલી દેવામાં આવશે, દિલમાં નૂર, વાણીમાં સુભાષણ અધિક થશે. અને મહોબ્બતના અતિરેકની નેઅમત અતા કરવામાં આવશે, અને દુનિયા તથા આ -ખેરત માં જિન્નાત તથા માનવી સિવાય બાકીની સઘળી મખલુકાત તમારાથી મહોબ્બત કરવા લાગશે અને આ સ્થાન એટલા માટે મળશે કે તમો ખુદાના મહેબુબ (પ્રિયપાત્ર) બની ગયા છો. મખલુક કેમકે ખુદાના તાબે

છે એટલા માટે મખલુકની તમારાથી મહોબ્બત ખુદાથી મહોબ્બત છે. જેવી રીતે તેમની દુશ્મની ખુદાની દુશ્મની છે.

જ્યારે તમો તે સ્થાનને પામી લેશો કે તમારો કોઈ ઈરાદો હશે નહી તો ખુદા તમારામાં કોઈ ચીજનો ઇરાદો ઉતપન્ન કરી દેશે. જ્યારે તે ઈરાદો જાહેર થઈ જશે તો જેનો ઈરાદો પૈદા થયો હતો તેને નષ્ટ કરી દેવામા આવશે. તમને તેના તરફથી ફેરવી લેવામાં આવશે. તે ચીજ તમને દુનિયામાં મળશે નહી બલ્કે તેના બદલામાં આખેતરમાં કોઈ એવી ચીજ આપવામાં આવશે જેનાથી ખુદાવંદ કરીમથી તમારી નિકટતા અધિક થશે અને ફિરદોસેઆલા અને જન્નતુલમાવામાં તમારી નજરો તેનાથી રોશન થશે.

અને જો તમો કોઇ વસ્તુની તમન્ના ન કરો અને આ કષ્ટદાયક ફાની દુનિયામાં કોઈ વસ્તુ પ્રત્યે આકૃષ્ટ ન થાવ અને ન તેની આશા રાખો અને કેવળ દરેક ચીઝના ખાલિક તથા માલિક નેજ પોતાનું ધ્યેય સમજો, તે ખાલિક જેણે કોઈને મેહરૂમ (વંચિત) અને કોઈને પ્રદાનશીલ કર્યો છે, આકાશને ઉચ્ચતા અર્પી છે અને ધરતીને સમતલ કરી છે. ક્યારેક એમ પણ થાય છે કે દુનિયાની કોઈ વસ્તુની ઈચ્છા ન કરવા અને ઇરાદાઓ નષ્ટ કરી દેવાના બદલામાં દુનિયામાં જ તેનાથી થોડુંક ઉતરતું અથવા તેના બરાબર કરી દેવામાં આવે છે. પરંતુ

આ તે હાલતમાં થાય છે કે તમો ભગ્ન હૃદયી થઇ જાવ જેવું કે અમોએ ઉલ્લેખ કર્યો અને બયાન થયું.

## અલ્લાહથી જ માંગો અને સંદેહજનક વસ્તુઓ નલો

વહાલા વાચકો! હઝરત શેખ અબ્દુલ કાદિર રહમતુલ્લાહ અલૈહ ફરમાવે છે કે હુઝૂર હાદીએ આઝમ સલ્લલ્લાહે અલયહે વસલ્લમનો ઈરશાદ છે કે—"તમો સંદેહજનક વસ્તુઓને ત્યજીને અશંકાશીલ વસ્તુઓને અપનાવીલો." અર્થાંત જો સંદિગ્ધ અને અસંદિગ્ધ વસ્તુઓ ભેગી હોય તો તમે એવી વસ્તુને ધારણ ન કરો જેમાં શંકા હોય, જો કોઇ એવી વસ્તુ શંકાપ્રદ હોય, તેનાથી દિલમાં શંકા અને ખટક પૈદા થાય તો સ્વયં કોઇ ફેંસલો નકરો, ખુદાના હુકમની પ્રતીક્ષા કરો પછી તેને ઉપયોગમાં લેવાનો સંકેત થાય તો ઠીક છે, મના કરી દેવામાં આવે તો અટકી જાવ અને એમ સમજો કે જાંણે તે વસ્તુ હતીજ નહી. પછી અલ્લાહ તરફ રજુ કરો અને તેનાથી રોજીના તલબગાર થાવ. જો તમોએ સબ્ર કરવામાં કમજોરીનું પ્રકટીકરણ કર્યું અથવા રઝા તથા ફનાથી વિમુખતા કરી તો પછી ખુદા તેનો મોહતાજ નથી કે તેને વાયદો યાદ દેવડાવવામાં આવે. તે તમારી હાલતથી પણ વાકેફ છે, બીજાઓની હાલતોથી પણ વાકેફ છે. અને જ્યારે તે કાફિરો, મુનાફિકો અને વિમુખતા શાળીઓને પણ રોજી આપે છે તો પછી અય ઈમાનશાળીઓ! તમો તો તેના

એકેશ્વરવાદી અને તાબેદાર છે. તે તમને કેવી રીતે ભુલી જશે.

એજ હદીસનું એક બીજું સ્પષ્ટીકરણ એ છે કે મખલુકના સદકાઓ તથા દાનો પર નજર ન રાખો આ મામલામાં ઈચ્છા તથા માંગણીથી નિસ્પૃહ થઈને દિલમાંથી તેનો વિચાર સુદ્ધાં કાઢી નાંખો. ન મખલુકથી કોઇ ઉમ્મીદ રાખો ન તેનાથી ભય મહેસૂસ કરો. અને જે અસંદિગ્ધ વસ્તુ ખુદા તમને અતા કરે તેનો સ્વીકાર કરીલો. તમો એક જ વસ્તુનો સવાલ કરો કેમકે આપનાર પણ વાહિદ (એકાંકી) છે. એકજ જાત છે જે આશાઓનું કેન્દ્ર છે અને એજ એક જાત છે જેનાથી ડરવું જોઇએ. એજ ખાલિક તમારૂં ધ્યેય હોવું જોઈએ જેના હાથમાં બાદશાહોના લલાટો અને મખલુક (જનતા)ના શરીર તથા હૃદયો છે. જે સૌના પ્રાણ તથા માલનો માલિક છે અને લોકો પાસે તો જાન-માલ કેવળ અમાનત છે. લોકોના દાન-ભેટ-સોગાદો પણ અલ્લાહના હુકમથી જ તમને મળે છે. તેનો હુકમ ન થાય તો લોકોના હાથ આપવા માટે હલન ચલન જ ન કરી શકે. દરેક સાઈલ (ભીક્ષુક)ને ખુદાતઆલાનો ઇરશાદ છે કે—"અલ્લાહથી તેનો ફઝલો કરમ (કૃપા) માંગો" વળી ફરમાવ્યું—"જેને તમો ખુદા સિવાય પોકારો છો તે તમારી રોજીના માલિક નથી, અલ્લાહથી રોઝી માંગો, તેની ઈબાદત કરો અને શુક્ર અદા કરો. તમારે તેની તરફ જ પાછા ફરવાનું છે." એક બીજા સ્થળે

ફરમાવે છે—"યાહબીબ ! જ્યારે મારા બંદા મારા વિષે આપને પૂછે તો ફરમાવી દો કે બેશક હું બહુજ નિકટ છું અને હું દરેક પોકારનારની પુકારને સાંભળું છું. અને દુઆ કબુલ કરૂં છું" અને અલ્લાહે ફરમાવ્યું—"મારાથી જ માંગો, હું તમારી દુઆનો સ્વીકાર કરીશ." અને ફરમાવ્યું, "અલ્લાહ રોજી આપનાર મજબુત અને શક્તિવાળો છે." એક બીજા સ્થળે ફરમાવવામાં આવે છે—"નિશંક જેને ખુદા ચાહે છે બેહિસાબ રોઝી આપે છે."

## ખૈર તથા શર વિષે ઇબ્લીસની વાતચીત

હઝરત ગૌસુલ આઝમ રહમતુલ્લાહ અલૈહે ફરમાવ્યું—મેં સ્વપ્નમાં ઇબ્લીસ લઇન (શયતાન)ને દેખ્યો. મારી સાથે કેટલાએ લોકો હતા. મેં ઇબ્લીસને મારી નાંખવાનો ઈરાદો કર્યો તો તેણે કહ્યું—"આપ મને કયા ગુનાહના કારણે કતલ કરવા ચાહો છો, જો તકદીર શર (દુષ્ટતા)ની સાથે જારી થાય છે તો હું એટલી તાકાત ધરાવતો નથી કે તેને ખૈર (ભલાઇ)માં પરિવર્તિત કરી દઉં અને જો ભાગ્યમાં એ છે કે ખૈરને પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય તો હું તેને શરમાં બદલી નાખવાની શક્તિ ધરાવતો નથી, પછી મારા અધિકારમાં શું છે ?" મેં જોયું કે મલઉને હીજળાઓ જેવો ચહેરો બનાવી રાખ્યો છે. નરમીથી ધીમે ધીમે વાત કરે છે. ચહેરો લમ્બોતરો અને હડપચી પર થોડાક વાળ હતા, સૂરત મકરૂહ અને

શિકલ જલીલ (ધુણાજનક) હતી અને ભય પામવાની હાલતમાં ખિસયાણો થઇને હસી રહ્યો હતો. મેં આ સ્વપ્ન-૧૨ ઝીલહિજજહ હિ-૪૯૧ રવીવારના દિવસે જોયું.

## ઇમાનના દરજા અનુસાર બલા તથા મુસીબત

પીરાનેપીર રહમતુલ્લાહ અલૈહે ફરમાવ્યું—અલ્લાહ તબારક વતઆલા હમેશા પોતાના મોમિન બંદાને તેના ઇમાનની પાકટતાના લેહાજથી આફત અને પરીક્ષામાં નાંખે છે. જેટલું કોઇ મોમીનનું ઈમાન બળવાન હશે એટલીજ મોટી મુસીબત તેના ઉપર આવશે. જેવું કે ઇમાનના દરજાની ગણનાઓ દેખીએ તો રસૂલની બલા નબીની બલાથી અધિક હોય છે. એટલા માટે કે રસૂલનું ઇમાન નબીના ઈમાનથી અફઝલ હોય છે. એવી જ રીતે નબીની મુસીબત અબ્દાલની મુસીબતથી સખત હોય છે કેમકે નબીનું ઇમાન અબ્દાલના ઇમાનથી અધિક મજબુત અને શકિતશાળી હોય છે. પછી એક અબ્દાલની આપત્તિ કરતાં અધિક હોય છે. બિલકુલ એવી જ રીતે આફત તથા મુસીબતના દરજાઓમાં કમી થતી જાય છે. અને મોમીન બંદો પોતાના ઇમાન તથા ઈકાન અનુસાર કસોટીમાં નાખવામાં આવે છે. અને તે વાતની બુન્યાદ સરકારે દો આલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમનું એ ફરમાન છે કે બલા તથા પરીક્ષાની ગણનાએ ગિરોહે અંબિયા બીજા લોકોની સરખામણીમાં અધિક લક્ષ્ય બને છે.

અંબિયા પછી મખ્લુક ઉપર દરજાઓની ગણનાએ બલાનું ઉતરાણ થાય છે. એટલા માટે જ ખુદાતઆલાએ સાદાતે કિરામને સર્વદા પરીક્ષા તથા વિપત્તિમાં ગ્રસ્ત રાખ્યા, એટલા માટે કે તેઓ દાયમ ખુદાતઆલાના કુર્બમાં હુઝૂરીની સઆદત પામે અને ખુદાની હાજરીથી દુર રહે નહી. તેનું કારણ એ છે કે તેઓ અલ્લાહના અધિક દોસ્ત અને મહબુબ છે. અને મુહિબ (પ્રેમી) માટે પોતાના મહબુબ (પ્રિયપાત્ર)ની દુરી સહન કરવા યોગ્ય હોતી નથી.

વિપત્તિ તેમના દિલોને હક્ક (ખુદા)ની તરફ ધ્યાનિત રાખે છે. અને તેમને ખુદાની યાદથી ગાફેલ થવા દેતી નથી. એવી રીતે તેમના દિલ મનેચ્છાઓનું ઘર બનતા નથી અને ખુદા સિવાય તેઓ કોઈ વસ્તુની તરફ આકૃષ્ટ થતા નથી જ્યારે તેમના ઉપર બલાનું ઉતરાણ નિરંતરતા તથા અવિરતતા સાથે થાય છે તો તેમની ઇચ્છાઓ નષ્ટ થઈ જાય છે. તેમના નફ્સ પરાજિત થઈ જાય છે અને હક્કને બાતિલથી વિશિષ્ટ શાન મળી જાય છે. પછી શહવતો, ઈરાદાઓ, લિજ્જતની તમન્નાઓ અને દુનિયા તથા આખેતરની નેઅમતો તેમના નફ્સના ખુણામાં સમેટાઇ જાય છે. અને તેમના દિલ હક્કના વાયદાથી સંતોષ તથા શાન્તિ કઝાએ રબ્બાનીથી રઝા તથા અનુકુળતા, અતાએ ઇલાહીથી પરિતુષ્ટિ વિપત્તિ તથા કસોટી પર સબ્રો રઝા અને ખલ્કત (લોકો)ના શરથી અમન પામી લે છે, તેમના

દિલની શક્તિ સ્પષ્ટ થઇ જાય છે અને હૃદયને સઘળા અવયવો ઉપર શાસન પ્રાપ્ત થઇ જાય છે કેમકે વિપત્તિ તથા કસોટીથી દિલ મજબુત, યકીન બળવાન, ઇમાન સુદ્રઢ, સબ્ર સ્થાયી અને ઈચ્છાઓ અને ઇરાદાઓ સુસ્ત અને કમજોર થઇ જાય છે. મોમિનને જ્યારે દર્દ મળે છે તો તેને સબ્ર તથા દ્રઢતા અને ઇલાહી ફેલ પર રઝા તથા સ્વીકરણ અને શુક્ર પ્રાપ્ત થાય છે. પછી અલ્લાહ તેનાથી રાજી થઈ જાય છે અને ખુદાની તરફથી તેને અધિક સહાય અને તૌફીક મળે છે. અલ્લાહ તબારક વ તઆલાએ ફરમાવ્યું —"જો તમો શુક્ર ગુઝાર (આભારી) થયા તો હું તમોને અધિક નેઅમતો અતા કરીશ." અને જ્યારે નફ્સ (મન) કેવળ હોસ (લોલુપતા)ના તાબે થઈ જશે અને કેવળ મનેચ્છાઓનો પૂજક બની જશે તો મોમિન અમરે ઈલાહીના અનુસરણથી બહુજ દુર જઇ પડશે અને તેના ઉપર ગફલત છવાઈ જશે અને તે ગુનાહોમાં ફસાઈ જશે.

ખુદાતઆલા જ્યારે ઇચ્છે છે કે તેને આ હાલતથી પાછો પોતાની તરફ આકૃષ્ટ કરે અને સિરાતે મુસ્તકીમ (સન્માર્ગ) પર ચલાવે તો તેના ઉપર આફતો તથા બલાઓ નાઝિલ કરી દે છે કે જેથી મોમિનના બાતિન (આત્મા)ની સફાઈ થઈ જાય, કેટલીએ વેળા ખુદાવંદ કરીમની તરફથી આ માર્ગદર્શન ઈલ્હામ અથવા ઈન્કાથી થાય છે અને ખુદાતઆલા મોમિનના દિલને પોતાના અન્વારની તજલ્લીઓ દ્વારા ઈચ્છાઓની ખરાબીઓ અને

નફસના ફિત્નાઓથી બચાવે છે. પછી મોમિનને પોતાના ઇરફાનથી અને કુર્બથી લાભાવિંત કરે છે. ખુદાતઆલા કલ્બ (હૃદય) અને નફ્સ (મન)ને રહમત, આફીયત, કુર્બ, ગિના અને હર આફતથી સલામતી અતા કરશે. માટે યાદ રાખો કે નફસની તાબેદારી અને ઇચ્છાઓની અસરમાં આવી ગયા તો ડરો કે બલા તથા મુસીબતમાં ફસી જશો, માટે આફતો તથા મુસબતોનો સામાન કરવાને બદલે વિલંબ કરો, ખુદાવંદતઆલાની પરવાનગીની પ્રતીક્ષા કરો કે જેથી દુનિયા તથા આખેતરમાં ફલાહયાબ (સફળ) થઈ શકો.

## ઇચ્છાઓની અસર નીચે તસર્રુફ કરવું શિર્ક છે.

પ્રિય વાંચકો! હઝરત ગૌષે પાક રહમતુલ્લાહ અલૈહે ફરમાવ્યું—જે કાંઇ મળે તેના ઉપર જ સંતોષ માનો ત્યાં સુધી કે તક્દીરના લેખની નિશ્ચિત મુદત પૂરી થાય અને તમને ઉતમ અને ઉચ્ચ સ્થાન પર સ્થાપિત કરવામાં આવે અને તમને મુબારકબાદી આપવામાં આવે અને એ જ પવિત્ર મરતબા ઉપર તમને પુનઃસ્થાપિત રાખતાં દુનિયા તથા આખેરતની સખ્તીઓ, ખરાબ પરિણામ અને હદથી વધ્યા વગર એ જ હાલમાં તમને રક્ષણ સાથે બાકી રાખવામાં આવે.

પછી તમને આ મંઝિલ (સ્થાન) થી અધિક તરક્કી આપીને તે મુકામની તરફ પરિવર્તિંત કરી દેવામાં આવશે

જે આનાથી વધારે ખુશગવાર અને અધિક શીતળ હશે. અને યાદ રાખો કે જો તલબ ન કરશો તો પણ તમારો હિસ્સો નષ્ટ થશે નહીં. અને જે વસ્તુ તમારી કિસ્મતમાં નથી તે કોઇ તલબ–કોશિષ અથવા લાલચથી મળી શકશે નહી. એટલા માટે સબ્રને રીત બનાવી લો અને જે હાલ-તમાં પણ હોવ તેના ઉપર રાજી રહો અને લેવા–દેવા ના અમલમાં પોતાના તદબીર (પ્રયત્ન)થી કામ ન લો. ખુદાના હુકમના પાબંદ રહો. પોતાના કોઈ કૃત્યમાં પોતાના ઇરાદાને દખલ ન આપો. આરામ ન લો નહીં તો આમાલના દુર્ભાગ્યથી બદતર મખલુક જેવા થઇ જશો, એટલા માટે કે પોતાના પ્રયત્ન તથા તલબના કારણે તમો પોતાના જીવ ઉપર ઝુલ્મ કરો છો અને ઝાલિમને માફ કરવામાં આવતો નથી. ખુદાવંદ તઆલાએ ફરમાવ્યું કે અમો ઝાલિમો (અત્યાચારીઓ)ને કેટલાકોના હવાલે કરી દઇએ છીએ.

તમો બાદશાહના મહેલમાં છો, તે બાદશાહ જે બહુજ શૌકતવાળો છે. તેનું લશ્કર બહુ મોટુ છે અને તેનો હુકમ ચાલે છે અને ગાલિબ છે. તેનો મુલ્ક બાકી રહેનાર છે, તેનું ફરમાન નિત્ય જારી રહેશે. દરેક વસ્તુ તેની જાણમાં છે હુકુમત કામિલ તથા નાદિર છે. તે દરેક હુકમ તેના ઈન્સાફથી લાગુ કરે છે. તેના માટે ધરતી તથા આકાશનો કોઇ અંશ પણ ગુપ્ત નથી. તે દરેક અત્યાચા-રીના અત્યાચારને જુએ છે અને બીજા અત્યાચારીઓ કરતાં

તમારો ગુનોહ અધિક છે કેમકે તમોએ પોતાની જાત અને મખલુકાતના હવાલાથી પોતાની ઈચ્છાથી તસર્રૂફ (દખલ) કર્યું છે જે શિર્ક છે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે અલ્લાહ પોતાની સાથે શિર્ક કરનારાને માફ કરતો નથી અને મુશરિક સિવાય બીજા અપરાધિઓ પૈકી જેને ઈચ્છે માફ કરી દે છે. માટે જરૂરી છે કે શિર્કથી બચો, તેના નિકટ પણ જાવ નહી. સવાર-સાંજ, એકાંતમાં તથા જાહેરમાં પોતાના દિલોને અને બીજા અવયવોને દરેક પ્રકટ તથા ગુપ્ત ગુનાહથી સુરક્ષિત રાખો. ખુદાથી ફરાર વિષે વિચારો નહી કે તેની પકડથી કોઈ બચી શકતું નથી. તમો તેની કઝાથી ઝગડો કરી શકો છો. તે તમારા ટુકડા ઉડાવી દેશે. અને તેનાથી ગફલત ન વર્તો કે તે તમોને ભૂલી જશે. અને તેના ઘરમાં કોઈ વાત કરો નહી કે હલાકતમાં ગ્રસ્ત કરી દેવામાં આવશો અને ખુદાના દીનમાં પોતાના નફસની અસર નીચે કોઈ વાત નાંખો નહીં તે તમારા દિલને અંધકારમય કરી દેશે. અને તમને હલાક કરી નાખશે અને તમારૂં ઈમાન તથા મઅરફત છીનવી લેશે. અને શયતાનને, નફસને, શહવતો તથા લિઝઝતોને તમારા ઘરવાળાઓને પાડોશીઓ અને સાથીઓને અને દરેક મખલૂકે ખુદાને તમારા ઉપર ગાલિબ (સત્તાધિશ) કરી દેવામાં આવશે તમારી સંસારિક જિંદગી અંધકારમય થઈ જશે અને આખેરતમાં અઝાબ વિસ્તૃત થઇ જશે.

## પોતાની કિસ્મત પર આભારી રહો

હઝરત શૈખ અબ્દુલ કાદિર જીલાની રહમતુલ્લાહ અલૈહે ફરમાવ્યું— ખુદા તઆલાની ના ફરમાનીથી બચવું જરૂરી છે. અને અલ્લાહના દરને મજબુતીથી પકડો. આજિઝી (વિનમ્રતા) સાથે તૌબા કરો, નમ્રતાથી પોતાની હાજતો રજુ કરો. નિગાહ (દષ્ટિ) બાઆદબ રાખો અને ન ખુદાની મખલૂકાતની તરફ જુઓ. ન પોતાની ઇચ્છાની પેરવી કરો. ન દીન તથા દુનિયામાં ઇબાદતનો બદલો માંગો ન તેના બુલંદ મુકામ અનુસરણ અને ઉંચા મરતબાની તમન્ના કરો અને યકીન કરો કે તમો તેના બંદા છો અને બંદાની દરેક વસ્તુ પોતાના આકા માટે હોય છે. તેનો પોતાનો હક કોઈ વસ્તુ ઉપર હોતો નથી પોતાના મૌલાની સમક્ષ અદબ પૂર્વક રહો અને તેના ઉપર તોહમત ન ઘડો, તેના ત્યાં દરેક વસ્તુ અંદાઝા અનુસાર થાય છે. તે જેને વિલંબિત કરે તે પ્રથમ થઇ શકતો નથી અને જેને તે પ્રાથમિકતા આપે તેને વિલંબિત કરનાર કોઈ નથી અને તમારા ભાગ્યમાં જે વસ્તુ છે તે તમોને જલ્દી મળીને રહેશે. તેના માટે હિર્સ કરો નહીં અને જે વસ્તુ કોઈ બીજા માટે છે તેની ઇચ્છા કરો નહી અને તેના ન હોવા પર ખેદનુ પ્રગટીકરણ કરો નહીં.

જે વસ્તુ તમારી પાસે નથી તેની બે સુરતો છે. યા તે તમારી કિસ્મતની છે અથવા કોઇ બીજાની કિસ્મ-

તની. જો તમારા ભાગ્યની છે તો તે તમોને મળી જશે અને તમો ખેંચાઈને તેના તરફ પહોંચી જશો. અને જો કોઈ બીજાના ભાગ્યની છે તો તમો તેનાથી અને તે તમારાથી પ્રતિકુળ થશે. પછી તે તમોને કેવી રીતે પ્રાપ્ત થશે. માટે તમોને જે વસ્તુની આવશ્યકતા હોય તેની પ્રાપ્તીમાં અદબની ખુબીને દ્રષ્ટિગત રાખો. અને જે હાલતમાં છે તેના ઉપરજ શાકિર (આભારી) રહેતા ખુદાની ઇતાઅતમાં મસરૂફ રહેવું જોઇએ. ન ખુદાના સામેથી મસ્તકને ઉઠાવો ન અલ્લાહ સિવાય બીજા કોઇની તરફ રૂખ કરો. અલ્લાહ તઆલાએ ફરમાવ્યું :—

"અમોએ દુનિયાના વૈભવની જે વસ્તુઓ કુફ્ફારને આપી છે તેમની પ્રત્યે દ્રષ્ટિ ભરીને દેખો નહી, તે તો અમોએ તેમને ફિત્ના અને પરીક્ષામાં નાંખવા માટે આપી છે અને તમારો પરવરદિગાર જે આજીવિકા આપે છે તે બહેતર છે અને બાકી રહેનાર છે."

પસ ખુદા તઆલાએ તમોને જે હાલતમાં રાખ્યા છે તેના સિવાય કોઈ બીજી તરફ જોવું તમારા માટે નિષેધ છે. તેણે તમને પોતાની ઇબાદત પર લગાવી દીધા છે અને કિસ્મત, રોજી અને ફઝલથી સરફરાઝ કર્યા છે. અને તમને ખબરદાર કર્યા છે કે તેના સિવાયનામાં તમારા માટે ફિત્નો છે અને ખુદાએ દુનિયાને ચાહવાવાળાઓને આ ફિત્નામાં ફસાવી રાખ્યા છે. જો તમો તમારા ભાગ્ય

પર શાકિર (કૃતજ્ઞ) રહો તો તે તમારા માટે અધિક સુદૃઢ અને મુબારક છે અને એ જ બહેતર છે. તેનેજ પોતાનો શિઆર (રીતિ), પોતાના પ્રત્યાગમનનું સ્થાન, પોતાના ઝાહિર તથા બાતિન (બાહ્ય તથા આંતરિક) નું ચિન્હ અને પોતાની આરઝુઓનું ધ્યેય સમજો. એવી જ રીતે તમે ધ્યેય પ્રાપ્ત કરી શકશો અને એ જ માર્ગ અને ગતીથી દરેક સ્થાન સુધી પહોંચ થઈ શકે છે. તેનાથીજ દરેક નેઅમત દરેક તાઝગી, દરેક ખૈરો બરકત અને દરેક પ્રસન્નતાની તરફ ઉચ્ચતા પ્રાપ્ત કરી શકાય છે.

અલ્લાહ તઆલાએ ફરમાવ્યું છે :–"કોઈ જાણતું નથી કે કોને અમલની જઝા આપવા માટે આંખોની ઠંડકથી કયી વસ્તુને છુપાવવામાં આવી છે." પસ રોઝા, નમાઝ, હજ્જ, ઝકાત અને કલમાની ઈબાદત અને ગુનાહોના ત્યાગ પછી અલ્લાહ તઆલાની નજરોમાં તેનાથી અધિક અશરફ અને રૂચિકર અમલ બાકી રહેતો નથી. જેનો અમે આગળ ઉલ્લેખ કરી ગયા છીએ. અલ્લાહ અમોને અને તમોને સૌને પોતાના ફઝલથી આ કામોની તૌફીક અતા કરે જે તેને અધિક પસંદ હોય.

## ફુક્રા તથા ઉમ્રાનું બયાન

વાંચકો! સૈયદના ગૌષુલ આઝમ રહમતુલ્લાહ અલૈહિ ફરમાવ્યું–કોઈ શખ્સને નિર્ધન, દુનિયાવાળાનો ધુત્કારેલો, ગુમનામ, ભુખ્યો–તરસ્યો, નગ્નશરીરવાળો, હૃદય દગ્ધ,

દરેક જમીનના ખુણા અને મસ્જિદ તથા વેરાન જગ્યામાં ચિંતીત રહેનાર, દરેક સ્થાનનો ઠુકરાવેલ, ભગ્ન હૃદય ઇન્સાન, મનેચ્છાઓ અને હાજતોથી ભરેલા દિલનો માલિક હરગિઝ ન કહો. એમ કહો કે ખુદા તઆલાએ મને ફકીર બનાવ્યો છે, મારાથી દુનિયાને હઠાવી દીધી છે, મને પછાડી દીધો છે. મને ત્યજી દીધો છે, મને દુશ્મન બનાવી પરેશાન કરી દીધો છે, મને આત્મ સંતોષની દોલત આપી નથી, અને ઝિલ્લત તથા બદનામી આપી છે, મને દુનિયામાં રહેવા યોગ્ય બનાવ્યો નથી. મને ગુમનામ બનાવ્યો છે. મારા નામને મખલુકમાં અને કુટુંબ-જ્ઞાતીમાં સ્થાન બખશ્યું અને બીજાઓને નેઅમતો અતા કરીને આત્મ સંતોષની દોલત આપી છે અને બીજાઓને મારા ઉપર અને મારા દેશ બાંધવો પર મોટાઈ અતા કરી છે. જો કે અમો સૌ મુસલમાન અને મોમીન છીએ. સઘળા આદમ (અલયહિસ્સલામ) તથા હવ્વાની ઔલાદ છીએ.

ખુદા તઆલાએ તમારી સાથે આ સુલુક (વર્તન) કેમ રવા રાખ્યું છે? એટલા માટે કે તમારૂં ખમીર સારી અને સખત માટીમાંથી ઉઠયું છે અને તમોને અલ્લાહ તઆલાની રહમતથી ઇકાન તથા ઇરફાન (યકીન તથા મઅરફત), સબ્રો રઝા, ઇમાન અને અન્વારે ખુદાવંદી તૃપ્ત કરે છે અને તાઝગી બખ્શે છે. જેથી તમારા ઇમાનના વૃક્ષની જડ મજબુત છે. અને ડાળીઓ બુલંદ થવાવાળી

છે અને કેમકે વૃક્ષ પરવાન ચઢી ચુક્યું છે એટલા માટે તેને ખાતરની આવશ્યકતા રહી નથી.

તમારી આ હાલતમાં ખુદાએ તમને ફુરસદ તથા વિરામ અતા કરીને સર્વદા કાયમ રહેનાર જન્નતના માલિક બનાવી દીધા છે. અને પોતાની કૃપાથી તમને તે નેઅમતો અલ્પ મુલ્ય આપી છે જેમને ન કોઈએ દેખી ન કોઈએ સાંભળી અને ન કોઈ માણુસ દિલમાં તેમની કલ્પના કરી શકે છે. અલ્લાહ કરીમે ફરમાવ્યું—કોઈને ખબર નથી કે તેના આ'માલની જઝામાં તેની આંખોની ઠંડક માટે શું શું છુપાવવામાં આવ્યું છે? અર્થાત અવામિર તથા નવાહી (અહકામ તથા નાંજાઇઝકામ)ની પાબંદી પર સબ્રથી કામ લીધું અને પોતાના સઘળા કામોને તકદીરે ખુદાવંદીના હવાલે કરીને ફરમાં બરદારીથી કામ લીધું અને સઘળા કામોમાં ખુદાના હુકમનું પાલન કર્યું. પરંતુ બીજાઓને ખુદા તઆલાએ દુનિયાના માલિક બનાવ્યા અને દુનિયામાંજ પોતાની નેઅમતો તેમના ઉપર સંપૂર્ણ કરી દીધી. આ એટલા માટે કર્યું કે તેમના ઇમાનની માટી પથરાળી અને ખરી હતી, જેમાં ન પાણી રોકાય છે, ન વૃક્ષ ઉગાડવાની યોગ્યતા હોય છે, ન તેમાં ખેતીવાડી થઈ શકે છે, ન ફુલોના છોડવા લાગે છે. આ માટીમાં જાત-જાતના ખાતરો ઉપરાંત એવી વસ્તુ પણ નાખવામાં આવી જેના કારણે ઘાસ-ફુસ અને પોતાની મેળે ઉગનાર વૃક્ષો સિવાય કાંઈ ઉતપન્ન થતું નથી.

આ દુનિયા અને તેના કારણો છે જેથી ઈમાનના વૃક્ષ અને છોડવા જે અલ્લાહ તઆલા દિલમાં ઉગાડે છે તેની રક્ષા થાય, જો આ જમીનમાં ખાતર બિલકુલ નાખવમાં ન આવે તો ઘાસ અને વૃક્ષો સુકાઈ જશે, ફુલ તુટી પડશે. દેશ વેરાન થઇ જશે. જો કે ખુદા ચાહે છે કે તે આબાદ થાય. અમીરોના ઇમાનનું વૃક્ષ કમજોર છે અને તે વસ્તુથી ખાલી છે જેનાથી ફકીરોના ઇમાનનું વૃક્ષ ભરેલું છે. માલદારોના ઇમાનનું વૃક્ષ દુનિયાની જાતજાતની નેઅમતોના સ્વરૂપમાં છે. પછી તેમના વૃક્ષોની કમજોરી છતાં આ નેઅમતો તેમનાથી ઝુંટવાઈ જશે અને વૃક્ષ સુકાઇ જશે અને પૈસા પાત્રો (ધનાઢયો) કાફિરો, મુનકિરો, મુનાફિકો, મુરતદોના ગિરોહમાં શામેલ થઈ જશે. હા, જો અલ્લાહ તઆલા માલદારો તરફ સબ્રો રઝા, યકીન અને ઇલ્મે ઇરફાનનું લશ્કર મોકલી દે તો તેમનું ઇમાન પણ મજબુત થઈ જશે, અને પછી દોલત તથા નેઅમત ઝુટવાઈ જવાથી તેમને દુઃખ થશે નહીં.

## અલ્લાહની નિકટતાની મંઝિલની પ્રાપ્તિ

વ્હાલા વાચકો ! વિચાર કરો. હઝરત શેખ અબ્દુલ કાદિર જીલાની રહમતુલ્લાહ અલૈહ ફરમાવે છે કે પોતાના અહેવાલને તે સમય સુધી પડદામાં રહેવા દો જ્યાં સુધી તમે મખલુકના સબંધોથી બચીને પોતાના તમામ અહેવાલમાં તેનો ત્યાગ કરતાં પોતાની આવશ્યકતાઓ અને ઇચ્છાઓને

નષ્ટ કરો નહી. પછી જ્યાં સુધી તમારા ઈરાદા અને તમારી આરઝુઓ નષ્ટ થઈ જાય અને તમે દુનિયા તથા આખેરતથી ફનાનું મકામ (સ્થાન) પામી લો તો એવા છિદ્રવાળા વાસણના જેવા થઇ જશો જેમાં ખુદાના ઇરાદાઓ સિવાય દરેક વસ્તુ નીકળી જાય એવી રીતે તમોને નૂરથી ભરી દેવામાં આવશે અને તમારા દિલમાં ખુદા સિવાય કોઈ પ્રવેશી શકશે નહીં. તમો પોતાના દિલના રક્ષક અને દરબાન બની જશો અને તૌહીદ, અઝમત અને જબરૂત (મહાનતા)ની તલવારથી નવાઝવામાં આવશો. કે જેથી જ્યારે તમારી છાતીમાંથી કોઈ ઇચ્છા ઉઠીને દિલના દરવાજાની નિકટ ફરકે, તમો તેનું મસ્તક ગર્દન ઉપરથી ઉડાવી દો. આ સ્વરૂપમાં તમારી કોઈ ઇચ્છા, દુનિયા તથા આખેરતની કોઇ તમન્ના અને કોઇ ઈરાદો તમારી સામે માથુ ઉચકી શકશે નહી. કોઈ વાત તમારા કાનને ભલી લાગશે નહીં અને ખુદા તઆલા સિવાય કોઇનો હુકમ તમારા માટે પેરવી (અનુસરણ)ના યોગ્ય રહેશે નહીં.

આ સ્વરૂપમાં તમારી રઝા અને તમારી ફના અલ્લાહની કઝા તથા કદરના આધીન હશે. પછી તમો પોતાના પરવર દિગારના ગુલામ અને આજ્ઞા પાલક થઈ જશો. જ્યારે આવી રીતે ખુદાના અમ્ર પર તમારા અંદર નિરંતરતા પૈદા થઈ જશે તો તમારા દિલની આસપાસ ગૈરતના તંબુ અને અઝમતની ખાઈઓ તૈયાર થશે અને

તમારા ઉપર જબરૂતનો ગલબો થશે અને દિલને હકીકત અને તૌહીદના લશ્કર ઘેરામાં લઈ લેશે. અને હકનાં રક્ષકો તમારા દિલની નિકટ હશે કે જેથી ત્યાં સુધી મખલૂક ની શયતાનોની, નફસની ઈચ્છાઓની, બાતિલ ઈરાદાઓ અને ગલત આરઝૂઓની પહોંચ થઈ શકે નહીં અને એવા જુઠાદઅવા જે નફસે અમ્મારાથી પૈદા થાય છે. અને તબીઅતોને બુરાઇઓ ઉપર ઉશ્કેરે છે અને નફસાની ઈચ્છાઓની સર્જન થનાર ગુમરાહીઓ તમારા દિલ સુધી પહોંચી શકે નહી. એવામાં પણ જો તમારા ભાંગ્યમાં છે કે મખલુક(જનતા) ટોળે ટોળા તમારી પાસે આવે, તમારી મોટાઇનો સ્વીકાર કરે. તમારાથી પ્રકાશિત નુર અને સ્પષ્ટ નિશાનીઓ પ્રાપ્ત કરે અને તમારા કોલ તથા ફેલમાં સચ્ચાઈ અને સ્પષ્ટ અને રોશન કરામતો દેખે જેનાથી તેઓ પોતાના રબ્બની કુર્બની શોધ અને ફરમાબરદારી અને ઈબાદતમાં અધિક મહેનત અને પ્રયત્ન કરે તો એવું થશે.

જ્યારે આ હાલત હશે તો સઘળા લોકોના કષ્ટ હાનીથી અને લોકોનું ટોળે ટોળા તમારી પાસે આવવાના કારણે અને તે સઘળાઓમાં તમારા મકબૂલ તથા પ્રશંસિત થઈ જવાના કારણે તમારામાં આત્મ-પ્રશંસા અહંકારનું અભિમાન અને મોટાઇ પૈદા થવાના ખતરાથી તમને સુરક્ષિત કરી દેવામાં આવશે, એવી જ રીતે

જો કોઇ ખૂબસૂરત પત્ની તમારા ભાગ્યમાં છે તો તેના ભરણુ પોષણુ માટે તમને અઢળક અતા કરી દેવામાં આવશે અને પોતાના અને તેના સગાઓ તરફથી તમને કોઈ શરારતની આશંકા હોવી જોઈએ નહીં. તમને એવી બરકતવાળી નેઅમતો અતા થશે જેઓમાં મલિનતાનો સંશય હશે નહી.

તમારી પત્ની જવાબદારી ઉઠાવનાર મુબારક, અનુકુળ અને ફરમા બરદાર હશે અને તેનામાં દુષ્ટતા, દગો, કીનો, ગુસ્સો અને ચાડી કરવાની આદત હશે નહી. તેણી અને તેના સગા–વહાલા તમારા તાબે હશે. તે સ્ત્રીના કારણે તમારાથી આર્થિક તંગી અને કષ્ટ દુર થઈ જશે અને જો ભાગ્યમાં તેનાથી પુત્ર લખેલો છે તો તે સાલેહ (સદગુણી) અને તમારા માટે ખુશ ખબરીઓ લાવનાર હશે. અલ્લાહ કરીમે હઝરત ઝકરીયા અલયહિસ્સલામ વિષે ફરમાવ્યું કે—"અમોએ તેમની પત્નીને તેમના માટે નેક બનાવ્યા." એક બીજા સ્થળે નેક લોકોની દુઆનું બયાન ફરમાવ્યું—"અય અલ્લાહ અમારી પત્નીઓ અને ઔલાદને અમારી આંખોની ઠંડક બનાવ અને ઔલાદને ઈમામુલ અતકીયા (નેક લોકોનો અગ્રેસર) બનાવ." હઝરત ઝકરીયા અલયહિસ્સલામે દુઆ કરી કરી કે–"પરવર દિગાર! મારા ફરઝંદને તારો મહેબુબ (પ્રિય) બનાવી લે." આ આયતોની સાથે દુઆ કરવામાં આવે કે નહી, તેમનામાં સ્વયં તે દુઆઓ છે જેનાથી લોકપ્રિયતા તથા સ્વીકરણ

જરૂરી છે. જેથી જે પણ નેઅમતોના યોગ્ય હશે તેનેજ તે અર્પણ કરવામાં આવશે અને જે માણસ કુર્બ તથા ફઝલ (સામીપ્ય તથા કૃપા)ના સ્થાન પર પ્રસ્થાપિત થશે. એજ યોગ્ય કહેવાશે.

એવીજ રીતે દુનિયાની જે વસ્તુ તમારા ભાગ્યમાં હશે તે પણ કોઈ નુકસાન પહોંચાડશે નહી કેમકે તે ભાગ્યમાં હતી અને જરૂર મળવાની હતી અને ખુદાના ફએલ, ઇરાદા અને હુકમથી અર્પણ થવાની હતી અને અલ્લાહનો હુકમ બજાવી લાવવાથી એવી જ રીતે સવાબ પામશો જેવી રીતે નમાઝ, રોઝાની અદાયગી ઉપર મળે છે અને જે વસ્તુ કિસ્મતમાં ન હોય તેને હાજત મંદો, દોસ્તો, અઝીઝો, ભાઇઓ, ફકીરો અને ઝકાતના હકદારો ઉપર ખર્ચ કરી દેવી જોઈએ. પછી તમારા ઉપર હાલાત પ્રકટ કરી દેવામાં આવશે અને તેમનામાં તમો ભેદભાવ તથા તમીઝ (ઓળખ) કરી શકશો. એવીજ રીતે સાંભળેલી વાત નિરખેલા જેવી હોતી નથી.

ફરજોની બજવણી ઉપર તમારી હાલત સાફ, પવિત્ર અને રોશન થઈ જશે. જેના ઉપર કોઈ મલિનતાની ધુળ હશે નહી, ન તેમાં સમાગમ તથા સહૃશતા અને શંકા-આશંકાની ગુંજાઇશ હશે. માટે તમારા માટે જરૂરી છે કે સબ્રો રઝા, પ્રાણની રક્ષા, ગુમનામી, નરમી અને ખામો-

શીને પોતાના ઉપર વારિદ (આવનાર) કરી લો. દુનિયાથી ભાગો, દુનિયાના બખેડાઓથી પરહેઝ કરો, ખુદાથી ડરો, માથાને નમાવો, નજરો નીચી કરો, હયા (લજ્જા)ને ચિન્હ બનાવી લો ત્યાં સુધી કે નિયુક્ત સમય આવી જાય. પછી તમારી દસ્તગીરી (સહાયતા) કરવામાં આવશે. તમોને આગળ વધારવામાં આવશે (પ્રગતિ થશે) તમારા ઉપર કોઇ સખ્તી અને વજન હશે નહી. એહસાસ રહમત અને ફઝાઈલ (કૃપાઓ) તથા કમાલાત (સિદ્ધિઓ) ના અથાગ સમુદ્રમાં ડુબકી આપીને તમોને અન્વાર તથા અસરાર (પ્રકાશ તથા રહસ્યો)નો લિબાસ પહેરાવવામાં આવશે. અને ઉલુમે લદુનિયા (આત્મજ્ઞાન)થી લાભાંવિત કરીને બારગાહે ઈલાહીના સમીપ વર્તિ બનાવી દેવામાં આવશો. તમો અલ્લાહના કલામથી લાભાંવિત થશો. નિસ્પૃહ, સંપન્નતા શીલ, દિલેર અને નિડર બનાવી દેવામાં આવશો. તમારો મરતબો બુલંદ થશે અને તમોને એવી રીતે સંબોધવામાં આવશે કે બેશક આજે તમો અમારી બારગાહના પ્રતિષ્ઠિત છો, ગૃહવાસી છો અને અમીન (અમાનતદાર) છો.

તે સમયે તમો હઝરત યુસુફ અલયહિસ્સલામના હાલ પર કયાસ (ધારણ) કરજો. તેમને શાહેમિસર અને ફિરઓને એજ કહ્યુ હતું. જાહેરી રીતે આ બાદશાહે કહ્યું હતું પરંતુ હકીકતમાં આ વાત ખુદાની હતી. હઝરત યુસુફ અલયહિસ્સલામને પ્રકટ રીતે મિસરની બાદશાહત

મળી હતી પરંતુ વાસ્તવમાં નફસના આકાશ, ઇલ્મની વિલાયત, કુર્બત તથા ખુશુશિયત (નિકટતા તથા વિશિષ્ટતા)ની પૂંજી અને બુલંદ મરતબા (પદવીઓ)ની આતિની સલતનત તેમને સોંપી દેવામાં આવી હતી.

ખુદ અલ્લાહ તઆલાએ ઈરશાદ ફરમાવ્યો—

"અમોએ હઝરત યુસુફ અલયહિસ્સલામને મિસરની ધરતીમાં કુદરત (શક્તિ) અતા કરી દીધી કે જ્યાં ઇચ્છે ત્યાં નિવાસ કરે." એવીજ રીતે ખુદાએ નફસના રાજ્ય વિષે ફરમાવ્યું—"અમોએ યુસુફને સાબિત અને કાયમ રાખ્યા કે જેથી અમો દરેક બુરાઈ અને તમામ ભૂંડાઇઓથી તેમને બચાવી લઇએ, નિશંક તેઓ અમારા મુખલિસ (વિશ્વાસપાત્ર) બંદાઓ પૈકી છે."

હઝરત યુસુફ અલયહિસ્સલામે પોતાના ઈલ્મ તથા મઅરફત વિષે કહ્યું—મને એજ ઇલ્મ-જ્ઞાન છે મારા રબએ મને સીખવ્યું છે અને મેં તે કોમનો રસ્તો ત્યજી દીધો છે જે ખુદા ઉપર ઇમાન ધરાવતી નથી." માટે જ્યારે તમારાથી આવી રીતે વાત કરવામાં આવશે તો તમને ઈલ્મનો મોટો હિસ્સો અર્પણ કરી દેવામાં આવશે અને તૌફીક તથા અહેસાન અને વિલાયત તથા કુદરત અને જાનદાર અને નિર્જીવ સૌ વસ્તુઓ પર તમારી આજ્ઞા ચાલુ થઈ જશે અને એ હેસિયત ઉપર તમને મુબારકબાદ આપવામાં આવશે. અને પરવર દિગારે આલમના

હુકમથી આખેરતથી પહેલા દુનિયામાંજ નેસ્તીથી અસ્તિત્વમાં લાવનાર કુદરત (શક્તિ) તમને અતા કરી દેવામાં આવશે અને આખેરતમાં દારૂસ્સલામ અને આલા જન્નત મળે તો મોટા ઉપકાર ઉપર પોતાના રબ્બની તરફ જ દૃષ્ટિ રહેવી જોઇએ અને ખુદાનો દીદાર જ એવી તમન્ના છે જેની કોઈ સીમા અથવા અંત નથી.

## ખૈર તથા શરની અસલીયત

પ્રિય વાંચકો ! મહબુબે સુબ્હાની ગૌષે સમદાની હઝરત શૈખ અબ્દુલ કાદિર જીલાની રહમતુલ્લાહ અલૈહ ખૈર તથા શર (ભલાઇ તથા બુરાઈ)ની વાસ્તવિકતા બયાન કરતાં ફરમાવે છે કે ખૈર તથા શર એકજ વૃક્ષની બે શાખાઓના ફળ છે. એક શાખાના ફળ મીઠા હોય છે અને બીજીના કડવા. એટલા માટે તે શહેરો દેશો અને ધરતીના તે ખૂણાઓને ત્યજી દો જ્યાં વૃક્ષના કડવા ફળ પહોંચે છે. એવા સ્થળો અને ત્યાંના રહેવાસીઓથી દુર થઈ જાવ. અને વૃક્ષની નિકટતા અને રક્ષણને ચિન્હ કરીલો અને તેની બંને શાખાઓ અને તેમના બંને જાતના ફળોને સારી રીતે ઓળખીને તે ઢબ ધારણ કરો જે બાજુનું ફળ મીઠું છે કે જેથી તમારો ખોરાક એજ સ્વાદિષ્ટ ફળ બની જાય. બીજી શાખ અને તેના કડવા ફળથી પરહેઝ કરો કેમકે તેની કડવાશ વિનાશકારી છે. જ્યારે તમોએ નિત્ય માટે એજ તરીકો–રીત ધારણ કરી

લીધી તો આનંદ અને સઘળી આફતો તથા બલાઓથી અમન તથા સલામતી પામી લેશો.

જો તમોએ આ વૃક્ષથી પૃથકતા ધારણ કરી લીધી અને આમ તેમ ફરતા રહ્યા પછી તમને એવા ફળ દેખાયા જેમનું મીઠું અથવા કડવું હોવું સ્પષ્ટ નથી અને તમોએ તેઓમાંથી કોઈ ફળ પ્રાપ્ત કરી લીધું અને મોઢેથી થોડુંક ખાઇ લીધું અથવા ચાવી લીધું અને તમારા ગળા અને નાક અને દિમાગમાં તેની કડવાશ મહેસૂસ થઈ તો તેના પરિણામરૂપે તમો તેનાથી પ્રભાવિત થઈ જશો અને તમારા શરીરમાં તેની કડવાશ ફેલાઇને તમને નષ્ટ કરી નાખશે. પછી જો તમો ફળનો બાકીનો ભાગ ઓકી નાખો અને મુખને સાફ કરો તો પણ કાંઈ ફાયદો થશે નહી. અને તેની અસર તમારા શરીરમાંથી દુર થસે નહિ.

જો તમો આરંભમાં જ મીઠું ફળ આરોગો અને તમારા શરીરમાં તેની મીઠાશ ફેલાઇ ગઇ અને તમોએ તેનાથી લાભ અને પ્રસન્નતા પ્રાપ્ત કરી લીધી તો તમારૂં કેવળ એક વારનું આ ફળ ખાવું કાફી નથી. તમારે આ ફળને બીજી વાર ખાવું પડસે. તો પણ અશક્ય નથી કે કોઈ સમયે કડવું ફળ હાથમાં ન આવી જાય કેમકે બંને ભેગા હતા એટલા માટે વૃક્ષથી દૂર રહેવા અને મીઠા ફળની ઓળખ ન હોવામાં ભલાઈ નથી બલ્કે

સલામતી એમાં જ છે કે વૃક્ષની નિકટતા ધારણ કરવામાં આવે અને તે નિકટતા પર કાયમ રહેવામાં આવે.

સ્પષ્ટ થયું કે ખૈર અને શર અલ્લાહ તઆલાનું જ ફેલ છે, બંનેને જારી કરનાર અને ફેલાવનાર એ જ અલ્લાહ છે. અલ્લાહ ફરમાવે છે– "અલ્લાહે તમને અને તમારા આ'માલ (કૃત્યો) ને પેદા કર્યા છે." અને હુઝુર પુરનુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું– "ઝુબ્હ કરનાર અને ઝુબ્હ થનારને ખુદાએજ પેદા કર્યા છે અને બંદાઓના કૃત્યો પણ તેના જ પેદા કરેલા છે, બંદાઓ તો આ કૃત્યોના ઉપાર્જક છે." ખુદાનો ઈરશાદ છે– "તમો પોતાના આ'માલની જઝા (ફળ) માં જન્નતમાં દાખલ થઇ જાવ." સુબ્હાનલ્લાહ! આ ખુદાનું ઇનામ અને તેની રહેમત છે કે તેણે આ'માલનો સંબંધ બંદાઓ તરફ કર્યો અને તેના કારણે તેમને જન્નતના યોગ્ય બનાવ્યા નહી તો અમલની તૌફીક પણ તેની જ રહેમતથી છે. હઝરત આઈશા રદીયલ્લાહો અન્હાથી રિવાયત છે કે "આકા હુઝુર અલયહિસ્સલાતો વસ્સલામે ફરમાવ્યું– "કોઈ શખ્સ પોતાના અમલના કારણે જ જન્નતમાં દાખલ થશે નહિ" પૂછવામાં આવ્યું–"આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પણ નહી?" આપે ફરમાવ્યું–"નહી! કેવળ અલ્લાહની રહેમતના સાયા (છત્રછાયા)ના કારણે એવું થસે."

જ્યારે તમો ખુદાના આજ્ઞાપાલન અને કઝા તથા કદર (ભાગ્ય)ની મહત્વતાનો સ્વીકાર કરી લો તો અલ્લાહ તમને શર (દુષ્ટતા)થી સુરક્ષીત રાખશે અને ખૈર (કલ્યાણ) દ્વારા તમારા ઉપર પોતાનો ફઝલ (કૃપા) કરશે અને દીન તથા દુનિયામાં દરેક દુષ્ટતાથી બચવાની તૌફીક (ક્ષમતા) પ્રદાન કરસે. આખેરત વિષેની બુરાઇથી રક્ષણ સંબંધે અલ્લાહનું ફરમાન છે—"અમોએ બુરાઈ અને નિર્લજ્જતાથી (હઝરત યુસુફ અલયહિસ્સલામ)ને બચાવી લીધા કેમકે તેઓ અમારા મુખલિસ (વિશ્વાસપાત્ર) બંદાઓ પૈકી છે." દુન્યવી (સંસારિક) બુરાઈ સંબંધે ઈરશાદ છે—"જો તમો મોમિન અને શુક્રગુજાર (આભારી) બંદા છો તો અલ્લાહ તમને કેમ અઝાબમાં ગિરફતાર કરશે." માટે મોમિન અને કૃતજ્ઞ માનવીને શર (દુષ્ટતા) થી કોઇ ખતરો નથી કેમકે એવો માણસ બલાથી દુર અને કુશળતા તથા સંતોષના નિકટ છે કેમકે તે આભાર વશતાના કારણે નેઅમત (કૃપા)ની અધિકતાના સ્થાનમાં છે. ખુદા તઆલા ફરમાવે છે. "જો તમો શુક્ર કરસો તો તમને અધિકતા આપવામાં આવસે."

જ્યારે તમારા ઇમાનનું નુર આ અગ્નિને શદ્ધ કરી શકે છે જે દરેક ગુનેહગારને આખેરતમાં મળે છે તો દુનિયામાં બલાના અગ્નિને કેમ બુઝાવવામાં આવશે નહી. અલબત ખુદાના સર્વ શ્રેષ્ઠ (બરગુઝીદા) બંદાઓ અને મોહબ્બત શાળીઓની વાત બીજી છે કેમકે તેમના માટે

બલાઓ જરૂરી હોય છે કે જેથી તેમના દ્વારા તેમને નફ્સની ઈચ્છાઓ અને તબીયતની કામનાઓ અને સ્વાદો તથા શહવતો (વાસનાઓ)થી પાક કરી દેવામાં આવે. બલાઓથી તેમનામાં એ ખાસિયતો ઉત્પન્ન કરી દેવામાં આવે છે કે ખલ્કત (લોકો)ની નિકટ રહેવું પસંદ કરતા નથી. તેનાથી તેઓ શાન્તિ તથા રાહત અને સંતુષ્ટિ તથા કુશળતા મહેસુસ કરતા નથી. આથી એવા બંદાઓથી સઘળી ખરાબીઓ નષ્ટ કરીને તેનું દિલ પાક-સાફ કરવા માટે તેને બલાઓમાં ગ્રસ્ત કરી દેવામાં આવે. પછી તેના માટે ખુદાની વહદાનીયત (અદ્વૈતતા) તેની મઅરફત, તેની કુર્બત (નિકટતા)ના અનવાર અને ઉલુમ સુધી પહોંચવાનું સ્થાન ખાસ કરી દેવામાં આવે છે, એટલા માટે કે હૃદયના મકાનમાં બે રહેવાસીઓની ગુંજાઇશ હોતી નથી અને ખુદાએ કોઈના સીના (છાતી)માં બે દિલ બનાવ્યા નથી.

સુલ્તાનો (રાજાઓ) જ્યારે કોઈ વસ્તીમાં દાખલ થાય તો તેને ખરાબ કરે છે, ત્યાંના રહેવાસીઓને તિરસ્કૃત કરે છે. અને સારા મકાનો અને સ્વચ્છ જિંદગીથી તેમને કાઢી મુકે છે. એવી જ રીતે દિલ પર શયતાનનું અને નફ્સની ઇચ્છાઓનું શાસન થાય અને તેની અસર નીચે શરીરના અવયવો જાતજાતની બુરાઈઓ, ગુમરાહીઓ અને અવજ્ઞાઓ (પાપો) ના અપરાધી થાય છે અને પછી તે શાસન ખતમ થઇ જાય, અવયવો શાન્તિ પામે,

દિલનો શાહી મહેલ ખાલી થાય અને સીનાનું પટાંગણ પાક-સાફ થઈ જાય તો જાણે હૃદય તૌહીદ તથા મઅરફત અને અમલ માટે તૈયાર થઈ ગયું અને છાતી ગૈબી અદભુતતાઓ અને ઘટનાઓના ઉતરાણનું સ્થાન બની ગયું અને આ સઘળું બલાઓના ઉતરાણના કારણે છે. સરવરે કાએનાત અલયહિસ્સલાતો વસ્સલામે ફરમાવ્યું:- "બલાઓની ગણનાએ અમો અંબિયા બીજા આદમીઓ કરતાં અધિક સખત છીએ." જે શખ્સ બાદશાહની અધિક નિકટ હોય તેના માટે ખતરાઓ અને ભયના સ્થાનો અધિક હોય છે એટલા માટે કે તે બાદશાહની દૃષ્ટિમાં હોય છે અને તેની સઘળી વાતો અને સઘળા કામ બાદશાહની જાણમાં હોય છે.

જો કોઈ એમ કહે કે ખુદાતઆલાની નજદીક સઘળા આદમી સરખા (બરાબર) છે અને તેની દૃષ્ટિથી તો કોઇ વસ્તુ પણ છુપાએલી નથી તો તેણે જાણવું જોઇએ કે જે શખ્સ બારગાહે ઇલાહીનો નિકટસ્થ થઈ જાય અને તેનું આદર સન્માન વધી જાય તો તેના માટે ખતરાઓ પણ વધી જાય છે. કેમ કે ખુદાની નેઅમતો પર ખુદાનો શુક્ર કરવું સૌથી અધિક તેના ઉપર વાજિબ થઇ જાય છે અને ખુદાની ફરમાબરદારીમાં નજીવી અસાવધાનતા અને શુક્રગુઝારીમાં અલ્પ બેપરવાઈ અને ત્રુટી મોટો અપરાધ કલ્પિત થાય છે. ખુદાવંદ કરીમે ફરમાવ્યું,

"અય નબીની બીવીઓ ! તમારા પૈકી જે ખુલ્લી નાફરમાની કરશે તેને બીજાઓ કરતાં બમણો અઝાબ આપવામાં આવશે." હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની પુનિત પત્નીઓને આ કહેવું એટલા માટે હતું કે તેમના ઉપર હુઝુરના સહચર્ય તથા નિકટતાના કારણે નેઅમતોની પૂર્તિ થઈ ગઈ હતી. જેથી આનાથીજ તે બંદાનો હાલ સમજી લો જે ખાલિકે હકીકીના નિકટ થયો, અલ્લાહ તઆલાને પોતાની મખલૂકની સાથે ઉપમા આપીજ શકાતી નથી. કોઈ ચીઝ તેના જેવી નથી અને તે સમીઅ તથા બસીર (સાંભળનાર તથા જોનાર) છે.

## કુર્બની મંઝિલ માટે સબ્ર-સહનશીલતા

હઝરત ગૌષે આઝમ રહમતુલ્લાહ અલૈહે ફરમાવ્યું, "શું તમે નફસ કુશી (મનોદમન) અને દુનિયા તથા આખેરતના સિલસિલામાં-ક્રમમાં પોતાની ઇચ્છાઓને પીગળાવનાર ભઠ્ઠીમાં પડયા હોવા છતાં અને તેના પછી આ ચીઝો હજુ તમારામાંથી નષ્ટ થઈ નથી. એમ ઈચ્છો છો કે તમને રાહત તથા હર્ષ, પ્રસન્નતા તથા ખુશી, અમન તથા શાન્તિ અને આમોદ-પ્રમોદ ઉપલબ્ધ થાય. તમારે આ હાલતમાં ઉતાવળથી કામ લેવું જોઈએ નહી. કેમકે જયાં સુધી નફસની ઈચ્છાઓનો અણુએ અણુ નષ્ટ થઇ જશે નહી. તમારા ઉપર દાયમી પ્રસન્નતાના દરવાજા ખુલશે નહી કેમકે ગુલામ ત્યારેજ મુક્ત થઈ શકે છે કે જયારે

તેના માથેની તમામ રકમ અદા થઈ જાય, એટલા માટે તમારામાં જ્યાં સુધી ખજુરનો ઠળીયો ચુસવા બરાબર પણ દુનિયાની તલબ બાકી હશે, ખુદાના કુર્બની મંઝિલ પામી શકશો નહી. અને દુનિયાની ઇચ્છા તથા તલબ અથવા કોઈ દુન્યવી ચીઝને જોવાની ઈચ્છા અથવા નફ્સ (મન)માં કોઈ ચીઝનો શોખ અથવા દુન્યવી કે આખેરતના બદલાની નાનકડી તમન્ના પણ તમારા દિલમાં બાકી હશે તો તમો ફનાના મકામના દરવાજા ઉપરજ રહેશો. મકામે ફનાની પ્રાપ્તિ તમારા માટે શક્ય નથી. માટે જ્યાં સુધી ભઠ્ઠીમાંથી પાક થઇને નીકળી આવો નહી અને દરેક કસોટી પર શુદ્ધ સોનું સાબિત થાવ નહી અને સંપૂર્ણ રીતે "ફનાઈયત" (વિલીનતા)નું સ્થાન પામીલો નહી તે સમય સુધી–ધીરજથી કામ લો.

ફનાના સ્થાન સુધીની પહોંચ પછી તમને સારા લિબાસથી વિભૂષિત અને સુંદર અલંકારોથી અલંકૃત કરીને સુગંધીમાં વસાવી સૌથી મોટા બાદશાહ (ખુદા)ની સમક્ષ પહોંચાડી દેવામાં આવશે અને તમને સંબોધિત કરવામાં આવશે કે "આજે તમો અમીન બનીને અમારી પાસે રહેશો." પછી તમારા ઉપર કૃપાઓ તથા સત્કાર થશે. ખુદાના કુર્બની લિજ્જત પામશો અને તમને એવી દૌલત આપવામાં આવશે કે દરેક વસ્તુથી નિસ્પૃહ થઈ જશો.

શું તમોએ સોનાના તે વિખરાએલા ટુકડા જોયા છે જે અત્તારો, બક્કાલો, કસ્સાબો, ચામડું સાફ કરનાર તેલ વેચનાર, ઝાડુ દેનારાઓ અને બીજા લોકોના હાથોમાં સવારથી સાંજ સુધી ફરતા રહે છે. પછી તેને એકત્ર કરીને સોનીની ભઠ્ઠીમાં પીગળાવી દેવામાં આવે છે, તેઓ નરમ થઈને પોતાની આકૃતિ પરિવર્તિત કરી લે છે. નવા ઘરેણાઓમાં ઢળે છે અને તેમને ઓપ-કાન્તિ આપવામાં આવે છે અને ઉચ્ચ તથા સુરક્ષિત સ્થળ પર તાળા બંધ ખજાનાઓ અને સુરક્ષિત પટારીઓમાં બંધ કરી દેવામાં આવે છે. તે દુલ્હનોને પહેરાવવામાં આવે છે અને તેમને આ ઘરેણાઓથી સણગારવામાં આવે છે. અને ક્યારેક તે દુલ્હન બાદશાહની મલેકા (રાણી) બની જાય છે અને તેની સાથે સોનાના તે ટુકડા બાદશાહની નિકટ અથવા તેની મજલિસમાં પહોંચી જાય છે, પરંતુ બાદશાહ સુધી પહોંચવા માટે શરત એજ છે કે સોનાના ગંદા-મંદા ટુકડા ભઠ્ઠીમાં પીગળી, નરમ થઈ ઘરેણાઓનું સ્વરૂપ ધારણ કરીલે.

એવીજ રીતે હે ઈમાનવાળાઓ તમો કઝા તથા કદર (ભાગ્ય)ના અજર (બદલા) પર સાબિર-ધીર્યવાન થઈને ફેસલાઓ ઉપર રાજી થઈ જાવ તો તમને પોતાના પરવર દિગારથી એટલી નિકટતા પ્રાપ્ત થશે કે દુનિયામાંજ ઈલ્મ તથા ઈરફાનની દોલતથી ભાગ્યવાન કરી દેવામાં

આવશો અને આખેરતમાં પણ તમારૂં રહેઠાણ તે દારૂસ્સલામ બનશે જ્યાં અંબિયા, સિદ્દીકો, શહીદો અને સાલેહીન (સદાચારીઓ)નું સહચર્ય પામશો અને કુર્બે ઇલાહીથી સન્માનીત કરવામાં આવશો.

માટે ઉતાવળથી કામ ન લો, ધીરજ–સહનશીલતા ધારણ કરો, કઝા તથા કદરથી રાજી થઈ જાવ, ખુદા તઆલા પર તોહમત ન લગાવો. આવી રીતે ક્ષમાની શીતળતા, મગ્અરફતની કૃપા, ખુદાના ઇનામોની સામે અને તેના અહેસાનોની મીઠાસથી લાભાવિંત થઇ શકશો.

## ફિક્ર તથા ફાકો કુફ્રની નિકટ કેમ પહોંચાડે છે?

પ્રિય વાચકો! ગૌષુલ આઝમ રહમતુલ્લાહ અલૈહે ફરમાવ્યું—રસૂલે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો ઈરશાદ છે કે ભૂખ માનવીને કુફ્રની નિકટ પહોંચાડી શકે છે અને જ્યારે આદમી ખુદા પર ઇમાન લઈ આવે અને પોતાના સઘળા કાર્યોને તેના સુપ્રત કરીને એવું યકીન કરી લે કે રોજીની દરેક સહુલત તેનાજ હાથમાં છે અને એવો વિશ્વાસ રાખે જે વસ્તુ તેની મળી છે તે દરેક હાલતમાં તેને મળવાની હતી અને જે મળી નથી તે મળવાની કોઈ શકયતા હતી નહી." અને બંદએ મોમિન ખુદા તઆલાના આ ઈરશાદ (કથન) ઉપર પણ યકીન રાખે છે—અલ્લાહથી ડરવાવાળા માટે અલ્લાહ ખુદ રસ્તાઓ પૈદા કરી દે છે અને તે જે જગ્યાએ ઇચ્છે છે તેને રોજી

અતા કરે છે. અને અલ્લાહ પર એતેકાદ (વિશ્વાસ) કરવાવાળાઓને અલ્લાહ બહુજ કાફી છે." માટે ખુદાના આ ઇરશાદ પર પાકું યકીન મોમિન બંદાને કુશળતા તથા સંપન્નતાની દોલતથી નવાજે છે પરંતુ જ્યારે અલ્લાહ તઆલા તેને ફિક્ર-ફાકા અને બલામાં ગ્રસ્ત કરી દે છે તે આકંદ કરે છે, ખુદા સામે સવાલ કરવા લાગે છે પરંતુ જ્યારે આના ઉપર પણ તેની પરીક્ષા ચાલુ રહે છે તો તે ઉપરોક્ત હદીસે પાકના અનુરૂપ બની જાય છે કે "નિકટ છે કે ફિક્ર-ફાકો કુફ્રનું કારણ બની જાય."

પરંતુ જ્યારે અલ્લાહ તઆલા કોઈના ઉપર મહેરબાન થઈ જાય છે તો તેની વિપત્તિ તથા સંપન્નતા પામી લીધા પછી ખુદા તઆલાનો શુક્ર અદા કરતો હમ્દો સના (સ્તુતિ)માં લીન થઈ જાય છે. અને જીવન પર્યંત શુક્ર ગુજારીની આ કેફીયતમાં રહે છે. પરંતુ જો અલ્લાહ તઆલા કોઈને નિત્ય માટે ફિક્ર-ફાકામાં રાખવા ચાહે છે, તેની કસોટીને ખતમ કરવા ચાહતો નથી તો ઇમાનની સહાયતા તેનો સાથ આપતી નથી અને તે ખુદા તઆલા પર આક્ષેપકાર થાય છે, તેના ઉપર તોહમત લગાવે છે, તેના વાયદાઓ ઉપર શંકા કરે છે અને તે એજ કુફ્રની હાલતમાં મૃત્યુ પામે છે કે ખુદાથી નારાજ હોય છે અને તેની આયતોને જુઠલાવે છે. રસૂલે કરીમ અલયહિસ્સલાતો વસ્સલામે એજ હાલત પ્રત્યે ઈશારો કર્યો છે કે-"કેયામતના દિવસે લોકોમાં સૌથી અધિક સખત અઝાબ તેના ઉપર

થશે, જેને અલ્લાહ તઆલાએ દુનિયાની હાજત અને આખેરતના અઝાબમાં ગ્રસ્ત રાખ્યો." એવા ગુમરાહ શખ્સથી હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે પણ પનાહ માંગી છે અને અમો પણ ખુદાની પનાહ માંગીએ છીએ.

બીજો માનવી તે છે જેને ખુદાવંદ તઆલાએ ચુંટી લીધેલ બનાવ્યો, તેના પોતાના ખાસ અને મિત્ર ગણમાં દાખલ કરી લીધો અને અંબિયાનો વારસદાર, પોતાના ઔલિયાનો અગ્રગણ્ય અને પોતાના બુઝુર્ગ અને અઝમત વાળા બંદાઓ અને ઉલ્મા તથા હુકમામાં શામેલ કરી લીધો. પછી કૃપાળુ અલ્લાહ તેને સબ્ર-ધીરજના પહાડોની ઉચ્ચતા અને રઝા તથા મૈત્રીના દરિયાઓની ઉંડાઈ અર્પણ કરી અને કઝા તથા કદર અને પોતાના ફેલથી નિશ્ચિંત કરી દે છે. આ ખુદાવંદી ફેલમાં ફના થવાની તૌફીક મળે છે. તેને ખુદા તરફથી અતા તથા બક્ષીસ વિપુલ મળે છે. તે સવાર-સાંજની સઘળી પળોમાં ઝાહિર તથા બાતિન અને પ્રત્યક્ષ તથા એકાંતમાં જાત-જાતની કૃપાઓ અને ભાત-ભાતની બખ્શીસોથી લાભાવિંત થાય છે અને પોતાના પરવર દિગારને જઈ મળે છે. આ ઈનામે ખાસ તેની વફાત (અવસાન) સુધી ચાલુ રહે છે.

## મહેબુબીયતની મંઝિલનો માર્ગ સબ્ર તથા તવક્કુલ છે.

પ્રિય વાંચકો! હઝરત ગૌષુલ આઝમ રહમતુલ્લાહ અલૈહે ફરમાવ્યું—"તમારૂં વિચારવું કે કયો અમલ કરૂં

અને કયી તદબીર (યુક્તિ) કરૂં, હેરતના કારણરૂપ છે. તમારા માટે ઉચિત તરીકો (રીત) એ છે કે તમો જે હાલતમાં છો તેમાંજ તે સમય સુધી થોભો જ્યાં સુધી તમોને ખુદા તરફથી વિશાળતા પ્રાપ્ત થઈ જાય નહી.” ખુદા તઆલા ઇરશાદ ફરમાવે છે કે સબ્ર કરો. અને સબ્ર પર ગાલિબ રહો. રાબ્તો (સંપર્ક) કાયમ રાખતા અલ્લાહથી ડરો જેણે તમને સબ્ર તથા રબ્ત અને સુરક્ષતા પર દ્રઢ રહેવાનો હુકમ આપ્યો અને તેમને ત્યજી દેવા ઉપર ચેતવણી આપી અને તે રાબ્તા (સંપર્ક)ના કપાવા ઉપર ખુદાથી ડરાવ્યો, સબ્રનું દામન ન છોડવામાંજ ભલાઈ અને સલામતી છે.

રસૂલે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું : “જેવી રીતે શરીર માટે માથું છે એવીજ રીતે ઇમાન માટે સબ્ર છે.” વળી ફરમાવ્યું :—“કે દરેક વસ્તુનો સવાબ તેની માત્રા તથા અંદાઝ ઉપર છે પરંતુ સબ્રનો અજર અનહદ છે. ખુદાવંદ તઆલાએ પણ ફરમાવ્યું, “સબ્ર કરવાવાળાઓને બેહિસાબ (અઢળક) અજર આપવામાં આવશે.” એટલા માટે જરૂરી છે કે ખુદાથી ડરતા સબ્ર પર કાયમ રહેવામાં આવે. અને ખુદાએ કાયમ કરેલ હદોની રક્ષા કરવામાં આવે. એવી જ રીતે ખુદા તઆલાની કિતાબ (કુર્આન) માં કરવામાં આવેલ વાયદાઓ અનુસાર સંપૂર્ણ અજર અતા કરવામાં આવશે. અલ્લાહ તઆલાનો ઇરશાદ છે : “અલ્લાહથી ડરવાળાઓ માટે

ખુદાના માર્ગો ખોલી દેવામાં આવે છે અને ખુદા જ્યાંથી ચાહે તેમને રિઝક (રોજી) આપીને સંપન્નતાના રસ્તાઓ ઉત્પન્ન કરી દે છે."

માટે જો તમો સંપન્નતા પ્રાપ્ત થવા સુધી સબ્ર (ધૈર્ય) કરતા રહ્યા તો તમારી ગણના તવક્કુલ કરનારાઓમાં થશે અને ખુદાએ તમારા માટે પોતે કાફી હોવાનું એલાન કરી દીધું છે કહેવામાં આવ્યું છે, "જે આદમી ખુદા પર ભરોસો કરે તેના માટે એ જ કાફી છે." જ્યારે સબ્ર અને તવક્કુલ (વિશ્વાસ) ની બંને સીફતો-ગુણો તમારામાં એકત્ર થઈ ગઈ તો તમારી ગણના અહેસાન કરવાવાળાઓ માટે જઝા (બદલા) નો વાયદો કરી દીધો છે, અને કહ્યું છે: "અમો મુહસિનોને એવી જ રીતે જઝા આપીએ છીએ." એવી જ રીતે તમો ખુદાની મહબૂબીયત (પ્રિયપાત્રતા) ના સ્થાનને પામી લેશો કેમ કે તેણે ફરમાવ્યું છે : "બેશક ખુદા અહેસાન કરવાવાળાઓને મહેબૂબ (પ્રિય) બનાવી લે છે."

સાબિત થયું કે દુનિયા તથા આખેરતમાં દરેક ભલાઇ અને દરેક સલામતી સબ્રથી જ છે અને મોમિનને તેના કારણોથી જ તરક્કી આપીને રઝા તથા અનુરૂપતાની મંઝિલથી પસાર કરી અફઆલે ખુદાવંદી (ખુદાઇ કાર્યો) માં ફના કરી દેવામાં આવે છે. નાબૂદ (અનઅસ્તિત્વ) થઇ જવાની હાલત અને અબ્દાલીયતના સ્થાનને પ્રાપ્ત

કરવું એવી જ રીતે શક્ય છે. એટલા માટે સબ્રને ત્યજી દેવાની કલ્પના પણ કરો નહી કેમ કે આવી રીતે દુનિયા તથા આખેરતમાં ખૈર તથા ફલાહથી મહેરૂમી અને બદનામી અને શરમિન્દગી (લજ્જા) પ્રાપ્ત થશે. ખુદા તઆલા સુરક્ષિત રાખે.

## મહોબ્બત અને નફરતની કસોટી

હઝરત મહબુબે સુબ્હાની રહમતુલ્લાહ અલૈહે ફરમાવ્યું જો તમો કોઈ આદમી માટે પોતાના દિલમાં મહોબ્બત કે નફરતના જઝબાત દેખો તો તેના આ'માલને કિતાબ તથા સુન્નતની કસોટી પર પરખો. જો તેનું કિરદાર તથા અમલ કિતાબ તથા સુન્નતની તઅલીમ અનુસાર ન હોય તો ખુદા અને રસુલે ખુદાની અનુરૂપતા ઉપર ખુશ થતા તેની સાથે દવેષ રાખો અને જો તેનો અમલ કિતાબ તથા સુન્નત અનુસાર છે અને તમો તેનાથી બુગઝ (દવેષ) ના જઝબાત ધરાવો છો તો તમો નફસના ગુલામ છો અને પોતાની નફસાની ઇચ્છાઓના સંકેત પર તેને દુશ્મની સમજી બેઠા છો. તમારૂં આ કાર્ય અત્યાચારી છે અને તમો ખુદા અને રસૂલના ફરમાનોની વિરૂદ્ધતા અને ના ફરમાની કરી રહ્યા છો. તમારા માટે આવશ્યક છે કે પોતાના આ ફેલથી ખુદાની બારગાહમાં તૌબા કરો અને ખુદાથી ખુદ તેની, તેના દોસ્તોની, તેમનાથી મહોબ્બત રાખવાવાળાઓની અને

તેના સન્માનિત અને સદાચારી બંદાઓની મહોબ્બતની તૌફીક તલબ કરો અને જે શખ્સથી તમોએ બુગ્ઝ રાખેલું હતું તેનાથી ખુદાની જેમ તમો પણ મહોબ્બત કરવું શરૂ કરી દો.

એવી જ રીતે એ પણ જોવું જોઈએ કે જેનાથી તમારો સંબંધ મહોબ્બતના જઝબાતનો છે. જો તેના આ'માલ ખુદા અને રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વસલ્લમના અહેકામ અનુસાર હોય તેનાથી તમારૂં મહોબ્બત કરવું દુરસ્ત છે અને જો તેના આ'માલ તથા અફઆલ કિતાબ તથા સુન્નતની વિરૂદ્ધ છે તો તમો પણ તેના દુશ્મન થઈ જાવ કે જેથી હવાએ નફસના કારણોસર મહોબ્બત તથા નફરત કરવાવાળા ન બનો. તમોને તો પોતાના નફસની ઇચ્છાઓની વિરૂદ્ધતા કરવાનો હુકમ આપવામાં આવ્યો છે. અલ્લાહ કરીમે ફરમાવ્યું— ખ્વાહિશાત (મનેચ્છાઓ)ની પેરવી ન કરો તે તો ખુદાના માર્ગથી ગુમરાહ (પથભ્રષ્ટ) કરી દે છે."

## કોઈ બીજાથી મહોબ્બત ખુદાની ગૈરતને ચેલેંજ છે.

વ્હાલા વાંચકો! હઝરત ગોષે આઝમ રહમતુલ્લાહ અલૈહે ફરમાવ્યું—બહુધા તમો પોતાની મહોબ્બતની અસ્થાયીપણાની શિકાયત-ફરિયાદ કરો છો કે જેનાથી અમો મહોબ્બત કરીએ છીએ. તે શખ્સ યા તો ક્યાંક ગાયબ થઈ જાય છે અથવા અવસાન પામે છે અને

અમારી વચ્ચે કોઈ બીજી વસ્તુ આડરૂપ થઈ જાય છે. અથવા કોઈ રીતે પરસ્પર દુશ્મની થઈ જાય છે. માલથી મહોબ્બત હોય તો ખરચ થઈને ખતમ થઈ જાય છે અથવા એમજ હાથમાંથી નીકળી જાય છે. તેના ઉપર તમને કહેવામાં આવે છે કે તમો ખુદાના મહેબૂબ (પ્રિય) છો તમને તેની નેઅમતો આપવામાં આવી છે. શું તમને ખબર નથી કે અલ્લાહ તઆલા ગયુર (ગૈરતશાળી) છે અને તેણે તમને કેવળ પોતાના માટે પૈદા કર્યાં છે અને તમો અલ્લાહ સિવાયના થઈ જવાનો ઇરાદો કરો છો. શું તમોએ તેનું આ ફરમાન નથી સાંભળ્યું—"જેઓ ખુદાને મહેબુબ રાખે છે તે પણ તેમનાથીજ મહોબ્બત કરે છે." વધુમાં ફરમાવ્યું—"અમોએ ઇન્સાનો અને જિન્નો (જિન્નાતો)ને કેવળ પોતાની ઇબાદત માટે પૈદા કર્યાં છે."

પછી શું તમોએ હુઝુર પુરનુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની હદીસ નથી સાંભળી? "કોઈ બંદાને જે વેળા ખુદા મહેબુબ બનાવી લે છે તો તેને વિપત્તિ તથા આજમાઇસ (કસોટી)માં નાંખી દે છે. એવામાં જો તે સબ્રથી કામ લે તો ખુદા તેને હિફાઝત (સુરક્ષા)થી રાખી લે છે. સહાબા રદીયલ્લાહો અન્હુમે પૂછ્યું, " યા રસૂલલ્લાહ! મહેફુઝ (સુરક્ષિત) કરી લેવાનો શું મતલબ છે?

આકાએ ફરમાવ્યું, "અલ્લાહ ન તો તેનો માલ છોડે છે ન ઔલાદ. કેમકે જો તે માલ તથા ઔલાદની મહોબ્બતમાં ફસાઈ જાય તો ખુદાની મહોબ્બત ઓછી થઈ જાય છે અને મહોબ્બત, ખુદા અને ગેર ખુદાની વચ્ચે સંયુક્ત હેસિયત ધારણ કરી લે છે અને કેમકે ખુદા તઆલા ગૈરતશાળી પણ છે અને દરેક વસ્તુ પર ગાલિબ પણ એટલા માટે તે પોતાના શરીકને ખત્મ કરી નાંખે છે. આ એટલા માટે થાય છે કે બંદાના દિલમાંથી દરેક ગૈર (અતિરિક્ત) ની મહોબ્બત નષ્ટ થઇ જાય અને કેવળ ખુદાની જ મહોબ્બત કાયમ રહે અને ખુદા તઆલાનું એ ફરમાન તેના હકકમાં સાબિત થઇ જાય છે કે, "અલ્લાહ તેમનાથી અને તેઓ તેનાથી મહોબ્બત કરે છે."

જ્યારે બંદાનું દિલ સઘળા શરીકો (ભાગીદારો) અને સમકક્ષોથી, અહલો અયાલ (પરિવાર), માલ, મનેચ્છાઓ તથા વાસનાઓ, હુકુમત, વિલાયત તથા કરામત, મંઝિલો તથા મુકામો, જન્નતો, દરજ્જાઓ અને કુર્બ (સમીપતા) ની ઇચ્છા સઘળાથી પાક થઈ જાય તો તેનામાં કોઈ ઈરાદો, કોઇ આરઝુ બાકી રહેતી નથી અને આ પાકીઝા હૃદય તે છિદ્રવાળા વાસણની માફક થઇ જાય છે જેમાં વહેનાર (પ્રવાહી) કોઇ વસ્તુ શોભતી નથી. એટલા માટે કે તે દિલ પણ ફઅલે ઈલાહીના

કારણોસર ખંડિત થઇ જાય છે અને જેવું જ તેમાં ઇરાદો તલબ અથવા તમન્ના પૈદા થઈ જાય છે, ખુદા તઆલાની ગૈરત અને તેનું ફેલ તેને કાપી કુકીને ફેંકી દે છે અને તે દિલને અઝમત તથા જબરૂત (મહાનતા) અને હૈબત (ડર) ના પડદાઓથી ઢાંકી દેવામાં આવે છે. પ્રતાપ તથા મહીમાની ખાઇઓ ખોદીને અલ્લાહ સિવાયની મહોબ્બતની અસરથી સુરક્ષિત કરી દેવામાં આવે છે.

પછી કોઇ વસ્તુનો ઇરાદો દિલમાં પૈદા થતો નથી. અને અહલો અયાલ, માલ, અસ્હાબ, હુકમ તથા ઇલ્મ અને ઇબાદત પૈકી કોઇ ચીઝ પણ તમોને નુકસાન પહોંચાડી શકતી નથી કેમકે આ તમામ ચીઝો દિલના બહાર રહે છે. પછી અલ્લાહ તઆલા પોતાના બંદાઓ પાસે ઉપસ્થિત એવી કોઇ વસ્તુની ગૈરત કરતો નથી. બલ્કે એ જ વસ્તુઓ અલ્લાહ તરફથી બંદા માટે લુત્ફ તથા કરામત, નેઅમત તથા રિઝક અને લાભનો વાસ્તો બની જાય છે. બંદો જ્યારે આવી રીતે ખુદાનો પ્રિયપાત્ર બની ગયો તો તેની પાસે આવનાર પણ રહેમત તથા મહેરબાનીના હક્કદાર બની જાય છે અને તેમની પણ હિફાઝત રક્ષા કરવામાં આવે છે. અલ્લાહનો મહબુબ બંદો પોતાની પાસે આવનાર માટે દુનિયા તથા આખેરતમાં મુહાફિઝ (રક્ષક) અને શફીઅ (શફાઅત કરનાર) બની જાય છે.

## લોકોના પ્રકાર અને તેમનો મરતબો

પીરાનપીર રહમતુલ્લાહ અલૈહ ફરમાવે છે: લોકો

ચાર પ્રકારના છે. એક તે જેમની પાસે ન જીભ હોય છે ન દિલ, આવા લોકો ગાફેલ, તુચ્છ અને તિરસ્કૃત શખ્સો ખુદાની નજરોમાં કોઈ આદર-સન્માન ધરાવતા નથી. તેઓમાં કોઇ પ્રકારની ભલાઈ હોતી નથી. તેઓ તો ભૂસા જેવા હોય છે જેની કોઇ કીમત-મૂલ્ય હોતું નથી. હા, જો ખુદા તઆલા તેમને પોતાની રહેમત-કૃપામાં લઈને તેમના દિલોને ઇમાનની હિદાયતથી પ્રકાશિત કરી દે અને તેઓ ખુદા તઆલાની તાબેદારીમાં પોતાના અવયવોથી કામ લેવું આરંભી દે તો વાત બીજી છે. પરંતુ આવા આદમીઓથી મળવા-ભળવા અને તેમનાથી સંબંધ બાંધવાથી વિરક્તિ કરવી જોઇએ. બચવું જોઇએ. કેમકે તેઓ ખુદાના અઝાબ અને ગઝબના અધિકારી હોય છે અને જહન્નમના યોગ્ય છે. ખુદા તઆલા અમોને એવા લોકોથી પનાહમાં રાખે.

પરંતુ જો તમો નેકીની તઅલીમ આપીને હિદાયત અને દીનની દઅવત દ્વારા લોકોને અતાઅતે ઇલાહીની પ્રેરણા આપવાનો શુગલ (કાર્ય) ધારણ કરેલ હો તો નિશંક એવા લોકો સુધી દઅવત પહોંચાડો. તેમને અલ્લાહની તાબેદારીની દઅવત આપો, ગુનાહોથી ડરાવો, આવી રીતે તમો જાણે જેહાદ કરવાવાળા હશો. અને તમો તેઓ પૈકી હશો જેમને અંબિયા તથા રસૂલની જેમ સવાબ અતા થશે. આકાએ દોજહાં સલ્લલ્લાહો અલયહે વસલ્લમે હઝરત અલી રદીયલ્લાહો અન્હોને ફરમાવ્યું-"જો તમારા

લીધે ખુદા તઆલા કોઇને હિદાયત આપે તો તમારૂં તે અમલ દરેક વસ્તુથી ઉત્તમ છે જેના ઉપર સૂર્યોદય થાય છે.”

બીજો પ્રકાર તે લોકોનો છે જેમની પાસે જીભ છે, દિલ નથી. તેમની વાતો તો હિકમત તથા નસીહતથી ભરપુર હોય છે. પરંતુ તેઓ પોતે તેના ઉપર અમલ કરતા નથી, જેના કારણે લોકો ખુદા તરફ રજુ કરે, તેઓ બીજાઓને તો ખુદાની તરફ બોલાવે છે પરંતુ પોતે ભાગે છે. બીજાઓના એબો (દુર્ગુણો) નો ઉલ્લેખ કરીને તેમને ભુંડા ચિત્રે છે. પરંતુ પોતે એજ કામ કરે છે. રિયા (પાખંડ) દ્વારા લોકો ઉપર પોતાની પવિત્રતાનો રોબ જમાવે છે અને પોતે પાપોને ચિન્હ બનાવી ખુદાથી જાણે લડે છે. હકીકત એ છે કે તેમનું દષ્ટાંત તે ભેડીયા (વરૂ) જેવું છે જેને માનવીય વસ્રોમાં વિભુષિત કરી દેવામાં આવ્યું હોય, આ એવા લોકો છે જેમને હુઝૂર રસૂલેઅનામ અલયહિસ્સલામે ફરમાવ્યું છે–મારી નજરોમાં મારી ઉમ્મત માટે સૌથી અધિક ડરની વસ્તુ એ અમલ ઉલ્મા છે.” અમો એવા મુનાફિકોથી અલ્લાહની પનાહ માંગીએ છીએ કેમકે તે બહુજ ખતરનાક હોય છે, માટે એવા આદમીઓ દૂર રહવું જોઇએ કે જેથી તેઓ પોતાની જીભની શકિત (વાણીવિલાસ)થી તમોને નિકટ કરી લે નહી અને તમો તેમના ગુનાહોની આગમાં બળી જાવ

અને તેમના દુષ્ટાત્માના કારણે હલાક થઇ જાવ.

ત્રીજા પ્રકારના લોકો એ છે જે ઈખ્લાસ ભરેલું દિલતો ધરાવે છે પરંતુ જીભ ધરાવતા નથી, એજ લોકો વાસ્તવમાં ઈમાનવાળાઓ છે. ખુદાતઆલા એવાઓને મખલુકથી છુપાવીને રાખે છે અને તેમને નફસ (મન)ના અવગુણને દેખવા માટે નૂરેબસીરત (અતંર્દૃષ્ટિનો પ્રકાશ) અર્પણ કરે છે અને તેમના દિલોને પ્રકાશિત કરીને એ હકીકત સાવચેત કરી દે છે કે લોકોથી મળવા અને બોલવામાં શું ખરાબીઓ છે અને તેમને યકીન થઇ જાય છે કે ખામોશી (મૌન) અને એકાંતવાસમાં જ સલામતી છે. ખુદ રસૂલે કરીમ અલયહિસ્સલાતો તસ્લીમનો ઇરશાદ છે "જે ખામોશ રહ્યો તેણે ખુલાસી (મુક્તિ) પામી લીધી" એવું પણ કહેવામાં આવ્યું છે કે ઈબાદતના દસ ભાગો-માંથી નવ ભાગ ખામોશીમાંજ છે. માટે હિફાજત અને સલામતી તેમના માટેજ છે જેમની પર્દા પોશી ખુદાતઆલાઓ કરી દીધી છે. તેઓજ જ્ઞાની છે અને બારગાહે ઇલાહીમાં પ્રવેશની મહાનતાના વાહક છે. સઘળી ભલાઇઓ તથા નેઅમતો તેમના માટેજ છે માટે તમો પણ એવા લોકોની નિકટતાથી લાભાન્વિત થાવ, તેમનાથી સંબંધ વધારો, તેમનાજ નિકટ બેસો, તેમની જરૂરતોને પૂરી કરતાં તેમને લાભ પહોંચાડો, આવી રીતે તમો અલ્લાહના આદરણીય અને મહબુબ બંદાઓમાં શામેલ કરી લેવામાં

આવશો અને એવાઓનો સહચર્યથી ઈન્શાઅલ્લાહ તમો પણ તેમના જેવા થઇ જશો.

લોકોનો ચોથો પ્રકાર તે છે જેમને આલમેમલકુત (ફરિશ્તાઓની દુનિયા)માં ઈજ્જત અને બુઝુર્ગી સાથે બોલાવવામાં આવે છે, હદીસે પાકમાં છે—"જેણે ઈલ્મ પ્રાપ્ત કર્યું, તેના ઉપર અમલ કર્યો, બીજાઓને તેની તઅલીમ આપી, તેને આલમે મલકુતમાં ઈજ્જત તથા અજમત સાથે યાદ કરવામાં આવે છે." એવા લોકો આયાતે ખુદાવંદીને જાણે છે, તેમને ખુદાઇ રહસ્યો મર્મો અને ઉલુમના અમીન બનાવી દેવામાં આવ્યા છે. અલ્લાહે એવા ભેદ-રહસ્ય તેમના ઉપર ખોલી દીધા છે જે બીજાઓથી ગુપ્ત હોય છે, ખુદાતઆલાએ તેમને આદરણીય અને મકબુલ બનાવી લીધા, તેમને પોતાની તરફ ધ્યાનિત કરીને હિદાયત આપી અને અજમત આપી દીધી, અને તેમના હદયોને ખોલી દીધા કે જેથી રહસ્યો તથા ઉલૂમને સ્વીકારી લે અને તેમને ઇલ્મ તથા બુદ્ધિ સમર્પણ કરીને બંદાઓને તેની પ્રત્યે દઅવત આપવા અને બુરાઈથી ડરાવનાર અને હાદી તથા શફીઅ બનાવી અને તસ્દીક (પુષ્ટિ) કરનારની હેસિયત આપીને અંબિયા તથા રસૂલ (અલયહિમુસ્સલામ)નો જાનશીન અને ખલીફા બનાવી દીધો. આ એજ લોકો છે જે ઇન્સાનીયતના ખાસ રતન છે અને તેઓ નુબુવ્વતની પછી સૌથી મોટા મરતબા (પદવી) પર પ્રસ્થાપિત થઇ જાય છે.

તમારે એવા શખ્સોની ક્યારેય વિરૂદ્ધતા કરવી જોઇએ નહીં. તેમનાથી નફરત કરવા અને પૃથકતા અપનાવવાથી બચો અને તેમની દુશ્મની અને અવજ્ઞાથી બચો, તેમની નસિહતો પર અમલ કરો. એટલા માટે કે સલામતી તેમની જ વાતોમાં છે. અને તેમનાથી દુર રહેવા અને નફરત કરવામાં ગુમરાહી અને વિનાશ છે. અલ્લાહતઆલા જેને હિદાયત આપે અને પોતાની તોફીક અને મદદથી સિરાતે મુસ્તકીમ (સન્માર્ગ) ઉપર ચલાવી દે.

માનવીઓના ચાર પ્રકાર તમારી સમક્ષ વર્ણવી દેવામાં આવ્યા છે. જો તમો બુદ્ધિથી કામ લો છો તો પોતાનામાં વિચાર કરો. જો તમો વિરક્તિની પાત્રતા ધરાવો છો તો પોતાની હાલત ઉપર દયા ખાવ અને પોતાને બચાવી લો. ખુદા કરે જે કામોથી તે દુનિયા તથા આખેરતમાં રાજી થતો અને પસંદ કરે છે, અમોને એજ કામ કરવાની હિદાયત પ્રાપ્ત થાય.

## ખુદાના કાર્યો પર નારાજ ન થવા તાકીદ

પ્રિય વાંચકો! મોટા પીર સાહેબ ફરમાવે છે તમોએ એમ ન કરવું જોઈએ કે તમો પોતાના પરવરદિગારથી નારાજ થઈ તેના ઉપર આક્ષેપ કરો અને તેના ઉપર એતરાઝ કરીને રોજી આપવા, માલદાર હોવા અને આપત્તિ અને કસોટીના સિલસિલામાં તેની પ્રત્યે અત્યાચારનો આરોપ મુકો. એટલા માટે કે તમો સારી રીતે

જાણો છો કે દરેક વસ્તુનો સમય મુકર્રર (નિયુક્ત) છે. અને દરેક મુસીબતોનો અંત હોય છે. અને તેમાં કાંઈ ફેરફારની ગુંજાઇશ નથી. ન મુસીબતોનો સમય પરિવર્તિત થઈ શકે છે, ન તકલીફ રાહતમાં બદલાઈ શકે છે. અને ન સુખવિલાસ વૈભવ બની શકે છે. એટલા માટે બાઅદબ અને ખામોશ રહેતા સબ્રથી કામ લો અને પરવરદિગારની રઝા તથા અનુકુળતા ચાહો અને તેના કામો પર નારાજી અથવા આક્ષેપ ઘડવાથી તૌબા કરો કેમકે એક બીજાથી બદલો લેવું અને વાંક અને ગુનાહ વગર કોઈના વિરૂદ્ધ કાંઈ કરવું બંદાઓનું કામ છે. ખુદાનુ નહી.

ખુદાવંદ તઆલાની જાત અઝલ (આદી)થી અસમાન છે અને તમામ વસ્તુઓ તેણે પાછળથી ઉત્પાદન કરી છે. અને તે વસ્તુઓની બુરાઇઓ–ભલાઈઓ પણ પાછળનું ઉત્પાદન છે. અને એજ ખાલિકે હકીકી (ખુદા)ને દરેક વસ્તુના આરંભ તથા અંતનું જ્ઞાન છે. તે પોતાના ફેલ (કાર્ય)માં સર્વથા હકીમ (હિકમતવાળો) છે. તે સર્જનને મજબુત બનાવે છે, તેનું કોઈ કામ વ્યર્થ અને બે ફાયદા હોતું નથી અને ન તે કોઈ વસ્તુને બાતલ અને બેકાર પૈદા કરે છે, એટલા માટે તેના કાર્યોમાં ખામીઓ ત્રુટીઓનો સંબંધ જોડવો, તેમને ખરાબ કહેવું તમારા માટે ઉચિત નથી. માટે તેની તરફથી સંપન્નતા અને વિસ્તૃતતાની પ્રતીક્ષા કરો. અને જો તમો તેની રઝા (ઈચ્છા)થી અનુકુળતા કરવા અને તેના ફેલમાં ફના થવાથી

વિવશ છો તો ભાગ્યના લેખની પ્રતીક્ષા કરો. પછી યુગ પસાર થવા અને અવધિ પૂરી થયા પછી તમારી હાલત બદલાઈ જશે. જેવી રીતે રાત્રી પુરી થઈને પ્રભાતનો ઉદય થાય છે અને શિયાળો પુરો થયા પછી ઉનાળો આવી જાય છે. એવીજ રીતે તમારી તકલીફ રાહતમાં પરિવર્તિત થઈ જશે. પરંતુ જો તમો રાત્રી શરૂ થતાંજ પ્રભાતના અભિલાષી છો તો તેમાં કેવી રીતે સફળ થશો બલ્કે રાતની તિમિરતામાં વધારો થતો જશે ત્યાં સુધી કે રાત્રીનો અંધકાર પોતાની પરાકાષ્ઠાએ પહોંચી જાય અને પ્રભાત થઈ જાય. જ્યારે પ્રભાત થશે તો તમારૂં ઇચ્છવું અથવા મૌન રહેવું, અથવા તેને ખરાબ સમજવું અથવા એવામાં રાતની ઇચ્છા કરવું સ્વીકૃત થઇ નહી અને તમોને રાત્રી મળશે નહી કેમકે તમારી ઇચ્છા કસમયની હશે અને તમો અનુચિત ઇચ્છાના કારણે વિવશ, નાખુશ તથા લજ્જિત થઇ જશો.

માટે સીધો રસ્તો (સન્માર્ગ)એ છે કે આ સઘળી વાતોને ત્યજીદો. પોતાના પરવરદિગાર વિષે સદ્ભાવના રાખો, તેની રઝાથી અનુકુળતા ધારણ કરીલો, તમારા ભાગ્યની કોઇ વસ્તુ તમારી પાસેથી ઝુંટવી લેવામાં આવશે નહી. અને જે કાંઇ તમારા ભાગ્યમાં નથી તે તમને મળશે નહી. મને મારી જીંદગીના સોગંદ છે ખુદાવંદ કરીમ સમક્ષ વિનમ્રતાથી દુઆઓ માંગવું અને તેના હુકમોનું પાલન કરવું ઇતાઅત (આજ્ઞાપાલન) અને ઇબાદત છે.

ખુદાનો ઇરશાદ છે—"મારાથી માંગો, હું તમારી દુઆને સ્વીકૃતીનું સન્માન પ્રદાન કરીશ." વધુમાં ફરમાવ્યું—"ખુદાથી તેનો ફઝલ (કૃપા) માંગો." આ ઉપરાંત બીજી કેટલીએ આયતો અને હદીસોમાં એજ વિષય વર્ણવવામાં આવ્યો છે. પરંતુ દુઆ પણ નિશ્ચિત સમયે જ મકબુલ (માન્ય) થશે, જયારે અલ્લાહ તઆલા તેને કબૂલ કરવાનો ઇરાદો કરશે. તમો દુઆ કરશો તો તમારા માટે યા તો ભલાઈ થશે અથવા આ દુઆ કઝા અને તેના નિયત સમય અનુસાર થઈ જશે. માટે દુઆ કબુલ ન થવાથી અલ્લાહ પર હરગિઝ તોહમત ન બાંધો અને દુઆ કરવામાં સુસ્તી ન કરો કેમ કે તમારી દુઆઓની અસરથી જો તમને દુનિયામાં ફાયદો ન થયો તો નુકસાન પણ થશે નહી અને જો દુઆ ઉતાવળ સાથે કબુલ ન થઈ તો આખેરતમાં તેનો અજર (બદલો) પામશો. હદીસે પાકમાં છે કે:—બંદાને હશ્રના દિવસે પોતાના આમાલના દફતરમાં એવી કેટલીએ નેકીઓ દેખાશે જેનો તેને ખ્યાલ સુધ્ધાં ન હતો." પછી તેને કહી દેવામાં આવશે કે આ વધારાની નેકીઓ તમારી તે દુઆઓના બદલામાં છે જે દુનિયામાં માન્ય થવી તમારા ભાગ્યમાં ન હતી.

દુઆ કરવાનો એક બીજો ફાયદો એ થશે કે તમો પોતાના ખુદાને વહદહુ લા શરીક સમજતાં તેનાથીજ માંગશો અને તેના સિવાય કોઈ બીજા પાસે તલબ કરશો

નહી. સવાર સાંજ, તંદુરસ્તી અને બીમારીમાં, તંગી તથા વૈભવની હાલતમાં અને સખ્તી તથા નરમી દરેક હાલતમાં એ સૂરત હશે કે યા તો તમો સવાલથી બચતાં કોઈ દુઆ કરશો નહી અથવા કઝાથી અનુકુળતાના કારણે ખુદાના કાર્યની સામે મસ્તક એવી રીતે ઝુકાવી દેશો જેવી રીતે ગુસલ આપનારના હાથમાં મડદું અથવા દાઈના હાથમાં બાળક અથવા સવારના હાથમાં ઘોડાની લગામ હોય છે, અને તેને પોતાની મરજીથી ચલાવે છે. એવીજ રીતે પ્રારબ્ધો તમને પણ ગતિશીલ રાખે છે. માટે જો તમારા ભાગ્યમાં વૈભવ તથા દોલત છે તો ખુદાનો શુક્ર કરો. આભાર માનો આવી રીતે અલ્લાહ તઆલા તમને અધિક અર્પણ કરસે. તેણે પોતે (કુર્આનમાં) કહ્યું છે કે– "તમો શુક્ર કરશો તો અમો તમને અધિક નેઅમતો અતા કરીશું." અને તંગી અને સખ્તીની હાલત તમારૂં ભાગ્ય બની ગઈ છે તો પછી તમારૂં દુઆ અને સવાલ ન કરવું ખુદાની તૌફીકથી બલાઓ પર સબ્ર કરવા અને અનુકુળતા અપનાવવાના સમાનાર્થ છે અને સબ્ર તથા અનુકુળતા પર તને કાયમ રાખવો, તમારી સહાયતા કરવું અને મગફેરત તથા રહેમત કરવું ખુદાનાજ ફઝલો કરમ (કૃપા)થી છે.

ખુદા તઆલા ખુદ ફરમાવે છે :–"યકીનન (નિસંદેહ) અલ્લાહ તઆલા સબ્ર કરવાવાળાઓનો સાથી છે." ફરી

ફરમાવ્યું :—"જો તમો ખુદાની રઝામાં તેની મદદ કરશો તો તે મદદ કરતાં તમને સબ્ર તથા સાનુકુળતામાં સાબિત કદમ (દ્રઢ) રાખશે." માટે જ્યારે તમો અલ્લાહના કાર્ય પર દરેક આક્ષેપ અને દરેક નારાજીને ત્યજીને પોતાની મનેચ્છાઓની વિરૂદ્ધતા અને રઝાએ ઈલાહીની અનુરૂપતામાં ખુદા તઆલાની સહાયતા કરશો અને પોતાના નફ્સ (મન)ના ખંડનમાં પ્રયત્નશીલ થશો અને જો નફ્સને કુફ્ર તથા શિર્ક પર પ્રવર્ત થયું તો પોતાના સબ્ર અને રબ્બથી સાનુકુળતા કરવા અને તેના કાર્ય અને વાયદા પર ખુશીની સાથે રાજી રહેવાની કૈફિયતમાં નફ્સનું મસ્તક કચડી નાખશો તો ખુદા તઆલા આ જેહાદમાં તમારી સહાયતા કરશે અને તેનું સહાયતા કરવું તેના કથન અનુસાર છે :-"અય હબીબ ! સબ્ર કરવાવાળાઓને બશારત આપી દો કે જ્યારે તેમના ઉપર કોઈ મુસીબત આવે તો કહે છે કે અમો અલ્લાહના માટેજ છીએ અને તેનીજ તરફ પાછા ફરવાના છીએ, તેમનાજ ઉપર પોતાના રબ્બ તરફથી ફઝલ તથા રહેમત છે અને એજ લોકો હિદાયત પામેલ છે."

બીજી સ્થિતિ એ છે કે તમો પોતાના મહાન રબ્બના એ હુકમના પાલનમાં કે :-"પોતાના રબ્બને પુકારો." દુઆ અને વિનમ્રતા સાથે રડો, કાકલુદી કરો, પોતાના રબ્બને પોકારવુંજ ઉચિત પગલું છે. એટલા માટે ખુદાએ એજ હુકમ ફરમાવ્યો છે તેનાથીજ માંગો

અને તેના તરફ રજુ થાવ અને તે આદેશ પૂર પાલનને તમારા માટે રાહતના કારણરૂપ બનાવી પોતાની તરફથી સંદેશવાહક અને મુલાકાતનો વસીલો (મધ્યમ) અને કારણ બનાવી દીધું છે. શરત એ છે કે તમો દુઆના તત્કાળ કબૂલ ન થવા પર ખુદા પર તોહેમત ન લગાવો અને તેનાથી નારાજીની કલ્પના ન કરો.

આથી સવાલ કરવા અને ખામોશ રહેવાની ઉપરોક્ત બે હાલતોના તફાવતનો અંદાઝો કરી લો અને તેની મર્યાદા ઓથી હરગિઝ ઉલંઘન ન કરો. કેમકે આ બંને સિવાય કોઈ બીજી હાલતની ગુંજાઇશ નથી. માટે હદથી આગળ વધીને અત્યાચારીઓના ટોળામાં દાખલ થવાથી ડરો. જો આ થયું તો અલ્લાહ તમને પહેલાની કોમોની જેમ હલાક (નષ્ટ) કરી દેશે. અને પરવા કરશે નહી. અગાઉની કોમો પર ખુદાએ પોતાની બલાઓને સખત-કડક કરી દીધી અને હલાક કરી નાંખી અને આખેરતમાં તેમના માટે દર્દનાક અઝાબ છે. અલ્લાહ બુઝુર્ગ તથા બરતર પાક છે. એજ આપણો હાલ જાણનાર છે. અને તેના ઉપરજ અમારો ભરોસો છે.

## વિદાય તથા દ્રઢતા

પ્રિય વાંચકો ! આ પ્રકરણમાં હઝરત ગૌસે આઝમ રહમતુલ્લાહ અલૈહ ફરમાવે છે કે પરહેઝગારી અપનાવવું

તમારા માટે આવશ્યક છે, નહી તો વિનાશનો ફંદો તમારા ગળામાં એવી રીતે પડી જશે કે ખુદાની રહેમતના દામનમાં ઢાંકી લેવા સિવાય તેનાથી નીકળવાની કોઈ સૂરત હશે નહી. હબીબે ખુદા અલયહિસ્સલામ ફરમાવે છે:–ઝુહદ (પરહેઝગારી) તથા વરઅ (સંયમ) દીનનો પાયો છે અને લાલચ દીનનો વિનાશ છે." એક હદીસે પાકમાં છે કે શાહી ચરાગાહ (ગૌચર)ના આસપાસ ફરવાવાળાઓથી સદુર નથી કે તેમાં મોઢું મારી લે જેવી રીતે ખેતીની આસપાસ રહેનાર જાનવરોથી ખેતીનું સલામત રહેવું શકય નથી, અને અમીરૂલ મોમેનીન હઝરત ઉમર રદીયલ્લાહો અન્હો એ ફરમાવ્યું કે—"અમો શંકાના પ્રસંગમાં દસ હલાલ વસ્તુઓથી નવને હરામમાં પડી જવાના ડરથી છોડી દઈએ છીએ." અને અમીરૂલ મોમેમીન હઝરત સિદ્દીકે અકબર રદીયલ્લાહો અન્હો ફરમાવે છે—"અમો મુબાહ (ઉચિત)ના સિત્તેર દરવાજા એ ડરથી ત્યજી દઈએ છીએ કે કયાંક ગુનાહમાં ખરડાઈ જઈએ નહી."

આ હઝરતોની આ સાવચેતી ગુનાહ તથા અપરાધો ની નિકટતાથી બચવા માટે હોતી હતી. તેમણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના તે ઈરશાદ ઉપર અમલ કર્યો. "જાણી લોકે દરેક બાદશાહનું એક ખાસ ગૌચર તેની હરામ કરેલી વસ્તુઓ છે. જે શખ્સ તેની આસપાસ ફરશે, શકય છે કે તેમાં જઈ પડે, જો કોઈ બાદશાહના

ગોચરમાં દાખલ થાય અને પહેલા, બીજા, ત્રીજા દરવાજાથી પસાર થઈને બાદશાહની ચોખટના બહુજ નિકટ થઈ જાય, આ શખ્સ તે આદમીથી દરેક રીતે બહેતર છે જે મેદાનની સાથે પ્રથમ દરવાજા ઉપર ઉભો છે. એટલા માટે દરવાજો બંધ પણ કરી દેવામાં આવે તો તેને કોઇ નુકશાન પહોંચશે નહી કેમકે તે ત્રણ દરવાજા પસાર કરીને હવે તે સ્થળથી નિકટ છે જ્યાં શાહી ખજાનો અને ફોજ છે. પરંતુ પહેલા દરવાજા ઉપર ઉભેલ આદમી માટે દરવાજો બંધ કરી દેવામાં આવ્યો તો તે ચટીયલ મેદાનમાં એકલો રહી જશે અને તેને કોઈ વરૂ અથવા દુશ્મન પકડી લેશે અને તેનો વિનાશ થઈ જશે.

જે માણસે દ્રઢતાનો માર્ગ અપનાવ્યો અને તે અડગતાથી તેના ઉપર ચાલ્યો પરંતુ તેની પાસેથી તૌફીક તથા કૃપા ઝુંટવી લેવામાં આવી તો તે શરીઅતના વર્તુળમાંથી નીકળ્યો નથી. તેને વિદાય પ્રાપ્ત થઇ ગઈ અને તે એજ હાલતમાં અવસાન પામે તો તેને ઇતાઅત તથા ઈબાદત ઉપરજ કલ્પવામાં આવશે અને તેના સદ કાર્યોની ગવાહી આપવામાં આવશે.

જે માણસ સદાએ રૂખસત પરજ રહ્યો, દ્રઢતા તરફ આગળ ન વધ્યો, જો તેનાથી તૌફીક તથા સહયોગ હરણ કરી લેવામાં આવ્યાં અને તેના ઉપર વાસનાએ ગલબો કરી લીધો અને તેણે હરામ વસ્તુને લઈ લીધી તો તે

શરીઅતથી ખારિજ કલ્પિત થશે અને તેને ખુદાના દુશ્મનો અને શયતાનોના ગિરોહમાં સમજવામાં આવશે. અને જો તૌબાથી પહેલાજ તેનું મૃત્યુ આવી ગયું તો તેની હલાક થનારાઓમાં ગણના થશે. એક એ સૂરત છે કે અલ્લાહ તઆલા તેને પોતાના ફઝલ તથા રહેમતમાં છુપાવી લે. માટે યાદ રાખો કે રૂખસત (ફુરસદ) ઉપર કાયમ રહેવામાં તિવ્ર ખતરાઓ છે અને દ્રઢતા પર કાયમ રહેવામાં સંપૂર્ણ સલામતી છે." ખુદા તઆલા અમારા વાંચકોને હઝરત શૈખ ગૌષુલ આઝમની નસિહત અને દ્રઢતા પર કાયમ રહેવાની તૌફીક અતા કરે.

## દુનિયા તેનો ફાયદો છે

હઝરત ગૌષુલ આઝમ રહમતુલ્લાહ અલૈહ ફરમાવે છે–દુનિયાના કામોને મુળધન (પૂંજી) સમજી તેને દુનિયાનો નફો સમજો. પ્રથમ તો પોતાના સમયને આખેરત પ્રાપ્ત કરવામાં ખરચ કરો. પછી જે સમય ફારેગ હોય તેને દુનિયા પ્રાપ્ત કરવાના કામમાં લાવો. અને આજીવિકા પ્રાપ્ત કરવામાં વ્યસ્ત થાવ પરંતુ વસ્તુત દુનિયાને આખેરતની પૂંજી ન બનાવો અને દુન્યવી કાર્યોમાં ખરચ કરો. અને આ ફારેગ સમયમાં પાંચે વખતની નમાઝ એવી રીતે અદા ન કરો કે નમાઝના અરકાન અને સિજદા સંપૂર્ણ રીતે અદા ન થાય અને ન જ સંતોષ પ્રાપ્ત થાય. એવું પણ ન કરો કે એકજ સમયમાં પાંચે નમાઝો

પઢો અથવા સુસ્તીના કારણે મુશ્કેલી મહેસૂસ કરીને દિવસ ચઢયા સુધી સુતેલા રહો અને આખો દિવસ નફસની ઈચ્છાની અસર નીચે કામ કરતાં શયતાનની તાબેદારીમાં પોતાના નફસના તાબેદાર થઈને આખેરતને દુનિયાના બદલામાં વેચી નાંખો. જો કે નફસ તો તમારી ગુલામી અને સવારી માટે છે અને તમને હુકમ આપવામાં આવ્યો છે કે તેના ઉપર સલામતી સાથે સવારી કરતાં ચાલો કેમકે સલામતીજ ખુદાની ઈતાઅત અને આખેરતમાં કામ્યાબીનો રસ્તો છે. તેનાથી વિરૂદ્ધ તમોએ લગામ નફસના સુપ્રત કરી દીધી છે અને નફસની ઇચ્છાની લિજ્જતમાં શયતાનની રઝા તથા અનુકુળતાને કૃત્ય બનાવી લીધું છે.

આવી રીતે તમોએ દીન તથા દુનિયાની ભલાઇને ત્યજીને અને પોતાનું નુકશાન કરીને કયામતમાં અમલેખૈર (સુકૃત્યો)ના દૃષ્ટિકોણથી મુફલિસ અને દીનના હવાલાથી લોકો કરતાં અધિક ખોટમાં રહેનાર થઈ ગયા. આ ખરાબી પણ થઈ અને નફસના અનુસરણના કારણે દુનિયામાં પણ તમને કિસ્મત કરતાં અધિક કાંઈ મળ્યું નહી. જો તમો આખેરતની રાહે ચાલતા અને આખેરતનેજ દુનિયાની પૂંજી સમજતા તો આ દીન તથા દુનિયામાં ખોટનો સોદો ન હતો. એવી રીતે તમારા ભાગ્યનું જે તમને દુનિયામાં મળતું તે તમારા માટે રૂચિકર અને

ઉત્તમ હોત અને તમો ઈજ્જત તથા આદર સાથે દુનિયામાં રહેતા. હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો ઈરશાદ છે કે અલ્લાહ તઆલા દુનિયાની નિય્યતથી આખેરત આપતો નથી બલ્કે આખેરતની નિય્યતથી દુનિયા અતા કરે છે.

આખેરતની નિય્યતજ ઇબાદત અને ઈતાઅતની રૂહ અને અસલ છે. એટલા માટે જો તમો ઝુહદ તથા તથા ઇબાદત સાથે દુનિયામાં ખુદાની ઇતાઅત (આજ્ઞા પાલન)માં મસરૂફ રહેતાં આખેરત માંગશો તો મહોબ્બત તથા ઈતાઅતે ઇલાહીના કારણે ખવાસ (ખાસ માણસો)માં શામેલ થઈ જશો. અને તમને જન્નતની નેઅમતોથી નવાઝવામાં આવશે. અને તમો રહેમતે ખુદાવંદીના જવાર (પાડોશ)થી લાભાવિંત થશો પરંતુ દુનિયાની ખિદમત તથા ઈતાઅતમાં લાગેલા રહેવાથી તમોને કેવળ એટલુંજ મળશે જે તમારી કિસ્મતમાં છે.

માટે કોઈ પણ હાલતમાં ખાલિક તથા માલિકે હકીકીની ઇતાઅત તથા તાબેદારી જરૂરી છે જો તમો આખેરતની કલ્પનાથી હઠીને દુનિયામાં મશગુલ થઈ ગયા તો કહેરે ઇલાહી (ખુદાઈ પ્રકોપ)ના અનિવાર્ય થઈ જશો. અને આખેરતની ભલાઈઓ તમારા ભાગ્યમાં હશે નહી બલ્કે દુનિયાની તંગી અને અવજ્ઞા તમને મળશે અને તમારી કિસ્મતની દરેક વસ્તુ પણ કહેરે ખુદાવંદીનો શિકાર થઈ જશે. એટલા માટે દુનિયા પણ ખુદાની

સંપત્તિમાં છે અને ખુદાના નાફરમાનોને હીનતાનો પેગામ આપે છે. અને તેના ફરમાં બરદારોને ઇજ્જતનું સ્થાન આપે છે.

આ પ્રસંગે રસૂલે મોઅઝમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો ઈરશાદ દૃષ્ટિગત રહે કે—"દુનિયા તથા ઉકબા (પ્રલોક) બે સોકોની જેમ છે. તેઓ પૈકી એકને ખુશ રાખવા ઈચ્છશો તો બીજી નાખુશ થઈ જશે." ખુદાવંદ તઆલાનો ઈરશાદ છે કે :—"તમારા પૈકી કેટલાક દુનિયાના અને કેટલાક આખેરતના તલબગાર છે." એટલા માટે તમારે વિચાર કરવો જોઇએ કે તમો આખેરતના ઈચ્છુક છો કે દુનિયાના, દુનિયામાં રહેતાં આ બંનેમાંથી કોનાથી મહોબ્બત કરો છો. દુનિયા પછી જ્યારે તમો આખેરતમાં પાછા ફરશો તો ત્યાં પણ એક પક્ષ દુનિયાનો અને આખેરતનો ઈચ્છુક હશે. એવીજ રીતે કયામતમાં પણ જન્નતીઓ અને જહન્નમીઓના બે પક્ષ હશે. તેઓ પૈકી એક ગિરોહ પોતાના હિસાબના વિલંબના લીધે હશ્રના મેદાનમાંજ ઉભો રહી જશે. બારી તઆલાનો ઈરશાદ છે :—"તે દિવસ તમારા અંદાઝ અનુસાર પચાસ હજાર વર્ષનો હશે અને પ્રત્યેક દિવસ એક હજાર વર્ષ જેટલો હશે. જેવું કે હુઝુર પુરનુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું :—"તમો હશ્રના દિવસે અર્શના છાયડામાં તે દસ્તર ખ્વાનો ઉપર બેસશો જેના ઉપર પવિત્ર ખાણાં (ભોજન) ઉમદા ફળ અને બરફ

કરતાં ઠંડું અને દૂધ કરતાં અધિક શ્વેત મધ હશે.'' એક બીજી હદીસે પાકમાં છે કે લોકો જન્નતની અંદર પોતાના મકાનોને દેખશે. જ્યારે મખલુક હિસાબથી ફારેગ થઈ જશે તો તેમને જન્નતમાં દાખલ કરવામાં આવશે. અને તેમને તેમના ઘરોમાં લઈ જવામાં આવશે. જેવી રીતે દુનિયામાં કોઈને મંઝિલોનો પત્તો બતાવવામાં આવે છે.

આ સ્થાન તથા મરતબો તે લોકોને એટલા માટે પ્રાપ્ત થયો કે તેમણે દુનિયાના બદલે આખેરતની ઇચ્છા કરી અને જે લોકોને હિસાબ–કિતાબના હવાલાથી વિવિધ સખતીઓ અને તિરસ્કારો સહન કરવા પડયા તેનું કારણ એ હતું કે તેમણે આખેરતને છોડીને ખુદાવંદ કરીમના અહકામોની પરવા કરી નહી અને કયામતને ભુલી ગયા. તે લોકોને જેવી તકલીફો પ્રાપ્ત થશે તેનો ઉલ્લેખ કુર્આન તથા હદીસમાં ઉપલબ્ધ છે. એટલા માટે પોતાની જાત ઉપર રહેમ કરતાં બંને પક્ષોમાંથી ઉત્તમ પક્ષ પૌકી થઇ જાવ અને ખરાબ સાથીઓથી અને ઈન્સાન તથા જિન્નાતના શયતાનોને ત્યજીને કિતાબ તથા સુન્નતને પોતાનો માર્ગ-દર્શક તથા નેતા સમજતાં સમજી વિચારીને તે માર્ગ પર ચાલવું જોઇએ અને નફસની ઈચ્છાઓને પથ પ્રદર્શક ન બનાવવી જોઈએ. ખાલિક તથા માલિક જલ્લે શાનહુનો ઈરશાદ છે:—''આ રસુલ જે દીન (મઝહબ) તમારી પાસે લાવ્યા છે તેને પોતાના માટે લાઝિમ (જરૂરી) સમજો અને જે જે કામોથી મના કરે તેનાથી દુર રહો.

અને ખુદાનો ખૌફ રાખતાં રસૂલે ખુદાની વિરૂદ્ધતાને લક્ષ્ય ન બનાવો." અર્થાત જે વસ્તુ સરકારે દો આલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ લાવ્યા છે તેના બદલે પોતાના નફસની ઈચ્છાથી કોઈ નવો અમલ, કોઇ નવી ઇબાદત, ધારણ ન કરો. જે કોમ ગુમરાહ થઈને રહબાનિયત (સન્યાસ) ધાર્મિક કૃત્ય અપનાવી ચુકી હતી તેના વિષે ખુદા તઆલા ફરમાવે છે:—"અમોએ તેમના ઉપર રહબાનિયત (સાધુત્વ) ફરજ કર્યું ન હતું." આવી રીતે જ પોતાના પેગમ્બર સલ્લલ્લાહો અલયહે વસલ્લમને બાતિલથી અલગ અને પાક-સાફ કરતાં બારી તઆલાએ ફરમાવ્યું :—"આ નબી પોતાની તરફથી તો કોઈ વાત કરતા નથી, તેમને દરેક વાત તેમના ઉપર નાઝિલ કરવામાં આવેલ વહી અનુસાર હોય છે. એક બીજા સ્થળે ફરમાવ્યું—"અય નબી આપ ફરમાવી દો કે જો તમો ખુદાના મહેબુબ (પ્રિયપાત્ર) બનવાની ઇચ્છા ધરાવો છો તો મારી તાબેદારી અને અનુસરણ કરો. અલ્લાહ તમને મહેબુબ બનાવી લેશે."

આનાથી સ્પષ્ટ થઈ ગયું કે અલ્લાહની મહોબ્બતનો માર્ગ તેના મહબુબ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની તાબેદારીમા છે. ખુદ આકા હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું, "મારા બાહ્ય આ'માલનું અનુસરણ સુન્નત છે અને મારી બાતિની (આંતરિક) હાલત તવક્કુલ ધારણ કરવું છે." આનાથી સમજાઈ ગયું કે તમો હુઝુર

સલ્લલ્લાહો અલયહે વસલ્લમની સુન્નત અને બાતિની હાલતની વચ્ચે છે. જો તમારૂં ઇમાન દ્રઢ નથી તો સુન્નત પર અમલ કરતા રહો, જો ઇમાન પાકટ છે તો પછી તવક્કુલની હાલતને અપનાવી લો, જેવું કે ખુદાવંદ તઆલાએ ફરમાવ્યું-"કેવળ અલ્લાહ તઆલા ઉપર તવક્કુલ કરો." પછી ફરમાવ્યું, "અલ્લાહ તઆલા તવક્કુલ કરવાવાળાઓથી મહોબ્બત કરે છે." માટે તવક્કુલ નો આદેશ આપીને તમને ચેતવણી આપવામાં આવી છે. તેણે પોતાના નબીને પણ તવક્કુલ કરવાનો હુકમ આપ્યો છે. એટલા માટે તમો પણ પોતાના સઘળા અઅમાલમાં ખુદા અને તેના રસૂલની પેરવી ધારણ કરી લો નહી તો તમો મરદુદ (તિરસ્કૃત) ઠેરવવામાં આવશો. જેવું કે રસૂલે કરીમ અલયહિસ્સલાતનું ફરમાન છે: "જેના અહકામ અમારા અહકામની વિરૂદ્ધ છે તે મરદુદ છે."

આ ઇરશાદે નબવી તમામ અકવાલ (કથનો) અઅમાલ (કૃત્યો) અને રોજીની પ્રાપ્તિ માટે આમ છે. હુઝુર સરવરે કાએનાત અલયહિસ્સલાત પછી કોઇ નબી નથી કે જેની પેરવી કરવામાં આવે અને ન કુર્આન પછી કોઈ કિતાબ છે કે જેના અહેકામ પર અમલ કરવામાં આવે. એટલા માટે કુર્આન તથા હદીસથી ઉલ્લંઘન કોઇ હાલતમાં પણ ન કરો, નહીં તો નફસ અને શયતાન તમને ગુમરાહ કરી દેશે. ફરમાને ખુદાવંદી છે, "નફસની તાબેદારી કરો નહીં. નહીં તો તમો ખુદાના માર્ગથી

ભટકી જશો. (ચલિત થઇ જશો)" માટે સલામતી એમાં જ છે કે કિતાબ તથા સુન્નતની પેરવી કરો તેનાથી હટવું વિનાશ અને તબાહી છે અને મોમિન કિતાબ તથા સુન્નતના અહકામ પર અમલ કરીને જ વિલાયત તથા અબ્દાલિયત અને ગૌષીયતના મરતબા સુધી તરક્કી (વિકાસ) કરી શકે છે."

## કોઇથી હસદ (ઇર્ષા) ન કરો:

વહાલા વાચકો! વિચાર કરો, મોટા પીર સાહેબ રહમતુલ્લાહ અલૈહ ફરમાવે છે કે અય મોમિન! હું તમને પાડોશીના ખાવા-પીવા, નિકાહ-શાદી, મકાન, પોષાક અને ખુદાની અતા કરેલ વૈભવ અને ધનાઢયપણા પર ઇર્ષા કરતા કેમ દેખું છું. આ નેઅમતો તેને એટલા માટે પ્રાપ્ત છે કે ખુદાએ તેની કિસ્મતમાં લખી દીધી છે. શું તમને ખબર નથી કે ઇર્ષા કરવું ઇમાનના કમજોર હોવાનું ચિન્હ છે. અને તે તમને પોતાના ખાલિક તથા માલિકની નજરોમાંથી હલકા પાડી દેશે અને તમને તેના પ્રકોપનું નિશાન (લક્ષ્ય) બનાવી દેશે. શું તમોએ હદીસે કુદસી સાંભળી નથી કે ખુદા તઆલા ફરમાવે છે:

"ઇર્ષાળુ મારી નેઅમતોના દુશ્મન છે."

શું તમે હુઝુર અલયહિસ્સલામનું ફરમાન નથી સાંભળ્યું કે: "જેવી રીતે અગ્નિ લાકડાને ખાઈ જાય છે (બાળી નાખે છે) એવી જ રીતે હસદ (ઇર્ષા) નેકીઓને ખાઇ જાય છે."

વળી એ તો બતાવો કે તમને કઇ વસ્તુનો હસદ છે? બીજા આદમીની કિસ્મત પર કે પોતાની કિસ્મત પર. જો તમો તે બંદાની કિસ્મત ઉપર ઇર્ષા કરો છો. જેને ખુદાએ અતા કર્યું છે, જેવું કે ખુદાએ ખુદ ફરમાવ્યું છે: "દુન્યાવી જિંદગીમાં અમારા બંદાઓમાં અમો પોતે રોજી વહેંચીયે છીએ." તો તમારૂં આ પગલું અત્યાચાર થશે કેમકે તે બંદાને તો પોતાના રબ્બની નેઅમતો ફઝલ-કૃપાની રીતે પ્રદાન કરવામાં આવી છે અને કેવળ તેને જ આપવામાં આવી છે, તેમાં કોઇ બીજાનો ભાગ નથી. માટે આ હાલતમાં તેના ઉપર ઇર્ષા કરવું તમારા સૌથી અધિક બખીલ-કંજુસ, મુર્ખ અને બુધ્ધીહીન હોવાની દલીલ છે. કેમકે કોઇના ભાગ્યનો હિસ્સો કોઈ બીજાની તરફ પરિવર્તિત કરી શકાતો નથી, અલ્લાહ તઆલા આ ચીજથી પાક છે. તેનો ઇરશાદ છે:

"ન મારા કૌલ-કથનમાં ફેરફાર તથા પરવિર્તન થાય છે, ન હું બંદાઓ ઉપર ઝુલ્મ-અત્યાચાર કરૂં છું."

યકીને કામિલ (દ્રઢ શ્રદ્ધા) રાખો કે ખુદા તઆલા તમારા ઉપર એ ઝુલ્મ નથી કરી શકતો કે તમારી કિસ્મતની કોઈ વસ્તુ કોઇ બીજાને પરિવર્તિત કરી દે. તમો કેવળ પોતાની જહાલત-અજ્ઞાનતાના લીધે ઇર્ષા કરીને પોતાના ભાઈ ઉપર ઝૂલ્મ કરી રહ્યા છો. તમારે તો પોતાના ભાઇથી ઈર્ષા કરવાના બદલે તે ખજાનાઓ અને સોના-ચાંદીની ખાણોવાળી જમીન ઉપર ઈર્ષા કરવી

જોઇએ જે આદ તથા સમૂદ અને કયસરો કિસરા અને બીજાં બાદશાહોએ એકઠા કર્યાં હતા. કેમકે જે માલ તમારા પાડોશીના ત્યાં છે તે તે ખજાનાઓના હજારમાં ભાગ બરાબર પણ થઈ શકતો નથી.

એટલા માટે તમારૂં દૃષ્ટાંત તે આદમીના જેવું છે જે બાદશાહોના વૈભવ, તેના લશ્કર, શાસન, માલ-દૌલત અને જાતજાતની નેઅમતોને નિહાળીને તો ઈર્ષા કરતો નથી પરંતુ તે જંગલી શ્વાનથી ઈર્ષા કરે છે જે બાદશાહોના શ્વાનોની સેવા દ્વારા તેમની સાથે ભળી જાય છે અને તેમની પાસે સવાર-સાંજ રહેતાં બાદશાહના રસોડાથી વધેલા ખોરાક ખાઇને જીવન નિર્વાહ કરે છે અને તમો તેના મૃત્યુની પ્રતીક્ષામાં રહો છો કે તે મૃત્યુ પામે અને તમો તેનો હિસ્સો-ભાગ પ્રાપ્ત કરી શકો. આ કામનો વૈરાગ્ય અને દીનથી કોઈ સંબંધ નથી, બતાવો કે દુનિયામાં તેનાથી મોટો જાહિલ-અજ્ઞાન, મુર્ખ અને નાદાન કોણ હોઈ શકે છે.

અને જો તમને ખબર પડી જાય કે કયામતના દિવસે તમારા પાડોશીને પોતાના માલ-દૌલતના કારણે કેટલો હિસાબ આપવો પડશે, જો તેણે નેઅમતોનાં બદલામાં ખુદાની અતાઅત ન કરી, નેઅમતનો હક્ક અદા ન કર્યો, આદેશો તથા નિષેધ પર ન ચાલ્યો, ખુદાની અતાઅત માટે મદદ ન માંગી, એવો માનવી તો એમ કહેશે કે કદાચ મને રજ ભર નેઅમત ન આપવામાં આવી હોત

અને હું આ નેઅમતોની સુરત પણ ન જોતો. શું તમોએ તે હદીસે પાક નથી સાંભળી કે કયામતના દિવસે જ્યારે આ લોકો દુનિયાના દુઃખીયાઓના અજર તથા સવાબને નિહાળશે તો તમન્ના કરશે કે કદાચ અમારૂં માંસ દુનિયામાં જ કાપી નાખવામાં આવત. તમારો પાડોશી પણ એ ઇચ્છા કરશે કે કદાચ તે દુનિયામાં તમારા જેવો હોત. એટલા માટે કે તેનો હિસાબ બહુ જ લાંબો થશે અને તે સૂર્યના તડકામાં પાંચ હજાર વર્ષ ઉભો રહેશે. તેનું કારણ એ છે કે તેણે દુનિયામાં જ નેઅમતોનો સંપૂર્ણ ફાયદો ઉઠાવી લીધો. અને તમો મહેરૂમ રહ્યા. પરંતુ તમો અર્શના સાયામાં વિવિધ નેઅમતોને નિહાળીને પ્રફુલ્લિત થશો. આ નેઅમતો અને રાહતો તમને એટલા માટે મળશે કે તમોએ દુનિયાની સખ્તીઓ, તંગીઓ, આફતો અને મુફલિસી (નિર્ધનતા) ને પોતાના રબ્બની રઝા તથા સાનુકુળતા માટે સહન કરી. તમારી કિસ્મતમાં નિર્ધનતા હતી અને બીજાઓના ભાગ્યમાં વૈભવ તથા દોલત. તમને દુનિયામાં વિટંબળાઓ મળી અને બીજાને વિશાળતા અને સુખ-શાન્તિ અને તમોએ વિટંબળાઓ ઉપર સબ્ર-ધૈર્ય કરતાં નેઅમતો પર શુક્ર-આભાર અદા કર્યો અને પોતાના સઘળા કાર્યો ખુદા તઆલાના સુપ્રત કરી દીધા હતા.

## નસીહત

હઝરત કુત્બે રબ્બાની ગૌષે સમદાની રહમતુલ્લાહ

અલૈહ એ ફરમાવ્યું, "જે શખ્સે પોતાના મૌલા (ખુદા) નું કામ સચ્ચાઈ અને ખુલુસ (શુદ્ધ હૃદયતા) સાથે કર્યું તે સવાર તથા સાંજ ગૈરૂલ્લાહથી નફરત કરતો રહ્યો, અય કોમ ! તે ચીજનો દાવો ન કરો જે તમને પ્રાપ્ત નથી અને ખુદાની વહદાનિયત પર યકીન રાખતાં કોઈને તેનો શરીક (ભાગીદાર) ઠેરવો નહીં, નહીં તો કઝા તથા કદરના જે તીર તમોને કેવળ ઝખમી કરવા માટે પહોંચે છે, હલાક કરવા માટે નહી, તમો તેના લક્ષ્ય બનીને સંશયોનો શિકાર થઈ જશો. જે શખ્સ ખુદાવંદ તઆલાની રાહમાં હલાક થાય છે તેનો અજર ખૂદ ખુદાની કૃપાળુ શાનના ઝિમ્મે હોય છે.

### ઈલાહી હુકમ અથવા નફસની ઇચ્છા :

હઝરત ગૌષે પાક રહમતુલ્લાહ અલૈહ ફરમાવે છે : કોઇ વસ્તુ ખુદાના હુકમ વગર કેવળ નફસની ઇચ્છા પર પ્રાપ્ત કરવું ગુમરાહી અને ખાલિક તથા માલિકની વિરૂધ્ધતા છે. અને ઇલાહી હુકમ પર નફસાની ઇચ્છાઓ વગર કોઇ ચીઝનું લેવું ખુદા તઆલાની સહમતિ છે અને એવી વસ્તુને છોડી દેવું રિયા અને નિફાક (કપટાચાર) છે.

### ઔલિયા અલ્લાહના સમૂહમાં દાખલ થવું :

પ્રિય વાંચકો ! હઝરત ગૌષે આઝમ રહમતુલ્લાહ અલૈહએ ફરમાવ્યું, જ્યાં સુધી તમો પોતાના બશરી (માનવીય) અહકામોની વિરૂધ્ધતા અને અવયવોથી જુદાઈ

ધારણ ન કરી લો, રૂહાની લોકો (ઓલિયા અલ્લાહ) ની જમાઅતમાં દાખલ થવાની આરઝુ અને ઉમ્મીદ હરગિઝ કરો નહીં. આ એ જ વેળા શક્ય છે જ્યારે તમો પોતાની ગતિ તથા સ્થિરતા, સાંભળવા-દેખવા, બોલવા-પકડવા અને ચાલવાથી અને બુદ્ધિ તથા અમલથી અને તે તમામ વસ્તુઓથી જે રૂહ (આત્મા) ફુંકવાથી પહેલાં અને તેના પછી તમારામાં જોવામાં આવી, તે સઘળાથી ખાલી ન થઈ જાવ. એટલા માટે કે એજ વસ્તુઓ તમારા પરવરદિગારની વચ્ચે આડરૂપ છે.

જ્યારે તમો શુદ્ધ આત્મા બની ગયા તો જાણે 'સર'લ સર'' અને 'ગયબુલ ગૈબ' થઈ જશો. અને પોતાના રહસ્યોમાં દરેક વસ્તુથી અલિપ્ત થઇને તેને દુશ્મન અને હિજાબ (આવરણ) સમજવા લાગશો. જેવી રીતે હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામે મુર્તિઓ માટે ફરમાવ્યું હતું, "આ સૌ મારા દુશ્મન છે અને રબ્બ તઆલા મારો દોસ્ત છે."

એવી જ રીતે જ્યારે તમો પોતાના અસ્તિત્વના સઘળા અવયવો તથા અંશોને, તમામ મખલૂકને બુત (મુર્તિ) કલ્પીને તેઓ પૈકી કોઇની તાબેદારી કરશો નહીં તો તમોને ઇલ્મે લદુન્ની (આંતરિક જ્ઞાન) ના રહસ્યો તથા ભેદોના અમીન (અમાનતદાર) બનાવી દેવામાં આવશે તમારાથી પ્રકૃતિ અને પ્રકૃતિ વિરૂદ્ધની રીતના એવા કાર્યો પ્રગટ થવા લાગશે જે અલ્લાહની કુદરતના પ્રકારો પૈકી

છે. અને જે શક્તિ ઈમાનવાળાઓને જન્નતમાં સમર્પણ થશે, તમોને દુનિયામાં જ સોંપી દેવામાં આવશે. પછી તમારી એ હાલત હશે કે જાણે તમોને મૃત્યુ પછી ફરીથી આખેરતમાં જીવંત કરવામાં આવ્યા છે. અને તમારૂં સઘળું અસ્તિત્વ ખુદા તઆલાની કુદરતનું પ્રગટસ્થાન બની જશે. તમો ખુદાની જ સાથે સાંભળશો, તેની સાથે જ જોશો, બોલશો, તેનાથી જ પકડશો, તેનાથી જ ચાલશો, તેની જ સાથે મનન-ચિંતન કરશો અને તેની જ સાથે શાન્તિ તથા સંતોષ પ્રાપ્ત કરશો. તમો ખુદા સિવાય દરેક વસ્તુથી આંધળા અને બહેરા થઈ જશો.

તમોને કેવળ અવામીર તથા નવાહી (આદેશ તથા નિષેધ) ની સીમાઓના રક્ષણનો ખ્યાલ હશે. કોઇ ગૈર (પારકા) નું અસ્તિત્વ તમોને જોવાશે નહીં. જો શરઈ સીમાઓ પૈકી કોઈ હદ-સીમા તમારામાંથી ઓછી થઈ જાય તો સમજી લો કે તમોને ફિત્નામાં સપડાવી દેવામાં આવ્યા છે અને શયતાનો તમોને રમાડી રહ્યા છે. માટે તમો એ જ વેળા શરીઅતના હુકમ પ્રત્યે પાછા વાળો અને ક્યારેય તેનાથી અળગા થાવ નહીં અને પોતાને હવા તથા હોસ (આકાંક્ષા તથા લોલુપતા) થી દુર રાખો યાદ રાખો કે જે વસ્તુની શરીઅતે ઇજાઝત ન આપી તે અધર્મ-નાસ્તિકતા અને કુફ્ર છે.

## સંપન્નતા, દુર્દશા અને ફેરી સંપન્નતા

પ્રિય વાચકો ! હઝરત શેખ અબ્દુલ કાદિર જીલાની રહમતુલ્લાહ અલૈહ ફરમાવે છે કે, "અમો સંપન્ન તથા તવંગરીના વિષયમાં એક દષ્ટાંત આપી તમોને કહીએ છીએ કે શું તમોએ તે બાદશાહને જોયો નથી. જેણે અવામમાંથી કોઇ વ્યક્તિને કોઇ શહેરની હુકુમત (શાસન) સોંપ્યું તેને પોષાકથી સન્માનિત કર્યો, તેને ધ્વજા તથા નૌબત-નગારા અને લશ્કર અતા કર્યું. એક લાંબા સમય સુધી આ હોદ્દા પર રહેવા પછી તે સમજ્યો કે આ સઘળું સર્વકાલિક છે અને પોતાની ઝિલ્લત તથા દુર્દશાની અગાઉની હાલતને ભુલી ગયો, જ્યારે તે મોહતાજ અને ગુમનામ હતો. તેના નફ્સ (મન) માં અભિમાન તથા અહંકાર આવી ગયો.

ઓચિંતા બાદશાહે અવામીર તથા નવાહીથી ઉલં-ઘન કરવા પર અને બીજા અપરાધોના વહેવાર ઉપર પૂછપરછ કરી અને પરિણામે તેને તંગ તથા તિમિર કેદખાનામાં બંદીવાન કરી દીધો. અને તેની કેદના સમયમાં વૃદ્ધિ કરી દીધી. પછી તેની ઝિલ્લત તથા બરબાદી અને મોહતાજી સ્થાયી હેસિયત ધારણ કરી લે છે. તેના અભિમાન-અહંકાર અને ઘમંડની કેફીયતો નષ્ટ થઈ જાય છે. તે ભગ્ન હૃદય થઈ જાય છે. તેની નફ્સની વાંછનાઓની આગ ઠંડી થઈ જાય છે. બાદશાહ આ સઘળી હાલતોને જાણે છે પછી તે તેના ઉપર કૃપા તથા દયાની કૃપા દષ્ટિ કરવા, તેને કેદખાનામાંથી કાઢવા, તેની

સાથે ઉપકાર કરવા, તેને પોષાક અતા કરવાનો આદેશ આપે, તેને અગાઉ કરતાં અધિક પ્રદેશનું શાસન અતા કરે અને આ સઘળું પાક–સાફ થઇને તેને કાયમી રીતે મળી જાય અને પછી પાછું ન લેવામાં આવે.

બિલ્કુલ એજ હાલત એક મોમિનની છે. અલ્લાહ જ્યારે તેને પોતાનો નિકટસ્થ અને શ્રેષ્ઠ બંદો બનાવી લે છે તો તેના દિલની દૃષ્ટિમાં રહેમતે ખુદાવંદી અને અહેસાન તથા ઈનામના દરવાજા ઉઘડી જાય છે. તે એવી ચીજોનું અવલોકન કરે છે જેને કોઈ આંખ નિહાળી શકતી નથી, કોઇ કાન સાંભળી શકતા નથી, અને કોઈ માનવી તેના વિષે એ કલ્પના પણ કરી શકતો નથી કે. આ માનવી ગૈબની વસ્તુઓ અને ધરતી તથા આકાશના ફરિશ્તાઓને નિરખે છે અને તેને ખુદાની નિકટતાની તે મંઝિલો (સ્થાન) પ્રાપ્ત છે કે તેને સ્વાદિષ્ટ તથા કોમળ કલામ, સુંદર વાયદા, મહબૂબીયત (પ્રિયતા), દુઆનો સ્વીકાર, હિકમતના શબ્દો અને વચન પાલન અને આ પ્રકારની નેઅમતોથી નવાઝવામાં આવ્યો છે. આ વસ્તુઓ પછીના સ્થાનથી તેના દિલના માર્ગે તેની જીભ પર લાવવામાં આવે છે અને કેવળ એ જ નેઅમતો નહી. તે સિવાય પણ તમામ એવી નેઅમતો તેને પ્રદાન કરવામાં આવે જે તેના શરીર અને અવયવો, તેના ખાવા–પીવા, પહેરવા, નિકાહ, હલાલ તથા ઉચિત અને સીમાઓના રક્ષણના હવાલાથી જાહેર (પ્રગટ) થતી રહે છે.

એ જ હાલત એ મજઝૂબ પર લાંબા સમય સુધી

રહે છે. ત્યાં સુધી કે તે અભિમાની થઇને એ ગેરસમજમાં સપડાઈ જાય છે કે આ હાલત સર્વદા કાયમ રહેવાવાળી છે. ત્યાં સુધી કે અલ્લાહ તઆલા તેના પર રંજ તથા દુઃખ અને મુસીબતોના દરવાજા ખોલી દે છે. તે જાની તથા માલી નુકસાન અને ઘરવાળાઓ તરફથી જાતજાતની તકલીફોમાં ગ્રસ્ત થઈ જાય છે. પછી તે પોતાની આ તબાહ હાલતને જોતાં તો તેને બહુ જ ખરાબ મહેસૂસ કરે છે. અને પોતાના દિલની બાતિની હાલત તેને વધુ ગમગીન અને ઉદાસ કરી દે છે.

પછી જો તે આ મુસીબતો તથા દુઃખોને નષ્ટ કરવાની દુઆ કરે છે તો તેનો પણ સ્વીકાર કરવામાં આવતો નથી. જો અલ્લાહથી તેના વાયદાની માંગણી કરે છે તે પણ પૂર્ણ થતી નથી. જો તેનાથી કોઈ વસ્તુનો વાયદો કરવામાં આવ્યો હતો તો તેના પૂર્ણ થવાનો માર્ગ પણ દેખાતો નથી. કોઈ સ્વપ્ન જુએ છે તો તેની તઅબીર તથા પુષ્ટિ દ્વારા સફળતા પ્રાપ્ત થતી નથી. જો મખલુક તરફ પાછા ફરવાનો ઈરાદો કરે છે તો તેનો પણ કાંઈ રસ્તો મળતો નથી. જો એવામાં તે દઢતાના બદલે ભાગી છુટવા પર અમલ કરી લે છે તો અઝાબ તથા સઝા તેના ઉપર અગ્રેસરતા કરે છે. અને લોકોના હાથ તથા જીભો તેની ઈઝઝત તથા આબરૂ તરફ આગળ વધે છે. જો તે પોતાની આ હાલતથી પ્રથમવાળી શ્રેષ્ઠતા અને નિકટતાની હાલત તરફ જવા ઇચ્છે છે તો તે ઇચ્છા

પણ પૂરી થતી નથી અને જો વર્તમાન તકલીફ અને બલાની હાલતમાં રાજી અને ખુશ રહીને તેનાથી જ પ્રસન્ન થવાની ઇચ્છા કરે છે તો તેમાં પણ સફળ થતો નથી.

એવામાં આજિજી (વિનમ્રતા) અને અસહાયતાના કારણે તેનો નફસ પીગળવા લાગે છે. મનેચ્છાઓ નષ્ટ થવા લાગે છે. આરઝુઓ અને ઇરાદા નષ્ટ થવા લાગે છે અને વ્યક્તિઓ નાબુદ (વિનષ્ટ) થઇ જાય છે આ હાલત એવી જ રીતે રહે છે બલ્કે તંગીમાં અધિક તિવ્રતા અને વધારો થઈ જશે, આ જગતમાં જ્યારે તેના માનવીય અખલાક (વર્તન) અને માનવીય ગુણો નષ્ટ થઇને કેવળ રૂહ (આત્મા) બાકી રહે જસે તો પોતાના બાતિન (અંતરાત્મા)માં તે અવાજને સાંભળશે જે હઝરત અય્યુબ અલયહિસ્સલામને સંભળાયો હતો કે "પોતાના પગને જમીન પર ઠોકો, નહાવા-પીવાનું રૂચિકર શીતળ પાણી પામશો."

તે પછી ખુદાવંદ કરીમ તે મોમિનના દિલમાં પોતાની કરૂણા તથા રહેમત અને કૃપા તથા એહસાન દ્વારા તેની રૂહને નવજીવન પ્રદાન કરી દેશે અને પોતાની મઅરેફતની ખુશ્બુ અને પોતાના ઇલ્મો-જ્ઞાનના રહસ્યોની જીવન બક્ષનાર હવાઓ ચલાવશે અને તેના પર પોતાની

રહમતો અને નેઅમતોના દરવાઝા ખોલી દેશે. પછી આમ જનતાને તેની પ્રત્યે એ હદ સુધી આકૃષ્ઠ કરી દેશે કે તેઓ પોતાની દોલત તથા માલ ખર્ચ કરીને તેની ખિદમત-સેવા કરશે. બાદશાહ અને તના વઝીરો પણ તેના આગળ નતમસ્તક થશે. અને લોકોની જીભે દરેક સ્થળે તેની પ્રશંસા થશે તેનો પવિત્ર ઉલ્લેખ થશે. અને લોકોના પગ તેની પાસે આવવા માટે વ્યાકુળ થશે. ત્યાં સુધી કે તેને બાહ્ય તરબીયત તો મખલુક દ્વારા કરાવવામાં આવશે. અને બાતિની (આંતરિક) તરબીયત (પ્રશિક્ષણ) ખુદાવંદે કરીમ પોતાની કૃપાથી પોતે કરશે.

જ્યારે તેને આ સ્થાન પર નિરંતરતા પ્રાપ્ત થઈ જાય તો તેને એ મરતબો (પદવી) પ્રદાન કરવામાં આવશે જે ન કોઇએ નીહાળ્યો ન સાંભળ્યો અને ન કોઈના દિલમાં તેની અજમત (મહાનતા)નો એહસાસ સમાઈ શકે છે. જેવું કે અલ્લાહ તબારક વ તઆલાએ ખુદ ફરમાવ્યું "કોઈને એ વાતની ખબર નથી કે તેના આ'માલ (કર્મો) ની જઝા (ફળ)ની રીતે તેની આંખોની ઠંડક માટે કયી વસ્તુ ગુપ્ત રાખવામાં આવી છે."

## તંગી તથા સંપન્નતા

હઝરત મહીયુદ્દીન જીલાની રહમતુલ્લાહ અલૈહએ ફરમાવ્યું:-"નફસ (મન)ની બેજ હાલતો છે. ત્રીજી નથી, એક આફિયત (કુશળતા)ની હાલત છે, બીજી બલા તથા

તકલીફની છે. જ્યારે નફસ બલા (વિપતિ)ની હાલતમાં હોય છે તો ગભરાઇ જાય છે, શિકાયત કરે છે, આક્ષેપ કરે છે અને ખુદા પર મિથ્યારોપણ કરે છે. સબ્ર અને રઝા તથા અનુકુળતાથી કામ લેતો નથી બલ્કે ઝાહિરી કારણોની શોધમાં ખુદાની બે અદબીનો વહેવાર કરીને કુફ્ર કરે છે. પરંતુ જેવીજ શાન્તિ તથા ક્ષેમ કુશળતા પામે છે તો સરકશી કરતાં આસ્વાદ તથા વિલાસમાં લીન થઈ જાય છે. અને એક ઈચ્છાની પૂર્ણતા પછી બીજીની તમન્ના કરવા લાગે છે. ખાવા–પીવા, લિબાસ, નિકાહ, મકાન (બંગલા) સવારી (વાહનો) કોઈ પ્રકારની નેઅમતો જે તેને ઉપલબ્ધ હોય તેને તુચ્છ સમજે છે. તેમાં ખામીઓ કાઢીને તેના કરતાં ચઢિયાતી નેઅમતોની ઇચ્છા કરવા લાગે છે. અને જે વસ્તુ તેના ભાગ્યમાં હોતી નથી, ઈચ્છે છે કે જેમને તે વસ્તુઓ પ્રાપ્ત છે તેમની પાસેથી છીનવાઈ જાય અને પોતાના મુકદ્દર (પ્રારબ્ધ)ની વસ્તુથી મુખ ફેરવી લે છે.

આવી રીતે માનવી પોતાના નફસને બહુજ વિટંબણામાં નાંખી દે છે અને જે વસ્તુ તેની પાસે છે, તેની કિસ્મતમાં છે, તેના પર રઝામંદ થતો નથી તેના કારણે જ્યારે તે મુસીબતમાં ગ્રસ્ત થઈ જાય છે તો તે મુસીબતથી મુક્તિ પ્રાપ્ત કરવા સિવાય બીજી ઈચ્છા કરતો નથી, અને તમામ–સઘળી વર્તમાન લિજ્જતો ને ભુલી જાય છે અને તે પૈકી કોઇ વસ્તુને ઇચ્છતો નથી, પછી જ્યારે નફસને

આ બલાથી મુક્તિ આપી દેવામાં આવે છે તો તે ફરીથી એજ સરકશી (અવજ્ઞા) અને અયશ તથા ઘમંડમાં તલ્લીન થઈને ખુદાની તાબેદારીથી ફરી જાય છે અને ગુનાહોમાં એવી રીતે ગિરફતાર થઇ જાય છે કે સઘળી પાછલી મુસીબતોને ભુલી જાય છે.

એવી પરિસ્થિતિમાં તેને પ્રથમ કરતાં પણ અધિક સખત તકલીફો અને મુસીબતોમાં સપડાવી દેવામાં આવે છે અને આ એટલા માટે કે તેને તેની અવજ્ઞા અને ગુનાહોની સઝા મળે કે જેથી ભવિષ્યમાં તે ગુનાહોના વહેવારથી પરહેઝ કરે. કેમકે ક્ષેમ કુશળતા તથા નેઅમ-તથી તેણે નફસની સુધારણા કરી ન હતી એટલા માટે તેનું રક્ષણ મુસીબતો અને બલાઓથીજ શક્ય છે. હવે જો તેણે આ બલાઓની સમાપ્તિ સુધી સદાચાર અપનાવી પોતાની કિસ્મત પર સંતોષ માન્યો અને તાબેદારી અને અલ્લાહની રઝા પર કાર્યરત થઈ ગયો તો તેને દીન-દુનિયાની ભલાઈ પ્રાપ્ત થશે. તેના માટે નેઅમતોમાં વધારો કરી દેવામાં આવશે. તે ખુદાની રિઝા તથા તૌફીક અને પસન્નતાની અધિકાર યાચના પ્રાપ્ત કરી લેશે.

માટે જે શખ્સ દુનિયા તથા આખેરતમાં સલામતી ઇચ્છે તેણે સબ્ર તથા રિઝાથી કામ લેવું જોઇએ. તે મખલુકથી શિકવા શિકાયતના બદલે પોતાની આવશ્યકતા-ઓને પોતાના ખાલિક-માલિકના સુપ્રદ કરી દે અને તેની

તાબેદારી તથા અનુસરણમાં મશગુલ થઈને તેની કૃપાની પ્રતીક્ષામાં રહે. ખુદા સિવાય કોઈ બીજી બાજુએ શિકવો કરવાના બદલે તેના માટે એજ બહેતર છે. અને સઘળી વસ્તુઓથી મેહરૂમ રહેવું વાસ્તવમાં તેના માટે ખુદાની અતા તથા બક્ષીશનું ઘોતક છે અને જો નેઅમતો પ્રાપ્ત થઈ તો જાણે તેના માટે સજા છે. મુસીબતો અને બલાઓનું ઉતરાણુ નફસનો ઈલાજ છે. અને ખુદાનો વાયદો નકદ છે. તેનું ફરમાન ફએલ અને તેની મશીય્યત (ઈચ્છા) હાલત છે. તે જ્યારે કોઈ વસ્તુનો ઈરાદો કરે છે તો તે "કુન" ફરમાવે છે, પછી "ફયકુન" તે વસ્તુ થઈ જાય છે.

તમામ ખુદાઈ કાર્યો હસન અને હિકમત તથા મસલેહત પર આધારિત હોય છે. પરંતુ તે પોતાના બંદાઓથી તે મસલેહતો અને હિકમતોને ગુપ્ત રાખે છે અને તેમાં તે એકાંકી છે. એટલા માટે બંદાએ રિઝા તથા તસ્લીમની મંઝિલમાં તેની ઇબાદતમાં લાગી રહેવું જોઈએ. જે કામોથી તેણે રોક્યા છે તે કામો ન કરે અને જે કામો કરવાનો હુકમ આપ્યો છે તેને કરે. કઝા તથા કદર (ભાગ્ય)ની સામે માથું ઝુકાવી તેના પાલન-પોષણપણામાં દખલ કરે નહી. પોતાના સઘળા કામોમાં મૌન ધારણ કરે અને ખુદા પર હરગિઝ તોહમત ન લગાવે.

હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરેલ હદીસમાં છે કે તેમણે ફરમાવ્યું—"હું હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની પાછળ ઉંટણી પર સવાર

હતો. હુઝુરે અચાનક ફરમાવ્યું—" અય ગુલામ! તમો ખુદાની હિફાઝત કરો તે તમારી હિફાઝત (રક્ષણ) કરશે. અને જ્યારે તમો ખુદાના હુકુક (હક્કો)ના પાસદાર અને રક્ષક બની જશો તો તેને પોતાની સામે પામશો."

આથી જરૂરી છે કે ખુદા સિવાઈ કોઈથી કાંઈ ન માંગો અને ન કોઈથી મદદ માંગો. એટલા માટે કે જે હાલાત (પરિસ્થિતી) આવવાના છે તે તો કલમે લખી દીધા છે અને જો કોઈ શખ્સ કઝા તથા કદરના ફેસલાઓ વિરૂધ્ધ તમોને લાભ પહોંચાડવાની ઇચ્છા ધરાવે છે તો તેના ઉપર કુદરત (શક્તિ) પ્રાપ્ત થઈ શકતી નથી એટલા માટે યોગ્યતા અનુસાર ખુદાના એહકામો પર સાચા દિલથી અને દ્રઢ યકીનથી અમલ કરો અને જો તમને એમની ક્ષમતા નથી તો મજબુરન સબ્ર કરવામાંજ બહેતરી છે.

એ પણ સમજી લેવું જોઈએ સબ્ર અને નુસરત (સહાયતા)માં ઉંડો સંબંધ છે અને તકલીફો અને સમ્પન્નતામાં સંપર્ક છે કેમકે દરેક તંગી પછી ફરાખી (સંપન્નતા) પ્રાપ્ત થાય છે. જેથી મોમિને આ હદીસ મુબારકને પોતાના દિલમાં સમાવી લેવી જોઈએ અને પોતાના સઘળા કાર્યો (હલન-ચલન)માં તેનાજ ઉપર અમલ કરે. એવીજ રીતે દુનિયા તથા ઉકબા (આલોક તથા પરલોક)માં સલામતી અને ઈઝઝત તથા

રહેમત સાથે રહેવું શક્ય છે. ખુદા આ કિતાબના વાંચકોને પણ તંગી અને ફરાખીમાં સબ્રો રઝાની તૌફીક અતા કરે.

## અલ્લાહ સિવાયનાઓથી માંગવું.

પીરાન પીર હઝરત અબ્દુલ કાદિર જીલાની રહમતુલ્લાહ અલૈહે ફરમાવ્યું :—

"મખલુક (લોકો)થી એજ માણસ સવાલ કરે છે (માંગે છે) જે ખુદાને જાણતો ન હોય અને તેના ઈમાન, યકીન અને ઇરફાનમાં કમજોરી હોય અને તેને સબ્રની દોલત પ્રાપ્ત ન હોય. અને અને ગૈરૂલ્લાહથી માંગવાથી એજ માણસ સુરક્ષિત રહ્યો જેને ખુદા તઆલાની મઅરેફતનું ઈલ્મ (જ્ઞાન) પ્રાપ્ત છે અને તેનામાં ઇમાન તથા યકીનની શક્તિ ઉપસ્થિત છે અને તેને દરેક પળે મઅરેફતે હક્ક (ખુદાની મઅરેફત) પ્રાપ્ત છે અને તે અલ્લાહ તઆલાથી હયા (શર્મ) કરે છે."

## આરિફોની દુઆઓ કબુલ ન થવાનું કારણ

વાંચક મિત્રો! હઝરત ગૌષે પાક રહમતુલ્લાહ અલૈહે ફરમાવ્યું :—"અહલે માઅરફતની દુઆઓની કબૂલીયત (સ્વીકરણ) અને તેમનાથી કરવામાં આવેલ વાયદાઓની પૂર્તિ એટલા માટે થતી નથી કે ક્યાંક તેમના ઉપર ઉમ્મીદ ગાલીબ ન થઈ જાય કેમકે ઉમ્મીદ તથા ચિંતા દરેક હાલત અને દરેક સ્થળે ઉપસ્થિત છે. અને

આ ભય તથા આશા પક્ષીઓની બે પાંખોની જેમ છે કે તેનું ઉડ્ડયન બંને પાંખોના આભારી હોય છે. માટે આશા તથા નિરાશા વગર ઈમાનની પરિપૂર્ણતાં પણ શક્ય નથી અને હાલ તથા મકામ વગર કોઈ આદમી ઉન્નતીના સ્થાને પહોંચી શકતો નથી. હર હાલત અને હર મકામ અનુસાર આશા-નિરાશા જરૂરી છે અને આરિફ ખુદાની નિકટતાનો વાહક હોય છે એટલા માટે તેનો હાલ તથા મુકામ એ છે કે તે ખુદા સિવાય કોઈ બાજુએ આકૃષ્ટ ન થાય, ન કોઈ બીજાથી આરામ તથા શાન્તિ લે, ન કોઈ બીજાથી પ્રેમ કરે. જો આરિફ પોતાની દુઆની સ્વીકૃતી ઈચ્છે છે અને ખુદાવંદતઆલાથી વાયદા વફા થવું તલબ કરે છે તો તે તેના મસનદ (પદ) કરતાં ન્યુનતમ છે અને તેના માટે શોભાસ્પદ નથી.

દુઆની મકબુલીયત (સ્વીકૃતી) અને વાયદાની પૂર્તિ ન કરવાના બે કારણો છે, એક એકે આશાનો ગલબો ન થાય અને પોતાના પરવરદિગારની ગુપ્ત તદબીરોનું ઘમંડ ગાલિબ થઈને તે અદબ જાળવવાથી ગફલત ન કરી બેસે, કેમકે આ હલાકત (વિનાશ)ના કારણ રૂપ થઇ શકે છે. બીજું કારણ એ છે કે તેની ઈચ્છા તથા માંગણી પોતાના રબ્બે કરીમ સાથે કોઈ બીજી વસ્તુને શરીક-ભાગીદાર ઠેરવવા માટેની સમાનાર્થ છે. એટલા માટે કે અંબિયાએ કિરામ અલયહિમુસ્સલામ વગર દુનિયામાં ઝાહિરન (ઉઘાડી રીતે) કોઈ માસૂમ નથી.

માટે અલ્લાહતઆલા તેની દુઆ કુબુલ કરતો નથી અને વાયદાની પૂર્તિ કરતો નથી. કે જેથી તે સ્વભાવતઃ માંગણી કરવાનો આદી (આદતવાળો) ન થઈ જાય કેમકે તેમાં શિર્ક છે અને શિર્ક ખફી સઘળા અહવાલ તથા મકામાતમાં કદમે-કદમે ઉપસ્થિત છે. અલબત્તા જ્યારે સવાલ (માંગવું) હુકમના પાલનમાં હોય તો તે હકકની નિકટતાને અધિક પાકું કરે છે. જેવી રીતે નમાઝ, રોઝા, અને બીજી ફર્ઝો તથા નવાફિલ અલ્લાહની નિકટતાને મજબુત કરે છે. એટલા માટે કે હુકમ હોવાના કારણે સવાલ કરવું (માંગવું) મઅરફતવાળાઓ માટે આજ્ઞા-પાલનની હેસિયત ધરાવે છે.

## નેઅમતો દ્વારા પરીક્ષા

પ્રિય વાચકો ! હઝરત ગૌષે આઝમ રહમતુલ્લાહ અલૈહએ ફરમાવ્યું—"જાણી લોકે લોકો બે પ્રકારના હોય છે, એક તે જેમને નેઅમતો અતા કરવામાં આવી છે, બીજા તે જેમને ખુદાના હુકમથી કષ્ટોમાં ગ્રસ્ત કરવામાં આવ્યા છે. પરંતુ જે લોકો પર નેઅમતો (કૃપાઓ)ની અધિકતા થાય છે તેઓ ગુનાહ અને મલિનતાઓથી ખાલી હોતા નથી અને તેઓ આ નેઅમતોથી બહુજ સુખ સમૃદ્ધિની હાલતમાં હોય છે કે એકાએક-ઓચિંતા તકદીરે ખુદાવંદી તેમના પર જાતજાતની મુસીબતો, બલાઓ અને બીમારીઓ પૈકી એવી વસ્તુને લઈ આવે છે. જેના કારણે મલીનતાનું આધિપત્ય થઈ જાય છે અને તેમના જાનો

માલ અને અહલો અયાલ પરેશાનીઓમાં ગ્રસ્ત થઇ જાય છે તેના કારણે તેમની ઝિંદગી એટલી હદે નિરશ થઈ જાય છે કે જાણે તેમને ક્યારેય નેઅમતો મળી જ ન હતી. પછી તેઓ નેઅમતોને અને તેમના માધુર્ય ને ભુલી જાય છે.

અને જો તેઓ માલ, ઠાઠ માઠ, દાસીઓ, ગુલામો (નોકર ચાકરો) સાથે વૈભવશાળી હોય છે અને શત્રુઓથી સુરક્ષિત રહે છે અને નેઅમતોની હાલતમાં એવી રીતે મગન છે કે મુસીબતો તથા કષ્ટોને મહસૂસજ કરતા નથી અથવા બલાની હાલતમાં એવી રીતે નિરાશ છે કે નેઅમતના અસ્તિત્વને મહેસૂસ કરતા નથી તો આ સ્વરૂપો ખુદાવંદ કરીમથી બે ખબરી અને દુનિયાની મહોબ્બતની દલીલ છે. જો તેઓ એ જાણતા કે અલ્લાહતઆલા જે વસ્તુનો ઇરાદો કરે છે, તેને કરી દે છે. અને એક હાલત માંથી બીજી હાલતમાં પરિવર્તિત કરવું અથવા એક સ્થાનથી બીજા સ્થાને લઈ જવું, તવંગરી અને દુર્દશા, બુલંદી અને પસ્તી, ઇઝઝત તથા ઝિલ્લત, જિંદગી અને મોત, અગ્રેસરત તથા વિલંબ સઘળું જ તેના હાથમાં છે. તો વર્તમાન નેઅમતો પર ક્યારેય અસંતોષ અને અભિમાન ન કરતા અને મુસીબતો અને બલાઓની હાલતમાં ક્યારેય ખુશહાલી અને આરામથી નિરાશ ન થતા.

તેમની આસ્થિતી એ કારણે પણ છે કે તેઓ દુનિયાની હકીકતને સમજતા નથી, દુનિયાની હકીકત એ છે

કે તે બલાઓનું ઘર છે. જે કટુતાઓ, જહાલત, તકલીફો અને મલિનતાઓનું સ્થળ છે. દુનિયાની અસલ (તથ્ય) મુસીબતો તથા બલાઓ છે અને નેઅમતો તેના અસલ (સાર)ની વિરૂધ્ધ છે, આથી દુનિયા કડવા ફળ જેવી છે. તેનું ફળ તો કડવું છે પરંતુ અસર સારી છે. કોઈ માણસ તેના સ્વાદને ત્યાં સુધી પામી શકતો નથી જ્યાં સુધી તેની કડવાશને ખાઇ ન લે. કોઈ શખ્સ શહેદ (મધ) ને હરગિજ પામી શકતો નથી જ્યાં સુધી બલાઓનું ઝહરેલું પાણી ન પીએ. માટે જેણે દુનિયાની બલાઓ પર સબ્ર કર્યું, તેને દુનિયાની નેઅમતો પ્રાપ્ત થઇ. કેમકે જ્યાં સુધી મજુરનું લલાટ તર ન થાય, તેનું શરીર થાકી ન જાય, આત્મા ગમગીન અને દિલ તંગ ન થાય, તેની શક્તિ નષ્ટ, પોતાના જેવી મખલુકની ખિદમત કરવા માટે નફસ જલીલ અને અહંકાર ખંડિત ન થાય. તેને મજુરી આપવામાં આવતી નથી. જ્યારે મજુર આ સઘળી કડવાશોને પીઇલે, એજ કટુતાઓ તેના માટે સારા ભોજન, સેવાઓ, લિબાસો અને રાહતોની ખુશ-ખબરી લાવે છે. ભલે થોડી જ હોય.

એજ હાલત દુનિયાની છે, તેની આરંભિક કટુતા પણ એવી જ રીતે છે જેવું મધથી ભરેલા પ્યાલાની કિનારી પર કડવાશ ચોંટેલી હોય અને મધ સુધી પહોંચવાના ઈચ્છુકે કડવાશમાંથી પસાર થવું જરૂરી હોય છે એવી જ રીતે જ્યારે બંદો અવામીર (એહકામો)ના પાલન અને નવાહી (નાજાઈઝ કાર્યો)થી વિમુખતા દ્વારા પોતાને

તકદીરના હવાલે કરી દે છે. અને સ્વીકાર માટે માથું નમાવી દેવા અને તે વસ્તુઓ માટે પોતાને હવાલે કરી દેવા સાથે સબ્ર ધારણ કરે છે. અને તે વસ્તુઓની કડવાશ પીવાની તકલીફ સહન કરી લે છે અને નફ્સ (મનેચ્છા) ની વિરૂધતામાં ઇચ્છાઓનો ત્યાગ કરી સબ્ર અપનાવે છે. તો અલ્લાહતઆલા તેના બદલામાં જિંદગીના અંતિમ ભાગમાં તેને બહેતર જિંદગી અતા કરે છે અને આરામ, ઇઝઝત અને નેઅમતથી નવાઝી બંદાનો વાલી બની જાય છે. અને દુનિયા તથા આખેતરમાં તેનું પાલન-પોષણ એવી રીતે કરે છે જેવું દુધ પીતા બાળકને દરેક તકલીફ અને કષ્ટથી બચાવી તેનું પાલન-પોષણ કરવામાં આવે છે. તેને દીનો દુનિયાની સઘળી નેઅમતો એવી રીતે આપવામાં આવે છે જેવી રીતે કિનારાની કડવાશોથી પસાર થઈને મધના ગ્લાસ સુધી પહોંચનારને સંતોષ પ્રાપ્ત થાય છે.

માટે જે બંદાને અધિક નેઅમતો અતા થાય તેણે ખુદાની ગુપ્ત તદબીરથી ડરવું જોઈએ અને તેની નેઅમતોને દાયમી (સર્વકાલિક) સમજીને તેના શુક્ર-આભારથી ગાફેલ થવું જોઈએ નહી. રસૂલેઅનામ અલયહિસ્સલાતો વસ્સલામનું ફરમાન છે કે :-"નેઅમત એક વહશી(જંગલી) જાનવર છે તેને શુક્રથી કેદ કરી લો." માટે માલી નેઅમતોની સ્વીકૃતિ શુક્ર દ્વારા કરતા રહેવું જોઇએ અને ખુદાવંદ કરીમના ફઝલોકરમ (કૃપા) પર નેઅમતની વાત

કરવું જરૂરી છે. આર્થિક નેઅમતો પર ઘમંડ કરવું ગલત-ખોટું છે અને તેને પ્રાપ્ત કર્યા પછી હદ-મર્યાદાથી આગળ વધવું જોઈએ નહી. અલ્લાહના એહકામનું પાલન કરતા તેના હકૂક (હક્કો) અદા કરવું આવશ્યક છે. અર્થાત ઝકાત આપવું, કફ્ફારો અદા કરવું, નઝર તથા સદકો કરવું, મઝલુમ (પીડિત)ની સહાયતા અને મોહતાજોની મદદમાં વ્યસ્ત રહેવું અને સખ્તીઓમાં હાજતમંદોની સહાયતા કરવું, આ અને આવા પ્રકારના બીજા કામ કરવામાં આવે. પોતાના અવયવોનો શુક્ર પણ અદા કરવો જોઈએ કેમકે ખુદાની ઇબાદત કરવા અને ગુનાહોથી બચવામાં તેમની મદદ પ્રાપ્ત થાય છે.

નેઅમતના વૃક્ષને શુક્ર (આભાર)ના પાણીથી તૃપ્ત કરતા તેની ડાળીઓ ફુટે, પાંદડા લાગે અને પછી સ્વાદિષ્ટ ફળો પ્રાપ્ત થાય. અંત સુધી વૃક્ષને સલામત રાખવું અને તેના ફળને ચાવવા અને ગળી જવાને આસાન અને સ્વાદિષ્ટ બનાવવું, ફળથી સુખ શાન્તિ તથા સંતોષ પ્રાપ્ત કરવું અને તેનાથી શરીરનો વિકાસ કરવું અને અવયવો પર તેની બરકત થવું અનિવાર્ય છે. આવી રીતે ઈતાઅત (આજ્ઞા પાલન), ઝિક્રોશુગલ અને ખુદાની રહમતોના સહારે બંદો જન્નતનો હકદાર બની જાય છે. અને ત્યાંના બગીચાઓમાં અંબિયા, સિદ્દીકીન, શોહદા અને સાલેહીન જેવા ઉત્તમ સાથીદારોના સહચર્યમાં સર્વદા-સર્વદા માટે રહેવું તેનું મુકદ્દર બની જાય છે.

પરંતુ જો તમો શુક્ર કરશો નહી બલ્કે દુનિયાની જાહેરી (બાહ્ય) શોભા પર મોહિત થઇને તેના સ્વાદથી સંતુષ્ઠ થઈ જશો તો જાણે શરાબના શિકાર થઈ જશો (સપડાઇ જશો) દુનિયાની ફાની (નાસવંત) ચમક અથવા તેની નિદ્રા લાવનાર હવાઓ અને સર્પ–વિછુઓની ખાલ (ચામડા)ની નરમી અને ચિકાશથી પ્રભાવિત થઈ ગયા અને તેમની અંદર જે ખરાબીઓ છે અને જે ઝેર છુપાએલું છે તેનાથી ગાફેલ રહયા અને દુનિયાના આ ફંદાઓથી આંખો બંધ રાખી જે તાલિબે દુનિયા (માયાવાંચ્છુ)ને પકડવા, કેદ કરવા અને હલાક કરવા માટે લગાવવામાં આવ્યા છે તો જાંણે ઉચ્ચતાથી ઉંડાઈમાં પડી જશો અને ઝિલ્લત તથા ખુવારી સાથે હલાકત અને મોહતાજી અને દોઝખની ભડકતી આગ તમારા માટે લખાઇ ગઈ છે.

પરંતુ વિપત્તિ અને મુસીબતોની પકડના પણ કેટલાએ સ્વરૂપો છે. કયારેક તો અપરાધોની સઝાની રીતે મુસીબતોમાં ગિરફતાર કરવામાં આવે છે. કયારેક ગુનાહો અને અપરાધોને નષ્ટ કરવા માટે કફફારાની રીતે એવું થાય છે. અને કયારેક ઉચ્ચ દરજાઓ અને મરતબાઓની સર્વોપરિતા સુધી પહોંચાડવા માટે વિપતિમાં સપડાવી દેવામાં આવે છે. કે જેથી આવી રીતે તે જ્ઞાનના અહેવાલથી જાંણકારી થઈ જાય જેના પર ખુદાતઆલાએ કૃપા કરી છે. અને મુસીબતો તથા કષ્ટો અને બલાઓના રણ પ્રદેશોમાં પોતાના લુત્ફ તથા અતાની સવારી પર

પસાર કર્યો. અને તેમના હલન-ચલન તથા નિવાસમાં પોતાના કૃપા દષ્ટિની શીતળ હવાઓથી સંતોષની કેફીયત ઉતપન્ન કરી દીધી. તેમને વિપત્તિમાં નાંખી હલાક કરવું હેતું ન હતો. ન તેમને જહન્નમની ઉંડાઇઓના ભેટ કરવું ધ્યેય હતો. તેનાથી ઉલટું આ સઘળું તેમને પ્રતિષ્ઠિત બનાવવા અને ઉચ્ચ મરતબાઓ તથા પદવીઓ પર પ્રસ્થાપિત કરવા માટે કરવામાં આવ્યું કે જેથી તેઓ મુસીબતોના સમુદ્રોથી ઈમાનની હકીકતના મોતી પામી શકે. તેઓ શિર્કો નિફાકથી પાક થઈ જાય અને બલાઓ દ્વારા જાત જાતના ગૈબી રહસ્યો તથા ઉલૂમથી તેમની સજાવટ તથા શૃંગાર થાય.

આવી રીતે જ્યારે આ લોકો જાહિરી અને બાતિની રીતે ઈખ્લાસના વાહક થઈ જાય છે તો તેમને મખસૂસ (ખાસ) લોકો અને બરગુઝીદહ બંદાઓ અને મુખલિસો તથા વિશિષ્ટ લોકોમાં શામેલ કરીને તેમને પોતાના મર્મો-ભેદોના વાહક બનાવી પોતાની ખાસ નિકટતા માટે વિશિષ્ટ કરી લેવામાં આવે છે. સાહબે કુર્આન (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)નો ઇરશાદ છે :—"સાબિર (સબ્ર કરનાર) હરવેશ હશ્રના દિવસે ખુદાના સહચર હશે." બલાઓ (વિપતિઓ) તેમના દિલોને શિર્કના મેલથી અને મખ-લુક અને અસબાબો અને આરઝુઓ અને ઇરાદાઓના સંબંધ પાક કરે છે. બલાઓ અને મુસીબતો ઈબાદતોના બદલામાં અજર તથા સવાબની ઇચ્છાઓ અને આખેર-

તમાં દરજ્જાઓની બુલંદીની તમન્ના અને જન્નતુલ ફિરદોસની ચાહતને દિલોમાંથી લીન કરીને નષ્ટ કરી દે છે.

જે વિપત્તિઓ ગુનાહો તથા અપરાધોને મટાવવા માટે કફ્ફારા તરીકે હોય. તેમાં કોઈ શિકવા–શિકાયત વગર સબ્ર જમીલની દોલત પ્રાપ્ત થઇ જશે અને આ વિપતિઓમાં મિત્રો અને પડોશીઓ સમક્ષ શિકાયત ન કરવી જોઇએ, ન ગભરાટનું પ્રકટીકરણ્ી કરવામાં આવે અને અહેકામે ખુદાવંદી અને ઈતાઅત તથા ઈબાદતમાં પરેશાની ન થાય.

જે વિપતિ મરતબાઓની બુલંદી અને ઉચ્ચસ્થાનો પર પ્રસ્થાપિત કરવા માટે હોય તેની ઓળખ એ છે કે ખુદાવંદ તઆલાના ફઅલ અને ઈરાદા પર રઝા તથા સહમતિ જોવામાં આવે. નફસને ખુદાના ઝિક્રમાં કરાર (શાન્તિ) મળે અને તેના ફઅલ અને ઈરાદામાં આરામ પામે કેમકે તે જમીનો અને આસ્માનોનો પરવરદિગાર છે. બલાઓ દુર થઈ જવા સુધી જે પળો ગુજરે બંદાઓ આ દરમિયાનમાં બલાઓમાં ફના થઇ જવું જોઇએ.

## ઝિક્ર કરનાર અને સવાલ કરનાર

પ્રિય વાંચકો ! વિચાર કરો, હઝરત ગૌષે પાક રહમતુલ્લાહ અલૈહ ફરમાવે છે કે :–હુઝુર નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ હદીસે કુદસીમાં ફરમાવે છે.

"ખુદાતઆલાએ કહયું જે શખ્સે મારા ઝિક્રમાં વ્યસ્ત રહેવાના કારણે મારાથી સવાલ ન કર્યો (કાંઈ માંગ્યુ નહી) હું તેને સઘળા માંગનારાઓ કરતાં અધિક આપીશ." આ એટલા માટે ફરમાવવામાં આવ્યું કે જ્યારે અલ્લાહ તઆલા કોઇ ઇમાનશાળીને મકબુલ તથા બરગુઝીદહ બનાવવા ઇચ્છે છે તો તેને વિવિધ અહવાલોના માર્ગે ચલાવે છે. અને જાતજાતની બલા અને મુસીબત દ્વારા તેની પરીક્ષા લે છે. અને તેને વૈભવ તથા દોલત આપ્યા પછી ફરીથી ફિક્રો ફાકા (તંગદસ્તી)માં ગ્રસ્ત કરી દે છે અને તેના પર રોઝીના સઘળા માર્ગો બંદ કરીને એવી સ્થિતિ પૈદા કરી દે છે. કે તે મખલુક (લોકો) પાસે માંગવા માટે મજબુર થઈ જાય પછી તેના પર કસબ (ઉપાર્જન) ને પણ મુશ્કેલ કરી દે છે. તે પછી તેને ઇલ્હામ કરે છે કે લોકો પાસે માંગે, આ મકસદ માટે એવા બાતિની કાર્ય સાથે હુકમ કરે છે જેને તે જાણે ઓળખે છે. આ હુકમ બજાવી લાવવું તેના માટે ઇબાદતો અને તેને છોડી દેવું ગુનાહ બની જાય છે. અને આ સઘળું એટલા માટે કરવામાં આવે છે કે તેનો નફસ છિન્ન થઈ જાય આ રિયાઝતની એક હાલત છે, આ હાલતમાં તેનું સવાલ કરવું (માંગવું) અમ્ર અને જબરના કારણે થાય છે. ખુદાની સાથે શિર્કની રીતે નહી. પછી તેને માંગવાથી પણ સુરક્ષિત કરી લેવામાં આવે છે અને કરજ માંગવાનો

હુકમ આપવામાં આવે છે. અને આ હુકમ પણ પહેલાની જેમ નિશ્ચિત અને અનિવાર્ય હોય છે જેને છોડવું અશક્ય હોય છે. પછી તેને તેનાથી પણ હઠાવી દેવામાં આવે છે અને મખલુકથી હઠાવી કેવળ અલ્લાહથી જ માંગવા તરફ ફેરવી દેવામાં આવે છે અને તે પોતાની સઘળી જરૂરતો ખુદાથીજ માંગવા લાગે છે, જે તેને અતા કરી દેવામાં આવે છે પરંતુ જો તે માંગવાથી વિમુખતા તથા વિરક્તિ કરે અને ચુપ રહે તો તેને આપવામાં આવતું નથી.

તે પછી તેને જીભથી માંગણી કરવાના બદલે દિલથી માંગવા તરફ ફેરવી દેવામાં આવે છે અને તે દિલમાં પોતાની દરેક હાજત તલબ કરે છે અને તેને આપી દેવામાં આવે છે પરંતુ જો જીભથી માંગે અથવા મખલૂકથી તલબ કરે તો તેને આપવામાં આવતી નથી. પછી તેને સઘળા જાહિરી અને બાતિની તરીકાઓથી માંગવાથી બચાવી લેવામાં આવે છે, તે પછી વગર માંગે અને વગર સવાલ કર્યે વગર તેના દખલના અને વગર તેના દિલમાં ખતરો આવે. તેને ખાવા-પીવા અને પહેરવા અને ઇન્સાની જિંદગી માટે સઘળી જરૂરી વસ્તુઓ તેને આપવામાં આવે છે જે તેની હાલતને ઉત્તમ બનાવે અને તેના કામોને ઠીક કરી દે. તે સમયે તેનો વાલી તથા મૌલા ખુદા બની જાય છે. જેવું કે કુર્આન મજીદમાં કહેવામાં આવ્યું છે—"અયનબી (સલ્લલ્લાહો અલયહે

વસલ્લમ) ફરમાવી દો, બેશક મારો વાલી અલ્લાહ છે, જેણે કુર્આન નાઝિલ કર્યો અને તે સાલેહીન (સદાચારીઓ)નો વાલી છે." તે વેળા તે હદીસે કુદસી પણ પ્રમાણિત થઇ જાય છે જે લેખના આરંભમાં બયાન કરવામાં આવી છે.

આ તે હાલતે ફના છે જે ઔલિયા તથા અબ્દાલુના હાલની પરાકાષ્ટા છે. પછી કયારેક તેને વસ્તુઓની ઉત્પતિની શકિત આપવામાં આવે છે. સઘળી વસ્તુઓ અલ્લાહના ઈઝનથી પૈદા થાય છે. અર્થાત તેના શબ્દ "કુન"થી પૈદા થાય છે અને અલ્લાહે પોતાની કેટલીક કિતાબોમાં ફરમાવ્યું છે—"અય બની આદમ ! હું અલ્લાહ છું, મારા સિવાય કોઈ મઅબુદ (પૂજ્ય) નથી. હું જે વસ્તુને કહી દઉં છું કે "કુન" (થઈજા) તે થઈ જાય છે મારી ફરમાબરદારી કરીને અને મારામાં ફના થઇને તમો પણ જે વસ્તુને કહેશો "થઈજા" તે થઇ જશે.

## કુર્બે ખુદાવંદી કેવી રીતે પ્રાપ્ત થાય

વાંચક બંધુઓ ! વિચાર કરો ! હઝરત ગૌષે આઝમ રહમતુલ્લાહ અલૈહ ફરમાવે છે કે—સ્વપ્નમાં એક વૃદ્ધ પુરૂષે મને પૂછયું કે બંદો પોતાના રબ્બની નિકટતા કેવી રીતે પ્રાપ્ત કરી શકે છે, મેં જવાબ આપ્યો કે તે અમલનો આરંભ ઝુહદ તથા વરઅ (વૈરાગ્ય તથા સંયમ) અને તકવા (આત્મ નિગ્રહ) તથા પરહેઝગારી છે અને અંત રઝા તથા તસ્લીમ (સ્વીકૃતી તથા અંગીકાર) અને તવક્કુલ છે.

## ફરઝો તથા નિફલો

અડતાલીસ (૪૮)માં લેખમાં હઝરત ગૌષે આઝમ ફરમાવે છે-મોમીન માટે જરૂરી છે કે ફરાઈઝ (ફર્ઝો) અદા કરવામાં મશગુલ રહે, ફરાઈઝ પછી નવાફિલ તથા ફઝાઈલ અદા કરતો રહે પરંતુ ફરાઇઝ અદા કરતા પહેલા સુનન તથા નવાફિલમાં લીન રહેવું મુર્ખામી તથા ઘમંડ છે અને આવી રીતે સુન્નતો તેના નિફલોને સ્વીકરણનું સન્માન બખ્શવામાં આવતુ નથી બલ્કે એવું કરનારને ઝલીલ (તિરસ્કૃત) કરવામાં આવે છે. આ તો એવું છે કે કોઈને બાદશાહ પોતાની સેવા માટે નિયુક્ત કરે અને તે તેના બદલે તે અમીર (ઉમરાવ)ની સેવા પર તત્પર થઈ જાય જે ખુદ બાદશાહનો ગુલામ છે અને બાદશાહની શક્તિ તથા અધિકારના માતહત છે.

હઝરત અલી કર્રમલ્લાહો વજહહુથી રિવાયત છે કે હુઝુર અલયહિસ્સલાતો વસ્સલામે ફરમાવ્યું કે ફર્ઝોથી પહેલા નિફલો અદા કરવાવાળો તે ગર્ભવંતી સ્ત્રી જેવો છે જે બાળક પૈદા થવાના નિકટના સમયમાં ગર્ભપાત કરી નાખે એવી રીતે ન તે ગર્ભવતી થાય છે ને ઔલાદ વાળી એવી જ રીતે ફરઝો અદા કરવાથી પહેલા નિફલ પઢનારાની ઈબાદત ખુદાતઆલા કબુલ કરતો નથી. આતો એવું જ છે જેવું કોઈ વેપારી જ્યાં સુધી મુળ મુડી પ્રાપ્ત ન કરે તેને નફો પ્રાપ્ત થતો નથી.

સુન્નતને ત્યજીને નિફલમાં મશગુલ થઈ જવું પણ એવુંજ છે કે આવી રીતે ફરાઈઝની તરતીબ (ક્રમ) બાકી રહેતી નથી. નફ્લી ઇબાદત ફર્ઝની સાથે દાયમી માસુલની હેસિયત ધરાવે છે અને ન શારએ ઈસ્લામ અલય-હિસ્સલામે તેમને અદા કરવાની તાકીદ ફરમાવી છે. મુસલમાન પર ફરજ છે કે હરામ અને શિર્કથી સંપૂર્ણત વિમુખતા કરતાં કઝા તથા કદર (તકદીરે ઈલાહી) અને ખુદાના સર્જન પર એ'તરાઝ ન કરે, મખલુકની ઇતાઅત અને અનુસરણ ન કરે અને એહકામે ઇલાહીથી વિમુખ ન થાય. જેવું કે આકા હુઝુર સલ્લલ્લાહો અલયહે વસ-લ્લમનો ઇરશાદ છે–અલ્લાહતઆલાની ના ફરમાની કરતાં મખલુકની ઈતાઅત (અનુકરણ) જાઇઝ નથી.”

## નિંદ્રા અથવા જાગ્રતિ

વહાલા વાંચકો! “નિંદ્રા અથવા જાગ્રતિ”ના શિર્ષ-કથી હઝરત ગૌષે પાક રહમતુલ્લાહ અલેહ પોતાના આ લેખમાં ફરમાવે છે કે જે માનવી જાગ્રતિના બદલે નિંદ્રાને અપનાવે છે તે બહુજ દોષ યુક્ત અને તુચ્છ વસ્તુને પસંદ કરી રહ્યો છે અને કેમકે નિંદ્રા મૃત્યુની બહેન છે એટલા માટે જાણે તે શખ્સ પોતાની જરૂરતો અને મસલે હતોમાં મોત અને ગફલતનો ઈચ્છુક છે. એટલા માટેજ ખુદાતઆલા નિંદ્રાથી અતિરિક્ત છે કેમકે તે સઘળી ત્રુટી ઓથી પાક છે. ફરિશ્તાઓ પણ અલ્લાહની નિકટતાના કારણે નિંદ્રાથી વિમુક્ત છે. એજ હાલત જન્નતવાસી-

ઓની છે. કેમકે તેઓ જન્નત જેવા ઉચ્ચ સ્થાનના રહેવાવાળા છે અને તેમના નફ્સ પાકીઝા છે એટલા માટે તેમના ઉપર પણ નિંદ્રા ગાલિબ થતી નથી.

નિંદ્રા હરહાલતમાં નુકસાન કારક છે, સઘળી ભલાઇઓ જાગ્રતિમાં છે અને સઘળી બુરાઇઓ નિંદ્રામાં છે. માટે જે આદમી જરૂરત કરતાં અધિક ખાવા–પીવા અને નિંદ્રામાં વ્યસ્ત રહેતો હોય સઘળી . નેકીઓ અને અચ્છાઇઓ તેનાથી દુર થઈ જાય છે. અને જેણે નામ માત્રનો પણ હરામ માલ ખાઈ લીધો. જાંણે તેણે પોતાની ઈચ્છાની અસર હેઠળ બહુજ હલાલ ખાઇ લીધું. એટલા માટે કે હરામ તિમિરતાના પ્રકાશમાં લપેટી લે છે, જેવી રીતે શરાબ બુદ્ધીને તિમિરતાના ભેટ ચઢાવી દે છે. અને જ્યારે ઈમાનજ અંધકારમાં ગુમ થઇ જાય તો નમાઝ, ઇબાદત, ઇખ્લાસ સઘળું નિર્થક છે.

જે માનવી ખુદાઇઆદેશથી બહુ અધિક હલાલ ખાઇલે જાંણે તેણે ઈબાદત તથા શક્તિની ખુશીમાં બહુ જ થોડું ખાધુ કેમકે હલાલ નુરજ નુર છે અને હરામ સર્વાંગ તિમિરતા અને ખુદાઈ હુકમ વગર કેવળ પોતાની મનેચ્છાની અસર હેઠળ હલાલ ખાવામાં પણ કોઇ ખૈર (ભલાઈ) નથી અને હરામ વસ્તુ ખાવુ નિંદ્રામાં વધારાના કારણરૂપ થાય છે. એટલા માટે તેમાં કોઈ પ્રકારે પણ ભલાઇ નથી.

## કુર્બ તથા વસ્લેખુદાવંદી

આ પ્રકરણમાં હઝરત ગૌષુલ આઝમ રહમતુલ્લાહ અલૈહે ફરમાવ્યું :— તમારો મામલો બે હાલતોથી વસ્તુત ખાલી નથી. (૧) અલ્લાહતઆલાનું કુર્બ (નિકટતા) થશે નહી અથવા (૨) અલ્લાહનું કુર્બ અને વિસાલ (મિલન) થશે, જો તમો તેનાથી દુર છો તો નિકટતા પ્રાપ્ત કરવાની ઈચ્છામાં સુસ્તી અને આળસની કેફીયતમાં રહેવું દીન તથા દુનિયાની નેઅમત અને દાયમી ઈજ્જત, સલામતી અને તવંગરી, કિફાયત અને નફો અને મહેબુબીયતનો અધિક ભાગ પ્રાપ્ત કરવામાં પાછળ કેમ રહી જવું ! ઉઠો અને પોતાના બંને બાહુઓ સાથે ખુદાના કુર્બની મંઝિલ પામવા માટે ઝડપથી ઉડયન કરો. તમારો એક હાથ હરામ તથા હલાલ, સઘળા આસ્વાદો તથા વાસનાઓ અને દરેક પ્રકારના વૈભવોને તજી દેવું છે અને બીજો હાથ તકલીફો, મકરૂહો અને કષ્ટોને બરદાસ્ત કરવા, ફર્ઝોની અદાયગીમાં સખ્તીઓ સહન કરવા, મખલુક અને મનેચ્છાઓ અને દુનિયા તથા આખેરતના ઈરાદા અને આરઝુથી નીકળી જવાનું નામ છે.

એજ ઉડયનના કારણે તમને નિકટતા અને વિસાલ પ્રાપ્ત થઈ શકે છે અને એનાજ કારણે તમન્નાઓ પૂર્ણ થઇ શકે છે. પછી તમને મોટી કરામતો અને ઇજ્જત તથા અઝમત અતા થશે અને તમારી ખુદાના તે સુકર્રબીન તથા વાસેલીન (નિકટસ્થો તથા વિલીનો)માં ગણના

થવા લાગશે કે જેમના પર અલ્લાહની ઈનાયતો (કૃપાઓ) થઈ. અને જેમની સાથે સુવિધાઓ છે અને જેમને ખુદાની મહોબ્બતે ખેંચીને રહેમતોમાં છુપાવી લીધા.

આ હાલતમાં અદબને દ્રષ્ટિગત રાખો અને પોતાના હાલ પર એટલા અભિમાની ન થઈ જાવ કે ખિદમત અદા કરવામાં ત્રુટિ કરો, અભિમાન, જહાલત તથા ઝુલ્મ અને ઉતાવળનું મુળ છે. અલ્લાહતઆલાએ ફરમાવ્યું– "બેશક માનવપ્રકૃતિ ઝુલ્મ તથા જહાલત છે." એક બીજા સ્થળે ઈરશાદ છે કે :–માનવી બહુજ જલ્દબાજ (ઉતાવળીઓ) છે." એટલા માટે પોતાના દિલને ત્યજી દિધેલ વસ્તુઓ પર આકૃષ્ઠ ન થવા દો, અને મનેચ્છાઓ અને મખલુકથી બચતા રહી સબ્રો રઝા તથા અનુકુળતાને હરગિઝ છોડો નહિ અને જ્યારે તકલીફ અથવા મુસીબત આવે તો ખુદા તરફ એવી રીતે જુકી–નમી જાવ જેવું સવારની આગળ દડો કે તે જેવી રીતે ઇચ્છે ફેંકી શકે છે અથવા જેવી રીતે ગુસ્લ આપનારના હાથમાં મડદું અથવા માતાના ખોળામાં દુધ પીતું બાળક અને અલ્લાહ સિવાય બીજાથીએ યકીન સાથે આંખો બંધ કરી લો કે તેના સિવાય ન કોઇ નફો–નુકસાન પહોંચાડી શકે છે ન અતા તથા મનાનો મુખતાર છે, કષ્ટ અને તકલીફના મખલુકના હંગામા, અને દુનિયાના સબબો તથા વસીલાઓને ખુદાતઆલાનો ચાબુક–કોરડો સમજો જેનાથી તમને માર પડે છે અને નેઅમત તથા અતાના સમયે

એમ સમજીલો જાંણે ખુદાતઆલા તમને મખલુક તથા અસબાબથી એવી રીતે ખવડાવે છે જાંણે તે પોતે ખવડાવી રહ્યો હોય.

## ઝુહદ (સંયમ) નો સવાબ

હઝરત શૈખ અબ્દુલ કાદિર જીલાની રહમતુલ્લાહ અલૈહએ ફરમાવ્યું :–ઝાહિદને બે સવાબ મળે છે, પ્રથમ અસબાબના ત્યાગના કારણે કેમકે નફસની ઈચ્છાથી વિરકત થઈને કેવળ હુકમ–આજ્ઞાનો પાબંદ થઈ જાય છે અને જ્યારે નફસ (મન)થી તેની વિરોધતા અને દુશ્મની સાબિત થઇ જાય છે, તેને હકીકત તથા વિલાયતની મંઝિલ મળી જાય છે અને તેને અબ્દાલો અને આરિફોનું સ્થાન પ્રાપ્ત થઇ જાય છે અને તેને આજ્ઞા આપવામાં આવે છે કે જે કાંઈ તેની તકદીરમાં છે જે કેવળ તેના માટે જ ઉત્પન્ન કરવામાં આવ્યું છે અને કુદરતની લેખનીથી તેના માટે લખાઈ ગયું છે અને શાહી સુકાઇ ગઈ છે અને એવું પહેલાથી જ હતું. કેવળ તેનાથી જ સંબંધ રાખે.

ઝાહિદ જ્યારે આજ્ઞા પાલન કરતાં બાતિની ઉલુમ જાંણી લેતો તેને તેનો ભાગ આપી દેવામાં આવે છે, ભલે તેમાં તેની ઈચ્છા તથા તલબનું દખલ હોય કે ન હોય, કેવળ ભાગ્ય અને ખુદાના ફએલના કારણે એવું કરી દેવામાં આવે છે અને અલ્લાહના હુકમનું પાલન અને ફઅલે ખુદાવંદી પર રાઝી હોવાના કારણે તેને સવાબનો બીજો ભાગ પણ મળી જાય છે.

પરંતુ જો એ'તરાજ હોય કે જે શખ્સ અબ્દાલો અને આરિફોમાં ગુણના થાય અને મખલુક અને નફસની ઈચ્છા અને ઈરાદાથી છેટે થઈ જાય. લિઝઝત તથા આરઝુને ત્યજી દે અને ઈબાદતના બદલામાં અલ્લાહ તરફથી મળનાર બદલાનો ખ્યાલ છોડીદે અને દરેક નેઅ-મત અને રહેમતને અને દરેક તૌફીકને અલ્લાહ તરફથી ખ્યાલ કરતો હોય અને પોતાને ખુદાના ગુલામો પૈકી એક ગુલામ સમજવા લાગે અને જાણી લે કે ગુલામનો આકા (માલિક) પર કોઈ પ્રકારનો હક હોતો નથી અને ગુલામની દરેક હરકત અને દરેક ઉધમ કેવળ આકા માટેજ હોય છે. એવા શખ્સ પર તમો સવાબનો હુકમ કેવી રીતે લાગુ પાડી શકો છો. જ્યારે કે તે પોતે સવાબ માંગતો નથી, અને પોતાના આ'માલનો બદલો ઇચ્છતો નથી બલ્કે સમજે છે કે તે નાકારા (અયોગ્ય) છે અને આ'માલથી ખાલી છે.

આ એ'તરાઝ (આક્ષેપ)ના જવાબમાં આપણે કહીશું કે તમો ઠીક કહો છો, હકીકત એજ છે કે અલ્લાહ કરીમ કેવળ પોતાના ફઝલો કરમ (કૃપા)થીજ તેને સવાબ અતા કરે છે અને પોતાની નેઅમતોનું ઠેકાણું બતાવતાં પોતાની કૃપાઓ અને રહેમતથી તેની ટ્રેનિંગ કરે છે અને આ એટલા માટેજ છે કે તે પોતાના ઉદ્દેશ્યને છોડી ચુકયો છે. લિઝઝત તથા ફાયદાના વિચારથી અતિરિક્ત અને હાનિ તથા નુકસાનના નિવારણથી એવી રીતેજ સવો પરિ

છે કે જેવી રીતે દુધ પીતું બાળક પોતાની મસલેહતો માટે કાંઈ કરી શકતું નથી બલ્કે ખુદા તઆલાએ પોતાના ફઝલો કરમથી તેના માં-બાપને તેનું રિઝક (રોજી) પ્રદાન કરીને તેમને તેના ભરણુ-પોષણુના જવાબદાર બનાવી દે છે. IMP.

જ્યારે બંદો વ્યકિતગત મસલેહતોથી સાવ અતિ-રિક્ત થઇ જાય છે તો તેની તરફ ખુદાની મખલુકનું ધ્યાન દોરવામાં આવે છે અને લોકોના દિલોમાં તેના માટે રહેમત તથા મમતા ઉતપન્ન કરી દેવામાં આવી છે અને સઘળા લોકો તેની સાથે મહેરબાનીનો વર્તાવ કરવા લાગે છે અને આ પ્રદાનો તેના ઉપર એટલા માટે થાય છે કે તે ફઝલે ખુદાવંદી અને ઈરાદએ ઇલાહી સિવાય કોઇ બીજી તરફ ધ્યાનિત ન થાય અને દુનિયા તથા આખેરતમાં ખુદાની સાથે વાસિલ થાય. તેને દુનિયા તથા આખેરતમાં આવી પડનાર તકલીફોની જાંણકારી પણ આપી દેવામાં આવે છે. ખુદાતઆલાએ ફરમાવ્યું— "યકીનન અલ્લાહ જ વલી છે જેણે કુર્આન નાઝિલ કર્યું, IMP. અને એજ સાલેહીન (સદાચારીઓ)નો મુતવલ્લી છે."

**વિલાયત શાળીઓ તથા મઅરફતશાળીઓની વિપત્તિ.**

પ્રિય વાંચકો ! વિચાર કરો, પીરાને પીરે ફરમાવ્યું છે કે :—"ઈમાન વાળાઓના એક ગિરોહ (વર્ગ)ને જે અલ્લાહના દોસ્ત અને વિલાયત તથા મા'રેફતવાળા છે, (તેમને) અલ્લાહતઆલા એટલા માટે વિપત્તિમાં નાંખે

છે કે તેઓ તેના કારણે સવાલ અને દુઆમાં મશગુલ થાય. જ્યારે તે અલ્લાહથી સવાલ કરે તો અલ્લાહ તેમના સવાલ (માંગણી)ને પસંદ કરે છે અને તેને સ્વીકરણનું સદભાગ્ય બક્ષે છે. કે જેથી તેમના પર કૃપાઓ અને બક્ષીશો કરે.

તેમના સવાલનું સ્વીકરણ થાય છે પરંતુ તત્કાલિક રીતે જરૂરી નથી કેમકે ભાગ્યથી જે વિલંબ થાય છે તેને મહેરૂમી અથવા અસ્વીકરણ કહી શકાતું નથી. એટલા માટે આવશ્યક છે કે અવામિર તથા નવાહી (અહકામો તથા નિષેધો)ના ક્રમમાં જેટલા બાહ્ય તથા આંતરિક ગુનાહ તેનાથી થયા હોય તેમના ઉપર વિચાર કરતાં બલાઓ નાઝિલ થતા સમયે અદબનું ધ્યાન રાખે અને એ પણ વિચારે કે ક્યાંક તેણે તકદીર પર કોઈ આક્ષેપ તો કર્યો ન હતો કેમકે બંદાને અપરાધ અને ગુનાહના કારણે મુસીબતમાં ગ્રસ્ત કરવામાં આવે છે, તેના પછી જો વિપત્તિ તથા કસોટીની આ કેફીયત નષ્ટ થઇ જાય તો સારૂં નહી તો કાકલુદી, દુઆ અને ક્ષમાયાચના કરતાં લગાતાર સવાલ (માંગણી)માં મશગુલ રહે કેમકે શકય છે કે વિપત્તિ તથા મુસીબતની આ કેફીયત એટલા માટેજ હોય કે ખુદાથી સવાલ કરતો રહે અને દુઆ કબુલ ન થવા પર તોહમત ન લગાવે." ખુદા તઆલા વાંચકો અને અમોને આ તોહમતથી બચવાની તૌફીક પ્રદાન કરે. (આમીન)

## પ્રારબ્ધ પર રાઝી રહેવાની મહત્વતા

હઝરત ગૌષુલ આઝમ રહમતુલ્લાહ અલૈહ ફરમાવે છે કે :—"ખુદાવંદ તઆલાથી તેની રિઝા અથવા ફૈઅલે-ઈલાહીમાં ફના થવાનું સ્થાન તલબ કરો કેમકે એજ સૌથી મોટી રાહત છે અને તેનાથી જ દુનિયામાં જન્નતે આલીયા અને નિકટતા તથા મહોબ્બતે ખુદાવંદીનો દરવાઝો ખુલે છે. પછી ખુદા તઆલા જેને દોસ્ત બનાવી લે તેના પર દુનિયા તથા આખેરતમાં અઝાબ થતો નથી તેનાથી જ આદમીની ખુદા સુધી રસાઈ (પહોંચ) થાય છે. અને વસ્લે ઈલાહીની મંઝિલ મળે છે. એટલા માટે તે હિસ્સાઓ ભાગોની અથવા વસ્તુઓની શોધ કરો નહી જે તમારા પ્રારંબ્ધમાં નથી પ્રારબ્ધોની શોધખોળમાં પણ મશગુલ ન થાવ. જે વસ્તુ તમારી કિસ્મતમાં નથી તેની શોધ કરવું મુર્ખામી, અભિમાન અને જહાલત છે અને તિવ્ર સઝા છે. જેવું કે કહેવામાં આવ્યું છે કે "અઝાબમાં સખત અઝાબ તે વસ્તુની ઈચ્છા છે કે કિસ્મતમાં ન હોય."

અને જે વસ્તુ તમારી કિસ્મતમાં છે તેની શોધ તથા તલબ, લાલચ અને લોલુપતા છે અને અબૂદિયત (દાસત્વ)ના હવાલાથી મહોબ્બત અને હકીકતના સ્થાનમાં શિર્ક છે. એટલા માટે કે ખુદા સિવાય કોઇ બીજી વસ્તુમાં મશગુલ થવું શિર્ક છે, પોતાના ભાગ્યની શોધ કરવું મહોબ્બતે ખુદાવંદીમાં સાચા ન હોવું છે અને જેણે અલ્લાહ સિવાયને ધારણ કર્યું તે કઝઝાબ (જુઠો)

છે અને જે શખ્સ પોતાના અમલનો બદલો ઇચ્છે છે તે નિસ્વાર્થ નથી. જેણે ખુદાની રબુબિયત (પાલન પોષણ) નો હક અદા કરવા ખાતર તેની ઈબાદત કરી અને તેને માલિક, ઇબાદત અને દરેક અમલ તથા આજ્ઞા પાલનનો હકદાર સમજ્યો તે મુખ્લિસ (સત્યનિષ્ઠ) છે.

બંદાના સઘળા હલન-ચલન, તેની દરેક વસ્તુઓ અને સઘળી કમાણીઓ કેવળ અલ્લાહ માટે છે, બંદાની મિલ્કતો અને તે પોતે વાસ્તવમાં ખુદાનો છે. એવું કેમ ન હોય, અમો કેટલાએ સ્થળે બયાન કરી ગયા છીએ કે સઘળી ઇબાદતો બંદા પર ખુદાની નેઅમત અને ફઝલના સમાનાર્થ છે કેમકે તેની જ તૌફીકથી તે ઇબાદત કરવાને લાયક તથા શક્તિમાન થયો. આ હકીકતના દૃષ્ટિગત તેણે ઈબાદતની જઝા અને બદલો માંગવાને બદલે ખુદાના શુક્રમાં મશગુલ થવું જોઇએ. પછી તમો દુનિયામાં પોતાના નફ્સ (મન)ની ઈચ્છા પર તલબમાં કેમ મશગુલ થાવ છો જ્યારે કે તમો નીહાળો છો કે જેમને નિરંતર દુનિયાની નેઅમતો અને લિઝ્ઝતો અને દુનિયાના હિસ્સા અતા થતા રહે છે, પરંતુ નેઅમતની કૃતજ્ઞતા દ્વારા અને નારાજગી તથા લાલચના પ્રકટીકરણથી ખુદા તેમના પર અધિક નારાજ થઇ જાય છે અને એટલા માટે જ તેમની પરેશાનીઓ અને દુઃખોમાં વધારો થઇ જાય છે.

એવા લોકો તે નેઅમતોને જે તેમને પ્રાપ્ત છે, તુચ્છ, અલ્પ અને દુષિત સમજે છે અને જે વસ્તુઓ તેમની કિસ્મતમાં નથી તેની હાજત-જરૂરત મહેસૂસ કરવા

લાગે છે અને જે કાંઇ બીજાઓને પ્રાપ્ત છે તેમને અધિક અને સારૂં સમજતાં તેની તલબમાં વર્ષો ગુજારી દે છે. તેમની શક્તિઓ ખંડિત, તેમના વાળ ખતમ અને તેમના લલાટ પરસેવાથી ખરડાઈ જાય છે. તેમના શરીર થાકી જાય છે અને તેમના આમાલનામા કાળા થઈ જાય છે. તેઓ બીજાના ભાગની વસ્તુઓની જરૂરતમાં ખુદાનો હુકમ ત્યજી દેવાથી મોટા મોટા ગુનાહોનો વહેપાર પણ કરી બેસે છે અને કાંઈ પ્રાપ્ત પણ કરી શકતા નથી. પરિણામ એ કે દુનિયામાંથી ખાલી હાથે ચાલ્યા જાય છે. દુનિયા તથા આખેરત બંનેમાં નુકશાન ઉઠાવે છે. ન આ બાજુના રહે છે ન તે બાજુના.

અલ્લાહતઆલાએ તેમને જે કાંઇ તેમના હિસ્સાનું આપ્યું હતું તેનો તેમણે શુક્ર (આભાર) અદા કર્યો નથી અને બીજાઓના હિસ્સા પર દ્રષ્ટિ રાખી હતી પરંતુ તે પણ પ્રાપ્ત થયું નથી બલ્કે આ કોશિશમાં પોતાની દુનિયા તથા આખેરતનું નુકસાન કરી લીધું. એ જ લોકો મખલુકમાં બદતરીન છે, મુર્ખ તથા જાહિલ અને બુદ્ધિ તથા અંર્તદ્રષ્ટિથી વિહીન. જો આ અધમ લોકો ભાગ્ય પર રાજી રહેતા અને પોતાના રબની અતા પર સંતુષ્ટ રહેતા અને ખુદાનું આજ્ઞાપાલન સારી રીતે કરતા તો નિશંક તેમને દુનિયાની નેઅમતો સરળતાથી પ્રાપ્ત થઇ જાત પછી તેમને ખુદાની રહેમતના પ્રતિવાસમાં પરિવર્તિત કરવામાં આવતા જેના કારણે તેમની હરેક ઈમદાદ અને

આરઝૂ પૂર્ણ થઈ જાત. (અલ્લાહતઆલા અમને અને વાંચક મિત્રોને ભાગ્ય પર રાજી થવા વાળાઓ પૈકી કરે. જેમણે રિઝા તથા ગિના અને હાલની સુરક્ષાની તૌફીક ખુદાથી તલબ કરી. જેમનાથી ખુદા રાઝી થઈ ગયો અને તેમને દોસ્ત બનાવી લીધા.)

## દુનિયાને આખેરત અને આખેરતને ખુદા માટે છોડવું.

પીરાનપીર હઝરત ગૌષે આઝમ રહમતુલ્લાહ અલૈહે એ ફરમાવ્યું–"આખેરતના તલબગાર માટે આવશ્યક છે કે સંસારનો ત્યાગ કરી દે અને ખુદાને ચાહવાવાળાઓ માટે આખેરતનો ત્યાગ લાઝિમી (અનિવાર્ય) છે."

એટલા માટે આખેરત માટે સંસારને અને પોતાના રબ્બેકરીમ માટે આખેરતનો ત્યાગ કરી દે. જ્યાં સુધી સંસારની શહેવતો (વાસનાઓ) તથા આસ્વાદો પૈકી કોઈ એક અથવા સઘળી વસ્તુઓની રાહતોમાં કોઈ રાહત–દા–ત. ખાવા–પીવા, પહેરવા, નિકાહ, સવારી, નિવાસ, શાસન વિગેરેની રાહતો પૈકી કોઈ અથવા વિદ્યાકળા પૈકી કોઈ એક વિદ્યા દા–ત. ફિકહ, ઈબાદાતે ખમસા (પંચેન્દ્રિય ભક્તિ), કુઆર્ન તથા હદીસોની રિવાયત અથવા કુઆર્નની કિરઅતનો કોઈ પ્રકાર અને શૈલી, લુગત ફસાહત તથા બલાગત (સુભાષી પણાં)માંથી કોઈ અથવા મોહતાજી અને વિલાસના નષ્ટ થવા અથવા વૈભવ અને

તવંગરીની ઇચ્છા, બલાઓ, આફતો, મુસીબતોથી સુરક્ષિત થવાની મનેચ્છા, નુકસાનથી બચવા અને નફો પ્રાપ્ત કરવાની તમન્ના આ સઘળા પૈકી કોઈ ખ્વાહિશ (મનેચ્છા) તથા તલબ હોવા છતાં આદમી ઝાહિદ (સન્યાસી, સંયમી) કહેવાવાનો હક્કદાર નથી કેમકે તેઓમાંથી દરેકમાં નફસ (મન)ની જાગૃતી, મનેચ્છાઓની સહમતિ અને તબીઅતની રાહત તથા મહોબ્બત છે અને આ સઘળી વસ્તુઓ સંસાર છે જેમાં રહેવું તે પસંદ કરે છે અને તેમનાથી શાન્તિ અને સંતોષ પામે છે.

એટલા માટે મોમિન માટે જરૂરી છે કે તે સઘળાને દિલમાંથી કાઢી નાખે અને દિલમાંથી તેમના નિકંદન માટે પોતાના નફસને કાબુ કરે અને નેસ્તી અને તંગ-દસ્તી અને દરિદ્રતાની જરૂરત પર રાજી રહે. જ્યારે તેઓ પૈકી કોઈ વસ્તુની ખજુરનો ઠળીયો ચુસવા જેટલી મહોબ્બત પણ બાકી રહેશે નહી તો આ દુનિયા (સંસાર) થી તેનું ઝુહદ (સંયમીપણું) શુદ્ધ થઈ જશે. તેનાથી તેના દિલમાંથી પરેશાનીઓ અને દુઃખ અને તેના બાતિન (હૃદય)માંથી સખ્તી નષ્ટ થઇ જશે અને તેને પ્રસન્નતા, આરામ અને ખુદાનો પ્રેમ-સ્નેહ પ્રાપ્ત થશે.

હઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનું ફરમાન છે કે :-"દુનિયામાં ઝુહદ શરીર તથા પ્રાણ અને દિલને રાહત પહોંચાડે છે." એટલા માટે જ્યાં સુધી દિલમાં

ઉપરોક્ત ઉલ્લેખ કરેલ વસ્તુઓ પૈકી કોઈ બાકી હશે. તેમાં ડર તથા ગમ (રંજ) અને પરેશાનીઓ રહેશે. અને તે ઝલીલ (તિરસ્કૃત) રહેશે અને ખુદાની નિકટતા ના માર્ગમાં એકના નીચે એક આવરણો (હિજાબો) નિરોધક રહેશે. જ્યાં સુધી કે દુનિયા તલબીનો જવાલ (પતન) પોતાના આખરી દરજ્જે ન પહોંચી જાય અને સંબંધોથી સંપૂર્ણત નષ્ટ ન થાય.

દુન્યાના ઝુહદ પછી મામિને આખિરતનો ઝુહદ ધારણ કરવો જોઈએ. અર્થાત આખિરતના બુલંદ દરજ્જા, હુરોગિલ્મા, મહેલ અને ઉચ્ચ નિવાસો, બાગ, સવારીઓ લિબાસ, ઝેવર, ખાવુ-પીવુ અને બીજી તે સઘળી વસ્તુઓ જે અલ્લાહે પોતાના બંદાઓ માટે જન્નતમાં રાખી છે. તે પૈકી કાંઈ તલબ ન કરે અને પોતાના કોઈ અમલનો અજર પોતાના રબ્બથી ન ઈચ્છે આ હાલતમાં ખુદાતઆલા નો ફઝલો કરમ (કૃપા) તેના પર થશે અને તે પુરેપુરો અજર (બદલો) અતા કરશે. તેને નિકટતાની મંઝિલ પર પહોંચાડી દેવામાં આવશે અને તેના ઉપર લુત્ફ (કૃપા) કરવામાં આવશે. અલ્લાહ તઆલા જેવી રીતે પોતાના રસૂલો, નબીઓ, વલીઓ, આરિફો અને બીજા ખાસ લોકો સાથે કૃપા તથા અહેસાન કરે છે. એવીજ રીતે આ બંદા પર કરશે અને પોતાની ઝિંદગીની અંતિમ પળો સુધી આ મદારિજ (દરજ્જાઓ)માં તેને તરક્કી (બઢતી) મળશે. પછી આખેરતમાં તેને એવી નેઅમતો મળશે જેને

ન કોઈએ નીરખી ન સાંભળી. ન કોઈના દિલમાં તેમનો ખ્યાલ સુદ્ધાં આવ્યો." વાંચક મિત્રો વિચાર કરો કે આ વસ્તુઓ એવી છે કે જેમને સમજવા માટે બુદ્ધિઓ વિવશ છે. અને જેના પ્રકટીકરણ તથા બયાનથી ઝુબાન તથા કલમ અસમર્થ છે.

## લિઝ્ઝતોનો ત્યાગ સદાચાર છે.

પ્રિય વાંચકો! હઝરત ગૌષુલ આઝમ રહમતુલ્લાહ અલૈહ ફરમાવે છે કે :–નફ્સની ખ્વાહીશો (મનેચ્છાઓ) નો ત્યાગ કરવાના ત્રણ મરતબા (પદવી)ઓ છે. તે પૈકી પ્રથમ એ છે કે બંદો જહાલતની તિમિરતાઓમાં ટામક-ટોઇઓ મારતો ઈબાદતથી વિમુખ થયો અને શરીઅતની નકીલ વગર પાગલ જાનવરની જેમ પોતાની તબીયતમાં અધિકાર કરે અને તેના માટે કોઇ એવી હદ ન હોય જ્યાં તે થોભી શકે. એજ હાલતમાં ખુદાવંદેકરીમ તેને રહેમત–કૃપાની દ્રષ્ટિથી જુવે અને પોતાની મખલુકના નેક બંદાઓમાંથી એક વાઈઝને તેના તરફ મોકલે કે જેથી તેને સાવચેત કરે. પછી ખુદા પોતે તે બંદાના નફ્સને બીજો વાઇઝ બનાવી દે. અને આ બંને વાઈઝ તેની તબીયતને એવી રીતે જીતી લે કે તેની તબીયત નસી-હતને ગ્રહણ કરવા લાગે તો તેના ઉપર તે સઘળા ગુનાહ અને બુરાઈઓ જાહેર થઈ જાય જેના કારણે તે નફ્સની કામનાઓની સવારી પર સવાર થઈને અંધાધુંધ દોડતો રહ્યો હતો. પછી તે બંદો પોતાના સઘળા અધિકારોમાં

શરીઅતના અનુસરણ પર આકૃષ્ટ થઈ જાય છે. પછી આ મુસલમાન બંદો શરીઅત પર કાર્યરત થઈને તબીઅતની ઈચ્છાને ફના કરી દે છે અને દુનિયાની હરામ અને સંદેહજનક વસ્તુઓ અને મખલુક (જનતા)નો અહેસાન ત્યજી દે છે અને ખાવા-પીવા, પહેરવા, નિકાહ, રહેઠાણ અને સઘળી જરૂરતોમાં શરઅન હલાલ અને ઉચિત વસ્તુઓને અપનાવે છે કે જેથી પોતાની બુનીયાદને સુરક્ષિત કરે અને પોતાના રબ્બતઆલાની ઈબાદતની શકિત પ્રાપ્ત કરે અને પોતાના પ્રારબ્ધને લઈ લે. તે આ હદ કરતાં એમ પણ વધી શકતો નથી કે પોતાના ભાગ્ય અને હિસ્સાથી સંપૂર્ણત લાભદાયી થવાથી પહેલા તેના માટે દુનિયામાંથી નીકળી જવાનો પણ કોઈ માર્ગ નથી.

જ્યારે બંદો તમામ અહવાલમાં હલાલ અને ઉચિતના સહયોગથી પ્રવાસ કરતો તે સવારી દ્વારા વિલાયતના આસ્તાના પર પહોંચી જાય છે અને હકીકત શાળીઓ તથા સંકલ્પ શાળીઓ, ખાસ લોકો અને હક્ક (ખુદા) ના મહેબુબો (પ્રિય પાત્રો)ના સમુહમાં શામેલ થઈ જાય છે. પછી તે પોતાના બાતિન (અંતરાત્મા)માં અલ્લાહ તરફથી એ નિદા (સંબોધન) સાંભળે છે કે પોતાના નફસને ત્યજી દે. અને નિકટ આવી જાય. જો પોતાના ખાલિક (સર્જનહાર) સાથે પ્રેમ કરો છો તો નફસ મનની ઈચ્છાઓને અને મખલુકનો ત્યાગ કરી દો અને પોતાના પગરખાઓને કાઢી નાંખો અર્થાત દુનિયા તથા આખેરતથી

આઝાદ થઈને સઘળી વર્તમાન વસ્તુઓ અને ભવિષ્યમાં ઉત્પન્ન થનાર વસ્તુઓથી અને પોતાની આરઝુ અને ઈરાદાથી વિરક્ત થઈ જાવ અને સઘળા સંબંધોથી અપરિચિત અને દરેક વસ્તુથી ફારેગ થઇ જાવ. તૌહીદથી ખુશ થઈને શિર્કને ત્યજીને અને ઈરાદાઓમાં સાચા થઇને નિકટતા (કુર્બ)ના પાથરણામાં મસ્તક ઝુકાવી ખામોશી અને અદબ સાથે દાખલ થઈ જાવ. તમારી જમણી બાજુએ આખેરત અને ડાબી બાજુએ દુનિયા (સંસાર), મખલુક અને નફસની લિઝઝતો હશે તેમના પ્રત્યે દ્રષ્ટિપાત કરશો નહી.

બંદો (માનવી) જ્યારે આ સ્થાનમાં દાખલ થઈ ગયો અને વસુલ એલલ્લાહની મંઝિલ પ્રમાણિત થઇ ગઇ અને તેને ખુદાતઆલા તરફથી ખિલઅત (પોષાક) અતા થઈ ગયો અને જાતજાતના ઉલુમ તથા મઆરિફ અને ફઝલો કરમના અનવાર તેને ઘેરી લેશે. પછી તેને કહેવામાં આવશે કે ફઝલ તથા નેઅમતથી લાભાંવિત થાવ અને તેનાથી વિરક્તિ કરતા તેને પાછા ફેરવવાની બે અદબી ન કરો. એટલા માટે કે શાહી નેઅમતનો સ્વીકાર ન કરવું અને બાદશાહ પર દબાણ કરવું તેનો અપમાન તથા તિરસ્કાર સમાન છે. તે સમયે બંદાના હસ્તક્ષેપ વગર ખુદાનો ફઝલ અને તેની તકદીરનું સમન્વય એવી રીતે અમલમાં આવે જાણે તેનાથી અગાઉ તે સઘળા કામ પોતાના નફસની રઝા તથા હુકમના તાબે થઈ ગઈ છે.

ભાગ્ય અને આસ્વાદો દ્વારા લાભ પ્રાપ્તિ ચાર પ્રકારથી થાય છે.

(૧) પોતાની મનેચ્છાથી કોઈ કામ ન કરવું, આ સર્વથા હરામ છે. (૨) શરીઅતની આજ્ઞા અનુસાર કોઈ કામ કરવું. આ હલાલ તથા ઉચિત છે. (૩) બાતિન (અંતરાત્મા)ના હુકમથી કોઈ કામ કરવું આ મનેચ્છાઓ નો ત્યાગ કરવું છે અને વિલાયતનું સ્થાન છે. (૪) અલ્લાહના ફઝલથી કોઈ કામ કરવું અને કાંઈ લેવું. આ ઈરાદાનો જવાલ (પતન) છે અને અબ્દાલીયતના સ્થાન સુધી રસાઈ (પહોંચ) છે. આવી રીતે બંદએમુરીદ મુરાદ બની જાય છે. અને તકદીર પર કાયમ હોવાની અલામત (ચિન્હ) છે. જે ફેઅલે ખુદાવંદી છે. આ ઇલ્મ તથા સુધારણાના ગુણથી ગુણયુક્ત હોવાની હાલત છે. જે શખ્સ આ સ્થાને પહોંચ્યો એજ જેવું નામ તેવા ગુણની જેમ સાલેહ (સદાચારી) છે. ખુદાના આ ફરમાનનું એજ ધ્યેય છે કે:—અલ્લાહતઆલા એજ છે જેણે કુર્આન નાઝિલ કર્યું (ઉતાર્યું) અને એજ સદાચારીઓનો મુતવલ્લી (પ્રબંધક) છે.”

પ્રિય વાંચકો! વિચાર કરો કે સદાચારી મનુષ્ય તે છે જે પોતાની મસલેહત તથા લાભને પ્રાપ્ત કરવા અને નુકસાન તથા ફસાદથી બચવા માટે પોતાના હાથ પર વિશ્વાસ તથા આલંબન ન કરે. તેનું દ્દષ્ટાંત સ્તનપાન

કરતા બાળક અથવા ગસ્સાલ (મૃતકને નવડાવનાર)ના હાથમાં મડદાં જેવું છે. કુદરતનો હાથ તેના પાલન-પોષણનો ઝિમ્મેદાર (ઉત્તરદાયી) થઈ જાય છે. તેના માટે કોઈ હાલ, મુકામ, ઈરાદો કોઈ હેસિયત ધરાવતો નથી બલ્કે તે કુદરતની સાથે એવી રીતે સમ્મિલિત થઈ જાય કે ક્યારેક તે ધનવાન અને નિસ્પૃહ હોય છે, ક્યારેક મોહતાજ, તે આ વસ્તુઓને ધારણ કરતો નથી ન તેઓમાં ઝવાલ (પતન) અથવા પરિવર્તન તથા ફેરફારની આરઝુ રાખે છે, બલ્કે આ કઝાએ ઇલાહી (અલ્લાહની મરજી)થી સર્વદા ખુશ રહે છે અને ફેઅલે ઇલાહી સાથે રઝા તથા અનુકુળતાની કેફીયતમા હોય છે અને ઔલિયા તથા અબ્દાલના અહેવાલની પરાકાષ્ઠા એજ છે.

## દરેક પ્રકારની ઇચ્છાઓ ફના થવાનું સ્થાન

વાહલા વાચકો! હઝરત પીરાન પીર રહમતુલ્લાહ અલૈહએ ફરમાવ્યું. જ્યારે મનેચ્છાઓ અને મખલુકથી ઇરાદા અને આરઝુઓ બંદાથી દુર થઈ જાય છે અને તેનું દિલ અલ્લાહ સિવાયથી ફના થઈ જાય છે અને તેનામાં કેવળ ખુદાનો ઈરાદો બાકી રહી જાય છે તો ખુદાથી વિસાલ પછી બંદો ખુદાનો બરગુઝીદહ બંદો (સર્વ શ્રેષ્ઠ સેવક) અને મહબુબ (પ્રિય) બની જાય છે. લોકોના દિલોમાં તે બંદાની મહોબ્બત પૈદા કરી દેવામાં આવે છે પરંતુ તે પોતે કેવળ અલ્લાહ તઆલા અને તેના કુર્બ (નિકટતા)થીજ મહોબ્બત કરે છે. અને ખુદાના

ફઅલો કરમથી પ્રાપ્ત થનાર નેઅમતોથી જ લાભાવિંત થવા ઇચ્છે છે. ખુદાની રહેમતોના ક્યારેય બંધ ન થનાર દરવાજા તેના માટે ઉઘડી જાય છે. પછી ખુદા તરફથી તેને અખત્યાર (અધિકાર) આપી દેવામાં આવે છે અને તે ખુદાના ચિંતનથી તદબીર (યુક્તિ) કરે છે અને ખુદાની મશિય્યત (ખુદાનીઇચ્છા) નો જ તાલિબ (તલબગાર) થાય છે. તેની રઝા પર રાઝી રહેતા તેનાજ અહેકામ (આદેશો) માને છે અને કોઈનું અનુસરણ કરતો નથી. અલ્લાહ તઆલા સિવાય કોઈ ગેરના વુજુદ (અસ્તિત્વ) અથવા ફેલ પર તે દ્દષ્ટિપાત કરતો નથી.

એવામાં આ બંદાથી ખુદા તઆલાએ જે વસ્તુનો વાયદો કર્યો છે તેનું પ્રકટીકરણ થતું નથી અને તેના વિચારની વિરૂદ્ધ તેને તે વસ્તુ મળતી નથી કેમકે ઇચ્છાઓ અને ઈરાદાઓના અને ઇરાદાઓના પતનથી અલ્લાહ સિવાયનો ઝવાલ એ અંદાઝમાં થાય છે કે બંદો સ્વયં અલ્લાહનો ફ્અલ અને તેનો ઇરાદો બની જાય છે. આવી રીતે બંદાના હકમાં ખુદાનો વાયદો એવો થઈ જાય છે. જેવું અલ્લાહનું ખુદ પોતાની જાતથી વાયદો કરવું. દા. ત. જો બંદો પોતાની જાત માટે કોઈ ફે'લનો ઈરાદો કરે અને પછી પોતેજ તે ફે'લને પરિપૂર્ણ ન કરે, કોઈ બીજો સુયોગ્ય ફે'લ વિચારે તો તેનું દ્દષ્ટાંત લખનાર તથા રદ કરનાર (ભુસનાર) જેવું થઇ જશે. ખુદાતઆલાએ પોતાના નબીથી ફરમાવ્યું કે જે આયતને અમો મનસુખ

(૨૬) કરી દઇએ છીએ અથવા તેને વિસ્મૃત કરી દઇએ છીએ તો તેના જેવી અથવા તેનાથી ઉત્તમ બીજી લઇ આવીએ છીએ. આપતો જાણોજ છો કે અલ્લાહ દરેક વસ્તુ પર કાદિર (પ્રભુત્વશાળી) છે.

જ્યારે રસુલે ખુદા સલ્લલ્લાહો અલયહે વસલ્લમથી ખ્વાહીશ (ઇચ્છા) અને ઇરાદો ખતમ કરી દેવામાં આવ્યો તો હુઝુરને તે મકામાત (સ્થાનો) પ્રત્યે ધ્યાનિત કરી દેવામાં આવ્યા જેનો ઉલ્લેખ કુઆંને આ શબ્દોમાં કર્યો છે.

**તોરીદૂન અરદદ દુનિયા વલ્લાહો યોરીદુલ આખેરતે, લવલા કિતાબુમ મિનલ્લાહે સબક, લમ સ્સકુમ ફીમા અખઝતુમ અઝાબુન અઝીમ.**

અને આપ અલ્લાહના મહેબુબ અને મુરાદ હતા. આપને એક હાલત અને એક વાયદા પર છોડવામાં આવ્યા નથી બલ્કે ખુદાતઆલા આપને તકદીર તરફ લઇ ગયો અને તેની લગામ આપના તરફ કરી દીધી અને આપને તેમાં ફેરવ્યા, પલટાવ્યા અને આપને કહ્યું :— "શું આપ જાણતા નથી કે અલ્લાહ દરેક વસ્તુ પર કાદિર (શકિતમાન) છે. અર્થાંત આપ તકદીરે ખુદાવંદીના સમુદ્રમાં છે અને તેની મોજો (લહેરો) આપને આમથી તેમ સેર કરાવે છે. બસ નબીના કામનો આરંભ વલીના કામની પરાકાષ્ઠા છે અને વલી અને અબદાલના અંતિમ સ્થાનો તે છે કે તેમના પછી નુબુવ્વત સિવાય કોઇ મુકામ (સ્થાન) નથી.

## હફ્ઝ તથા બસ્તની કેફીયતે

હઝરત શેખ ફરમાવે છે. "જે વસ્તુની રક્ષણનો વલીને હુકમ આપવામાં આવ્યો છે તેનું નામ "હફ્ઝ" છે અને તકદીર સાથે કાયમ રહેવું સંપૂર્ણત "બસ્ત" છે. કેમકે જોકઝા તથા કદર (ભાગ્ય)માં પહેલાથી એવો કોઈ હુકમ ન હોય તો તેમાં કોઇ વસ્તુના રક્ષણનો હુકમ આપવામાં આવતો નથી. માટે વલી માટે લાઝિમ (જરૂરી) છે કે તકદીરના સઘળા કાર્યોમાં અનુકુળતા અપનાવે અને તકદીરના કડવા અને મીઠા અહેવાલમાં કોઇ પ્રકારે ઝઘડો ઉતપન્ન ન કરે. અહેવાલતો મર્યાદિત છે એટલા માટે તેમની સીમાઓના રક્ષણનો આદેશ આપવામાં આવ્યો. ફઅલે ખુદાવંદી તકદીર છે તેની કોઇ હદ નથી કે જેનું રક્ષણ થાય.

જ્યારે બંદો કદર (તકદીર) તથા ફએલ અને બસ્ત (ફેલાવ)ના મુકામમાં આવે છે તો ઝુહદ (પરહેજગારી) ની હાલતમાં જે લિઝઝતો સંબંધે તેને છોડી દેવાનો હુકમ આપવામાં આવ્યો છે, હવે એજ લિઝઝતો પ્રાપ્ત કરવા માટે કહેવામાં આવી રહ્યું છે કેમકે જ્યારે બંદો બાતિની લિઝઝતોથી એવી રીતે દુર થઈ જાય કે તેનામાં ખુદાતઆલા સિવાય કાંઇ બીજું બાકી રહેતું નથી. તો તેને મુકામે "બસ્ત" સુધી પહોંચ પ્રાપ્ત થઈ જાય છે અને તેને તે મુકર્રર કરેલી વસ્તુઓ અને ઇચ્છાઓને તલબ કરવાનો હુકમ આપી દેવામાં આવે છે. જેમના

સુધી તેનું પહોંચવું છે. તેના માટે આ વસ્તુઓની પ્રાપ્તિ એટલા માટે જરૂરી હોય છે કે તેની કરામત તથા મરતબો, સવાલના સ્વીકરણથી ખુદાતઆલાનો તેના પર ફઝલો અહેસાન પ્રમાણિત થઈ જાય અને કબ્ઝ પછી બસ્તના ચિન્હોમાંથી એક લિઝઝતો અતા કરવાનો સવાલ છે અને સીમાઓનું રક્ષણ, અહવાલ તથા મકામાત અને તકલીફથી નીકળવાથી જાહેર થાય છે.

જો કોઈ માનવી આક્ષેપ કર્તા હોય કે આ કોલ ઇસ્લામી શરીઅતથી ખારિજ થવા પર દાલ્લ (નિર્દેશક) છે અને તેનાથી ખુદાવંદતઆલાના તે ફરમાનનું ખંડન થાય છે કે "પોતાની વફાત (મૃત્યુ) સુધી પોતાના પરવરદિગારની ઇબાદત કરો." આ આક્ષેપનો જવાબ એ છે કે તમારી વાત તમારા કોલ તરફ ન ધ્યાનિત કરે છે ન તેના પર નિર્દેશ કરે છે. હકીકત એ છે કે ખુદાવંદ તઆલા ખુદ એવા બંદાનો વલી થઈ જાય છે. અને પોતાનો વલી તેને બહુજ પ્યારો છે. તે પોતાના વલીને નુકસાન અથવા તેના દીનમાં કોઇ ખરાબીને ઉતપન્ન થવા દેતો નથી બલ્કે આ પ્રકારની તમામ વસ્તુઓથી તેને સુરક્ષિત રાખે છે અને તેનું રક્ષણ કરે છે અને શરઇ સીમાઓના રક્ષણ માટે તેને ખબરદાર-સાવધાન કરી દે છે. અને તેનું કિરદાર (આચરણ) દુરસ્ત કરી દે છે. પછી બંદાને અસમત (પવિત્રતા) પ્રાપ્ત થઇ જાય છે અને નિઃસંકોચ શરઇ સીમાઓ તેનાથી સુરક્ષિત રહે છે અને

ખુદાવંદકરીમ પોશીદહ (ગુપ્ત) હોવા છતાં પણ પોતાના આ બંદાથી બહુજ નિકટ થઈ જાય છે, જેવું કે ઇરશાદે બારીતઆલા છે.—"અમોએ હઝરત યુસુફ અલયહિસ્સલામથી બુરાઈઓને પલટાવી લીધી બેશક તે અમારા મુખલિસ (નિસ્વાર્થ) બંદાઓ પૈકી છે."

એક સ્થળે ઇરશાદ ફરમાવે છે "બેશક જેઓ અમારા બંદા છે તેમને શયતાન ગુમરાહ કરી શકતો નથી" એક સ્થળે છે.—"ખબરદાર તેઓ ખુદાના મુખલિસ (નિસ્વાર્થ) બંદાઓ છે," માટે અય મિસ્કીન (નિર્ધન) ! ખુદાના વલી તેની આગોશેરહમત (છત્રછાયા)માં તરબીયત પામે છે, તેના મુરાદ હોય છે અને એજ પોતાના કુર્બ (નિકટતા) અને કૃપાના ખોળામાં તેમનું પાલણ–પોષણ કરે છે. એટલા માટે શયતાનની પહોંચ તેના સુધી થઇ શકતી જ નથી અને જે વાતો શરીઅતમાં દુષિત અને મકરૂહ છે તે આ બંદા સુધી પહોંચી શકતી નથી. તેનું દૃષ્ટાંત એ છે કે જાણે કોઇ માનવી ખાવા–પીવાની વસ્તુઓથી વિરકતી કરીને કેવળ કુર્બ (નિકટતા)ની મંઝિલ પામે છે.

તમોએ બહુજ ભયાનક વાત કહી દીધી છે અને તેને ખુદા પ્રત્યે સંબંધિત કરી દીધી છે. એવી ઝલીલ, અધમ અને હીન હિમ્મતો પર ધુતકાર છે. એવા લોકો મુર્ખ છે, તેમના ઈરાદા ફાસિદ અને તેમની કલ્પનાઓ ગંદી છે. "ખુદાતઆલા અમને તથા વાંચકોને પોતાની વિશાળ રહેમત અને સિદ્ધ શક્તિથી એવી બુરાઇઓથી સુરક્ષિત

રાખે અને પોતાના કૃપા આવરણમાં છુપાવી લે, અપરાધોથી દુર કરી દે અને પોતાની સિદ્ધ નેઅમતો અને શાશ્વત ફઝીલતોથી પોતાના અહસાનો કરમથી અમારી તરબીઅત કરે. આમીન-સુમ્મા આમીન.

## દરેક દિશાએથી નઝરો રોકી લો

વાંચક મિત્રો ! હઝરત પીરાનપીર આપને નસીહત કરે છે કે :-દરેક દિશાએથી આંખો બંધ કરી લો. જ્યાં સુધી તમો કોઇ વસ્તુને નીહાળતા રહેશો તમારા પર ખુદાતઆલાના ફઝલ અને કુર્બ (કૃપા અને નિકટતા)નો માર્ગ આસાન થશે નહી. એટલા માટે દરેક દિશાઓ તરફથી આંધળા (નેત્રહીન) બની જાવ અને બાકીની સઘળી દિશાઓને તૌહીદે ખુદાવંદી અને પોતાના નફસ તથા ઈલ્મના નકાર દ્વારા બંધ કરી દો. જ્યારે તમો ફનાઈયત (વિલીનતા)નો આ મુકામ (સ્થાન) પ્રાપ્ત કરી લેશો તો તમારા આંતર ચક્ષુમાં ખુદાના ફઝલની દિશા રોશન થઈ જશે અને તમો આ દિશાને પોતાની બંને આંખોથી કલ્બ (હ્રદય) તથા ઈમાન અને યકીનના અન્વારની રોશનીમાં નીહાળી શકશો. પછી જેવી રીતે અંધારા ઘરમાં દીપકથી કાળી રાતમાં ઘરના દરવાજાઓ અને બારીઓમાંથી પ્રકાશ પ્રકટ થાય છે અને જેવી રીતે અંદરના પ્રકાશથી બહારનું ઘર પ્રકાશિત થાય છે. એવી જ રીતે તમારા બાતિન (અંતરાત્મા)થી તમારા બાહ્યને તમારા દિલનું આ નુર પ્રકાશિત કરશે. પછી તમારો નફસ (મન)

અને તમારા અવયવો ખુદાતઆલાના વાયદા અને તેના પ્રદાનો પર સંતોષ તથા આરામની દોલત પામશે. ગૈર (પારકા)ના વાયદાથી આ સઘળું પ્રાપ્ત થઈ શકતું નથી.

આથી તમો પોતાના નફ્સ પર દયા કરો! તેના પર અત્યાચાર ન કરો! તેને જહાલત (અજ્ઞાનતા) અને અભિમાનના અંધકારના હવાલે એવી રીતે ન કરો કે તમારી નઝરો દિશાઓમાં ભટકવા લાગે અને તમો મખલૂક, શકિત અથવા ઉદ્યમ તથા અસબાબ પર તવક્કુલ કરવા લાગો. એવું થયું તો દિશાઓ તમારા માટે બંધ કરી દેવામાં આવશે અને ખુદાના ફઝલની દિશા તમારા માટે કયારેય ખુલશે નહી અને આ સઝા તમને એટલા માટે મળશે કે તમોએ ખુદાને છોડીને ગૈર (બીજા)ની તરફ નઝર કરી.

જ્યારે તમને એ સ્થાન સુધી પહોંચ થઈ ગઈ કે તમારી નઝરો કેવળ ખુદાના ફ્જલની તરફ નિયનત્રક થાય અને તમો ગૈરૂલ્લાહથી કોઈ ઉમીદ સંબંધિત ન કરો. અને માસિવા અલ્લાહની કુરબત (નિકટતા)થી આંખો બંધ કરીને ખુદાની રહેમતના કુર્બથી લાભાંવિત થઈ જાવ તો ખુદાતઆલા તમને વધુ નિકટ કરી લેશે. તમારૂ પાલન પોષણ અને તરબીયત કરશે, રહેમ-કૃપા કરશે. ખવડાવશે-પીવડાવશે. ઈલાજ કરશે અને શિફા (સ્વાસ્થ્ય) આપશે, અતા કરશે અને ગની કરી દેશે. મદદ કરશે અને હાકિમ (સત્તાધિશ) બનાવી દેશે. પછી તમને મખલૂક અને નફ-

સથી દુર કરીને ફના કરી દેશે. તેના પછી ન તમને પોતાની નિર્ધનતા દ્રષ્ટિગોચર થશે ન સમ્પન્નતા.

## મુસીબતો પર સબ્ર અને નેઅમતો પર શુક્ર

વહાલા વાંચકો! હઝરત ગૌષે આઝમ શેખઅબ્દુલ કાદિર જીલાની રહમતુલ્લાહ અલયહ ફરમાવે છે કે:— "તમારો હાલ બે હાલતોથી ખાલી નથી, યા તો બલા-ઓમાં ગ્રસ્ત હશો અથવા નેઅમતોથી લાભદાયી હશો. જ્યારે બલાની હાલતમાં હોવ તો તમારાથી સબ્રની આશા રાખવામાં આવે છે. સંકોચ સાથે સબ્ર કરવું અદના દરજ્જો છે અને દરેક બલા પર રાજી થઈને સબ્ર અપનાવી લેવું આ'લા (ઉચ્ચ) દરજ્જો છે. તેના પછી ફેલે ખુદાવંદી પર રઝા તથા અનુકુળતાનો દરજ્જો છે, પછી ફનાનો મુકામ છે જે કેવળ અબ્દાલ અને આરિફોને મળે છે.

જો તમો નેઅમતની હાલતમાં હોવ તો તમારાથી શુક્ર (આભાર)ની આશા રાખવામાં આવે છે. શુક્ર, જીભ તથા હૃદય અને અવયવોથી અદા થાય છે. જીભથી શુક્ર કરવું નેઅમતોના સ્વીકારની રીતે છે કે તે અલ્લાહની જ તરફથી છે અને આ મખલૂક અથવા નફ્સ અથવા પોતાની શક્તિ-બળ અને કર્મ અને ઉદ્યમના કારણે પ્રાપ્ત થતા નથી અને એકે જેના હાથોથી તે નેઅમત તમારા સુધી પહોંચી છે. તે પણ આપનારો નથી કેમકે આ સઘળા તો બાહ્ય વસીલા છે, સબબો અને માધ્યમો છે.

નેઅમતોને ઉતપન્ન કરવા, લાગુ કરવા અને વહેંચનાર અને તેની પ્રાપ્તિનું માધ્યમ તો કેવળ ખુદાવન્દે કરીમ છે એટલા માટે શુક્રનો હક્દાર તો એજ છે કોઈ બીજું નહી. જેવી રીતે સોગાદો લાવનાર ગુલામના બદલે ભેટ મોકલનાર આકા (માલિક)ની તરફ દ્રષ્ટિ જાય છે. જે લોકો આકાના બદલે ગુલામને ભેટો અતા કરનાર ખ્યાલ કરે છે તેમના સંબંધે ખુદાતઆલા ઈરશાદ ફરમાવે છેઃ— તે લોકો દુનિયાની ઝાહિરી (બાહ્ય) હયાતને જુએ છે અને આખેરતને ભુલી ગયા છે." જેથી જે લોકો બાહ્ય અને વસીલા પ્રત્યે ધ્યાનિત રહ્યા ,તેઓ વસ્તુની અસલ અને તેની હકીકત તથા મઅરફત સુધી પહોંચ્યા નથી. એવા લોકો જાહિલ, મૂર્ખ અને બુદ્ધિથી કોરા હોય છે. કેમકે બુદ્ધિશાળી તો એજ છે જે દરેક કામના અંજામ પર નઝર રાખે.

કલ્બથી શુક્ર ગુજારી એ છે કે બંદાનો દ્રઢ—અચળ અને મજબુત અકીદો હોય કે સઘળી નેઅમતો અને ઝાહિર તથા બાતિનના સઘળા લાભો, લિઝ્ઝતો અને ઈચ્છાઓ અને સઘળા કાર્યો અલ્લાહ તઆલા તરફથી જ છે, કોઈ બીજા તરફથી નહી. અને પોતાની ઝુબાનથી શુક્રનો સ્વીકાર કરવું દિલની શુક્ર ગુઝારીની તઅબીર તથા તરજુમાની થાય છે. કૃપાળુ અલ્લાહે ફરમાવ્યું— "તમારી પાસે જે વસ્તુ છે તે અલ્લાહતઆલાની જ નેઅમત છે." પછી ફરમાવ્યું—"અલ્લાહે તમારા ઉપર

પોતાની બાહ્ય તથા આંતરિક નેઅમતો પૂર્ણ કરી દીધી." એક બીજી જગ્યાએ ફરમાવે છે—"જો તમો ખુદાની નેઅમતોની ગણત્રી કરવા ઈચ્છો છો તો તેમની હદબંદી તથા ગણત્રી તમારા માટે શક્ય નથી." આ દલીલોથી સ્પષ્ટ થઇ ગયું કે નેઅમતો અતા કરનાર ખુદાતઆલા સિવાય કોઈ નથી.

અવયવોથી શુક્ર (આભાર) કરવું એ છે કે તેમનું દરેક કાર્ય અને ઉપયોગ કેવળ ખુદાની તાબેદારીમાં હોય અને ખુદા સિવાય કોઈ મખલુકની કોઈ એવી વાત ન માનવામાં આવે જેમાં ખુદાના અહકામોથી વિમુખતા અને નાફરમાનીનો સંદેહ થાય. નફસ, તેની ઈચ્છાઓ, સઘળા ઈરાદાઓ, આરઝુઓ અને તમન્નાઓ અને સમગ્ર મખલુકના સિલસિલામાં એજ હુકમ છે.

જેથી ઈતાઅતે ખુદાવંદીને અસલ અને અનુસરણ યોગ્ય અને ઇમામ બનાવવું અને તેના સિવાય દરેક વસ્તુને ફરૂઅ (શાખા) અને તાબે અને પૈરવ (અનુગામી) સમજવું જોઈએ. જો તમોએ તેના વિરૂદ્ધ કર્યું તો તમારી ગણના સન્માર્ગેથી હઠેલા, અત્યાચારીઓ, ગૈરૂલ્લાહનો હુકમ માનવાવાળાઓ અને સાલેહીન (સદાચારીઓ)ના પંથ પર ન ચાલનારાઓમાં થશે અલ્લાહતઆલાએ ફરમાવ્યું—"જે લોકો ખુદાએ નાઝિલ કરેલ વસ્તુ સાથે હુકમ ન કરે, તેઓ કાફિર છે." બીજી આયતમાં છે—

"એવા લોકો ઝાલિમ-અત્યાચારી છે." એક બીજી જગ્યાએ ફરમાવ્યું છે-"તે લોકો ફાસિક છે. જેથી એવા લોકોનું ઠેકાણું તે આગ છે જેનું એંધણ આદમી અને પત્થર છે." દુનિયામાં તો માનવી માટે એક પળની ગરમી અને નાંનકડી ચિંગારી (તણખા )ને સહન કરવું શક્ય નથી. પછી દોઝખના સૌથી નીચેના તબક્કામાં હમેશા રહેવા પર કેવી રીતે સબ્ર થઈ શકશે. એટલા માટે ખબરદાર અને ધ્યાનિત થઇ જાવ, જહન્નમી બની જવાથી બચો, બલા અને નેઅમત બંને હાલતોમાં હકીકત અને તેની શરતો ને યાદ રાખો. એટલા માટે કે જીવન દરમિયાન ક્યારેક બલાની કેફીયત હોય છે ક્યારેક નેઅમતની હરહાલતમાં સબ્ર અને શુક્ર વગર હક્ક અદા થઈ શકતો નથી.

જો બલાની હાલત હોય ત્યારે મખલુકમાંથી કોઇની તરફ શિકાયત લઈ જાવ નહી અને પોતાની વ્યાકુળતા જાહેર કરો નહી. અને પોતાના પરવરદિગાર પર અને તેની હિકમત પર તોહમત લગાવો નહી. અને ન તે બલામાં ગુપ્ત હિકમત તથા મસલેહતમાં જે દુનિયા તથા આખેરતમાં તમારા માટે નિયુક્ત કરવામાં આવી છે. કોઇ પ્રકારનો શક ન કરો અને બલાથી બચવા માટે મખલુક ની તરફ રૂખ ન કરો. જો એવું કરશો તો તમારો તે અમલ શિર્ક઼ ઠરશે. ખુદાની મિલ્કત (સંપતિ)માં તેના સિવાય કોઈ, કોઈ વસ્તુનો માલિક નથી, તેના સિવાય ન કોઈ નુકસાન પહોંચાડી શકે છે. ન નફો-લાભ આપી શકે છે.

ન ઉઠાડનાર છે, ન બીમાર કરનાર, ન બલા નાઝિલ કરનાર સ્વાસ્થ્ય આપનાર અને સારો કરનાર છે. હેલે ખુદાવંદી માં ઝાહિરી તથા બાતિની રીતે મખલુક સાથે મશગુલ ન થવું, કેમકે મખલુક તમને કોઈ વસ્તુમાં પણ ખુદાથી નિસ્પૃહ કરી શકતી નથી.

માટે સબ્રો રઝા અને અનુકુળતા તથા ફનાને પોતાના માટે લાઝમી-જરૂરી સમજો જો તમોને તે વસ્તુઓથી મહેરૂમ કરી દેવામાં આવ્યા તો ખુદાતઆલાની મદદ તલબ કરો. તેનાથીજ ફરિયાદ કરો અને પોતાના અપ-રાધોનો સ્વીકાર કરતાં કમનસીબી પર રડતા રહો. ખુદાની તૌહીદ અને તેની નેઅમતોનો સ્વીકાર તથા એલાન કરો. શિર્કના દરેક સ્વરૂપથી બચો અને રઝાએ ઈલાહી અને હકની સાનુકુળતાની ઇચ્છા કરો. ત્યાં સુધી કે ભાગ્યનો લેખપત્ર પોતાના સમયે પહોંચે, અને મુસીબતો તથા કષ્ટો નષ્ટ કરી દેવામાં આવે, જેવી રીતે હઝરત અય્યુબ અલયહિસ્સલામની સાથે થયું હતું. રાત્રીના અંધકાર પછી દિવસનો પ્રકાશ અને સર્દીની મોસમ પછી વસંત ઋતુના આગમનની જેમ બલાઓ નષ્ટ થઈ જશે. એવી જ રીતે દરેક વસ્તુની ઝિદ (પ્રતિકુળતા), ઉદ્દેશ્ય, અંત અને મુદ્દત હોય છે. જેથી બલા દફે થવા માટે સબ્ર કુંચી છે અને ખેરોખુબી તેનો આરંભ અને અંત છે. જેવું કે હદીસે પાકમાં છે. "જેવી રીતે શરીરમાં મસ્તકનું સ્થાન છે એવી જ રીતે ઇમાનમાં સબ્રનો દરજ્જો છે." એક બીજી હદીસમાં જે. "સબ્ર જ સંપૂર્ણ ઈમાન છે."

ક્યારેક શુક્ર (આભાર)નું પ્રકટીકરણ એવી રીતે પણ થાય છે કે અલ્લાહતઆલાની તે નેઅમતોની સાથે સમન્વય થાય છે જે તમારા ભાગ્યમાં છે. ફનાનું સ્થાન પ્રાપ્ત થવા પર શુક્ર ગુજારી (આભાર વસતા) એ છે કે આ સ્થાનથી લાભ ઉઠાવતા સઘળી મનેચ્છાઓને ખતમ કરી દો અને શરઈ સીમાઓના રક્ષણ તથા દેખરેખમાં પ્રત્યેક સમયે મશગુલ રહો. આ અબ્દાલનું અંતિમ સ્થાન છે. માટે જે રાહ તમારા માટે બયાન કરી દેવામાં આવી છે તેનાથી નસીહત પ્રાપ્ત કરો. અલ્લાહતઆલા તમોને સન્માર્ગનો પથિક–યાત્રી બનાવે.

## શરઈ હુદુદ સાથે લાભાવિંત થવું

પીરાન પીર હઝરત શૈખ અબ્દુલ કાદિર જીલાની રહમતુલ્લાહ અલૈહએ ફરમાવ્યું કે–સુલુકનો આરંભ એ છે કે બંદો આદતો તથા પ્રાકૃતિક ઇચ્છાઓનો ત્યાગ કરીને શરીઅત અનુસાર વસ્તુઓને અપનાવે બીજો દરજ્જો એ છે કે કઝાવકદર (ભાગ્ય)ની તરફ આવી જાય. ત્રીજો દરજ્જો એ છે કે શરઇ સીમાઓના રક્ષણ તથા દેખભાળ સાથે પ્રાકૃતિક આદતો પ્રત્યે પલટી આવે. પછી ખાવા-પીવા અને પહેરવાની ચીઝો, નિકાહ કરવા, મકાન બનાવવા, અને પ્રાકૃતિક આદતોથી કરવાવાળા સઘળા કામોમાંથી જેની શરીઅત ઇજાઝત આપે, કરે અને જેનાથી રોકે તે ન કરે, અને કિતાબ (કુઆન) તથા સુન્નતનું

સંપૂર્ણતમ અનુસરણ કરે. અલ્લાહ તબારક વ તઆલા એ ફરમાવ્યું-"જે વસ્તુ રસૂલ તમને આપે, લઇલો અને જે વસ્તુથી તમને રોકે તેનાથી દુર રહો." અને ફરમાવ્યું-અય રસૂલ! તેમને ફરમાવી દો કે જો તમો ખુદાથી મહોબ્બત કરો છો તો મારી પૈરવી કરો. પછી ખુદા તમને પોતાનો મહેબુબ બનાવી લેશે."

એટલા માટે તમો પોતાના ઝાહિર તથા બાતિનમાં પોતાના નફસ, તેની ઈચ્છાઓ અને તેની સરકશીને એવી રીતે ફના કરો કે તમારા બાતિન (અંતર)માં તૌહીદે ખુદાવંદી અને ઝાહિર (બાહ્ય)માં અલ્લાહની ફરમાં બરદારી સિવાય કાંઇ રહે નહી. તમારી એજ હાલત અહર્નિશ દરેક હલન ચલન તથા સ્થિરતામાં, પ્રવાસ તથા નિવાસ, બીમારી તથા તંદુરસ્તી, ખુશી તથા ગમમાં અને સઘળી હાલતોમાં હોવી જોઈએ. પછી તમને ભાગ્યના અધિકારમાં સોંપી દેવામાં આવશે અને તમારા પ્રયત્ન તથા શક્તિ, બળ તથા પરિશ્રમને નષ્ટ કરીને જે કાંઈ તમારા ભાગ્યનું લખેલું છે અને ખુદાના ઇલ્મ (જાણકારી)માં છે તેની પ્રત્યે તમને લઈ જવામાં આવશે. તેની સાથે તમારો સમન્વય થઇ જશે તો તમને રક્ષણ અને સલામતીની નેઅમત અતા કરી દેવામાં આવશે.

આ હાલતમાં જ્યારે તમો શરઈ સીમાઓના રક્ષણના યોગ્ય થઈ જશો અને ફે'લે ઈલાહીથી તમને અનુકુળતા પ્રાપ્ત થઇ જશે તો તમો શરઆના કાનુનોને કોઈ રીતે

તોડશો નહી-ભંગ કરશો નહી. અને કોઈ હરામ વસ્તુને વિધર્મીઓની જેમ હલાલ અને ઉચિત કહેશો નહી. ખુદાવંદતઆલાનો ઈરશાદ છે-"બેશક શરીઅતને અમોએ નાઝિલ (ઉતરાણ) કરી અને અમો જ તેનું રક્ષણ કરીશું" બીજી એક જગ્યાએ ફરમાવ્યું—"અમોએ હઝરત યુસુફ અલયહિસ્સલામથી બુરાઈ અને ભુંડી વાત લોટાવી દીધી કેમકે તેઓ અમારા મુખ્લિસ (નિઃસ્વાર્થ) બંદાઓ પૈકી છે." પછી ખુદાની રહેમતથી જીવન પર્યંત સમ્માન તથા અલ્લાહનું રક્ષણ તમારી સાથે રહેશે. તબીયતને પસંદ વસ્તુઓ જે તમારા ભાગમાં અને તમારા માટે છે, એક બોજ (ભાર) છે જેનાથી તમને બચાવી લેવામાં આવ્યા છે કે જેથી તે તમને વિસાલ તથા ફનાની ચોખટ સુધી પહોંચવા માટે ભારરૂપ અને કમજોર ન કરી દે. ફનાનો એજ મુકામ (સ્થાન) કુર્બે ખુદાવંદી (ખુદાની નિકટતા) સુધી પહોંચ અને મઅરફતે હક્ક (ખુદાની ઓળખ) અને રહસ્યો તથા જ્ઞાનો સુધી પહોંચવા અને અન્વારના સમુદ્રમાં ડુબકી મારવાનું માધ્યમ અને વસીલો છે, આવી રીતે તબીયતની ઝુલ્મત (તિમિરતા) અનવારને કોઈ નુકસાન પહોંચાડી શકશે નહી.

પછી જ્યાં સુધી રૂહ (આત્મા) શરીરમાંથી નીકળી જાય નહી, તબીયત તે કામોને પૂર્ણ કરવા માટે બાકી રહે છે. કેમકે જો તબીયતની કામનાઓ માનવીમાં ન રહે તો તે ફરિશ્તાઓમાં જઈ મળશે, અને જગતની વ્યવસ્થા

સ્થિર રહેશે નહિ અને અલ્લાહની હિકમત બાતિલ થઈ જશે. પરંતુ પ્રકૃતિ સ્વભાવનું બાકી રહેવું આવશ્યકતાનો અંશ તો છે પરંતુ જીવન ધ્યેય હરગિઝ નથી. જેવું કે, નબીએ કરીમ અલયહિસ્સલાતો તસ્લીમે ફરમાવ્યું:- "તમારી દુનિયામાં ત્રણ વસ્તુઓ મને પ્રિય છે (૧) ખુશ્બુ (૨) સ્ત્રીઓ (૩) નમાઝ. નમાઝ મારી આંખોની ઠંડક છે". જ્યારે હુઝુર પુરનુર દુનિયા તથા તેમાં જે કાંઇ છે તેનાથી ફનાઇયત તરફ પરાવર્તન થયા તો આ પ્રારબ્ધને આપના તરફ લોટાવી દેવામાં આવ્યું જે તે સમયે રોકી લેવામાં આવ્યું હતું. જ્યારે આપ પોતાના રબ્બ તરફ ચાલ્યા, પછી આપે ખુદાના હુકમના પાલન અને ખુદાના ફેલના સમર્થન અને રઝામંદિની હાલતમાં તે વસ્તુઓને સંપૂર્ણત પ્રાપ્ત કરી લીધી. અલ્લાહના નામો પવિત્ર છે, તેની રહેમત આમ છે અને તેનો ફઝલ સઘળા નબીઓ, વલીઓની સાથે છે. માટે આ ક્રમમાં હરેક વલીની એ જ હાલત છે કે તેના ફના થવા પછી તેની કિસ્મત અને પ્રકૃતિની અપેક્ષાઓ શરઇ સીમાઓની સાથે તેને પાછી ફેરવી દેવામાં આવે છે અને અંતથી આરંભ તરફ પાછા ફરવાનો એ જ અર્થ છે.

## ઈમાનશાળીઓની ત્રણ હાલતો

હઝરત પીરાન પીર દસ્તગીર ફરમાવે છે કે:- જ્યારે પ્રારબ્ધો મોમિન સુધી પહોંચે તો તે તેમને લેવા

અને સ્વીકાર કરવામાં એટલા પ્રમાણમાં વિલંબ અને શોધ અવશ્ય કરે કે શરીઅત તેના ઉચિત હોવા અને સ્વીકારવાનો હુકમ આપી દે." હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું:- "મોમિન તે છે જે તપાસ કરે. મુનાફિક તત્કાળ પ્રાપ્ત કરી લે છે." વધુમાં ફરમાવ્યું:- "વિલંબ કરનાર મોમિન છે." એક બીજા સ્થળે ઇરશાદ ફરમાવ્યો:-"જે વસ્તુ શંકાશીલ હોય તેને છોડી દો અને જેમાં શંકા ન હોય તે લઈ લો." આથી મોમિન ખાવા-પીવા, પહેરવા, નિકાહથી સંબંધિત અને બીજી સઘળી વસ્તુઓ અને જે તેના પર જાહેર થાય વિના વિલંબે પ્રાપ્ત ન કરે. તે તકવા (પરહેઝગારી) ની હાલતમાં હોય તો શરીઅતથી જવાજ (જાઇઝ હોવું) પ્રાપ્ત કર્યા વગર તે વસ્તુઓ લેતો નથી અને જો વિલાયત, ગૌષિયત તથા અબદાલીયતની હાલતના મુકામમાં છે તો ઈલ્મ અથવા ફઅલે ખુદાવંદી જે "કદરે મહઝ" છે ના હુકમ વગર તે વસ્તુ લેતો નથી.

તેના પછી મોમિન પર બીજી હાલત આવે છે જે કાંઈ તેને અતા કરવામાં આવે છે તેનો તે સમય સુધી ઉપયોગ કરતો રહે છે જ્યાં સુધી શરીઅત, અમરે બાતિન અથવા ઇલ્મે ખુદાવંદીને તેના પર એ'તરાઝ ન હોય, જેવો જ આ પાસાઓથી કોઈ એ'તરાઝ સામે આવે છે મોમિન તે વસ્તુના ઉપયોગથી રોકાઈ જાય છે. આ હાલત પહેલી હાલતના પ્રતિકુળ કહેવાય છે કેમકે પહેલી હાલ-

તમાં વિલંબ કરવું અને વિલંબથી પ્રાપ્ત કરવું જરૂરી હતું અને આ હાલતમાં તેમને લઈ લેવું અને તે વસ્તુઓથી સમન્વય કરવું જરૂરી થયું.

પછી ત્રીજી હાલત છે જેમાં શરીઅત, અમરે બાતિન અને ઇલ્મે એઝદીના એ'તરાઝ વગર કેવળ આ નેઅમતોની પ્રાપ્તિ અને તેમનાથી સમન્વય છે જે મોમિન પર ફતેહ કરવામાં આવી છે અને એ જ ત્રીજી હાલત ફનાની હકીકત છે. આમાં મોમિન તમામ આફતો તથા બલાઓથી અને શરીઅતની હદો તોડવાથી સુરક્ષિત હોય છે અને બુરાઇઓથી બચેલો રહે છે. જેવું કે ખુદાવંદે કરીમે ઈરશાદ ફરમાવ્યો:–"અમોએ હઝરત યુસુફ (અલયહિસ્સલામ)ને બુરાઈ અને બદીથી બચાવી લીધા. બેશક તે અમારા મુખલિસ બંદાઓ પૈકી છે." આવી રીતે બંદાને શરીઅતની હદો તોડવાથી એવી રીતે બચાવી લેવામાં આવે છે જેવું આ કામ જ તેને સોંપીને તેને ઈજાઝત આપી દેવામાં આવી છે અને તેના માટે આ વસ્તુ જાઇઝ કરી દેવામાં આવી છે.

આ હાલતમાં મોમિનને જે પ્રારબ્ધ પ્રાપ્ત થાય છે તે તેના માટે દુનિયા તથા આખેરતમાં પાક–સાફ હોય છે. અને ખરાબ પરિણામથી મુક્ત હોય છે અને બંદો ઈરાદએ ખુદાવંદી અને અનુકુળતા તથા ફેલે ઇલાહીથી રાજી થઈ જાય છે. આ હાલતથી વધીને કોઈ હાલત નથી અને એજ અસલી ઉદ્દેશ્ય છે અને આ મુકામ તેમનો

છે જેમને રહસ્યશાળી, ઓલિયાએ કિરામ અને ઇખ્લાસ શાળી હોવાના કારણે અંબિયાની ચોખટ સુધી પહોંચ થાય છે અને ત્યાંથીજ ફેઝ ગ્રહણ કરી તે લોકો મમ્બએ અન્વાર (અન્વારના સ્રોત) તથા અસરારે ઈલાહી (ઈલાહી રહસ્યો) થઈ જાય છે. તે સૌ પર અલ્લાહની રહેમતો થાય.

## ખુદા તઆલાનું તકર્રુબ અને દુરી

પ્રિય વાંચકો! હઝરત ગૌષે પાક રહમતુલ્લાહ અલૈહએ ફરમાવ્યું :—આશ્ચર્ય છે, જો તમો એમ કહો કે ફલાણો મોમિન મુકર્રબ (નિકટસ્થ) છે અને મને દુર રાખવામાં આવ્યો છે. ફલાણાને અતા કરવામાં આવ્યું છે અને હું મેહરૂમ (વંચિત) છું, ફલાણો ગની (ધનવાન) છે, મને મોહતાજ (નિર્ધન) બનાવવામાં આવ્યો છે. ફલાણો તંદુરસ્ત છે અને હું બીમાર છું. ફલાંણો બુઝુર્ગ છે અને મને ફકીર (તુચ્છ) કરવામાં આવ્યો છે. ફલાંણાની તઅરીફ કરવામાં આવી છે અને મારી નિંદા કરવામાં આવી છે, ફલાંણાને સાચો બનાવવામાં આવ્યો છે અને મને જુઠો. શું તમો જાંણુતા નથી કે અલ્લાહ તઆલા વાહિદ (એકાંકી) છે અને મહોબ્બતમાં પણ વહદત અને યકતાઇને પસંદ કરે છે. જ્યાં સુધી કોઇ ગૈર દ્વારા ખુદાનું તકર્રુબ (નિકટતા) પ્રાપ્ત કરવાની ઈચ્છા કરશો તો તમારી મહોબ્બત ખુદા અને તેના ગૈરમાં વહેંચાઈ જશે, જેના હાથથી અને વસીલાથી ઝાહેરી રીતે નેઅમત સુધી તમારી

રસાઈ (પહોંચ) થઈ છે. આ કારણોસર તમારા દિલમાં ખુદાની મહોબ્બત ઓછી થઈ જાય છે.

અલ્લાહતઆલા ગયુર (ગૈરતવાળો) છે, પોતાના શરીકને પસંદ કરતો નથી. એજ કારણ છે કે પારકાઓના હાથોને તમારી સહાયતાથી, તેમની ઝુબાનોને તમારી પ્રશંસાથી અને તેમના કદમોને તમારા તરફ આગળ વધવાથી રોકી દેવામાં આવે છે કે જેથી તેમના કારણે તમો ખુદાથી ગફલત ધારણ કરો નહી. શું તમોએ હુઝુર પુર નુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનું ફરમાન સાંભળ્યું નથી કે માનવીય હૃદયની ઉતપત્તી એટલા માટે જ છે કે તે પોતાના અહેસાન કરવાવાળાઓથી મહોબ્બત અને બુરાઈ કરવાવાળાઓથી અદાવત રાખે છે, આથી લોકોને તમારા પર અહેસાન કરવાથી રોકી દેવું પણ અલ્લાહતઆલાનું કામ છે. કે જેથી તમો તેની વહેદાનિયત ને માની લો અને કેવળ તેનાથીજ મહોબ્બત કરો અને પોતાના બાહ્ય અને આંતરિક સાથે પોતાની સઘળા હલન-ચલનમાં અલ્લાહ માટે જ થઇ જાવ. કેવળ તેનાજ ખૈર (ભલાઈ)ને દેખો અને કોઈ શર (દુષ્ટતા)ને નીહાળો નહી અને મખલુકથી, નફસ અને તેની ઇચ્છાઓથી, ઇરાદાઓ અને આરઝુઓથી અને ખુદા સિવાય દરેક વસ્તુથી ફના થઈ જાવ. તે પછી તમારી તરફ અતા તથા બખ્શીશના હાથ પણ વધશે અને ઝુબાનો તમારી તઅરીફ (પ્રશંસા)માં ખુલશે, પછી અલ્લાહતઆલા દુનિયા તથા આખેરતમાં તમને એશ તથા સુખ સાથે રાખશે.

માટે બેઅદબી કરો નહિ અને જાત પર નજર રાખો કે જેની નજર તમારી તરફ છે અને તેના પ્રત્યે ધ્યાનિત રહો કે જેની તવજ્જોહ (ધ્યાન) તમારા પર છે. તેને જ દોસ્ત રાખો કે જે તમને દોસ્ત રાખે છે. તેનેજ જવાબ આપો કે જે તમોને પોકારે છે. અને તેના તરફ જ હાથ લંબાવો કે જે ગોથું ખાવાથી પકડી લે છે. અને અજ્ઞાનતા તિમિરતામાંથી બહાર કાઢે છે, વિનાશથી બચાવે છે ગંદકી દુર કરે છે, મલીનતાઓથી પાક કરે છે. મુરદાર (મૃતક) નફસની દુર્ગંદ અને તમારા બુરા (ખરાબ) ઈરાદાઓથી તમને છુટકારો આપે છે. નફસે અમ્મારા (તામસસન) ની બુરાઈઓથી મુક્તિ અર્પે છે. અને ભટકેલા અને ગુમરાહ કરનાર સાથી અર્થાંત શયતાનથી મુક્તિ આપે છે. તમારા જાહિલ મિત્ર રાહે હકના એવા લુટારા છે જે સઘળી પાક, સારી, શુદ્ધ અને પ્રિય વસ્તુઓ સુધી તમને પહોંચવા દેતા નથી.

એવામાં તમો ક્યાં સુધી ઈચ્છાઓની તાબેદારી અને પોતાના ખાલિક તથા માલિકની સરકશી કરશો. ક્યાં સુધી દુનિયા તથા આખેરતના ચક્કરમાં ફસેલા રહેશો. અને અલ્લાહ સિવાયના પાબંદ રહેશો. તમો તો જાણે દરેક વસ્તુના ખાલિક અને પરવરદિગારથી છેટે જઈ પડયા છો. યાદ રાખો અવ્વલ તથા આખિર, ઝાહિરો બાતિન એ જ છે તેની જ તરફ સૌને જવું છે. રૂહો અને દિલોની સંતુષ્ટિ તથા શાન્તિ બક્ષવું, ભાર ઉતારવું અને પ્રદાન

તથા અહસાન કરવું આ સઘળું તેનાજ કબ્જામાં છે અને એજ બહુશાનવાળો છે.

## મઅરફ્તનો એક પ્રકાર

હઝરત ગૌષે પાક રહમતુલ્લાહ અલૈહ ફરમાવે છે કે—"મેં સ્વપ્નમાં જોયું કે જાણે કહી રહયો છું કે તુ બાતિનમાં પોતાના નફ્સને અને ઝાહિરમાં મખલુક અને અમલમાં પોતાના ઈરાદાઓને ખુદાની સાથે શરીક કરે છે. આ વાત પર એક શખ્સે કે જે મારી પાસે હતો, મને પૂછયું કે આ કેવી વાત છે. મેં જવાબ આપ્યો, આ મઅરફ્તનો એક પ્રકાર છે."

## કેવું મૃત્યુ અને કેવું જીવન જોઇએ છે

હઝુર ગૌષે પાક રહમતુલ્લાહ અલૈહ ફરમાવે છે કે-"મને એક દિવસે એક કામમાં મુશ્કેલી આવી પડી અને મારો નફ્સ (મન) આ તંગીથી નીકળવા અને રાહત પામવાનો તલબગાર થયો. એવામાં મને કહેવામાં આવ્યું-શું ઈચ્છો છો? મેં કહયું--"એવી મોત જેમાં હયાત ન હોય અને એવી હયાત જેમાં મોત નથી." પૂછવામાં આવ્યું—"તે કયું મૃત્યુ છે જેમાં હયાત (જીવન) ન હોય અને તે કેવી હયાત છે જેમાં મૃત્યુ ન હોય" મેં જવાબ આપ્યો—"એવું મૃત્યુ જેમાં હયાત નથી, મારૂં પોતાની હમજિન્સ (સહજાતીય) મખલુકથી મૃત્યુ પામવું છે, એવી રીતે કે હું તે સૌમાં જીવંત પણ રહું

અને તેમનામાં મારૂં અસ્તિત્વ પણ ન હોય, હયાત જેમાં મૌત નથી તે એ છે કે હું પોતાના પરવરદિગાર ના ફઅલમાં જીવંત રહું એવી રીતે કે તેમાં મારૂં અસ્તિત્વ ન હોય, આ હાલતમાં મારી મૌત, વુજુદે હક (અલ્લાહ ના અસ્તિત્વ)ની સાથે મારી હયાત છે, જ્યારથી હું સમજદાર થયો છું મારી એ જ ઇચ્છા સૌ ઇચ્છાઓથી અધિક ઉત્તમ છે."

## નારાજી, ખુદાથી કે પોતાના નફસથી

પ્રિય વાંચકો! હઝરત શૈખે ફરમાવ્યું—જો તમારી દુઆ કુબુલ થવામાં વિલંબ થઇ જાય તો તમો પોતાના પરવરદિગાર પર નારાજીનું પ્રકટીકરણ કરતાં કહો છો કે મારા પર મખલુક (લોકો)થી સવાલ કરવું (માંગવું) હરામ અને ખુદાથી માંગવું ફર્ઝ કરી દેવામાં આવ્યું છે અને જ્યારે તેનાથી દુઆ કરીએ છીએ તો કુબુલ થતી નથી. આ સિલસિલામાં તમને પૂછવામાં આવે છે કે તમો આઝાદ છો કે ગુલામ? જો તમો પોતાને આઝાદ સમજો છો તો કાફિર છો અને જો ગુલામ છો તો વિચાર કરો કે દુઆના સ્વીકરણમાં વાર થવાથી પોતાના આકા (માલિક) પર તોહમત લગાવો છો અને ખુદાની તે રહેમતમાં કે જે તમારા અને બીજી સઘળી મખલુક માટે આમ (સર્વ સામાન્ય) છે અને ઈલ્મે ઈલાહીમાં જે સૌના અહવાલની સાથે છે, શંકા કરો છો. અને જો પોતાના રબ્બ પર તોહમત લગાવતા નથી અને તેની હિકમત, તેના ઈરાદા

અને દુઆના સ્વીકરણમાં તેના વિલંબને તેની મસલેહત સમજો છો તો તમારા માટે જરૂરી છે કે ખુદાનો શુક્ર (આભાર) અદા કરો કે તેણે તમારા માટે સાલેહ અને ઉત્તમ નેઅમત ચુંટી કાઢી અને તેમાંથી ફસાદ (બગાડ) ને દુર કરી દીધો.

જો આ હાલતમાં તમો ખુદા પર તોહમત મુકો છો તો આ હરકતના કારણે કાફિર થઈ ગયા છો કેમકે તેના પર તોહમત લગાવવું તેની સાથે ઝુલ્મને સંબંધિત કરવું છે. જ્યારે કે તે બંદાઓ પર ઝુલ્મ કરતો નથી, તે તો તમારો અને દરેક વસ્તુનો માલિક છે અને માલિક પોતાની મિલ્કતમાં જેવી રીતે તસર્રૂફ (અધિકાર) કરવા ચાહે તે કરી શકે છે અને આ તસર્રૂફને ઝુલ્મથી અર્થઘટન કરી શકાતું નથી અને ઝાલિમની ઓળખ જ એ છે કે તેના સિવાય બીજા કોઈ નથી કે તે કોઇ બીજાની મિલ્કતમાં તેની ઇજાઝત વગર તસર્રૂફ કરે છે. માટે અલ્લાહથી નારાજ થવાનો માર્ગ અપનાવો નહી એટલે કે ફેઅલે ઈલાહી પર જેનાથી તે તમારામાં કાર્યરત છે અને તે ફેઅલ તમારી તબીયત અને મનેચ્છાની વિરૂદ્ધ છે.

એ'તરાઝ ન કરો, જો કે તે ફેઅલ તમને મસલેહતના વિરૂધ્ધ પણ દ્રષ્ટિગોચર થાય. તમારા પર વાજિબ છે કે શુક્ર, સબ્ર, સહમતિ અને રઝાએ ઇલાહીને ધારણ કરો અને નારાજી, આક્ષેપબાજી નફ્સની સરકશી સાથે પોતાના સંસ્થાપન અને ખુદાથી ગુમરાહ કરવાવાળી દરેક

ઈચ્છાનો ત્યાગ કરી દો અને નિરંતર મોલાની રઝા ચાહો અને સિદક તથા ખુલુસથી તેની પનાહ માંગો અને પોતાના રબ્બ પર હુસ્નેજન (સદભાવના) રાખો અને તેનાથી સંપન્નતા અને રહેમતની ઉમ્મીદ રાખો, તેના વાયદાને સાચો સમજો, તેનાથી હયા-શરમ કરો અમરે ઇલાહીથી સહમતિ અને તૌહીદે ખુદાવંદીના રક્ષણને નીતિ બનાવો અને તેની આજ્ઞાના પાલનમાં ઉતાવળ કરો અને જે કામોથી તેણે મના કર્યું છે તે ન કરો, જ્યારે કઝા તથા કદર (પ્રારબ્ધ) અને ફેઅલે ખુદાવંદીનું પ્રકટીકરણ તથા ઉતરાણ થાય પોતાને મુર્દા સમજો.

જો તમે બોહતાન અને તોહમત ઘડવા અને બદ ગુમાની કરવા પર મજબુર છો તો તેનો અધિકારી તમારો નફસ છે જે તમને બુરાઇ પર અને પોતાના રબ્બની નાફરમાની પર બહેકાવે છે. તેના પર તહોમત લગાવો અને તેના પર બદઝની કરો. પોતાના રબ્બેકરીમના બદલે પોતાના નફસ પ્રત્યે ઝુલ્મનો સંબંધ કરવું છે. હકિકતના નિકટવર્તી છે એટલા માટે તમારી ફરજ છે કે નફસની સહમતિ તથા મહોબ્બત, તેની રઝામંદી અને તેની વાત માનવાથી બચો કેમકે તે તમારો અને ખુદાતઆલા બંનેનો દુશ્મન છે અને જે ખુદાનો અને તમારો દુશ્મન છે તે શયતાનનો દોસ્ત (મિત્ર) તેનો ખલીફા અને જાસૂસ છે.

માટે અલ્લાહથી ડરો. તેના પર આક્ષેપબાજીથી પરહેઝ કરો અને તે કામમાં ઉતાવળ કરો. નફસ પર

તોહમત લગાવો તેને લાઝિમ સમજો અને અલ્લાહનું આ ફરમાન વાંચો :-

"જો તમે ઇમાન લાવો અને શુક્ર કરોતો અલ્લાહ તમને કેમ અઝાબ આપશે," અને આ ઇરશાદ પણ યાદ રાખો "આ અઝાબ તમારા પોતાના હાથોએ કરેલા આ'માલના કારણે છે. બેશક અલ્લાહ પોતાના બંદાઓ પર ઝુલ્મ કરતો નથી." ફરી ફરમાવ્યું "લોકો પર ખુદા તઆલા ઝુલ્મ કરતો નથી. લોકો પોતાના નફસો પર ખુદ ઝુલ્મ કરે છે." આ ઉપરાંત આ સંબંધે જે બીજી આયતો અને હદીસો છે તેમને વાંચો અને અલ્લાહ માટે પોતાના નફસના શત્રુ બની જાવ અને ખુદા તરફથી પોતાના નફસ સાથે જંગ કરો, તેના પર તલવાર કાઢો અને તેના માટે અલ્લાહના લશ્કરની હેસિયત ધારણ કરો. નફસ પર ગાલિબ થઈ જાવ કેમકે અલ્લાહના દુશ્મનોમાં આ સૌથી મોટો દુશ્મન છે. ખુદા તઆલાએ હઝરત દાઉદ અલયહિસ્સલામને ફરમાવ્યું:- "અય દાઉદ! મનેચ્છાઓનો ત્યાગ કરી દો કેમ કે તેનાથી વધીને મારાથી ઝઘડો કરનાર બીજો કોઇ નથી," ખુદા અમને અને અમારા વાંચકોને નેક તૌફીક ઈનાયત કરે. આમીન.

## ખુદાથી નિરંતર માંગતા રહો

હઝરત મહીયુદ્દીન જીલાની રહમતુલ્લાહ અલયહે ફરમાવ્યું- 'હરગિઝ એમ ન કહો કે હું ખુદાથી દુઆ

માંગતો નથી કે જે વસ્તુ મારી કિસ્મતમાં છે, માગુ કે ન માંગુ તે તો મને મળી જ જશે અને જો કોઈ વસ્તુ મારા ભાગ્યમાં નથી તો દુઆ કરવાથી પણ મળસે નહિ આ વાત કહેવાને બદલે તમારે જે વસ્તુની જરૂરત અથવા ઇચ્છા છે તે જો હરામ અને ફાસિદ નથી તો ખુદાથી માંગવી જોઇએ કેમ કે ખુદા તઆલાએ ખુદ તમને માંગવાનો હુકમ આપ્યો છે. "મારાથી દુઆ કરો. હુ કબુલ કરનારો છું." પછી ફરમાવ્યું :– "ખુદાથી તેનો ફઝલો કરમ માંગો" હુઝુર નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું—"અલ્લાહથી સ્વીકરણના યકીન પછી દુઆ માંગો." વધુમાં ઇરશાદ ફરમાવ્યો. "અલ્લાહ કૃપાળુથી પોતાની બાતિની હથેળીઓથી દુઆ કરો." આ ક્રમમાં બીજી પણ કેટલીએ હદીસો છે.

એમ ન કહો કે હું તો ખુદાથી માંગતો રહ્યો, તેણે મને કાંઈ આપ્યુ નથી. એટલા માટે હવે હું કાંઈ માંગીશ નહી. બલ્કે તેનાથી હમેશા માંગતા રહેવું જોઇએ એટલા માટે કે જો તે તમારા ભાગ્યમાં છે તો માંગવા પછી ખુદા તે તમને અતા કરી દેશે અને તેની આ બક્ષીશ તમારા ઇમાન તથા યકીન અને તૌહીદ પર અકીદાને મજબુત કરશે. અને તમને મખલુકથી માંગવાની તકલીફથી છુટકારો અપાવશે અને તેના કારણે તમો નિત્ય તમામ હાલતોમાં ખુદા તરફજ ધ્યાનિત થશો અને તમારી જરૂરતો પૂર્ણ થશે.

અને જો જે કાંઈ તમોએ માંગ્યુ તે તમારી કિસ્મતનું નથી તો અલ્લાહ તમને તેનાથી નિસ્પૃહ કરી દેશે અને તમને તૌફીક આપશે કે તંગી અને સુખની હાલતમાં પણ ખુદાતઆલાથી રાજી રહેશો. જો તમે મોહતાજ અથવા બીમાર છો તો તે હાલતમાં પણ તમને ખુશ રાખશે. જો કરજદાર છો તો લેણદારોને તમારા સાથે નરમી કરવા, તમારા દૌલતમંદ થવા સુધી ઢીલ કરવા અથવા આસાની કરવા અથવા માફ કરી દેવા અથવા કરજના તકાઝાને ઓછો કરવા માટે તત્પર કરી દેવામાં આવશે અને જો લેણદાર તમારૂં કરજ માફ અથવા ઓછું ન પણ કરશે તો ખુદાતઆલા તમારા સવાલ (માંગણી) ને દુનિયામાં પૂર્ણ ન કરવાના બદલામાં આખેરતમાં તમને અનહદ સવાબ આપશે. કેમકે ખુદાતઆલા કરીમ તથા રહીમ અને ગની છે અને દુનિયા તથા આખેરતમાં પોતાના સાઇલ (ભિક્ષુક)ને નિરાશ કરતો નથી. આથી સવાલ કરવામાં દરેક રીતે ફાયદો છે અને પ્રાપ્તિજ પ્રાપ્તિ છે ભલે દુનિયામાં થાય કે આખેરતમાં. હદીસે પાકમાં છે—"મોમિનના અમલની ફહરિસ્તમાં એવી નેકીઓ પણ હશે જેમને તેણે દુનિયામાં કરી ન હતી અને જેમને તે જાણતો સુદ્ધાં નથી કે આ કયાંથી આવી ગઇ. પછી તેને કહેવામાં આવશે કે આ નેકીઓ તારા સવાલો (માંગણીઓ) અને દુઆઓનો બદલો છે જેમને તેં દુનિયામાં ખુદાથી તલબ કરી હતી અને આ બદલો એટલા

માટે છે કે મોમિન સવાલ કરતી વેળા ખુદાતઆલાનો ઝાકિર અને તેને વાહિદ (એકાંકી) માનનાર હતો અને દરેક વસ્તુને તેના મોકા-પ્રસંગ પર રાખનાર અને હકદારને તેનો હક આપનાર હતો અને તે પૂર્ણ શક્તિ સાથે ગર્વ-ઘમંડથી વિમુખ રહયો. આ એજ આ'માલેહસના (સુકૃત્યો) છે જેનો બદલો ખુદાતઆલાની નજદીક જરૂરી હોય છે.

## નફ્સના મુજાહિદાનો બદલો

હઝરત અબ્દુલકાદિર જીલાની રહમતુલ્લાહ અલૈહ ફરમાવે છે—"જ્યારે તમો પોતાના નફ્સની સાથે જેહાદ કરો છો, તેના પર કાબુ મેળવી વિરૂદ્ધતાની તલવારથી તેને કતલ કરી નાખો છો તો અલ્લાહતઆલા તેને બીજી-વાર એટલા માટે જીવંત કરી દેશે કે તે તમારાથી ઝઘડો કરે, તમને હરામ અથવા ઉચિતની ઈચ્છા તથા સ્વાદની જાળમાં ફસાવે. તેમની તલબ તમારામાં પૈદા કરે કે જેથી તમો તેની સાથે ફરી સંધી કરીને આગળ વધો અને અલ્લાહ તરફથી દાયમી સવાબના હકદાર બની જાવ, રસૂલેકરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના એ ફરમાનનો પણ એજ ભાવાર્થ છે કે "અમોએ જેહાદે અસગર (નાની જેહાદ)થી જેહાદે અકબર (મોટી જેહાદ) તરફ રજુઅ કર્યુ" જેહાદે અકબરથી હુઝુરની મુરાદ નફ્સનો મુજાહિદો છે અને નફ્સ હમેશા લિજ્જતો અને ગુનાહોમાં મશગુલ રહે છે. અલ્લાહતઆલાના એ ઈર્શાદનો પણ એજ અર્થ છે કે "યકીનની કેફીયત સુધી પહોંચવા સુધી અલ્લાહની ઇબાદત કરતા રહો." ખુદાવંદ તઆલાએ પોતાના નબી

સલ્લલ્લાહો અલયહે વસલ્લમને ઈબાદતનો હુકમ આપ્યો. ઈબાદતથી નફ્સની વિરૂદ્ધતા મુરાદ છે. કેમકે નફ્સ સઘળી ઈબાદતોથી સરકશી કરે છે અને ઈબાદતોથી વિપરીત ઇચ્છે છે ત્યાં સુધી કે તે ખત્મ થઇ જાય છે.

જો એ એતરાઝ (ટીકા) કરવામાં આવે કે રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો તાહિર તથા મુતહર (પવિત્ર-શુદ્ધ) નફ્સ ઈબાદત કરવાથી કેવી રીતે સરકશી (અવજ્ઞા) કરી શકે છે જ્યારે કે આપમાં કોઈ મનેચ્છા બાકી જ ન હતી. ખુદાવંદતઆલાએ ફરમાવ્યું- "આપ પોતાની ખ્વાહિશ (ઈચ્છા)થી તો કોઇ વાત કહેતા નથી, આપની તો દરેક વાત "વહી" છે જે આપના તરફ મોકલવામાં આવે છે." આ આરોપનો જવાબ એ છે કે અલ્લાહતબારક વ તઆલાએ પોતાના નબીને જેવી રીતે સંબોધિત કર્યા તે શરીઅતના પ્રકટીકરણની પદ્ધતિ છે. કે જેથી તેનાથી શરીઅતનો હુકમ સાબિત થાય અને આ હુકમ આપની ઉમ્મતમાં કયામત સુધી માટે જારી રહે....અલ્લાહતઆલાએ પોતાના મહબુબે પાકને નફ્સ અને ખ્વાહિશ (ઇચ્છા) પર ગલબો (કાબુ) આપ્યો કે જેથી આપને કોઈ નુકસાન થાય નહી અને આપ ઉમ્મતની જેમ મુજાહિદા (મનોનિગ્રહ)ના હાજતમંદ નથી.

મોમિન જ્યારે ઝિંદગીભર હમેશા નફ્સથી મુજાહિદા પર કાયમ રહ્યો અને નફ્સ તથા ખ્વાહિશે નફ્સના લોહીથી તરબોળ નગ્ન તલવાર લઈને પોતાના ખુદાથી

મળ્યો તો અલ્લાહ તઆલા એ જે વસ્તુઓ જન્નતમાં આપવાનો વાયદો કર્યો છે તે તેને અર્પણ કરશે. ખુદા તઆલાનો ઈરશાદ છે કે—જે આદમી પોતાના રબ્બની સમક્ષ ઉભો થવાથી ભયભિત થાય અને નફ્સને ઇચ્છાથી રોકી રાખ્યો તો નિશંક તેનું ઠેકાણું જન્નત છે. જ્યારે કૃપાળુ અલ્લાહ તેને જન્નતમાં દાખલ કરશે અને જન્નત તેનું ઘર અને ઠેકાણું ઠેરવવામાં આવશે તો મોમિન જન્નતથી બહાર આવવા અને તેના સિવાય કોઈ બીજી જગ્યાએ પરિવર્તિત થવા અને દુનિયા તરફ પાછા જવાના ખ્યાલ-વિચારથી બે પરવાહ હશે. અને જેવી રીતે મોમિન નિત્ય અને પ્રત્યેક પળે દુનિયામાં નફ્સ અને તેની ખ્વાહિશોની વિરૂદ્ધ નવા નવા મુજાહિદા કર્યા કરતો હતો એવીજ રીતે નિત્ય-પ્રત્યેક પળે કૃપાળુ અલ્લાહ તેને તાજી અને ભાતભાતની નેઅમતો, જાતજાતના વસ્રો અને ખુબ સૂરત કિંમતી ઝેવર ઈનાયત કરશે.

મુનાફિક, કાફિર અને ગુનેહગાર જેવી રીતે દુનિયામાં નફ્સ અને મનેચ્છાઓની વિરૂદ્ધ મુજાહિદો કરતા ન હતા બલ્કે તેનું અનુકરણ અને શયતાનની સહમતિ કરતા હતા અને કુફ્ર તથા શિર્ક ઉપરાંત જાતજાતના બીજા ગુનાહોનું આચરણ કરતા હતા, ત્યાં સુધી કે અંતે તૌબા કર્યા વગર કુફ્રની હાલતમાં તેમને મૃત્યુ આવી ગયું તો અલ્લાહ-તઆલા તેમને ખાસ તેમના માટે જ તૈયાર કરેલ આગમાં દાખલ કરી દેશે. અલ્લાહતઆલાનો ઇરશાદ છે—"તે

આગથી બચો જે કાફિરો માટે તૈયાર કરવામાં આવી છે." પછી જ્યારે તેમને તે આગમાં દાખલ કરવામાં આવશે તો તે આગના સ્થળને તેમનું સ્થાયી ઠેકાણું બનાવી દેવામાં આવશે. આગ તેમના માંસ અને ચામડીને બાળી દેશે અને અલ્લાહતઆલા તેના બદલામાં નવું માસ અને ખાલ (ચામડી) બનાવી દેશે, જેવું કે ફરમાવવામાં આવ્યું છે કે—"જ્યારે તેમની ત્વચાઓ બળી જશે તો અમો બળેલા માંસ-ચર્મને બદલી નાખીશું." કેમકે તે લોકો દુનિયામાં પોતાના નફ્સ અને ઈચ્છાઓના સમર્થનમાં ખુદાની નાફરમાની કરતા રહયા એટલા માટે તેમને આ સ્વરૂપમાં તેમના કરતુતોનો બદલો આપશે.

આથી જહન્નમશાળીઓને અધિક અઝીબ આપવા માટે અલ્લાહતઆલા પ્રત્યેક પળે તેમના માટે નવું માંસ-ચામડી પૈદા કરી દેશે. અને જન્નતવાળાઓને પ્રત્યેક પળે તાઝી અને નવી નેઅમતો અતા કરશે કે જેથી તેમની ઈચ્છાઓ તથા સ્વાદો બમણા થાય અને તેમને આ એશ-આરામ એટલા માટે પ્રાપ્ત થશે કે તેઓ દુનિયામાં પોતાના નફ્સ સાથે મુજાહિદો કરવા અને તેને તાબે કરવામાં પ્રયત્નશીલ રહયા અને રસૂલે મકબુલ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના તે ઇરશાદનો પણ એજ ભાવાર્થ છે કે—"દુનિયા આખિરતની ખેતી છે."

## ખુદાની રહેમત વગર જન્નત કેવી ?

હઝરત શૈખ અબ્દુલ કાદિર જીલાની રહમતલ્લાહ

અલૈહએ ફરમાવ્યું–"જ્યારે અલ્લાહતઆલા બંદાના સવાલ (માંગણી)ને કબુલ કરીને તેણે માંગેલ તે વસ્તુ તેને અતા કરી દે છે તો તેનાથી ન તો ખુદાના ઈરાદામાં કોઈ તફાવત આવે છે, ન કિસ્મતના વિરૂદ્ધ હોય છે કે જેને લખીને કલમ સુકાઇ ગઇ છે. તેના પર ખુદાનું ઇલ્મ અઝીમતા કરી ગયું છે. બંદાનો સવાલ (માંગણી) પ્રથમથી નિશ્ચિત સમયમાં ખુદાના ઈરાદાથી સહમત થઈ જાય છે અને દુઆના સ્વીકરણ અને હાજત પૂર્ણ થવાનો સમય પણ પુરો થઇ જાય છે. ઇરશાદે બારી છે કે– "કુલ્લા યૌમિન હુવા ફી શાનિન" અર્થાત તેની શાન દરરોજ નવી છે. ઉલ્માએ તેની તફસીરમાં કહ્યું છે કે પ્રારબ્ધોને તેમના સમયો સુધી લઇ જવામાં આવે છે માટે જેવી રીતે કોઇ બંદાને કેવળ તેની દુઆઓના કારણે અલ્લાહતઆલા દુનિયામાં કોઇ વસ્તુ અતા કરતો નથી એવીજ રીતે કેવળ દુઆઓ દ્વારા તેનાથી કોઇ વસ્તુને દુર પણ કરવામાં આવતી નથી.

હદીસે પાકમાં છે કે–"દુઆ સિવાય તકદીર પલટતી નથી" તેનો ભાવાર્થ એ બતાવવામાં આવ્યો છે કે તેનાથી મુરાદ એ દુઆ છે જેનાથી કઝા (પ્રારબ્ધ)ના દુર થઈ જવાથી ખુદ કઝા પુર્ણ થઈ ગઇ હોય. એવી રીતે જ એ હુકમ પણ છે કે–"પોતાના અમલ દ્વારા કોઇ શખ્સ આખિરતમાં જન્નતમાં પ્રવેશશે નહી બલ્કે દરેક આદમી અલ્લાહની રેહમતથીજ જન્નતમાં જશે." પરંતુ જન્નતમાં

બંદાઓના આ'માલના અંદાઝ પર દરજાએ અતા કરવામાં આવશે. હઝરત આઈશા સિદ્દીકા રદીયલ્લાહો અન્હા ફરમાવે છે-"મેં હુઝુરે અકરમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને પુછ્યું કે કોઇ શખ્સ કેવળ પોતાના આમાલના આધારે જન્નતનો હકદાર છે" તો આપે ફરમાવ્યું-"નહી, જ્યાં સુધી રેહમતે ખુદાવંદી શામિલે હાલન થાય." (જન્નતનો હકદાર થઇ શકતો નથી.) મેં અર્જ કરી "આપ પણ"? આપે ફરમાવ્યું-"હા, હુ પણ ત્યાં સુધી જન્નતમાં દાખલ થઈશ નહી જ્યાં સુધી રેહમતે ખુદાવંદી મને ઢાંકી નલે." આ ફરમાવી આપે પોતાનો જમણો હાથ પોતાના મસ્તક મુબારક પર મુકી દિધો.

કેવળ આ'માલના કારણે જન્નતમાં દાખલ ન થવાનું કારણ એ છે કે ખુદાતઆલા પર કોઈ શખ્સનો કોઈ હક પણ નથી અને ન તેના માટે વાએદાની પુર્તિ જરૂરી છે. ખુદાતઆલા જેફેલનો ઈરાદો કરે છે તેને કરી દે છે. જેને ઈચ્છે અઝાબમાં ગ્રસ્ત કરી દે છે અને જેને ઇચ્છે છે માફ કરીને રેહમ ફરમાવે છે. ખુદાથી તેના કાર્ય અને ઈરાદા સંબંધે કોઈ સવાલ પણ કરી શકતો નથી. અલબત ખુદાતઆલા જેનાથી ઈચ્છે સવાલ કરે છે, જેને ઇચ્છે છે રેહમત અધિકતા તથા એહસાનથી બેહિસાબ (અઢળક) અતા કરી દે છે અને જેને ઈચ્છે છે પોતાના ઈન્સાફ દ્વારા આપતો નથી.

આવું કેમ ન થાય જ્યારે કે અર્શની મખલુકથી

માંડીને તહતુસરા (પાતાળ) સુધી જે જમીનના સાત તબકાંઓની નીચે છે. તેની જ મિલ્ક (મિલ્કત) છે અને તેની બનાવેલ છે. આ સઘળી વસ્તુઓનો ખાલિક તથા માલિક તેના સિવાય કોઇ નથી, જેવું કે ખુદ તેણે ફરમાવ્યું–"ખુદા સિવાય સર્જન કરનાર કોઈ નથી" એક બીજા સ્થળે ફરમાવ્યું–"અયનબી! આપ ફરમાવી દો કે અય ખુદા, તુજ માલિકુલ મુલ્ક છે, તુ જેને ઇચ્છે છે મુલ્ક (દેશ) અતા કરી દે છે અને જેનાથી ઇચ્છે છે છીનવી (ઝુંટવી) લે છે. તુ જેને ઇચ્છે છે ઈઝઝત આપે છે અને જેને ઈચ્છે છે ઝલીલ કરે છે. દરેક ભલાઈ તથા ખૈર તારાજ હાથમાં છે. બેશક તુ દરેક ચીઝ પર ગાલિબ અને દરેક કામ પર કાદિર (શકિતમાન) છે. ખુદ ખુદા-તઆલાનો ઈરશાદ છે કે–"ખુદા જેને ઈચ્છે છે બે હિસાબ રિઝક (રોજી) આપે છે."

## અલ્લાહતઆલાથી શું માંગવું જોઇએ શું નહી?

હઝરત પીરાનેપીર અબ્દુલકાદિર જીલાની રહમ-તુલ્લાહ અલૈહએ ફરમાવ્યું–"અલ્લાહતઆલાથી કેવળ એ ઈચ્છો કે તમારા પાછલા ગુનાહ બખ્શવામાં આવે અને તમો વર્તમાન અને ભવિષ્યના દિવસોમાં ગુનાહોથી સુરક્ષિત રહો. ઇતાઅતની ખુબી, એહકામોનું પાલન, નાફરમાનીથી બચવા, કઝા તથા કદર (પ્રારબ્ધ) પર રાજી રહેવા, બલાઓની તિવ્રતા પર સબ્ર કરવા, નેઅમતો અને પ્રદાનો પર શુક્ર કરવા અને ખાતમાબિલ ખૈર થવાની

તૌફીક માંગો. અને અંબિયા, સિદ્દીકીન, શોહદા અને સાલેહીનનું ઉત્તમ સહચર્ય અને સાથ પ્રાપ્ત થવાની દુઆ કરતા રહો અલ્લાહતઆલાથી દુનિયા તલબ કરવી જોઇએ નહી, જો બલા તથા હાજતની હાલતમાં હોય તો કુશળતા અને તવંગરી માંગવાના બદલે કેવળ કિસ્મતના લખેલા પર શાકિર (સંતોષી) રહો અને જેહાલ અથવા જે મુસીબતમાં તમને મુકવામાં આવ્યા છે તેના ઉપર તે સમય સુધી હિફાઝત તથા નિરંતરતાનો સવાલ કરો જ્યાં સુધી ખુદા તમને વર્તમાન હાલથી વિપરીત હાલ તરફ ફેરવી ન દે.

હકીકત એ છે કે તમને પોતાની ભલાઈના કામની ખબર નથી. તમે જાંણતા નથી કે તમારી ભલાઈઓ મોહતાજીમાં છે કે દોલત મંદીમાં, વિપત્તિમાં છે કે કુશળતામાં તમારાથી વસ્તુઓની હકીકતનું ઈલ્મ ગુપ્ત રાખવામાં આવ્યું છે અને સઘળી ચીઝોની મસલેહત અને તેના નુકસાનોને ખાલિક તથા માલિકે હકીકીજ જાણે છે. હઝરત ઉમર રદ્દીયલ્લાહો અન્હોએ ફરમાવ્યું–"મને સર્વથા પરવા હોતી નથી કે મારી સવાર કેવી હાલતમાં થશે. એ હાલતમાં કે જે મને પસંદ છે કે એવા હાલમાં જે મને ના પસંદ છે. એટલા માટે કે મને એ ખબર નથી કે મારી બેહતરી (ભલાઇ) શેમાં છે." હઝરત ઉમર રદ્દીયલ્લાહો અન્હોના આ ફરમાનનું કારણ એ છે કે તેઓ ખુદાતઆલાની તદબીર પર રઝાની ખુબી તથા સાનુકુળતાની

નેઅમતથી માલામાલ હતા. અને તેના હુકમ અને અખ-ત્યાર પર નેક ગુમાન કરતા હતા. ખુદાવંદ કરીમે ખુદ ફરમાવ્યું-"તમારા પર જેહાદ ફર્ઝ કરવામાં આવ્યું જો કે તમે તેને પસંદ ન કરતા હોવ. નિકટમાં જ તમને જાણવા મળશે કે જે વસ્તુને તમે ના પસંદ કરો છો, એજ તમારા માટે સારી હોય. અને જેને તમે સારી અને પસંદ યોગ્ય સમજો છો તે વાસ્તવમાં તમારા માટે સારી ન હોય. ખૈરો શર (ભલાઈ-બુરાઇ)ની હકીકતને અલ્લાહ જ જાણે છે. તમો જાણતા નથી.

એટલા માટે તમારે તે સમય સુધી તે હાલ પર કાયમ રહેવું જોઇએ જ્યાં સુધી તમારી ઈચ્છાઓ નષ્ટ ન થઈ જાય. તમારો નફસ ખંડિત થઇને ઝલીલ, પરાજિત અને ફરમાબરદાર ન થઈ જાય. તમારા ઈરાદા અને ઈચ્છાઓ મટી જાય નહી અને તમામ કાએનાત અને તેના સંબંધો તમારા દિલમાંથી નીકળી ન જાય. અને તમારા દિલમાં ખુદા સિવાય કોઈ વસ્તુ રહે નહી. જ્યારે ખુદાની તલબમાં તમારો ઇરાદો સાદિક (સાચો) ઠરશે, ખુદાના હુકમથી દુનિયા તથા આખિરતના હિસ્સાઓમાંથી તમારા ભાગ્યનો હિસ્સો તમને મળી જશે અને તમે ખુદાના હુકમના પાલનમાં પોતાનો હિસ્સો ખુદાથી તલબ કરી લેશો.

માટે જો તમારો પરવરદિગાર તમને અતા કરે તો શુક્ર આભાર સાથે સ્વીકારી લો અને તમને આપવામાં ન આવે તો ન તમારે પોતાના રબ્બથી નારાજ થવું જોઈએ,

ન તમારા બાતિન (હૃદય)માં કોઈ પરિવર્તન આવવું જોઈએ અને તમો અલ્લાહ અઝઝવજલ્લ પર કંજુસાઈનું તોહમત પણ લગાવશો નહી. એટલા માટે કે આ હિસ્સામાં તમારી ઇચ્છા અથવા ઇરાદાને સર્વથા દખલ ન હશે અને તે સમયે તમારૂં દિલ અલ્લાહના ઈરાદા સિવાય દરેક ઇરાદાથી ખાલી થઈ ગયું હશે બલ્કે સવાલ અને તલબમાં તમો કેવળ હુક્મે ખુદાવંદી બજાવી લાવવાવાળા ફરમાં બરદાર બંદા બની જશો.

હઝરત પીરાનેપીર ફરમાવે છે કે–તમારા પોતાના અમલમાં અહંકાર, પોતાના નફસને દ્રષ્ટિગત રાખવું અને આ'માલના બદલાની ઇચ્છા કરવું સારૂં નથી કેમકે વાસ્તવમાં સઘળા આ'માલ તૌફીક તથા અલ્લાહની મદદ, ખુદાઈ શક્તિ અને ફઝલ તથા ઇરાદાએ ઈલાહીયાના કારણે છે અને તમારૂં ગુનાહોનું ત્યાગ કરવું પણ તમારી પોતાની તાકાત અને શક્તિથી નથી બલ્કે ખુદાતઆલાની નિગેહબાની અને તેની હિફાઝત તથા સમર્થન થી છે.

તમને જે નેઅમતો રબ્બે કરીમે પ્રદાન કરી છે. તમો તેના સ્વીકારથી પલાયન કેમ છો ? આ તમારી મુર્ખતાથી કે ગેરખુદાની વીરતા તથા જવાંમર્દી, સખાવત અને માલ ખર્ચ કરવા પર ગર્વીસ્ઠ છો જ્યારે કે તમે પોતાના શત્રુને કોઈ બીજા બહાદુર શખ્સની હિમ્મત અને સહાયતા વગર કતલ કરવાના યોગ્ય ન હતા, તેણે તમારા દુશ્મન પર ફટકો લગાવ્યો અને તમે તેને મારવાના

યોગ્ય થયા. જો તે દિલેર મર્દની સહાયતા ન હોત તો પોતાના દુશ્મનના બદલે તમે પોતે પરાજિત થતા અને કત્લ થાત. એવી જ રીતે તમો પોતાની થોડીક દોલતમાંથી કાંઈ ખરચ કરી શકતા નહી. જો સાદિકે કરીમ અને અમીન (કૃપાળુ અને અમાનદાર ખુદા) તેનો બદલો આપવાની ઝમાનત ન આપતો. જો ઝામિનનો કોલ ન હોત અને તેના વાયદા પર તમને લાલચ ન હોત તો તમે તે માલમાંથી વટિક માત્ર ખરચ ન કરતા પછી પોતાના ફેલ પર ઘમંડ કેવું અને અહંકાર કેવો ?

તમારા માટે બેહતર એ છે કે હરહાલતમાં પોતાના મદદગારનો શુક્ર અદા કરો અને હમેશા તેની હમ્દોસનામાં વ્યસ્ત રહો અને પોતાના દરેક અમલને તેનાથી સંબંધિત કરો. અલબત બુરાઈ, ઉપદ્રવ, અને મલામતનો સંબંધ પોતાના નફસથી રાખો, એવી જ રીતે ઝુલ્મ અને બે અદબી પણ તમારા નફસના કારણે જ થાય છે. એવી હરકતો પર નફસને તોહમતનું લક્ષ્ય બનાવો કે એજ તેનો અધિકાર ઠરાવે છે. ખુદા પર કોઈ બોહતાન ન બાંધો. જાંણી લો કે જો કે ખુદાતઆલા તમારા કસબની સાથે સઘળા અફઆલનો ખાલિક છે અને તમો આમિલ, પરંતુ દરેક બુરાઈ, શર, અને સખ્તીના કારણરૂપ તમારો નફસ છે. કેટલાક બુઝુર્ગોએ ફરમાવ્યું છે કે સર્જન ખુદાની કુદરત છે અને કસબ તમારા અખત્યારમાં અને રસૂલે પાક સાહબે લૌલાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમે

ફરમાવ્યું—"અમલ કરો અને પોતાના રબ્બનું કુર્બ (નિકટતા) પ્રાપ્ત કરતા રહો. તેના દોસ્ત બની જાવ." માટે જે આદમી જે કામ માટે સર્જવામાં આવ્યો છે એજ કામ તેના માટે આસાન કરી દેવામાં આવ્યું છે.

## મુરીદ અને મુરાદ

હઝરત ગૌષે આઝમ રહમતુલ્લાહ અલૈહએ ફરમાવ્યું છે કે—તમારા માટે બે હાલતો સિવાય ત્રીજી હાલત નથી, યાતો તમે મુરીદ હશો કે મુરાદ, જો મુરીદ છો તો તાલિબ છો અને તાલિબને મતલુબ (ઉદ્દેશ્ય) સુધી પહોંચવા માટે સખ્તી અને મેહનત સહન કરવી પડે છે. ત્યાં સુધી કે તે મેહબુબ (પ્રિય)ની પ્રાપ્તિમાં સફળ થાય અને પોતાની મુરાદ તથા લક્ષ્યને પામીલે. તેટલા માટે તમારે દરેક ભારેમાં ભારે વજન ઉઠાવવો જોઇએ અને સઘળી સખ્તીઓ સહન કરવી પડશે તમારા માટે યોગ્ય નથી કે તમારા જાન-માલ અને આલ-ઔલાદ પર જે કાંઇ બલાઓ (વિપત્તિઓ) નાઝિલ (ઉતરાણ) થાય તેનાથી પરેશાન થાવ અને ફરાર અખતિયાર કરો, જ્યાં સુધી તમને આ બોજ (ભાર)થી આઝાદ-મુક્ત કરી દેવામાં આવે અને સઘળી તકલીફો અને ઝિલ્લતો (હિનતાઓ) વિનષ્ટ કરી દેવામાં આવે પછી જ્યારે નફસની સઘળી અધમતાઓ, સઘળી ગંદકીઓ, અપમાન, દુઃખ દર્દ, બીમારીઓ અને મખલુક સમક્ષ રજુ કરવામાં આવનાર સઘળી હાજતોથી સુરક્ષિત કરી દેવામાં આવશો તો

મેહબુબો અને મુરાદોનના સમુહમાં દાખલ થઇ જશો.

જો તમો મુરાદ છો તો બલાઓ નાઝિલ થવામાં હરગિઝ બારીતઆલા પર તોહમત ન લગાવો અને તેની નઝરોમાં તમારી જે કદરો મંઝિલત (આદર સન્માન) છે તેને શંકાની દ્રષ્ટિથી જુઓ નહી. કેમકે તે તમારા પર વિપત્તિઓ તથા પરિક્ષાઓ એટલા માટે નાઝિલ કરે છે કે તમોને "મર્દાને રાહ"ના દરજ્જા સુધી પહોંચાડે અને તમને ઔલિયા તથા અબ્દાલોની મંઝિલો તથા સ્થાનો સુધી પહોંચાડી ઉચ્ચતા બક્ષે. શું તમને એ પસંદ છે કે તમારી મંઝિલ અને સ્થાન તેમની મંઝિલો અને દરજ્જાઓથી ઓછા રહે. જો તમો તે ઉણપથી રાજી પણ છો તો અલ્લાહતઆલાને એ પસંદ નથી. એટલા માટે જ તેણે ફરમાવ્યું—"ખુદાતઆલાને સઘળી ખબર છે જે તમે જાંણતા નથી."

અર્થાત ખુદાવંદતઆલા તમારા માટે ઉચ્ચતમ સ્થાન અને સર્વોતમ હેસિયતને પસંદ કરે છે અને તમો ઇન્કાર કરો છો? જો તમો એ કહો કે વિપત્તિ તથા મુસીબતો તો તાલિબ તથા મુરીદ માટે છે અને લાડ–કોડ મેહબુબ તથા મુરાદ માટે, એટલા નાઝ પરવરદાહ (લાડમાં રાખેલ) મેહબુબ તથા મુરાદ માટે વિપત્તિઓ કેવી રીતે વ્યાજબી ઠર્યું. તો તમને એ જવાબ આપવામાં આવશે કે ઉપરોકત કોલ આમ રીતે કાર્યરત થનાર છે અને બીજો કોલ ઓછો અને આકસ્મિક ઘટિત થવાથી સંબંધિત છે. આથી તેમાં કોઈ મતભેદ નથી. અમારા

આકા તથા મૌલા સલ્લલ્લાહો અલયહે વસલ્લમ સઘળા મેહબુબોના સરદાર છે અને સઘળા લોકો કરતાં કઠિનતમ બલાઓમાં રહયા. ખુદ આકા હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો ઈરશાદ છે—"અલ્લાહના દીનમાં ખુદાથી જેટલો હું ભયભિત રહયો છું બીજો કોઇ રહયો નથી અને ખુદાની રાહમાં જેટલી તકલીફો મેં સહન કરી કોઈએ કરી નથી બેશક ત્રીસ દિવસ અને ત્રીસ રાતો મારા પર એવી ગુજરી છે કે તેમાં અમારા ભોજન માટે એટલું જ હોતું હતું કે હઝરત બિલાલની બગલમાં સમાઈ જાય."

સરકારે દો આલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે વધુમાં ફરમાવ્યું કે—"અમો અંબિયાનોગિરોહ બલાઓના ઉતરાણમાં બીજા લોકો કરતા અધિક કઠિન છે. પછી એવી જ રીતે મરતબાઓ પ્રમાણે બીજા ખાસાને હકક છે." રસૂલે મકબુલ સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો એક બીજો ઈરશાદ છે કે—"હું તમારા કરતાં અધિક ખુદાને ઓળખનાર અને સૌથી અધિક તેનાથી ડરનાર છું."

આનાથી જાહેર થયું કે નાઝમાં ઉછરેલ મેહબુબ તથા મુરાદને કેવી રીતે વિપત્તિઓમાં ગ્રસ્ત કરવામાં આવે છે. અને કેવી રીતે ડરાવવામાં આવે છે અને આ વિપત્તિઓ કષ્ટો અને ભય જન્નતની ઉચ્ચ મંઝિલો સુધી પહોંચાડવા માટે હોય છે. કેમકે દુનિયાના આ'ઝાબના બદલામાં જ જન્નતમાં મરતબા અને દરજ્જાઓ બુલંદ

ફરવામાં આવશે. "દુનિયા આખેરતની ખેતી છે." અને અંબિયા તથા ઔલિયાના આમાલ એ છે કે તેઓ અવામિર (સહકામો)ના પાલનમાં અને નવાહી (નાજાઈઝ કામો)થી બચવા પછી બલા તથા મુસીબતમાં સબ્રો રઝા અને સહમતિથી કામ લે છે. પછી તેમના ઉપરથી બલાઓ દુર કરી દેવામાં આવે છે અને નાઝ તથા નેઅમત અને ફઝલથી અબદુલઆબાદ (અનંતકાળ) સુધી નવાઝવામાં આવે છે અને દીદારે ઇલાહીની નેઅમતથી ફેઝયાબ થાય છે.

## દીનવાળા ઇબાદતગુઝારોના પાંચ પ્રકાર

પ્રિય વાંચકો! હઝરત મહીયુદ્દીન અબ્દુલકાદિર જીલાની રહમતુલ્લાહ અલૈહ ફરમાવે છે કે દીન શાળી ઇબાદત ગુઝારો પૈકી જે લોકો બજારમાં પ્રવેશતા દ્રષ્ટિ-ગોચર થાય તે વાસ્તવમાં ખુદાના એહકામના પાલન જેવું કે જુમ્આની નમાઝ અથવા બાજમાઅત નમાઝ અથવા જરૂરતો માટે જ એવું કરે છે.

બજારમાં દાખલ થનારાઓના પાંચ પ્રકાર છે. (૧) તેઓ જે બઝારોમાં પ્રવેશીને જાતજાતના સ્વાદ તથા વિલાસોમાં ફસાઈ જાય છે. એવી વસ્તુઓ તેમના દિલ પર અસર કરે છે અને તેઓ ફિત્નાઓનો શિકાર થઈ જાય છે. અને તેના કારણે હલાકતમાં પડી જાય છે. તેમનો દીન અને તેમની ઈબાદત છુટી જાય છે અને તબીઅતની અનુકુળતા અને નફસની ઈચ્છાની પ્રત્યે રજુ થઇ જાય છે. અલબત જો અલ્લાહતઆલા પોતાની રેહમત તથા હિફાઝ-

તથી આ લિજ્જતો પર સબ્ર આપીને તેમની ઉપરોક્ત કેફિયતોનું નિવારણ કરી દે તો તેઓ હલાકતથી બચી શકે છે અને સલામતી પામે છે.

(૨) તેઓ જે આ લિજ્જતોને જુવે છે અને તેના કારણે પોતાની હલાકત ચકીની (અવશ્ય) સમજી લે છે તો પોતાની બુદ્ધિ પર અવલંબન કરતાં દીન તરફ રજુઅ થાય છે અને બળ તથા તકકલુફ (સંકોચ)ની કેફિયતમાં સબ્રને રીતી કરે છે. આવી રીતે લિજ્જતોનો ત્યાગ કરવાની કટુતાને આરોગી લે છે અને મુજાહિદોની જેમ થઇ જાય છે અને પોતાના નફસ અને તેની સહવતો (વાસનાઓ) પોતાની તબીઅત અને તેની ઈચ્છાઓ પર ખુદાતઆલાની મદદથી કાબુ મેળવી લે છે. તેમના માટે ખુદા તરફથી મોટો સવાબ છે. જેવું કે કેટલીક હદીસોમાં છે કે આકાએ દો આલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે સહવતના ગલબાની કેફિયતમાં તેના ઉપર શકિત પામી તેનો ત્યાગ કરી દેવા પર મોમિનને સિતેર નેકીઓનો સવાબ મળે છે.

(૩) તેઓ જે માલ અને દુનિયાની અતા કરેલ નેઅમતો અને તવંગરીની પ્રાપ્તિ પર ખુદાનો શુક્ર અદા કરે છે.

(૪) તેઓ જે આ પ્રકારની સઘળી લિજ્જતો અને ફિત્ના અંગેજીઓ પ્રત્યે દૃષ્ટિપાત પણ કરતા નથી અને ખુદા સિવાયની દરેક વસ્તુ પ્રત્યેથી આંખો, જીભ અને કાન

બંધ કરી લે છે અને કોઈ સાંસારિક ફિત્નામાં એટલી દિલચસ્પી લેતા નથી કે મેહબુબે હકીકી (ખુદા) સિવાય કોઈની ઈચ્છા ઉતપન્ન થાય અથવા તેના પર દ્રષ્ટિ પડે. આથી તેઓ તે દરેક વસ્તુઓથી અલિપ્તછે જેઓમાં સમગ્ર સંસાર જકડાએલો છે. જો તમો તેમને બજારમાં દાખલ થતા જુઓ અને પૂછો કે તમોએ શું જોયું છે તો તેઓ જવાબ આપશે કે અમોએ કાંઈ પણ જોયું નથી. કેમકે તેમણે બઝારમાં ઉપસ્થિત સામગ્રીઓને માથાની આંખથી તો જોઈ છે પરંતુ દિલની આંખથી જોઈ નથી. તે વસ્તુઓ તેમને અચાનક દ્રષ્ટિગત થઇ છે, મનેચ્છાથી જોવામાં આવી નથી. તેમણે આ વસ્તુઓ સૂરત-સ્વરૂપમાં જોઈ છે ભાવાર્થમાં નહી. ઝાહેરમાં જોઇ છે બાતિન (અંતર)માં નહી. આવી રીતે તેમની બાહ્ય દ્રષ્ટિઓ તો બઝારની વસ્તુઓ પર હશે પરંતુ તેમનુ દિલ દીદારે ખુદાવંદીમાં મશગુલ હશે. તેઓ તેના જમાલ અને જલાલ બંનેથી લાભાવંતિ થાય છે.

(૫) તે ખાસ વ્યક્તિઓ જેઓના દિલ બઝારમાં દાખલ થતાં જ બઝારવાળાઓની હાલત પર રહેમ ખાય છે અને ખુદાની મખલુકની હાલત પર તેમનું દિલ મમતાની કેફિયતોથી લબરેજ થઇ જાય છે અને આ કેફિયતોના કારણે તેઓ તે વસ્તુઓનું નિરક્ષણ જ કરી શકતા નથી જે તેમની સમક્ષ હોય છે અથવા બઝારવાળાઓ માટે હોય છે. તે લોકો બઝારમાં પ્રવેશતાં જ ત્યાંથી નીકળ-

વાના સમય સુધી બઝારવાળાઓ માટે મમતા તથા રેહમત બની જાય છે અને તેમના માટે અસ્તગફાર અને શફાઅતના તલબગાર થાય છે. તેમની ભલાઈ અને ફાયદા માટે દુઆ કરે છે અને તેમના નુકસાનના ખ્યાલથી તેમનું દિલ દુઃખે છે. તેમની આંખો ભીની થઇ જાય છે તેમની જીભ કેવળ ખુદાની હમ્દો-સના (સ્તુતિ) કરે છે કે તેણે તેમને લોકોની સરખામણીમાં પોતાના ફઝલ તથા નેઅમત થી નવાજ્યા છે. આ એજ લોકો છે જેમને શહેરો અને બંદાઓ પર ખુદાના કોટવાલ કહેવામાં આવે છે. તે લોકોને તમો આરિફ, અબ્દાલ, ઝાહિદ, આલિમ, ખુદાના નાયબ અને સફીર, બંદાઓની ભલાઈ ઈચ્છનાર, મધુર ભાષી, મેહબુબ, મુરાદ, હાદી, મેહદી, રાહનુમા, મુર્શિદ અથવા આવા પ્રકારનું કોઈ પણ નામ આપી શકો છો. આ હઝરતો જ કિબ્રીયતે અહમર (નાયાબ વસ્તુ) છે અને અકીકના ઈંડાની જેમ દુર્લભ છે. એવા હઝરતો પર અને ખુદાતઆલાના સઘળા ચાહનારાઓ પર જે ચરમસ્થાન પર સ્થાપિત છે, અલ્લાહ કૃપાળુની રેહમતો થાય.

## ઔલિયાને લોકોની એબોથી પરિચિત કરી દેવામાં આવે છે.

હઝરત પીરાનેપીર રહમતુલ્લાહ અલૈહ ફરમાવે છે કે—"ખુદાવંદતઆલા પોતાના કેટલાક ઔલિયાને લોકોના ગુનાહો, તેમના જુઠા દઅવાઓ, તેમના કથનો તથા કર્મોમાં શિર્કની ભેળસેળો, તેમની બાતિની બુરાઈઓ અને

ગુપ્ત નિય્યતોથી અવગત કરી દે છે. અલ્લાહનો આવો વલી ખુદા અને રસુલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વસ-લ્લમ) અને દીને ઇસ્લામ માટે ગૈરત કરે છે. બાતિનમાં (મનમાં) તેને બહુ ગુસ્સો આવે છે, પછી આ ગુસ્સાના ચિન્હો તેના બાહ્યમાં પણ પ્રકટ થઈ જાય છે કે જાહેરી તથા બાતિની બીમારીઓ છતાં એ દા'વો કેવી રીતે કરી શકાય છે કે ઈમાન સલામત રહેશે. અને અંજામ બખૈર થશે. અને શિર્કની ઉપસ્થિતિમાં વહદત પરસ્તીનો દા'વો કેવી રીતે સત્ય હોઈ શકે છે. કેમકે શિર્ક તો સ્પષ્ટ કુફ્ર છે જેનું પરિણામ કોઈ પણ રીતે ખુદાની નિકટતા થઈ શકતું નથી અને શિર્ક કરનાર શયતાને લઈન અને મુનાફિકોના ગિરોહ પૈકી છે, જેમના માટે જહન્નમનો અંતિમ દરજ્જો છે અને તેમને તેમાં હમેશા-હમેશા રહેવું છે. પછી મુશરિકનો તૌહીદ પરસ્તીનો દઅવો દુરસ્ત કેવી રીતે હોઈ શકે છે.

એટલા માટે જ ઔલિયાની ઝુબાન પર તેમના એબો, કુકર્મો, નિર્લજતા અને તેના પર સિદ્દીકીન અને મુરાદૈનના સમુહમાં શામેલ બુઝુર્ગોને દીન અને કઝા તથા ફેલે ખુદાવંદીમાં ફનાઈયતનું સ્થાન પામનાર બુઝુર્ગોને દીનના એહવાલના વાહક થવાના દઅવાઓનો ઉલ્લેખ આવી જાય છે. કયારેક તેનુ વર્ણન એટલા માટે પણ કરવામાં આવે છે કે ફેલ તથા ખુદાના ઇરાદા અને ગઝબની સખ્તી કોઇ જુઠા દાવેદાર પર ગાલિબ આવી જાય છે.

પરંતુ કેટલાક લોકો આ અલ્લાહના વલી પર ગીબતનું બોહતાન–આરોપ લગાવે છે અને કહે છે કે વલી ગીબત કરે છે. જો કે તે તો લોકોને આ ગુનાહથી મના કરે છે, શું વલી ગીબત કરે છે ? શું હાજર તથા ગાયબ લોકોમાં ખવાસ તથા અવામથી ગુપ્ત ગુનાહોનું પ્રકટીકરણ જાઈઝ છે ?

આ એ'તરાઝ તે લોકોના હકમાં એ ઇરશાદે ખુદાવંદીના અનુરૂપ છે કે––"તેમના લાભ કરતાં તેમનો ગુનોહ મોટો છે." જાહેરમાં તો આ મુનકીરોના ઈન્કાર માટે છે પરંતુ વાસ્તવમાં અલ્લાહતઆલા પર આક્ષેપ છે અને તેનાથી બેઝારીનું પ્રકટીકરણ છે, તેને નારાજ કરવું છે. પછી મુનકીર વિસ્મયતાની હાલતમાં ગુમ થઈ જાય છે. બસ, આ હાલતમાં તેણે મૌનતા તથા સ્વીકરણને માર્ગદર્શક બનાવવો જોઇએ અને શરીઅતમાં તેનો જવાઝ (જાઈઝ હોવું) શોધે. ન એકે ખુદાતઆલા પર અથવા તેના એવા વલી પર જે એક મુદ્દઇ (વાદી)ના જુઠ અને મિથ્યારોપણ પર અલ્લાહના હુકમ પર વ્યંગ કરે છે, આરોપકારી થવાનો ગુનેહગાર થાય. ક્યારેક એવું પણ થાય છે કે વલીના આ ઝિકથી મુદ્દઇને તૌબાની તૌફીક થાય છે, તેની બુરાઈ નષ્ટ થઇ જાય છે અને અજ્ઞાનતા તથા હૈરતથી પાછો ફરી આવે છે. એવામાં વલી તરફથી તેના એબોનો ઉલ્લેખ આ મુદ્દઈ પર એક વધુ ખુદાઈ હુમ્લો થાય છે અને તેને લાભ પહોંચાડવાના કારણરૂપ

બની જાય છે જે પોતાના ઘમંડ તથા અભિમાનના કારણે હલાક થવાની નિકટ હતો. ખુદા જેને ઇચ્છે છે સન્માર્ગે ચાલવાની હિદાયત આપે છે.

## આકિલની ઓળખ

હઝરત ગૌષુલ આઝમ જીલાની રહમતુલ્લાહ અલૈહએ ફરમાવ્યું—"આકિલ (બુધ્ધિશાળી) તે છે જે પ્રથમ પોતાના વુજુદ (અસ્તિત્વ)ની હાલત અને આકૃતિની રચના પર વિચાર કરે. પછી સમગ્ર મખલુક અને વિવિધ સર્જનો પર વિચાર કરે. આવી રીતે તેને ખાલિક અને મખલુકની નવાનામથી સર્જન તથા આવિષ્કાર પર દલીલ હાથ લાગશે. કેમકે સનઅત (કારીગરી) અને મખલુક પોતાના સાનેઅ (કારીગર) અને ખાલિકની હસ્તી પર નિર્દેશ કરે છે. આ હકીમે મુતલક (ખુદા)ની કુદરતનું ચિન્હ છે. સઘળી વસ્તુઓનું અસ્તિત્વ ખાલિકે હકીકીની સનઅત તથા કુદરતથી છે. કુઆને પાકમાં ખુદાવંદતઆલા ફરમાવે છે—"જમીન તથા આસ્માનની દરેક વસ્તુને તમારા માટે વશિભુત (તાબે) કરી દેવામાં આવ્યું છે."

આ કોલે ખુદાવંદીની તફસીરમાં હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહો અન્હોએ ભાવાર્થ સાથેના હવાલાને બયાન કર્યો છે. કે દરેય વસ્તુમાં અલ્લાહતઆલાના પવિત્ર નામોમાંથી કોઈ નામનું પ્રકટીકરણ અને દરેક વસ્તુનુ નામ કોઇ ખુદાઈ નામનું ચિન્હ છે. કોઈ નામ, ગુણ અને ફેલ એવો નથી જેમાં તેની કુદરત લુપ્ત અને તેની હિક-

મત જાહેર ન હોય. અલ્લાહતઆલાની ઝાત ગુપ્ત છે અને તેની સિફાત (ગુણ) જાહેર છે, તેની ઝાત તેની સિફતમાં અને સિફત ફેલમાં લુપ્ત છે. તેણે ઈલ્મને ઈરાદાથી અને ઈરાદાને હરકત (સ્પંદન) દ્વારા જાહેર કર્યો છે અને કમાલ અને સનઅતને છુપાવી ઈરાદા દવારા સનઅતને પ્રકટ કર્યું છે. અલ્લાહતઆલા ખુદ તો ગૈબ અને ગુપ્ત છે અને તેની હિકમતો અને કુદરતો જાહેર છે." કોઈ વસ્તુ તેના મિસ્લ (અનુરૂપ) નથી અને તે સમીઅ (સાંભળનાર) તથા બસીર (દ્રષ્ટા) છે."

હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહો અન્હો એ આ કલામમાં મઅરફતના રહસ્યો તથા ભેદોને પ્રકટ કર્યા છે. તેમણે તે વાતનું ઘટ સ્ફોટ કરી દીધું છે જે કેવળ નુરે ઈરફાની શમ્અ (દીપ)થી મુનવ્વર (પ્રકાશિત) સીનાનો માલિક જ જાહેર કરી શકે છે અને હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહો અન્હોની એ ઉચ્ચતમ શાન એટલા માટે છે કે તેમના હકકમાં (તેમના માટે) મઅસૂમ હાથ દુઆ માટે બુલંદ થયા હતા અને હુઝુર પુરનુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે દુઆ કરી હતી કે—"અય અલ્લાહ ! તેને દીનની ફહમ (બુધ્ધિ) અતા કર અને કુઆનની તાવીલ (અર્થાપન) તથા તફસીરનું ઈલ્મ અતા કરી દે."

ખુદાતઆલા અમને પણ તેમની બરકતો અતા કરે અને અમારો હશ્ર તેમના ગિરોહમાં કરે.

## તસવ્વુફની બુન્યાદ

વહાલા વાંચકો ! આ પંચોતેરમાં લેખમાં હઝરત શેખ અબ્દુલકાદિર જીલાની ગૌષુલ આઝમ રહમતુલ્લાહ અલૈહ વસીયત કરતાં ફરમાવે છે કે હું તમને વસીયત કરૂં છું કે ખુદાથી ડરો, તેની ઇતાઅત કરો, ઝાહેરી શરીઅતની પૈરવી કરો, હૃદયને પાક રાખો, નફસની સખાવત અને ચહેરાની પ્રફુલ્લતાની વ્યવસ્થા કરો, વ્યયમાં આવનાર વસ્તુઓને ખર્ચ કરો. કોઇને તકલીફ ન પહોંચાડો, ફિક્ર (ચિંતન)ને ધારણ કરો, મશાઇખનો આદર કરો, ભાઇઓથી સદભાવનાનો વર્તાવ કરો, અલ્પ લોકોને નસીહત કરતા રહો, સંસારિક લાભોમાં દ્વેષ–ઇર્ષાનો ત્યાગ કરો, અને ત્યાગ વૃતિને નીતિ બનાવી લો; સંગ્રાખોરીથી વિરક્ત રહો અને જે લોકો સાલિકીન પૈકી નથી તેમનાથી દુર રહો અને દીનો દુનિયાના કામોમાં એક બીજાની મદદ કરો. ફિક્રની હકીકત એ છે કે પોતાના જેવી મખલુકથી હાજતની કલ્પના ન કરો અને તવંગરીની હકીકત એ છે કે પોતાના જેવાઓથી નિસ્પૃહતા ધારણ કરો; તસવ્વુફનો તર્ક વિતર્કથી સંબંધ નથી બલ્કે ભુખથી છે અને મનપસંદ તથા પ્રિય વસ્તુઓના ત્યાગનું નામ તસવ્વુફ છે. ફિક્રનો આરંભ ઈલ્મના હવાલાથી હોવો જોઇએ નહી બલ્કે નરમીથી તેનો આરંભ કરવામાં આવે કેમકે ઈલ્મ ભયના કારણરૂપ થશે અને નરમી સ્નેહ ઉતપન્ન કરશે. તસવ્વુફની બુન્યાદ (પાયો) નીચે મુજબની આઠ વસ્તુઓ પર સ્થાપિત છે.

(૧) હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામ જેવી સખાવત (૨) હઝરત ઇસ્હાક અલયહિસ્સલામની જેમ રઝા તથા સહમતિ (૩) હઝરત ઐયુબ અલયહિસ્સલામ જેવું સબ્ર (૪) હઝરત ઝકરીયા અલૈય હિસ્સલામની જેમ મુનાજાત (૫) હઝરત યહયા અલયહિસ્સલામ જેવી ગુરબત (નિર્ધનતા) અને પ્રવાસ (૬) હઝરત મુસા અલયહિસ્સલામની જેમ સુફ (ઉન)નો લિબાસ પહેરવું (૭) હઝરત ઇસા અલયહિસ્સલામની જેમ સેરોસિયાહત (પર્યટન) અને (૮) હુઝુર આકાએ દો આલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ જેવું ફિક્ર. આકા હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની જેમ સૌ પયગમ્બરો પર સલાતો સલામ થાવ.

તેના પછીના લેખમાં "આજિઝી અને ઈખ્લાસ" નો ઉલ્લેખ કરતાં વસીયત કરે છે કે-"હું તમને વસીયત કરૂં છું કે ઉમરા (ઉમરાવો)થી મળો તો ખુદદારી (સ્વાભિમાન) અને વકાર (પ્રતિષ્ઠા)ની સાથે મળો અને ફુકરા (સંતો)થી મળો તો આજિઝી (વિનમ્રતા) અને શિષ્ટાચાર સાથે મળો. આજિઝી અને ઇખ્લાસને હમેશા માટે અપનાવો કેમકે તેના જ કારણે ખુદાનો દીદાર શક્ય છે અને સબબોમાં ખુદાતઆલાને દોષા રોપિત ન કરો. દરેક હાલતમાં અલ્લાહની સામે પોતાની લાચારીનું પ્રકટીકરણ કરો અને પોતાના ભાઇઓના હકને એ ખ્યાલથી નષ્ટ ન કરો કે તમારા અને તેમની વચ્ચે દોસ્તી અને સંબંધ છે. ફુકરા (બુઝુર્ગો)ની સોહબત અપનાવો, નમ્રતા, અદબની

ખુબી અને સખાવતોને નીતિ બનાવી લો. નફ્‌શકુશી (આત્મદમન) દ્વારા દાયમી જિંદગીને પ્રાપ્ત કરી લો. જેના અખ્લાક સારા છે તે ખુદાતઆલાની વધુ નિકટ છે અને આ'માલમાં સૌથી અફઝલ એ છે કે અલ્લાહતઆલા સિવાય કોઇ બીજા તરફ આકૃષ્ટ તથા ધ્યાનિત ન થાવ. લોકોનો હક્ક અને સબ્રના રસ્તાઓ પર ચાલવાની તલકીન (ઉપદેશ) કરો. ફુકરાની સોહબત અને ઔલિયાઓની ખિદમત તમારી દરેક રીતે યથેષ્ટતા કરશે. ફિક્રશાળી તેઓ છે જે ખાલિકો માલિક સિવાય દરેક વસ્તુથી નિસ્પૃહ અને લાતઅલ્લુક હોય. પોતાના કરતાં નાના ઉપર હુમ્લા-આવર થવું નામર્દીની નિશાની છે. મોટા ઉપર હુમ્લો કરવું નિર્લજ્જતાના સમકક્ષ છે અને પોતાના બરાબરવાળા પર હુમલો કરવું બદઅખ્લાકી પર દલીલ છે. ફિક્ર તથા તસવ્વુફ મુજાહિદો છે તેને કોઈ બેહુદા વસ્તુથી સંબંધિત કરવું ગલત છે. અલ્લાહતઆલા આપણને સૌને તેની તૌફીક આપે આમીન."

"અય ખુદાના વલી ! તમો દરેક હાલતમાં ખુદાનો ઝિક્ર કર્યા કરો, કેમકે આ કાર્યમાં સઘળી નેકીઓ સમાએલી છે. તમારા માટે આવશ્યક છે કે ખુદાના કોલ-કરાર ની રસ્સીને મજબુતીથી પકડી લો કેમકે દરેક નુકસાનથી દુર કરનાર એજ છે. તમારે કઝાએ ઇલાહીથી આવી પડનાર સઘળા પ્રસંગો માટે પ્રત્યેક પળે તૈયાર રહેવું જોઇએ. કેમકે કઝાનું આગમન હક્ક (સત્ય) છે અને

જાંણીલો કે દરેક ગતિવિધી અને દરેક સ્થિરતા પર તમારી પુછતાછ થશે. એટલા માટે સમયની અનુકુળતાથી જે કામ સૌથી સારૂં હોય તેમાં મશગુલ રહો અને પોતાના અવયવોને વ્યર્થ અને નિર્થક કામોથી બચાવી રાખો." (ખુદા અમને અને પ્રિય વાંચકોને હઝરત પીરાને પીરની આ સોનેરી નસીહત પર કાર્યરત થવાની તૌફીકઅતા કરે–આમીન)

ખુદા અને રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ઇત્તેબાઅ (અનુસરણ) તમારા માટે જરૂરી છે અને તમારા માટે જે હાકિમેબરહક હોય તેની ઈતાઅત કરો અને હાકિમનો હક્ક અદા કરતાં તેનાથી કોઈ એવી વસ્તુની માંગણી ન કરો જે તેના ઉપર વાજિબ ન હોય અને દરેક હાલતમાં તેના માટે દુઆ કરો મુસલમાનો વિષે સારૂં ગુમાન રાખવું, શુભેચ્છાના જઝબાતથી કામ લેવું, અને તેમની ભલાઇમાં પ્રયત્નશીલ રહેવું તમારા ઉપર વાજિબ છે. તમારી કોઈ રાત એવી રીતે ન પસાર થવી જોઈએ કે તમો કોઈની બુરાઈ, કોઈના સંબંધે કીનો અથવા કોઈથી દુશ્મનીના જઝબાત રાખો. જે શખ્સ તમારા પર ઝુલ્મ–અત્યાચાર કરે તેના માટે પણ નેક દુઆ કરો, ઝુલ્મથી હિફાઝત–રક્ષણની આશા ખુદાતઆલાથી રાખો."

વહાલા વાંચકો ! આની પછી પીરો મુર્શિદ રહમતુલ્લાહ અલૈહ ફરમાવે છે કે–"તમારા માટે જરૂરી છે કે હલાલરિઝક ખાવ અને જેના વિષે શંકા હોય તેના

સંબંધે જાણનારથી માહિતી મેળવો. અલ્લાહતઆલાથી હયા-શરમ કરો. અલ્લાહ સિવાયની સોહબતથી પરહેઝ કરો. દરેક સવારનો આરંભ પોતાના માલના સદકાથી કરો અને દરેક સાંજે તે દિવસે મૃત્યુ પામનાર મુસલમાનની નમાઝે જનાઝા અદા કરો. મગરિબની નમાઝ પછી ઈસ્તેખારાની નમાઝ પઢો અને સવાર-સાંજ સાત સાત વખત આ દુઆ કરો.

અલ્લા હુમ્મા ઇજિરના મિનનનારે અને સૂરઓ હશરની આ આયાત હમેશા પઢયા કરો.

**અઉઝબિલ્લાહિસ્સમીઅઉલ અલીમે મિનશશયતાનિર્રજીમ. હુવલ્લા હુલ્લઝી લા ઈલાહા ઇલ્લાહુઅલ મલિકુલ કુદ્દુસુસ સલામુલ મુઅમિનુલ મુહય-મિનુલ અઝીઝુલ જબ્બારૂલ મુતકબ્બિર, સુબ્હાનલ્લાહિ અમ્મા યુશરિકુન. હુવલ્લાહુલ ખાલિકુલ બારિઉલ મુસવ્વિરૂ લહુલ એસ્મોઉલ હુસ્ના, યુસબ્બિહુલાહુ માફિસ્સમાવાતિ વલઅર્દ વ-હુવલ અઝીઝુલહકીમ**

અલ્લાહ જ તૌફીક આપનાર છે. એજ મદદગાર છે કેમકે શકિત તથા તાકત એજ ખુદાએ બુઝુર્ગો બરતરની સાથે છે. (વહાલા વાંચકો ઉપરોકત અમલને પોતાનો દરરોજનો મામુલ(નિયમ) બનાવી લો.)

## ઝુહદ, તકવો અને મઅરેફતે ખુદાવંદી

સિત્તેરમાં લેખમાં હજરત ગૌષે પાક રહમતુલ્લાહ અલૈહ ફરમાવે છે કે-"ખુદાની સાથે એવી રીતે રહો જાણે મખલુકનું વુજુદ (અસ્તિત્વ) જ નથી. અને મખલુક સાથે એવી રીતે રહો જેવું કે તમારો નફસ અપ્રાપ્ય વસ્તુ છે. આથી જ્યારે તમો મખલુકના અસ્તિત્વની ઉપેક્ષા કરતા ખુદાની સાથે હશો તો તેને પામી લેશો. દરેક વસ્તુથી ફનાઈયત (વિલીનતા)નું સ્થાન પ્રાપ્ત કરી લેશો અને જ્યારે પોતાના નફસ (મન)ની ઈચ્છાઓના પ્રતિકુળ મખલુકની સાથે હશો તો અદલો ઈન્સાફ અને સત્ય તમારી સાથે હશે અને ભુંડા અંજામ-પરિણામથી દરેક રીતે સુરક્ષિત થઈ જશો.

જ્યારે તમો દરેક વસ્તુને એકાંત વાસના દરવાજા પર તર્ક કરી દેશો અને એકાંતવાસમાં એકલા દાખલ થશો, એકાંતવાસની એકલતાઓમાં તમારા આંતરિક ચક્ષુ પોતાના તે હિતેચ્છુઓને નિહાળશે જે તમારા બાહ્ય ચક્ષુથી ગુપ્ત છે, ત્યાં તમને સૃષ્ટિના અતિરિકતનું દૃશ્ય પ્રાપ્ત થશે. નફસ તમારાથી દુર થઇ જશે અને તમે કુર્બે ઇલાહી અને અમ્રે ખુદાવંદી પ્રાપ્ત કરી લેશો. આ હાલતમાં તમારૂં "જહલ" (અજ્ઞાનતા) "ઇલ્મ" (જ્ઞાન) બની જશે ફાસલો નિકટતામાં પરિવર્તિત થઈ જશે. તમારી ખામોશી-મૌન ઝિક્રની હેસિયત ધારણ કરી લેશે. અને ડર-ભય,સ્નેહ તથા મહોબ્બતમાં બદલાઈ જશે. જાંણીલો કે અબુદિયત

(દાસત્વ) ના સ્થાનમાં ખાલિક અને મખલુક એજ છે. જો તમે ખાલિકને અપનાવો છો તો કહી દો કે બે (૨) આલમ (આલોક–પરલોક)ના રબ્બ સિવાય બાકીના સઘળા મારા દુશ્મન છે.'' તે પછી પીરાને પીર રહમતુલ્લાહ અલૈહ ફરમાવે છે.

"જેણે કુર્બે ખુદાવંદી (ખુદાની નિકટતા)ની મઝા–સ્વાદ ચાખ્યો એજ આ સ્વાદથી વાકેફ છે. આ વાત પર કોઇએ હઝરતને પૂછ્યું કે–"જે શખ્સ પર સુફરા (પિત) ની કડવાશ ગાલિબ છે તેને મીઠાઈનો સ્વાદ કેવી રીતે મળશે ? આપે ફરમાવ્યું–કોશીશ, નિર્ણય અને તકલ્લુફ સાથે ઈચ્છાઓથી દુર રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ. ઈમાનવાળો જ્યારે નેક આ'માલ કરે છે તો તેનો નફસ હૃદયની અનુભુતિનો વાહક થઈ જાય છે અને તેનું દિલ જે વસ્તુઓની અનુભુતિ કરે છે. તેનો નફસ પણ એજ વસ્તુઓની અનુભુતિ પ્રત્યે આકૃષ્ટ થઈ જાય છે. પછી તેનું દિલ તેનો ભેદ બની જાય છે અને ભેદ પરિવર્તિત થઇને ફના થઈ જાય છે અને ફના બકામાં પરિવર્તિત થઇ જાય છે."

પછી ફરમાવ્યું–"હકક (ખુદા)ના દોસ્તો અને મુખલિસો માટે સઘળા દરવાજા ઉઘાડા હોય છે. અય લોકો ! મખલુકને પોતાની તબીઅત (પ્રકૃતિ)થી વિનષ્ટ કરી દો. આવી રીતે તમારી "માનવ પ્રકૃતિ" "ફરિશ્તા પ્રકૃતિ" થઇ જશે. પછી ફરિશ્તાઓની વિશિષ્ટતાથી પણ

બદલીને તમને પ્રથમ તરીકાથી જ સંમલિત કરી દેવામાં આવશે, આ ફનાઈયત (વિલીનતા)ની હકીકત છે. તે સમયે તમારો રબ્બ તમને જે કાંઈ પીવડાવવા ઈચ્છશે, પીવડાવી દેશે. અને જે ખાસિયતો તમારામાં વિકાશ પામતી જોવા ઈચ્છશે વાવી દેશે. જો તમો આ મકામ (સ્થાન)ની પ્રાપ્તિનો ઇરાદો ધરાવો છો તો તમારા માટે વાજિબ (જરૂરી) છે કે પ્રથમ મુસલમાન થઇ જાવ પછી હક્ક (ખુદા)ની ઇન્તેબાઅ તથા તાબેદારીમાં માથું નમાવી દો. પછી અવામિર તથા નવાહી (સારા કામનો હુકમ કરવો અને બુરા કામથી રોકવું)નું ઈલ્મ પ્રાપ્ત કરો. પછી રબ્બેકરીમનું ઈરફાન (જ્ઞાન) પ્રાપ્ત કરો અને પછી ખુદાના અસ્તિત્વ સાથે બકા (શાશ્વતતા)ની ઇચ્છા કરો. જ્યારે તમારૂં વજુદ (અસ્તિત્વ) તેનાજ માટે થઇ જશે તો તમારૂં સર્વસ્વ તેના જ માટે હશે. યાદ રાખવું જોઇએ કે ઝુહદ (સંયમ) એક પળનું કામ છે અને તક્વો બે પળનું કામ છે અને મસરેફતે ખુદાવંદી દાયમી (શાશ્વત) અમલ છે."

## રાહે હકકના સાલિકો માટે દસ ખસલતો

પ્રિય વાંચકો ! હઝરત ગૌષે પાક રહમતુલ્લાહ અલેહ ફરમાવે છે કે–"નફસની આલોચના અને મુજાહિદા (તપસ્યા) કરવાવાળા (નિશ્ચયી) સાલિકો માટે દસ ખસલતો છે જેના પર કાયમ રહેવા અને તેમને અલ્લાહતઆલાના

હુકમથી મજબુત કરી લેવાથી તે ઉચ્ચ મંઝિલો સુધી પહોંચ પ્રાપ્ત કરી લે છે.

પહેલીખસલત એ છે કે બંદો ઈરાદાપૂર્વક અથવા ભુલથી કોઈ પણ રીતે ખુદાના સોગંદ ખાય નહી, જુઠી ન સાચી, જેણે પોતાને આ ખસલતનો આદી બનાવી લીધો, તેને પોતાની જાતમાં પાકટ કરી લીધો. તે દરેક પ્રકારના સોગંદ ખાવાથી વિરક્ત થઈ જાય છે અને ઈરાદાપૂર્વક અથવા ભુલથી કોઈ રીતે સોગંદ ખાતો નથી અને જ્યારે બંદો સોગંદ ત્યાગનો આદી થઈ જાય તો તેના ઉપર અલ્લાહના અનવારના દરવાજાઓ પૈકી એક દરવાજો ઉઘડી જાય છે જેના કારણે તેનું કલ્બ (હૃદય) આ આદતના ફાયદાઓથી અવગત થઈ જાય છે. તેનો દરજ્જો બુલંદ થઈ જાય છે અને તેના ઈરાદા તથા સબ્ર શક્તિશાળી થઇ જાય છે. ભાઈ તેની પ્રશંસામાં પ્રશંસક થાય છે અને પાડોસી તેની ફઝીલત (શ્રેષ્ટતા)ના કાઇલ (સ્વીકાર કર્તા) થઈ જાય છે. વાત ત્યાં સુધી પહોંચે છે કે તેને ઓળખનાર તેનું અનુસરણ કરે છે અને તેને કેવળ જોનારા તેનાથી ડરે છે.

બીજી ખસલત એ છે કે બંદો જુઠ બોલવાથી દરેક પ્રકારે બચે, મઝાક-મશકરીમાં પણ એવું કરે નહી. જ્યારે જુઠથી સ્થાયી રીતે વિરક્તિ કરશે અને જીભ પર કેવળ સત્ય શબ્દો જ લાવશે અને આ સિફત (ગુણ)ને પોતાના નફસમાં પાકટ કરશે તો ખુદાતઆલા તેના સીના (છાતી)

ને વિસ્તૃત કરી દેશે અને તેના ઈલ્મ (જ્ઞાન)ને એટલું રોશન કરી દેશે કે જાણે જુઠને તે ઓળખતો જ નથી. અને જ્યારે કોઈ બીજાથી જુઠી વાત સાંભળશે તો તેને એબદાર તથા અવગુણ સમજશે અને પોતાના દિલમાં જુઠાને બુરો સમજશે અને જો જુઠાની જુઠ બોલવાની આદત છુટી જવાની દુઆ કરશે તો સવાબનો હકદાર થશે.

ત્રીજી ખસલત એ છે કે કોઈથી વાયદો કરે તેને પૂરો કરે, નહી તો સર્વથા વાયદો જ કરે નહી, કેમકે વાયદો ન કરવું તેના માટે એ વાતથી બેહતર (ઉત્તમ) છે કે વાયદો કરીને નિભાવે નહી. અને મધ્યમ માર્ગ એ છે કે કોઈથી વાયદો જ કરે નહી કેમકે વાયદાનું પાલન ન કરવું જુઠનો એક પ્રકાર છે અને જ્યારે વાયદા ખીલાફીના ખતરા કરતાં બંદો વાયદો જ કરશે નહી તો તેના માટે સખાવતના દવાર ઉઘડી જશે અને તેને હયાનો દરજ્જો મળી જશે અને તેની મહોબ્બત સાદિકોના દિલોમાં સ્થાપિત થઈ જશે અને ખુદાના ત્યાં તેને રફઅત (ઉચ્ચતા) પ્રાપ્ત થશે.

ચોથી ખસલત એ છે કે મખલુકમાંથી કોઈ વસ્તુ પર લઅનત કરે નહી. પ્રયત્ન કરે કે કોઈને તકલીફ પહોંચાડે નહી કેમકે આ સિફત (ગુણ) અબરાર તથા સદીકોના અખલાક પૈકી છે. એવા શખ્સનો અંજામ બખૈર થશે, દુનિયામાં પણ તે ખુદાના અતા કરેલ દરજાઓ સાથે ખુદાની હિફાજત (રક્ષણ)માં રહે છે. અલ્લાહ

તઆલા તેને હલાકત (વિનાશ)ના ખાડાથી અને મખલુકની હાનિથી સલામત રાખે છે. બંદાઓને તેના માટે સ્નેહ-મમતા પર તત્પર કરે છે અને પોતાના કુર્બ (નિકટતા)ની દોલતથી તેને માલામાલ કરે છે.

પાંચમી ખસલત એ છે કે જો કે તેના પર ઝુલ્મ-અત્યાચાર પણ કરવામાં આવ્યો હોય તે મખલુકમાંથી કોઈના માટે બદદુઆ કરે નહી. ઝુલ્મ કરવાવાળાથી સંબંધ પણ તોડે નહી અને તેના કિરદાર (આચરણ)નો તેનાથી બદલો લે નહી. પોતાના કોલ તથા ફેલ (વાણી તથા વર્તન) તેના વાણી તથા વર્તન અનુસાર કરે નહી. બલ્કે ખુદા માટે તે ઝુલ્મને સહન કરે અને ધૈર્યથી કામ લે. જે શખ્સમાં આ ખસલતો જોવામાં આવે તેને ઉચ્ચ દરજ્જા પ્રાપ્ત થાય છે અને બંદો જ્યારે આ ખસલતોને નિતી બનાવી લે છે તો તે દુનિયા તથા આખેરતમાં બુલંદ દરજ્જા પામે છે અને તેને નિકટ તથા છેટેથી સઘળી મખલુકમાં મહોબ્બત તથા આદર અને લોકપ્રિયતા પ્રાપ્ત થાય છે. તેની દુઆને સ્વીકૃતિનું સન્માન અને ઈબાદત અને નેક કામોને અઝમત (મહાનતા) અને સ્વીકરણ મળે છે અને ઈસ્લામ શાળીઓના દિલોમાં તેનો ચમત્કાર અને વકાર સુદ્રઢ થઇ જાય છે.

છઠી ખસલત એ છે કે "એહલેકિબ્લા"માંથી કોઈ પર યકીન સાથે કુફ્ર, શિર્ક અથવા નિફાકની ગવાહી આપે નહી. આ વાત બંદાને રેહમતથી અધિક નિકટ અને ફ્લબા

(પદવી)માં અધિક બુલંદ કરે છે. આ ખસલત સુન્નતના અનુસરણનો કમાલ છે. "એહલેકિબ્લા"માંથી કોઈ ઉપર યકીન સાથે કુફ્ર, શિર્ક અથવા નિફાકનો હુકમ લગાવવું અલ્લાહના ઈલ્મમાં દખલ કરવા અને તેના ગઝબ (કોપ) ને દઅવત આપવાના સમકક્ષ છે. અને તેનાથી બચવું રેહમતે ખુદાવંદી અને અલ્લાહની ખુશનુદી (પ્રસન્નતા) ના બહુ જ નિકટ છે. આ ખસલત ખુદા સુધી પહોંચવા માટે એક બહુજ મોટો દરવાઝો છે જેના કારણે મોમિન બંદો સઘળી મખલુકે ખુદા પર મહેરબાન થઈ જાય છે.

સાતમી ખસલત એ છે કે બંદો પોતાને જાહિર તથા બાતિનને ગુનાહોની વસ્તુઓ જોવાથી સુરક્ષિત રાખે અને પોતાના અવયવોને ગુનાહોથી બચાવી રાખે. તેના દવારા કલ્બ (દિલ) તથા અવયવોના એતબારથી દુનિયાના સઘળા આ'માલથી અધિક અજર અને સવાબ મળે છે. આ અજર તથા સવાબ બહુજ જલ્દી દુનિયામાં (આ જગતમાં) મળે છે અને આખિરતમાં પણ એવા બંદા માટે ખુદાતઆલા એકત્ર કરી રાખે છે. (અમો ખુદાથી દસ્તબદુઆ છીએ કે અમારા પર એહસાન કરતાં અમને આ ખસલતો પર અમલ કરવાની તૌફીક બક્ષે અને અમારા હૃદયને ઈચ્છાઓથી પાક કરી દે.)

આઠમી ખસલત એ છે કે મખલુકના કોઇ નાના અથવા મોટા ઉપર પોતાનો ભાર નાખવાથી વિરક્તિ કરે. ભલે આ ભાર ઓછો હોય કે વધારે, બલ્કે મખલુક

ઉપરથી સઘળી વસ્તુઓનો ભાર પોતે ઉઠાવી લે. ખુદ તેને તેમની હાજત હોય કે ન હોય. આ ખસલત આબિદોની ઇઝઝત મુતક્કીઓ (પરહેજ ગારો)નું સન્માન છે. બંદાને એ ખસલતના કારણે જ અમ્રબિલ મઅરૂફ અને નહી ઇનિલ મુનકરની તૌફીક અને તાકત મળે છે. તે શખ્સની નજરમાં સઘળી મખલુક સમાન કક્ષ થઈ જાય છે. જ્યારે મોમિન આ ખસલતને નીતિ બનાવશે તો તેને અસ્તગફાર, યકીન અને તવક્કુલના ગુણોથી ગુણયુક્ત કરી દેવામાં અને અલ્લાહતઆલા કોઇને તેની ઈચ્છાથી બુલંદ કરતો નથી પછી તે મોમિનના નજરોમાં હકમાં સઘળી મખલુક બરાબર (સમકક્ષ) થઈ જશે યકીન રાખો કે આ ખસલત ઇમાનવાળાઓની ઈઝઝત અને પરહેજગારોના સન્માનનો દરવાજો અને ઇખ્લાસ (નિઃસ્વાર્થતા)ના સ્થાન સુધી પહોંચવાનું નિકટતમ માધ્યમ છે.

નવમી ખસલત એ છે કે સાલિક કોઈ માનવીથી હિર્સ તથા તમાઅ (લોભ-લાલચ)ન રાખે અને મખલુકની પાસે જે કાંઈ છે તેની લાલચથી નફસ (મન)ને બચાવે. આ ખસલત બહુજ મોટી ઇઝઝત, શુધ્ધનિસ્પૃહતા, અને સંપૂર્ણ બાદશાહીનું ચિન્હ છે. ઉમદા ફખ્ર (ગર્વ), રોશન યકીન, અને શિફાબખ્શતવક્કુલ એજ છે. અલ્લાહ પર એજ વિશ્વાસ તવક્કુલ અને ઝુહદ (પરહેઝગારી)ના દરવાજાઓ પૈકી એક દરવાજો છે. તેનાથી જ તકવો પ્રાપ્ત થાય છે અને ઇબાદત કામિલ (પૂર્ણ) થાય છે. આ ખસ-

લતના વાહક તે લોકો છે જેમણે સઘળા સંબંધો કાપી નાખીને કેવળ ખુદાતઆલાથી જ સંબંધ બાંધ્યો.

દસમી ખસલત તવાઝોઅ (આદર-સત્કાર) છે, આનાથી આબિદનું રહેઠાણ બહુજ ઉચ્ચ થાય છે, દરજ્જાઓમાં ઉચ્ચતા પ્રાપ્ત થાય છે, ખુદા અને ખુદાની ખલકતની નઝરોમાં તેની ઈઝઝત વધે છે અને મરતબા (પદવી)ઓ બુલંદ થાય છે અને તે દુનિયા તથા આખેરતની જે વસ્તુનો ઇરાદો કરે છે તેના પર કાદિર (પ્રભુત્વશાળી) થઈ જાય છે. સઘળી ઇતાઅતોનું મુળ તેમની શાખો અને તેમનું કમાલ આ ખસલતજ છે. તેનાજ કારણે બંદાને તે સાલેહ લોકોનો મરતબો પ્રાપ્ત થાય છે જે તકલીફ તથા રાહત બંનેમાં અલ્લાહથી રાઝી છે. (પ્રિય વાંચકો આ ખસલત તકવાનો કમાલ છે)

તવાઝોની તારીફ (વ્યાખ્યા)એ છે કે આદમી જેનાથી મળે તેને પોતાની ઝાત કરતાં મોટો સમજે અને કહે કે કદાચ આ શખ્સ મારાથી બેહતર અને મરતબામાં મારાથી મોટો હોય, જો મિલાપ કરનાર નાનો છે તો કહે કે આ નફરમાનીનો કસૂરવાર થયો નથી અને બેશક મારાથી નાફરમાની ઘટિત થઈ છે એટલા માટે કાંઇ શંકા નથી કે તે મારાથી બેહતર-ઉત્તમ છે. જો મિલાપ કરનાર વયમાં મોટો છે તો કહે કે તેણે મારા કરતાં પહેલા રબ્બતઆલાની ઇબાદત કરી છે, જો તે આલિમ છે તો કહે કે તેને એવી વસ્તુ સુપ્રત કરવામાં આવી છે જે

મારામાં નથી. તે એવી વસ્તુ પામ્યો છે જે હું પામ્યો નથી અને તેને તે ઈલ્મ છે જે મને નથી અને તે ઈલ્મની સાથે અમલ પણ કરે છે, જો મિલાપ કરનાર જાહિલ (અજ્ઞાન) છે તો કહે કે તે તો અજાણતામાં ખુદાની નાફરમાનીનો અપરાધિ થયો છે અને હું જાણવા છતાં આ અપરાધ કરી બેસ્યો છું અને મને તેની ખબર પણ નથી કે મારો અંજામ (પરિણામ) કેવી રીતે થશે અને તેનો ખાત્મો કયા હાલ પર થશે. જો મિલાપ કરનાર કાફિર છે તો કહે કે મને ખબર નથી કદાચ આ મુસલમાન થઈ જાય અને તેનું ખાત્મા બિલ ખૈર થાય અને અને શક્ય છે કે હું કાફિર થઈ જાઉં અને મારો ખાત્મો ખરાબ હાલતમાં થાય.

તવાઝોની ખસલત અન્યો પર મહેરબાની કરવા અને પોતાના નફસની હરકતોથી ડરવાનો દરવાજો છે. એ વધુ બહેતર છે કે આ ખસલતને અપનાવવામાં આવે. આ તે અસીમ ખુબી છે જેની અસર લોકો પર કાયમ રહે છે. જ્યારે બંદો તવાઝોની ખસલતને ચિન્હ બનાવી લેશે તો અલ્લાહતઆલા તેને નફસની આફતોથી બચાવશે અને તેને અલ્લાહ માટે નસીહત કરનાર હિદાયતશાળીનું સ્થાન પ્રાપ્ત થશે. તે રહેમાન તથા રહીમના મિત્રો અને અલ્લાહના પ્રિયજનો પૈકી થશે. અને દુશ્મને ખુદા અર્થાંત શયતાનના દુશ્મનો પૈકી થશે. તવાઝો રેહમતનો દરવાજો છે જેની સાથે કિબ્ર (ઘમંડ)નો દરવાજો બંધ થઇ જાય છે અને સ્વપસંદીની રસ્સી (દોરડું) કપાઈ જાય છે અને

તેનાથી દીનો દુનિયા અને આખેરતમાં બંદાના નફ્સની બુરાઇનો દરજ્જો ઘટી જાય છે. તવાઝો ઈબાદતનું મગજ (ગર્ભ) છે અને ઝાહિદો તથા આબિદોની અસીમ બુઝુર્ગી પર દલાલત કરે છે. કોઇ વસ્તુ આ સિફ્ત (ગુણ)થી અફ્ઝલ નથી આ ખસલતની સાથે માનવીની જીભ નિરર્થક વાતો અને લોકોના ઉલ્લેખ અને લોકોની ગીબતમાં ખરડાતી નથી, આ ખસલત વગર બંદાનો કોઈ અમલ પરિપૂર્ણ થતો નથી, તેના કારણે કિબ્ર, કીનો અને મર્યાદાથી વધી જવાની ઈચ્છા બંદાના દિલમાંથી કાઢી નાખવામાં આવે છે. તેની જીભ તેનું ઈચ્છવું અને તેનું વાતો કરવું ઝાહિર તથા બાતિનમાં એક થઈ જાય છે અને સમગ્ર મખલુક નસીહતના હવાલાથી તેની નઝરોમાં એક જેવી થઈ જાય છે. તે અલ્લાહની મખલુક પૈકી કોઈને નસીહત કરતાં બુરાઇથી યાદ કરતો નથી અને કોઈને મસલેહત વગર કોઈ ફેલ (કર્મ) પર ટોકતો નથી. જો તેની સામે કોઈની બુરાઈ કરવામાં આવે તો તે તેને પસંદ કરતો નથી, એવા બયાન-વર્ણનથી તેનું દિલ ખુશ થતું નથી બલ્કે નાખુશ થાય છે. ગીબત (કુથલી) આ બંદા માટે આફ્તત અને જાહિદો અને ઈતાઅત ગુઝારો માટે હલાકત (વિનાશ) છે. એજ બચે છે કે જેની જીભ અને તેના હૃદયનું રક્ષણ રેહમતે ખુદાવંદી કરે.

ખુદા અમને અને પ્યારા વાંચકોને સૈયદના ગૌષે આઝમ હઝરત શેખ અબ્દુલકાદિર જીલાની રહમતુલ્લાહ

અહેહની વસીયતો, હિદાયતો અને નસીહતો પર અમલ કરવાની તૌફીક અતા કર. આમીન. સઘળી તઅરીફો અલ્લાહ માટે છે જે તમામ જહાંનોનો પરવર- દિગાર છે (અનુવાદક)

## તમ્મતબિલ ખૈર



# બઝમે રૂકનુદ્દીન નકશબંદી મુજદ્દેદીના પ્રકાશનો

| | | કિંમત |
|---|---|---|
| (૧) | અન્વારૂલ આરિફીન | ૪૨-૦૦ |
| (૨) | અન્વારે હજ્જ (બીજી આવૃત્તિ) | ૧૬-૦૦ |
| (૩) | જન્નતી તોહફા ઉર્ફે દરૂદો સલામકે ફઝાઇલ | ૧૬-૦૦ |
| (૪) | કિતાબુઝ ઝકાત | ૬-૦૦ |
| (૫) | હિદાયતુત તાલેબીન | ૬-૦૦ |
| (૬) | તોહફએ આખેરત | (ખલાસ છે.) |
| (૭) | તૌઝીહુલ અકાઈદ | ૨૦-૦૦ |
| (૮) | કિતાબુસ્સિયામ | ૨૫-૦૦ |
| (૯) | હયાતે રસૂલના દસ દિવસ | ૨૦-૦૦ |

(દરેકનો ટપાલ ખર્ચ અલગ)

# બઝમે રઝાના પ્રકાશનો

| | | | | કિંમત |
|---|---|---|---|---|
| (૧) | બહારે | શરીઅત | ભાગ-૧ | ૧૮-૦૦ |
| (૨) | ,, | ,, | ભાગ-૨ | ૧૨-૦૦ |
| (૩) | ,, | ,, | ભાગ-૩ | ૧૬-૦૦ |
| (૪) | ,, | ,, | ભાગ-૪ | ૧૩-૦૦ |
| (૫) | ,, | ,, | ભાગ-૫ | ૧૫-૦૦ |

(દરેકનો ટપાલ ખર્ચ અલગ)

## ★ અમારા પ્રકાશનો ★

(૧) ગાઝી સલાહુદ્દીન એયુબી ભાગ-૧ (ખલાસ છે)
(૨) " " " ભાગ-૨ ૪-૦૦
(૩) " " " ભાગ-૩ ૩-૦૦
(૪) તિબ્બે નબવી અને આધુનિક સાયન્સ ભાગ-૧ (ખલાસ છે.)
(૫) તિબ્બે નબવી અને આધુનિક સાયન્સ ભા-૨ ૬-૦૦
(૬) હઝરત સાબિર કલીયરી ૫-૦૦

(દરેકનો ટપાલ ખર્ચ અલગ)

આ ઉપરાંત દારૂલ ઉલુમ શાહેઆલમ તથા બઝમે રૂકનુદ્દીન તથા બઝમે રઝાના પુસ્તકો પણ અમારી પાસેથી મળશે.

પ્રાપ્તિ સ્થાન :

## અખ્લાકી બુક ડીપો

C/o એ. હે. મુલા (સફીર)
ઠે. પાંચ હાટડી, મુ. મોડાસા જી. સાબરકાંઠા

# ખુશ ખબર

અમારૂં હવે પછીનું પ્રકાશન આજના જમાનાના અનુરૂપ ઇતિહાસિક ઘટનાઓથી પરિચિત કરાવનાર અત્યંત અભ્યાસી અને જ્ઞાન વર્ધક પુસ્તક.

## યહુદી કોમ અને આપણે

ટુંક સમયમાં પ્રગટ થશે. દીને ઇસ્લામ અને યહુદીઓનો અભ્યાસ કરવા ઇચ્છતા ભાઇઓ આ પુસ્તક અવશ્ય વસાવી લે.


### પ્રાપ્તિ સ્થાન

**અખ્લાકી બુક ડીપો**

C/o. એ. કે. બુલા

ઠે. પાંચહાટડી

મુ. મોડાસા જી. સાબરકાંઠા